નવી પદ્ધતિ પ્રમાણે રચાએલા

હિંદનો ઇતિહાસ.

રચનાર

પટેલ જેઠાભાઇ વેરીભાઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. છોટાલાલ રણછોડદાસ મેનેજર.

ધી સરસ્વતી બુક ડેપો—નડીઆદ

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ચાંડીલાલ
નાથાલાલે છાપ્યો રી. રોડના-અમદાવાદ નં ૧૧૬

કીમત ૦—૧૧—૦

નવી પદ્ધતિ પ્રમાણે રચાએલો

હિંદનો ઇતિહાસ.

પ્રાવેશિક, વર્નાક્યુલર ફાઇનલ તથા સાતમા,
છઠ્ઠા અને પાંચમા ધોરણના વિદ્યાર્થીઓને
ખાસ ઉપયોગી

રચનાર

પટેલ જેઠાભાઇ વેરીભાઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. છોટાલાલ રણછોડદાસ મેનેજર.

ધી સરસ્વતી બુક ડેપો—નડીઆદ

આવૃત્તિ સાતમી પ્રત ૨૫૦૦

સને ૧૯૨૩ સંવત ૧૯૭૯

કીંમત ૦—૧૧—૦

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીંટીન્ગ પ્રેસમા શા વાડીલાલ નાથાલાલે

છાપ્યો રીચી રોડ—અમદાવાદ

પ્રસ્તાવના.

પહેલી પાચ આવૃત્તિ ટુંક મુદતમાં ખપી જવાથી અને લોકોની વધુ માગણીથી આ સાતમી આવૃત્તિ કાઢવાની જરૂર જણાય છે

હાલમા વર્નાક્યુલર ફાઇનલ અને પ્રાવેશિક પરીક્ષાઓના વિષયમાં પાસ થવા માટે જોઈતા ઉપયોગી ટીપ્પણના અભાવે ઘણા વિદ્યાર્થીઓ એ વિષયમા નાપાસ થાય છે તે હરકત દુર કરવા ખાસ કરીને માર્સડન, વિલ્સનકૃત, મોરીસકૃત વગેરે ઇતિહાસોને આધારે આ ઇતિહાસ રચવામા આવ્યો છે તેમાં રાજ્યબંધારણ વેપારરોજગાર, ચડતી પડતી, લાભાલાભ, લોકસ્થિતિ મુકામના, જીવનચરિત્રો વગેરે હકીકત ઘણી સારી રીતે આપવામાં આવી છે તથા આજ સુધીના વર્નાક્યુલર ફાઇનલ અને પ્રાવેશિક પરીક્ષાના સવાલો તેમજ તેનું સ્પષ્ટીકરણ વિષય પરત્વે કરવામાં આવ્યું છે.

નડીઆદ }
જુલાઇ ૧૯૨૩ }

ઈતિહાસ (ઇતિ=એ પ્રમાણે+હ=ખરેખર+આસ=હોવુ) એટલે થઇ ગએલા બનાવોનુ વર્ણન જે બની ગયુ હોય તેનું ખરેખરૂ આબેહુબ વર્ણન તે ઇતિહાસ જુદા જુદા જન સ્વભાવ અને તેને અગે બનતી રાજકીય ઉથલપાથલ તથા વપારરોજગાર ધર્મ અને લોકોની રહેણીકરણી ઉપર થતી અસરોનુ ઉપયોગી જ્ઞાન આપના૰ સાધન ઇતિહાસ છે તે વૃદ્ધત્વના ધોળા વાળ કે કરચલી આણ્યા વગ૰ તરૂણ પુરૂષને વૃદ્ધ બનાવે છે વળી ભવિષ્યનું સૂચન કરનાર, સત્યનો ઉપદેશ કરનાર અને માતાની પેઠે જીવનનુ રક્ષણ કરનાર છે તથા સમયનો સાક્ષી પ્રકાશક અને જીદગીનો સ્વામી છે.

ઇતિહાસથી થતા ફાયદા.

૧ સ્મરણશકિત અને કલ્પનાશકિત કેળવાઇ મજબુત થાય છે. તથા તુલના અને વિચા શકિત વધે છે

૨ રાજકીય બનાવો વિષે બુદ્ધિપૂર્વક વિચાર કરવાની ટેવ પડે છે

૩ સ્વદેશ પ્રેમ પ્રેરાય છે અને શહેરી તરીકે તેમજ પ્રજાના અને રાજ્યના અગ તરીકે આપણી શી ફરજ છે તેનું જ્ઞાન થાય છે

૪ નીતિબોધ અને સાંસારિક જ્ઞાન મળે છે

૫ સારાસાર સમજાઇ સત્યનો જય અને કપટી અને દુરાચારીનો અંતે નાશ થાય છે એવુ સત્ય ઠસે છે

૬ ગમે તેવી અડચણ ખસેડવા સખ્ત મહેનત કરવાની ટેવ પડે છે

૭ ઇતિહાસનું જ્ઞાન વર્તમાન કે બીજી સાધારણ બાબતો સમજવામાં મદદરૂપ થાય છે

ઇતિહાસ અને ભુગોળનો સબધ—ઇતિહાસ અને ભૂગોળનો સબધ ઘણો નિકટ અને ગાઢ છે જે દેશનો ઇતિહાસ શીખ-

ચવો હોય તે દેશની ભૂગોળ અવશ્ય શીખવવી જ જોઇએ નકશા વગર ઇતિહાસ શીખવી શકાય જ નહિં. ઇતિહાસનું મૂળ ભૂગોળ એટલે દેશ સ્વરૂપમાં રહેલું છે, માટે તેનુ કુદરતી સ્વરૂપ સમજ્યા વિના તેમાંના પુરૂષોના જીવનચરિત્રો બરોબર સમજાતાં નથી. દેશનું કુદરતી સ્વરૂપ, આબોહવા અને આસપાસની સ્થિતિ તેના ઇતિહાસ ઉપર ઘણી અસર કરે છે લડાઇ વખતે, લશ્કરની હીલચાલમાં, જય પરાજયમાં, રાજ્યોની મર્યાદા તથા ઉદય અસ્તની સ્થિતિ નક્કી કરવામા કુદરતી સ્વરૂપ ઘણુંજ અસરકારક થાય છે, અને આજ સ્વરૂપને લીધે પ્રાચીન સુધારો હિંદુસ્તાન, ઇરાન, આસીરીઆ અને ઇજીપ્તમા પશ્ચિમ દેશો કરતા વહેલો થયો વળી દ્રવ્યસંપત્તિનો આધાર શરૂઆતમા એજ કારણ ઉપર છે, અને દ્રવ્ય સંપત્તિ દેશના સુધારાનુ અગત્યનુ કારણ થઇ પડે છે આજ કારણથી યુરોપમા પ્રથમ સુધારો ગ્રીસ અને ઇટાલીમા થયો હતો આ ઉપરાન્ત પર્વતની હાર, ઉચ્ચપ્રદેશ, ખીણો, નદીઓ, જંગલો વગેરે તપાસવાથી જણાશે કે એ દેશ જીતવો ઘણો અઘરો છે અને શત્રુની સામા સહેલથી રક્ષણ થઇ શકેછે વળી દ્વીપ હોવાથી ઈંગ્લાંડના ઇતિહાસ ઉપર ઘણી અસર થઇ છે, તથા જાપાનને ઘણો ફાયદો મળ્યો છે. આસપાસ બળવાન પ્રજા છે તોપણ આલ્પ્સ પર્વતને લીધે સ્વિટ્ઝર્લાન્ડ સ્વતંત્રતા જાળવી રહ્યુ છે એજ આલ્પ્સના ઇટાલીની પ્રજા ઉત્તર તરફ વધતી અટકી છે આબોહવા પ્રજાના ઇતિહાસપર ઘણી અસર કરે છે સમશીતોષ્ણ કટિબંધની પ્રજા ચાલાક હોય છે ત્યારે ઉષ્ણ કટિબંધની વૈભવ અને વિલાસમા મગ્ન થએલી હોય છે વળી શીત કટિબંધ કે ઉષ્ણ કટિબંધમાં મોટી પ્રજા કે રાજ્યો ઉદ્ભવ પામ્યા નથી

અનુક્રમણિકા.

પ્રકરણ

હિંદનો ઇતિહાસ.

હિંદના મુખ્ય પર્વતો અને નદીઓ.

સીમા—હિંદની ઉત્તરે હિમાલય પર્વત, પશ્ચિમે અફઘાનિસ્તાન અને અરબી સમુદ્ર, દક્ષિણે હિંદી મહાસાગર અને પુર્વે ચીન તથા બંગાળી અખાત છે

હિમાલય—(હિમ+આલય=બરફનું ઠેકાણું) આ દુનીઆમાં ઉંચામાં ઉંચો પર્વત છે તેના શિખર ઉપરનો બરફ કોઈ દિવસ પીગળતો નથી ત્યાં એટલી બધી ઠંડી છે કે માણસ કે જાનવર કોઈ જીવી શકતા નથી તેમ ઝાડ પણ ઉગી શકતા નથી એ પર્વત મોટી દિવાલરૂપે હોવાથી દેશનું રક્ષણ થાય છે, અને કોઈથી જઈ શકાતું નથી, પરંતુ વાયવ્ય અને ઇશાન કોણની ખીણોમાં થઈને લોકો આવજા કરી શકે છે વાયવ્ય કોણ તરફ **સુલેમાન** પહાડમાં થઈને આવવાનો મુખ્ય માર્ગ બૈબરઘાટ છે, અને ઇશાન તરફ પતકોઇ ડુંગરો અને હિમાલયના પૂર્વ છેડાની વચ્ચે **બ્રહ્મ**પુત્રા નદી વહે છે

હિમાલયની દક્ષિણે મોટું હિંદુસ્તાનનું મેદાન આવેલું છે તેના પશ્ચિમ ભાગને સિંધુનો નીચાણનો પ્રદેશ અને પૂર્વ ભાગને ગંગાનો નીચાણનો પ્રદેશ કહે છે તેમાં સિંધુ અને ગંગા એ બે મોટી નદીઓ આવેલી છે હિંદની મધ્યમાં વિંધ્યાચળ અને સાતપુડા પર્વત આવી રહેલા છે તે હિંદના દક્ષિણ ભાગને હિંદુસ્તાનથી જુદો પાડે છે આ જુદા પડેલા ભાગને દક્ખણ કહે છે તેમાં ઘણા ડુંગરા અને નદીઓ આવેલી છે તેની પશ્ચિમે પશ્ચિમઘાટ અને પૂર્વમાં પૂર્વઘાટ નામના ડુંગરો આવેલા છે

આર્ય લોકો.

આર્ય—પહેલાંના વખતમા હિંદમા વસનારા લોકો વિષે માહિતી આપનારૂ જુનામા જુનુ પુસ્તક વેદ છે તે વેદ ઉપરથી જણાય છે કે આશરે ૪૭૦૦ વર્ષ ઉપર પંજાબમા કદાવર ગોરા માણસની જુદી જુદી જાતો રહેતી હતી આ લોકોને આર્ય (ઉમદા) કહીશુ.

હિંદમા આવ્યા પહેલા (મૂળ રહેઠાણમા) આર્યોની હાલત—આર્ય લોકોનુ મૂળ રહેઠાણ તુર્કસ્થાન (મધ્ય એશિયા) મા હતુ તેઓ ઉંચા, ગોરા ને સુંદર હતા તેમનાં કપાળ ભવ્ય હતા આ લોકો ગામડાં અને કસ્બામાં રહી બળદ તથા ઘેટા રાખી જમીન ખેડતા અને ઘઉં તથા જવ પકવતા હતા વળી રૂ કાંતી કપડા વણતા અને કાંસાના ભાલા, છરા વગેરે હથિયાર બનાવતા હતા, તેમનાં પાસે પાસે રહેતા કેટલાક કુટુંબોની એક જાત કે ટોળી બનતી આ ટોળીનો ઉપરી મુખી કે આગેવાન હતો તેની સરદારી નીચે તેઓ લડાઇમા જતા હતા

મૂળ રહેઠાણમાંથી ફેલાવો—તેમની ટોળીઓ મોટી થવાથી મૂળ રહેઠાણમાં સમાવેશ થઇ શક્યો નહિ એટલે કેટલીક ટોળીઓએ નૈઋત્ય કોણમા જઇ ઇરાનમા (આર્ય ઉપરથી ઇરાન) પારસી રાજ્ય સ્થાપ્યુ બીજી પશ્ચિમ ભણી ગઇ તેના કુળમાં હાલ ગ્રીક રોમન, અંગ્રેજ વગેરે છે, અને ત્રીજી અફગાનિસ્તાનમાં થઇ ખૈબરઘાટને માર્ગે પંજાબમા આવી, તેના વંશજો હિંદી આર્યો છે

હિંદી આર્યો અને તેમની સ્થિતિ—જે આર્યો હિંદમાં

આવ્યા તેમને હિંદી આર્યો કહે છે તેમને લખતાં વાંચતા નહિ આવડવાથી તેઓ મંત્ર પોતાનાં છોકરાને મોઢે બોલતાં શીખવતા છેવટે લખવાનો હુન્નર હાથ લાગવાથી મંત્રો લખાયા તેને વેદ કે અસલના જ્ઞાનીઓનાં વચન કહે છે હિંદી આર્યો પંજાબમાં રહી જંગલ કાપી જમીન ખેડતા ઘઉં તથા જવ પકવતા અને સુખી જીંદગી ગુજારતા હતા

આર્યોનો ધર્મ—તેઓ તેજસ્વી હિતકારી દેવોને પુજતા તેમને રંધવા તથા તાપવા દેવતાની જરૂર હોવાથી અગ્નિદેવની પુજા કરવા લાગ્યા તથા અનાજ પકવવા વરસાદની જરૂર હોવાથી ઇંદ્રની પુજા કરવા લાગ્યા, તેઓ માનતા હતા કે વરસાદની ગર્જના એ ઇંદ્રનો ધ્વની છે, વિજળીના ચમકારા એ તેના ભાલા છે, અને આ ભાલા ઘોંચી તે વરસાદ વરસાવે છે વળી તેઓ આકાશની વરૂણદેવને નામે સૂર્યની સવિતૃ દેવને નામે, હવાની વાયુદેવને નામે ગર્જના કરતા વાદળની રૂદ્રને નામે અને પ્રાત કાલની ઉષસને નામે પુજા કરતા તેઓ માનતા કે મુઆ પછી આત્મા પ્રકાશિત સુખ મય દુનીયામાં જાય છે અને માણસને મુઆ પછી યમરાજા પાસે ઇન્સાફ લેવા જવું પડે છે

હિંદુઓ અને પ્રાચીન આર્યોનો મુકાબલો—તેઓ હિંદુઓ કરતા ઘણી બાબતમાં જુદા પડતા તેમનામાં ન્યાત, દહેરાં તથા મુર્તિ પુજા નહોતી, સ્ત્રીઓ યોગ્ય ધણી પસંદ કરી પરણતી અને પુનર્લગ્ન થતાં વળી તેઓ અનાજ તથા માંસ ખાતા અને સોમ નામે છોડવાનો કેફી રસ પીતા

વેદનો સમય ઇ. સ. પૂ. ૨૦૦૦—૧૫૦૦

અનાર્યો—આર્યો પંજાબમાં આવ્યા ત્યારે ત્યાં કાળા રંગના જંગલી લોકો વસતા હતા આર્ય કવિઓએ તેમને દસ્યુ કે દાસ કહ્યા છે વેદના મંત્રોમાં તેમને કાળી ચામડીવાળા બેડોળ ચહેરા વાળા, ચપટા નાકવાળા, કાચુ માંસ ખાનારા અને નાસ્તિક કહ્યા છે તેમને આર્યોએ ગુલામ બનાવ્યા અને રાક્ષસ, અસુર, દાનવ, દૈત્ય વગેરે નામ આપ્યા

અનાર્યો સાથે લડાઇ—આર્યો પંજાબમાં પથરાઇ દસ્યુ લોકોને હાંકી કાઢવા માંડયા અનાર્યોએ પોતાના સુંદર ઘર અને ફળદ્રુપ જમીન જબરી રસાકસી સિવાય છોડી નહિ તેમની સાથે આર્ય લોકોને ઘણી લડાઇઓ થઇ છેવટે આર્યો વિજયી થયા તેમના કુટુંબો એક પછી એક વધતા ગયા અને ૫૦૦ વર્ષમાં સરસ્વતી નદી સુધી જઈ પહોચ્યા તેમણે જંગલો કાપી અને ખેતરો બનાવ્યા તથા ઘઉ અને જવ પકવવા માંડયા

બ્રહ્માવર્ત—આ પ્રદેશ ફળદ્રુપ હતો તે દૃષદ્વતી (ઘગ્ગર) અને સરસ્વતી નદીઓની વચ્ચે ૬૦ માઇલ લાંબો અને ૨૦ માઇલ પહોળો હતો

વેદનો સમય—આર્યો જે ૫૦૦ વર્ષ પંજાબમાં રહ્યા તે કાળને વેદનો સમય કહે છે

વેદ—એ ચાર છે (૧) ઋગ્વેદ—તે સૌથી પહેલો રચાયો છે તેનો અર્થ સ્તુતિનો વેદ થાય છે તે જુનામાં જુનું પુસ્તક છે તેમાં ઇન્દ્ર, અગ્નિ અને બીજા દેવોના ૧૦૨૮ મંત્રો છે

(૨) યજુર્વેદ—તેમા યજ્ઞો સબધી છે એ મત્રો ભણ્નારને અધ્વર્યુ કહે છે એમા બે ભાગ છે કૃષ્ણ યજુર્વેદ અને શુકલ યજુર્વેદ આ વેદને આર્યોનુ પ્રાર્થન પુસ્તક કહે છે

(૩) શામવેદ—તેમા ગોરો યજ્ઞ વખતે જે મત્રો ભણતા હતા તે લખેલા છ એ મત્રા ભણનારને ઉદગાત્રિ કહે છે આ વેદને આર્યોનુ સ્તોત્ર પુસ્તક કહે છે

(૪) અથર્વવેદ—તે પહેલા ત્રણ પછી ઘણી મુદતે રચાયેલ તેમા લખેલી કડીઓ ભણવાથી સકટ દૂર થાય છે એ ભણનારને ગોર કે બ્રહ્મા કહે છે

મહાભારતનો સમય. ઈ. સ પૂ ૧૫૦૦–૧૨૦૦.

હિંદી આર્યોનો ફેલાવો—આર્યો પજાબમા પથરાયા પછી તેમને માલુમ પડ્યુ કે નવા નવા આર્યો ખૈબરઘાટમાથી આવ્યા કરે છે તેમનો સમાસ પજાબમા થશે નહિ અને પૂર્વમા રસાળ દેશ છે, આમ ધારી તેઓ જમના ઓળગી ગગા તરફ ગયા અને બ્રહ્મર્ષિ દેશમાં વાસ કર્યો પછી તેમણે પાચ નગર વસાવ્યા (૧) ઈંદ્ર દેવ ઉપરથી ઈંદ્રપ્રસ્થ જેને હાલમા દિલ્હી કહે છે (૨) હસ્તિનાપુર (૩) આગ્રા (૪) કાપિલ્ય કે કનોજ (૫) પ્રયાગ અથવા અલ્હાબાદ છેવટે ઉત્તર હિદમા વસ્તી વધવાથી વિધ્યાચળ ઓળગી દખ્ખણમા ગયા

(મારર્ડન ઇતિહાસ પ્રમાણે પહેલા મહાભારતનો સમય અને પછી રામાયણ પણ આપણા શાસ્ત્ર પ્રમાણે પહેલુ રામાયણ, અને પછી મહાભારત)

બ્રહ્મર્ષિ દેશ—ચતુરાખરા આર્યો ગંગાને જમનાના ફળદ્રુપ પ્રદેશમાં જઇ વસ્યા અહી તેમણે ઘણા મંત્રો રચ્યા, તે ઉપરથી તે પ્રદેશ બ્રહ્મર્ષિ અથવા જ્ઞાની ઋષિઓનો દેશ કહેવાયો.

આ પ્રદેશમાં પથરાતાં આર્યોને ૩૦૦ વર્ષ લાગ્યાં હશે એ ૩૦૦ વર્ષના સમયને એટલે ઇ સ પૂ ૧૫૦૦ થી ૧૨૦૦ ના વખતને મહાભારતનો સમય કહે છે કારણ કે જુનાં સંસ્કૃત પુસ્તકો માંનુ બીજુ મહાભારત છે તેમા થએલી લડાઇનુ વર્ણન એકઠું કરીને વ્યાસે પુસ્તક બનાવ્યુ છે એની અંદર ૧૮ પર્વ છે

મહાભારત—આ ઇતિહાસ ભારત કે કુરૂ અને પાંચાલ એ બે કુટુમ્બોનો છે ભારતના વંશજોની રાજધાની હસ્તિનાપુર અને પાંચાલની કનોજમા હતી ભારત કુટુમ્બોનો ધૃતરાષ્ટ્ર નામે રાજા જન્મથી આંધળો હતો તેથી તેનો નાનો ભાઇ પાંડુ રાજ્ય કરતો હતો ધૃતરાષ્ટ્રને ૧૦૦ દીકરા હતા તે કુરૂના નામ ઉપરથી કૌરવ કહેવાયા તેમા મોટો દુર્યોધન હતો પાંડવો પાંચ હતા તેમના નામ યુધીષ્ટિર, ભીમ, અર્જુન સહદેવ અને નિકુળ પાંડવ અને કૌરવો હસ્તિનાપુરમા એકઠા ઉછર્યાં હતા પાંડુના મરણ પછી ધૃતરાષ્ટ્ર આદીએ બેઠો અને કૌરવોએ પાંડવોનો નાશ કરવા તેમને લાક્ષાગૃહમા બાળ્યા તેમાંથી તેઓ મહા મુશીબતે બચ્યા અને વનમાં ભટકવા લાગ્યા.

દ્રૌપદી સ્વયંવર—પાંચાલ દેશના દ્રુપદ રાજાને દ્રૌપદી નામે દીકરી હતી તેને પરણાવવા તેણે સ્વયંવર રચ્યો તેમા નિશાન તાકીને મચ્છ વિંધે તેને દ્રૌપદી પરણે એવી શરત હતી. ઘણા રાજાઓએ નિશાન વિંધવા પ્રયત્ન કર્યો પણ ફતેહમંદ થયા નહિ. છેવટે

અર્જુને મચ્છવેધ કર્યો તેથી દ્રૌપદીએ તેને વરમાળ પહેરાવી, પણ ભૂલથી માની આપેલી આશિષને તાબે થઈ પાંચે પાંડવો દ્રૌપદી સાથે પરણ્યા.

રાજ્યપ્રાપ્તિ અને વનવાસ—પાંડવોને હસ્તિનાપુરનો અડધો મુલક મળવાથી તેમણે ઇંદ્રપસ્થ વસાવ્યુ અને ત્યાં રાજ્ય કરવા લાગ્યા, પરંતુ કૌરવોને શાંતિ ન વળવાથી તેમને જુગટુ રમવા બોલાવ્યા અને કપટથી હરાવી રાજ્યપાટ અને પત્ની વગેરે લઈ લીધુ તથા ૧૨ વર્ષ વનવાસ કાઢયા પાંડવોએ વનવાસ ભોગવી રાજ્ય પાછુ માગ્યુ પણ કૌરવોએ આપ્યુ નહિ

મહાભારતનુ યુદ્ધ—પાંડવોને કૌરવોએ રાજ્ય પાછુ નહિ આપવાથી બન્ને કુટુંબો વચ્ચે પાણીપત કહેવાતા કુરૂક્ષેત્રના મેદાનમાં લડાઈ થઈ તેમા કૌરવોનુ ૧૧ અને પાંડવોનું ૭ એમ * ૧૮ અક્ષૌહિણી સૈન્ય ભેગુ થયુ. બન્ને પક્ષમા ઘણા રાજાઓ આવ્યા હતા ૧૮ દિવસ દારૂણ યુદ્ધ ચાલ્યુ અને ઘણા માણસ મરાયા. છેવટે કૌરવોનો નાશ થવાથી પાંડવોને હસ્તિનાપુરનું રાજ્ય મળ્યુ. આ વખતે કૃષ્ણ પાંડવોના પક્ષમા હતા. તે હાલમાં દેવ તરીકે પુજાય છે પછી પાંડવો અર્જુનના પૌત્રને ગાદી આપી હિમાલયમાં ગયા.

યાદવ રાજ્ય—ગુજરાતને વાયવ્ય કિનારે દ્વારકા નામે નગરીમાં, મહાભારતનુ યુદ્ધ થઈ રહ્યા પછી કૃષ્ણ ગયા પછી ત્યાંથી બધા જાદવો પ્રભાસપાટણની જાત્રાએ ગયા એમને મદ્યપાનનું

---

* એક અક્ષૌહિણીમાં ૨૧૮૭૦ રથે ચઢી લડનારા, તેટલાજ હાથીવાળા, તેનાથી ત્રણ ગણા ઘોડેસ્વાર અને પાંચગણુ પાયદળ એકંદર ૨૧૮૭૦૦ સૈન્ય હાય.

જીરે વ્યસન લગવથી તેની ફેકમા તેઓ માહોમાહે લડી મર્યા એ બાબતને જા વાસ્થળી કહે છે એમાથી બચેના જાદવો ઉત્તરહિંદ તરફ જતા રહ્યા અને પછી કેટલીક મુદતે ૧મશે જેસલમીર વગેરે નાનાં નાનાં રાજ્ય સ્થાપ્યા હાલમા કાઠિઆવાડ અને કચ્છના જાડેજા યાદવ જાતના રજપુતોની જાત છે

---

૨. રામાયણનો સમય ઇ. સ. પૂ ૧૨૦૦–૧૦૦૦.

મધ્ય દેશ અને તેની જાતો—આ સમયમા આર્યો હિમાલય અને વિંધ્યાચળ વચ્ચેના બહોળા પ્રદેશ સુધી ગયા અને તેનું નામ મધ્યદેશ પાડયુ ભારત અને પચાલ જાતો ઉપરાત આ પ્રદેશમાં કોસલ, વિદેહ અને કાશી જાતો હતી કોસલ લોક જે પ્રદેશ હાલ અવધ કહેવાય છે ત્યા રહેતા તેમની રાજધાની અયોધ્યા હતી વિદેહ લોક હાલના તિરહુટમા રહેતા તેમની રાજધાની મિથિલા હતી અને કાશી લોકનુ મુખ્ય શહેર કાશી હતુ હાલ તેને બનારસ કહે છે

આર્યોને આ મુલકમાં પથરાતા લગભગ ૨૦ વર્ષ લાગ્યાં હશે. આ ઇ સ પુ ૧૨૦૦થી ૧૦૦૦ સુધીના સમયને રામાયણનો સમય કહે છે આ હિંદુઓનો ત્રીજો ગ્રથ છે હલના વાલ્મિક, વ્યાસ અને તુલસીદાસના બનાવેલા રામાયણના પુસ્તક મળી આવે છે તેમા રામ અને રાવણ વચ્ચે થએલા યુદ્ધનું વર્ણન છે

બ્રાહ્મણ ગ્રથો—આર્યો ગગા અને જમનના પ્રદેશમા વસતા ગયા અને યજ્ઞ ઉપર દેખરેખ રાખનાર બ્રાહ્મણ ઋત્વિજોની સખ્યા વધતી ગઈ તેમ તેઓ યજ્ઞના નિયમોમા વધારા કરતા ગયા અને

દરેકે શું કામ કરવું તે સમજાવવા વેદને લગતા વધારાના નિયમોનું જુદું પુસ્તક લખાયું, આને બ્રાહ્મણ ગ્રંથ કહે છે ઋગ્વેદના બ્રાહ્મણ ગ્રંથમાં વેદના મંત્ર ભણનાર બ્રાહ્મણોએ કેવી રીતે કામ કરવું તે બતાવ્યું છે શામવેદનો બ્રાહ્મણગ્રંથ સોમ બલિદાન વખતે મંત્ર ગાનારને મદદ કર્તા થાય છે યજુર્વેદના બ્રાહ્મણ ગ્રંથમાં ઋત્વિજે શી ક્રિયા કરવી તે બતાવ્યું છે અને અથર્વ વેદનામાં કડીઓ સ્પષ્ટ રીતે સમજાવી છે

આરણ્યક ગ્રંથ—આ બ્રાહ્મણ ગ્રંથો જંગલમાં રહેતા સાધુ પુરૂષો માટે રચવામાં આવ્યા આ ઋગ્વેદ અને યજુર્વેદના સંબંધમાંજ છે શામવેદ અને અથર્વવેદના નથી

ઉપનિષદ—આપણે ક્યાંથી આવ્યા? ક્યાં જવાના છીએ? આ દુનીઆનું મૂળ શું હશે? વગેરે બાબતોપર વિદ્વાન પુરૂષોના વિચાર જે પુસ્તકમાં લખાયા તે ઉપનિષદ કહેવાયા તે બ્રાહ્મણ ગ્રંથની પછી બને ઇ સ ની શરૂઆતમાં રચેના હોય એમ લાગે છે એ રચનારાનું ધારવું એવું છે કે જેમ મહાસાગરમાંથી પાણીની વરાળ થઈ આખર વરસાદરૂપે પાછી તેમાં ભળી જાય છે તેમ સઘળી વસ્તુઓ ઇશ્વર તરફથી આવે છે અને પાછી તેમાં ભળી જાય છે

શ્રુતિ અને સ્મૃતિ ગ્રંથો—હિંદુઓએ પોતાના જુના ગ્રંથોના બે ભાગ પાડયા તેમાંનો (૧) શ્રુતિ અને (૨) સ્મૃતિ છે શ્રુતિનો અર્થ સાંભળેલું થાય છે અને તેમાં વેદ બ્રાહ્મણ આરણ્યક ને ઉપનિષદનો સમાવેશ થાય છે તેઓ ઇશ્વર રચિત છે સ્મૃતિનો અર્થ યાદ રાખેલું કે દંતકથાથી સાંભળેલું થાય છે, અને તેઓ પાછળથી રચાયા છે તેઓ મહાભારત, રામાયણ વગેરે છે

રામની કથા.

રામની કથાને રામાયણ કહે છે અયોધ્યાના દશરથ રાજાને ત્રણ રાણીઓ હતી તેમા કૌશલ્યા સૌથી મોટી, બીજી સુમિત્રા અને ત્રીજી સૌથી નાની કૈકેયી હતી આ છેલ્લી રાણી પર રાજાનો વધારે પ્રેમ હતો કૌશલ્યાનો પુત્ર રામ દયાળુ, બહાદુર, અને સત્યવાદી હતો તેથી તેના પર લોકોની ઘણી પ્રીતિ હતી સુમિત્રાને લક્ષ્મણ તથા શત્રુઘ્ન નામના દીકરા હતા અને કૈકેયીને ભરત હતો.

સીતા સ્વયંવર—મિથિલા નગરીના રાજા જનકને સીતા નામે ખુબસુરત કન્યા હતી એ સીતાને પરણાવવા જનકે સ્વયંવર રચી દેશ દેશના રાજાઓને આમંત્રણ કર્યાં જનક પાસે મહાદેવનુ આપેલુ મોટુ ધનુષ્ય હતુ તે ધનુષ્ય જે કોઈ વાળે તેને પરણવાનો વિચાર સીતાનો હતો સ્વયંવરમા ઘણા રાજાઓ આવ્યા હતા લંકાનો રાજા રાવણ પણ આવ્યો હતો પણ એ ધનુષ્ય કોઇથી ઉપાડી શકાયુ નહિં, છેવટે રામે આવી સહેલથી વાળી તેના બે કકડા કર્યાં માટે સીતાએ રામને વરમાળ પહેરાવી પછી જનકે તેમનાં લગ્ન કર્યાં

રાજ્યાભિષેકમા ભંગ—દશરથ રાજા વૃદ્ધ થવાથી રામને યુવરાજ નીમવાનો વિચાર કર્યો આથી રામના બધા લોકો આનંદ પામ્યા. પણ તે વાત સાંભળી કૈકેયી ગુસ્સે થઇ અને રાજા તેને મનાવવા આવ્યા ત્યારે તેણે અત્તા પાટ પડી બધાં ઝવેરાત ફેકી દીધાં અને પોતાને આપેલુ વચન માગી રામને ૧૪ વર્ષ વનવાસ દેવડાવ્યો

રામનો વનવાસ—રામ વનવાસ જવાને તૈયાર થયા સીતા અને લક્ષ્મણ પણ તેમની સાથે તૈયાર થયાં રામના વનવાસથી દશરથ શોકાતુર થઇ મરણ પામ્યા ભરતે રામને પાછા વાળવા બહુ આગ્રહ કર્યો પણ પાછા ન આવવાથી રામની પાદુકા ગાદી ઉપર મુકી તેમના આવતા સુધી રાજ્ય કર્યું હવે રામ, સીતા અને લક્ષ્મણ ગોદાવરીને કાંઠે રહેતાં હતાં ત્યાથી રામ અને લક્ષ્મણની ગેરહાજરીમા એક દિવસ રાવણ સીતાનુ હરણ કરી લંકામા લઈ ગયો, અને લગ્ન કરવાનુ કહ્યુ પણ સીતાએ તેની સામે દૃષ્ટિ પણ કરી નહિ, આથી રાવણે તેને બાગમા ચોકી પહેરા નીચે રાખી

પછી રામે સીતાની ભાળ મેળવી સુગ્રીવ, હનુમાન વગેરે વાનરોની દોસ્તી કરી, અને સૈન્ય લઇ લંકામા ગયા ત્યા રાવણને મારી વિભિષણને ગાદી આપી પછી વનવાસ પુરો થવાથી અયોધ્યામાં આવી રાજ્ય કર્યું તેમના મરણ પછી હિંદીઓ તેમને દેવ તરીકે પુજે છે તેમને લવ અને કુશ નામે બે પુત્ર થયા હતા. રજપુતો તેમના વંશના હોય એમ લાગે છે

દ્રાવિડ લોકો.

ઉત્પત્તિ—આ લોકો ક્યારે અને કેવી રીતે હિંદમા આવ્યા તે ચોકસ જણાતુ નથી. પણ જે વખતે આર્યો ઉત્તર હિંદમા પથરાયા ત્યારે દક્ષિણ હિંદમા દ્રાવિડ લોકો વસતા હતા તે લોકો આર્યોના પહેલાં આવેલા હતા. કેટલાકના કહેવા પ્રમાણે જે રસ્તે આર્ય લોકો આવ્યા તેજ રસ્તે દ્રાવિડો આવી સીધા દક્ષિણમાં ગયા વળી કેટલાકનુ ધારવુ એવુ છે કે હિંદી મહાસાગરમાંથી નીકળી આવેલા વિશાળ પ્રદેશમાથી તેઓ આવ્યા હતા. તે પ્રદેશ પાણી ફરી વળવાથી હાલ દેખાતો નથી

ભાષા—સઘળા દ્રાવિડો પ્રથમ એકજ ભાષા બોલતા હતા, પરંતુ વખત જતાં અને જુદા જુદા ભાગોમાં વસવાથી દ્રાવિડ ભાષાનો અપભ્રંશ થઇ તામિલ, તેલગુ મલાયલમ અને કાનડી ભાષા બોલવા લાગ્યા

સ્થિતિ અને ધર્મ—એ લોકોએ આવીને ઘણા જંગલો કાપી નાખ્યા અને ગામ વસાવ્યાં દરેક ગામના લોક મુખીના કહેવા પ્રમાણે ચાલતા તેઓ પોતાના સાથે લાવેલા ઢોરોનુ દુધ પીતા અને નાગ તથા ઝાડની પૂજા કરતા દેવના ઉપર તેમની પ્રીતિ નહોતી, પરંતુ તેમને લોહી પીવુ વધારે ગમે છે એમ સમજી તેમને ખુશ કરવા બકરાં, કુકડાં ને પાડાનો વધ કરતા આ લોકો ગરમ પ્રદેશમા રહેવાથી વધારે કાળા હતા

૩. પ્રાચીન હિંદુ સમય ઇ. સ. પૂ ૧૦૦૦—૩૦૦.

આર્ય લોકો આશરે ઇ સ. પૂ ૧૦૦૦ થી આર્ય મટી હિંદુ કહેવાવા લાગ્યા ઉત્તર હિંદમાં પાછલાં ૧૦૦૦ વર્ષ દરમ્યાન આર્ય લોકો પથરાયા હતા. ત્યાં તેમની પહેલાં ઘણા મુદતથી આવેલા દસ્યુ કે દાસ કહેવાતા. અનાર્ય લોકો વસતા હતા એમની વસ્તી આર્યો કરતાં લગભગ ૫૦ ઘણી હતી, પરંતુ તેઓ આર્ય જેવા જોરાવર અને બહાદુર નહોતા તેમની જાતનાં નામ ભીલ નાગ, સંતાલ, કોધ વગેરે છે એમની વસ્તી ૧૦ લાખ ઉપરાતની છે બીજા ગોંડ મધ્ય હિંદમા રહેતા હતા તેમની વસ્તી આશરે ૧૫ લાખની છે.

આર્યોએ અનાર્યોને હજી કચડ્યા નહોતા, તેમાંના

ઘણાખરા આર્યોની નોકરીમા દાખલ થતા હતા. પછી તે તેમની ભાષા શીખ્યા મિત્ર બન્યા અને કન્યાઓ પરણી તેમની સાથે ભળી ગયા

ચાર વર્ણ—અસલના વખતમા વડીલો દેવોની પૂજા કરતા, છોકરાઓ ખેતી કરતા, લુગડા વણતા અને લડાઇમાં પણ જતા હતા સ્ત્રીઓ ગાયો દોહતી, રૂ કાંતતી અને બીજો ધંધો કરતી હતી, પણ જ્યારે તેઓ ઉત્તર હિંદમા પથરાયા ત્યારે લડાઇમાં રોકાવાથી દેવની પૂજા તથા મંત્રો શીખવાની ફુરસદ મળી નહિ, તેથી દરેકને જુદુ કામ સોંપવામા આવ્યુ એ રીતે ધંધાને લઇને ચાર વર્ણ બની

(૧) બ્રાહ્મણ—ભણવુ ને ભણાવવુ, યજન કરવુ ને કરાવવુ તથા દાન લેવુ અને આપવુ એ છ કર્મો બ્રાહ્મણના ગણાવા લાગ્યા

(૨) ક્ષત્રી—પ્રજાનુ રક્ષણ કરવુ યુદ્ધમા લડવુ, દાન આપવુ, યજન કરવુ, તથા ભણવુ એ કર્મો ક્ષત્રીનાં ગણાવા લાગ્યાં

(૩) વૈશ્ય—દાન, યજન અને ભણવા ઉપરાંત ખેતી કરવી, ઢોર પાળવા, વેપાર કરવો અને વ્યાજ વટતર કરવુ એ કર્મો વૈશ્યનાં ગણાવા લાગ્યાં

(૪) શુદ્ર—બીજી વર્ણોની સેવા કરવી તથા સામાન્ય મજુરી કરવી આ શુદ્રની વસ્તી બધી વર્ણોમા સૌથી વધારે હતી.

આ પ્રમાણે ૩૦૦૦ વર્ષ પર ચાર વર્ણવાળી હિંદુ કોમ બની તે મનુના વખતમા બંધાઈ રહી હતી પાછળથી ધંધાને અનુસરીને ચારની સેંકડો જ્ઞાતિ બની, એ જુદી જુદી જાતના લોકોને એક બીજા સાથે વ્યવહાર તથા કન્યા વ્યવહાર નથી.

જે જગલી તુરાની લોકો આર્યો સાથે ભળી ગયા નહિ તેમને આર્યોએ વશ કરીને ગુલામ બનાવ્યા તેઓ સૌથી નીચા ગણાઇ ચડાળ કે બારવસીઆ કહેવાયા તેમને ગામમા પેસવા નહિ દેવાથી બહાર ઝુપડીમા પડી રહેતા હતા

હિંદુ ધર્મના દેવ—આર્યોએ પાછળથી ઇંદ્ર અને અગ્નિની પૂજા વિસારે પાડી અને આર્ય તથા તુરાનીના ધર્મનુ મિશ્રણ કરી નવા હિંદુ ધર્મ બનાવ્યો તેમા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ દેવો સ્થપાયા બ્રહ્મા એ સરજનહાર વિષ્ણુ પાલન કરનાર અને શિવ નાશ કરનાર છે એમ લોકો માને છે આ સિવાય બીજા અગણિત દેવો દાખલ થયા હતા

ઉપરના ૭૦૦ વર્ષના કાળને પ્રાચીન હિન્દુ સમય કે બ્રાહ્મણ સમય કહે છે, કેમકે તે વખતે બ્રાહ્મણોની સત્તા વધી હતી

પ્રાચિન હિંદુ રાજ્યો. ઇ. સ પૂ ૧૦૦૦—૩૦૦.

આ સમયના મોટા હિંદુ રાજ્યો ઘણા હતા, તેમાં કેટલીક જગાએ ક્ષત્રિ રાજાનો, અને કોઇ જગાએ શુદ્ર રાજાનો અમલ હતો, દરેક રાજ્યમા પોતાની જુદી કચેરીઓ જુદા અમીરો, જુદા લડવૈયા, જુદા કવિ અને જુદા પુરોહિત હતા

ઉત્તર હિંદના રાજ્યો—૧ મગધનુ રાજ્ય-સૌથી જોરાવર ને પ્રસિદ્ધ રાજ્ય મગધ (દક્ષિણ બિહારનુ) નુ હતુ તેમા જુદા જુદા વશજોએ સેંકડો વર્ષ સુધી રાજ્ય કર્યું હતુ તેણે ગગાના પ્રદેશમા ઘણાખરા રાજ્યો જીતી લીધા હતા

(૨) અગ (બહાર) (૩) વગ (પૂર્વ બગાળ) (૪) કલિંગને તાબે ઓઢીઆનો પ્રદેશ હતો (૫) અવન્તી (માળવા) અને (૬) સૌરાષ્ટ્રનુ રાજ ગુજરાતમાં હતુ

દક્ષિણના પ્રાચીન રાજ્યો—(૧) **પાડ્ય**—એ રાજ્ય તામિલના પ્રદેશમાં હતુ તેની રાજધાની મદુરામાં હતી

(૨) **ચોલ**—આ રાજ્ય પાડયની ઉત્તરે તામિલ પ્રદેશમાં હતુ. તેની રાજધાની કાચી (કોંજેવરમ) મા હતી.

(૩) **ચેરા**—આ રાજ્ય મ્હૈસુરમા હતુ તેની રાજધાની તાલ્કદમા હતી

(૪) **કેરલ**—આ રાજ્ય મલબાર ને ત્રાવણકોરમા હતુ

(૫) **આધ્રરાજ્ય**—આ રાજ્ય ગોદાવરીની આસપાસના નીચાણના પ્રદેશમા હતુ તેની રાજધાની વરગુળમા હતી તેની એક શાખાએ મગધનુ રાજ્ય જીતી લીધુ હતુ

ઉપરના ચોલ અને પાડ્ય રાજ્ય વચ્ચે નિરતર ઝઘડા ચાલતા કરતા હતા કેટલાક કહે છે કે આ રાજ્યો ક્ષત્રી રાજાઓએ ઉત્તરમાથી આવીને સ્થાપ્યા હતાં, અને કેટલાક કહે છે કે અસલથીજ ત્યા દ્રાવિડ લોકોનુ રાજ્ય હતુ **અગસ્ત્ય** નામે બ્રહ્મર્ષિ પાડ્ય રાજ્યની કચેરીમા રહ્યો હતો, અને લોકોને બ્રાહ્મણધર્મનો ઉપદેશ કર્યો હતો આ અગસ્ત્યના નામ ઉપરથી પશ્ચિમઘાટનુ ઉચામા ઉચુ શિખર અગસ્ત્ય મલાઇ કહેવાય છે

દક્ષિણનો હિંદુ ધર્મ અને ફેરફાર—આ વખતે બ્રાહ્મણો દેશમા ફરી પોતાનો ધર્મ, ભાષા અને રીતરિવાજ બધે દાખલ કરતા ગયા દક્ષિણના દ્રાવિડો બ્રાહ્મણોના ઘણા દેવોને માનવા લાગ્યા અને ભાષામા ઘણા સસ્કૃત શબ્દો દાખલ કર્યા એમ ઉત્તરના આર્યોએ હથિયાર બળે નહિ પણ પ્રવિણતાથી દક્ષિણ હિંદના લોકોને વશ કર્યા આ વખતે દ્રાવિડ લોકોએ મોટાં શહેરો અને દેવળો બાંધ્યાં તથા જ્ઞાનમા વધારો કર્યો, પણ જુના મત અને દેવોને રાખી રહ્યા.

દ્રાવિડ લોકોના તે પથ્થર, ઝાડ, સાપ અને ભૂતપિશાચ પ્રત્યેના આકીનના વિચારો સાથે ઉત્તરનો હિંદુ ધર્મ મળી દક્ષિણનો હિંદુ ધર્મ બન્યો.

આવા ફેરફાર મધ્ય હિંદમાં પણ થયા, અને વધતા વધતાં આખા હિંદમાં હિંદુ ધર્મ દાખલ થયો. દરેક પ્રજાએ પોતાની અસલ ભાષા અને જુના દેવો કાયમ રાખ્યા, પણ તેની સાથે નવા સંસ્કૃત શબ્દો અને બીજા કેટલાએક દેવોની પૂજા કરવા લાગ્યા.

પ્રાચીન હિંદુ સમયમાં વિદ્યાકળા.

ઈ. સ. પુ. ૧૦૦૦—૩૦૦

બ્રાહ્મણોની જુદી વર્ણ બન્યા પછી તેમને અભ્યાસને માટે પુષ્કળ વખત મળવા લાગ્યો તેથી તેઓ કાયદા બનાવવા, કવિતા રચવા અને હુન્નરકળા શીખવા લાગ્યા.

બ્રાહ્મણોએ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી વ્યાકરણ બનાવ્યાં, તેમાં સૌથી શ્રેષ્ઠ વૈયાકરણ મહાન **પાણિનિ** થયો. તેનો બનાવેલો વ્યાકરણનો ગ્રંથ શ્રેષ્ઠ ગણાય છે. એમ કહેવાય છે કે તેને મહાદેવે આપેલા ૧૪ સૂત્રો ઉપરથી વ્યાકરણ બનાવ્યું હતું.

જ્યોતિષશાસ્ત્ર—તેમને ચંદ્ર આકાશમાં ફરતો જણાયો, તથા તેમણે તારાના ૨૮ ઝુમખાના નામ આપ્યા, અને વરસના બાર મહીના ઠરાવ્યા.

ગણિતવિદ્યા—તેમણે ગણિતનો અભ્યાસ કરી દશક પદ્ધતિ ખોળી કાઢી અને યજ્ઞને માટે કુંડી તથા વેદી બનાવતા ભૂમિતિનું પણ જ્ઞાન મેળવ્યું. પાછળથી આ વિદ્યા આરબો મારફત યુરોપમાં ગઈ.

તત્ત્વજ્ઞાનના મત—આ અસલના હિંદુઓએ જીવ, દુનિયાં,

માણસ, ઇશ્વર, મન અને ભૂત ભવિષ્ય વિષે લાંબા વિચાર કરી પોતાના મત લખ્યા. તેમાંથી આખરે છ મત જાહેર થયા તેને બ્રાહ્મણોના તત્ત્વજ્ઞાનના મત કે વસ્તુઓના જ્ઞાનના માર્ગ પણ કહે છે તે યાદ રાખવા માટે નીચે કવિતામાં આપ્યા છે

કવિતા

સાંખ્યનો કર્તા વળી, કપિલ મુનિ જાણ,
પતંજલીએ યોગનું, ગૌતમ ન્યાય પ્રમાણ
વૈશિષિક કર્ણાદનું, વ્યાસ ઉત્તર મિમાસ,
જૈમિનિએ મનમા ધરી, રચ્યુ પુર્વ મિમાંસ

(૧) **સાંખ્ય.** એના રચનાર કપિલ મુની હતા તેણે દુનિયામા ફક્ત બેજ વસ્તુઓ પ્રકૃતિ (કુદરત) અને પુરૂષ (આત્મા) માની, અને કહ્યુ કે જ્યારે આત્માને સંપૂર્ણ જ્ઞાન થાય છે ત્યારે તે કોઇ શરીરમાં પ્રવેશ કરતો નથી, પણ નિરંતર આત્મારૂપે અળગો રહે છે.

(૨) યોગ—આ મત પાતંજલીએ પ્રવર્તાવ્યો તે કહે છે કે સઘળી વસ્તુઓ પરમાત્માથી ઉદ્ભવી છે, માટે કેવળ પરમાત્મા વિષે મનન કરવાથી આત્મા છુટો થઇ તેમા ભળી જાય છે

(૩) ન્યાય—આ મત ગૌતમે પ્રવર્તાવ્યો તે કહે છે કે સઘળી વસ્તુઓ ઇશ્વરમાંથી ઉદ્ભવી છે, પરંતુ આત્મા અનાદિ છે, અને જ્યારે પૂર્ણ જ્ઞાન પામે ત્યારેજ શરીરથી અળગો રહે છે

(૪) વૈશેષિક—એ મત કણાદે પ્રવર્તાવ્યો તે કહે છે કે દુનિયા અણુની બનેલી છે પણ અણુ બદલાતા નથી પણ દુનિયાના સ્વરૂપમાં નિરંતર ફેરફાર થાય છે

(૫) પૂર્વ મિમાંસા—આ મત જૈમિનીએ ફેલાવ્યો તે

ઇશ્વર વિષે કંઇ નહિ કહેતા વેદની આજ્ઞાઓ પાળવી, મંત્ર ભણવા તથા બીજા દાન આપવાનું કહે છે

(૬) **ઉત્તર મિમાંસા**—આ મત બાદરાયણ વ્યાસે (મહા ભારત લખનાર નહિ) ફેલાવ્યો તે કહે છે કે સઘળી વસ્તુઓ બ્રહ્મામાંથી ઉત્પન્ન થાય છે, અને પ્રકૃતિ તથા આત્મા જ્યારે તેમાં પાછા સમાશે ત્યારે તે પૂર્ણ આત્મા થશે વળી જીવ આત્માનો અંશ છે અને આત્મા સત્ત્વ અને જ્ઞાનની સીમાએ પહોંચે છે, ત્યારેજ ઇશ્વર સાથે ભળી જાય છે આ મતને અદ્વૈત મત કહે છે કારણકે તેમાં જણાવ્યું છે કે આત્મા ને પ્રકૃતિ ભિન્ન વસ્તુઓ નથી પણ એકજ વસ્તુના એટલે પરમાત્માના જુદા જુદા રૂપ છે

છેવટના બે મત વેદાન્તી કહેવાય છે કારણ કે તેમાં વેદના વિચારો સ્વીકાર્યા છે આ મતો તત્વજ્ઞાનના છ શાસ્ત્ર પણ કહે છે

સૂત્રો—બ્રાહ્મણોએ યજ્ઞના નિયમો, તહેવાર ભોજનના નિયમો ઘરસમાજના નિયમો અને શિક્ષાના નિયમો રચ્યા એ નિયમો જે ટુંકી ગદ્ય લીટીઓમાં હતા તે લીટીઓને સૂત્ર કહે છે

મનુસ્મૃતિનું પુસ્તક—જેમાં રાજાએ કેવી રીતે રાજ્ય કરવું અને ગુન્હા કરનારને કેવી રીતે શિક્ષા કરવી તે સંબંધી નિયમોનું પુસ્તક તે આ વખતે સૂત્રમાં લખાયું અને પાછળથી પદ્યમાં તેનું રૂપાન્તર થયું.

બ્રાહ્મણના ચાર આશ્રમ (૧) **બ્રહ્મચર્યાશ્રમ**—જનોઇથી માંડી વિદ્યા પુરી કરતા સુધીનો કાળ આ આશ્રમમાં વિદ્યાર્થી ભિક્ષાથી ગુજરાન ચલાવી, ગુરૂ સેવા કરી વિદ્યા ભણે છે

ગૃહસ્થાશ્રમ—વિદ્યા પુરી કરી પરણીને ઘરસંસાર માંડવો અને સંસારના બધા ધર્મો પાળવા, આ આશ્રમ બધામાં શ્રેષ્ઠ છે

૭ **વાનપ્રસ્થ**—માથે પળીઆં આવે અને છોકરાંને ઘેર છો-કરૂં થાય એટલે ગૃહસ્થે વનવાસ કરવો, સ્ત્રીને સાથે આવવા મરજી હોય તો લેવી અને ફળફળાદિ ઉપર ગુજારો કરી ઇશ્વર ભક્તિ કરવી

(૮) **સન્યાસાશ્રમ**—એમા મનગી વસ્તુનો ત્યાગ કરી ભિક્ષા ઉપર નિર્વાહ કરવો અને જગતમાં ફરી પરમાત્મામા ચિત્ત પરોવવુ

૪ * બુદ્ધ ઇ. સ. પૂ ૫૫૭–૪૭૭

બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ—પહેલા હિંદમાં ખાસ કરીને બ્રાહ્મણ ધર્મ ચાલતો હતો તેમને આશરે આપનાર હસ્તિનાપુર વગેરે રાજ્યો નબળા પડયા તથા બુદ્ધને ચાલતો બ્રાહ્મણ ધર્મ રૂચ્યો નહિ, તેથી તેણે બ્રાહ્મણ ધર્મની સામે ઉપદેશ કર્યો અને નવો ધર્મ સ્થાપ્યો તેને બૌધ ધર્મ કહે છે

જન્મચરિત્ર—એ શુદ્ધોધન નામે ક્ષત્રી રાજાનો કુવર હતો તેનુ રાજ્ય કાશીથી ૧૦૦ માઈલ દૂર કપિલવસ્તુમા હતુ શુદ્ધોધન રાજા શાક્ય લોકપર રાજ્ય કરતો હતો બુદ્ધનુ મૂળ નામ ગૌતમ હતુ તેને ભાલા, ધનુષ્ય અને તરવાર વાપરતા શીખવવામાં આવ્યુ હતુ તેણે ૧૮ વર્ષની વયે યશોધરા નામની કન્યા સાથે લગ્ન કર્યું

ગૌતમ નાનપણથીજ હમેશાં વિચારમા લીન રહેતો હતો તે કોઇ વખત હરણના શિકારમા ખેચેલુ બાણ થોભાવી શિકાર વગર ઘેર પાછો આવતો તથા શરતમા પોતાના ઘોડાને થાકેલા કે હાં-

---

*કેટલાક બૌદ્ધ જન્મ ઇ. સ પૂ ૬૨૩ અને મરણ ઇ સ. પૂ. ૫૪૩ માં થયુ કહે છે

ફેલો જોઇ શરત હારે તોપણ આગળ દોડાવતો નહિ, આથી કોઇ વખત તેનું મન વૈરાગ્યવાળુ થતુ

વૈરાગ્ય ઉપજવાના કારણ—(૧) એક દિવસ ફરવા જતાં એક ખેડુત બળદને ખૂબ મારતો હતો તે જોવાથી તેને ખેદ થયો.

(૨) એક બાજને કબુતરનો શિકાર કરતાં દીઠું તથા કબુતરને માંખોનો શિકાર કરતા જોવાથી દયા આવી

(૩) એક વખત સ્વપ્નામા તેણે એક ઘરડા ડોસાને જોયો અને એવો અવાજ સાભળ્યો કે બુદ્ધ તુ પણ આવો વૃદ્ધ અને અશક્ત થઇશ વળી મુએલો માણસ જોયો અને એવો અવાજ સાભળ્યો કે બુદ્ધ તારે પણ મરવાનુ છે તથા દુખથી બુમો પાડતો એક માંદો માણસ જોયો અને એવો અવાજ સાભળ્યો કે તુ પણ માંદો પડીશ

(૪) એવામા ૨૮ વર્ષના વયે એને કુવર થયો, તેથી તેને લાગ્યુ કે સસારી જાળમા સપડાઇ જવાશે

ઉપરના કારણોથી ગૌતમ ૩૦ વર્ષની વયે પોતાના માબાપ, સ્ત્રી તથા પુત્ર રાહુલને તજી દઇ જગલમા ગયો અને પોતાનો રાજકીય પોષાક ગરીબ માણસને આપી દઇ પોતે તેના ફાટાતુટાં વસ્ત્ર પહેરા અને માથુ મુડાવી નાખ્યુ

વનવાસ—૩૦-૩૬ તેણે પ્રથમ પાટણમા જઇ બે વાન પ્રસ્થ બ્રાહ્મણો પાસે વિદ્યાભ્યાસ કર્યો પણ તે તેને સુખનો માર્ગ બતાવી શક્યો નહિ, આથી તેણે પટણાની દક્ષિણે ઘાડા જગલમા ૬ વર્ષ તપતપ કર્યુત્યાં તેને માલુમ પડ્યુ કે, તપ કરવાથી હું જાતે દુખી થઇશ અને બીજાને સુખનો માર્ગ બતાવી શકીશ નહિ જે

સ્થળે આ ૭ વર્ષ ગાળ્યા તે સ્થળે બુદ્ધ ગયાનું દહેરૂં છે

આખરે એક અજીરના ઝાડ નીચે વિચાર કરતાં તેને જ્ઞાન થયુ અને નિર્વાણ તથા શાન્તિનો માર્ગ સૂઝયો તે એકે તપ નહિ કરતાં નીતિમાન, ચોકખી અને પવિત્ર જીદગી ગાળી તથા પ્રાણિમાત્ર તરફ દયાભાવથી વર્તી ઉપદેશ કરવો જે ઝાડ નીચે આ જ્ઞાન થયુ તે ઝાડ ઘણા જમાના સુધી બોધિસત્વ ઝાડને નામે ઓળખાયુ

ઉપદેશક અવસ્થા—૩૬-૮૦ પહેલા તેણે બુદ્ધ (જ્ઞાનવાળો) નામ ધારણ કરી કાશીમાં જઈ સ્ત્રી પુરૂષ બન્નેને ઉપદેશ કરવા માડયો ત્રણ માસમાં ૧૦ શિષ્યો ભેગા થયા તેમને ઉપદેશ કરવા મોકલ્યા પછી તેણે રાજગૃહ (પટણા) મા જઇ ઉપદેશ કર્યો, આથી ત્યાનો રાજા બિમ્બિસાર તથા તેની રૈયતે બુદ્ધ ધર્મ સ્વીકાર્યો વળી તે કપિલવસ્તુમા ભોડે માથે પીળા વસ્ત્ર પહેરી અને ભિક્ષાપાત્ર લઈ પોતાના પિતા પાસે ગયો અને ઉપદેશ કર્યો આથી તે તથા આખી શકય કોમ તેની શિષ્ય થઇ તેણે ૮૦ વર્ષની ઉમર સુધી ૪૫ વષ ઉપદેશ કર્યો અને ઇ સ પૂ ૪૮૭ માં ગુજરી ગયો

બુદ્ધ પોતાના શિષ્યોને કહેતો કે તમારે નીતિને માર્ગે ચાલવુ અને બીજાને તે રસ્તે દોરવા પ્રયત્ન કરવો તેના શિષ્યો તે પ્રમાણે વર્ત્યા પાછળથી આ ધર્મમા કરોડો માણસો દાખલ થયા અને આશરે ૧૦૦૦ વષ સુધી તે હિંદનો મુખ્ય ધર્મ રહ્યો

બૌદ્ધ માર્ગ (ઉપદેશ) (૧) સઘળાં મનુષ્ય સરખા અને સ્વતંત્ર છે જે લોકો નિષ્કલંક અને પવિત્ર જીદગી ગાળે છે, સાચુ બોલે છે અને પાપ કરતા નથી તેમનામાં કોઇ ઉંચુ નીચુ નથી

(૨) આ ભવમા અને પછીના ભવમા માણુસની સ્થિતિનો આધાર તેના કર્મ ઉપર છે

(૩) પાપને પરિણામે દુખ અને સારા કામને પરિણામે સુખ તથા શાતિ હોવા જોઈએ

(૪) દેવોને યજ્ઞવડે સતોષવાથી પાપ ધોવાતુ નથી

(૫) ધર્મગુરુની યાચનાથી કોઈનુ ભલુ થતુ નથી

(૬) માણુસ જાતે જે કરે છે તેના ફળ તે ભોગવે છે

(૭) પશુ હિંસા કરવી નહિ અને કોઈની વસ્તુ ચોરવી નહિ

(૮) પરસ્ત્રીનો સગ કરવો નહિ અને અસત્ય બોલવુ નહિ

(૯ માદક પદાર્થોથી દૂર રહેવુ

(૧૦) મુઆ પછી માણુસનો આત્મા પુનર્ભવ (બીજો અવતાર) પામે છે, પણ જ્યારે તેના પાપ અને દુખનો અત આવે છે, જીંદગીનાં બધા સુખ દુખ ભોગવી રહે છે અને તેનાં સારા કૃત્યો નઠારાં કૃત્યો કરતા વધારે હોય છે ત્યારેજ તેના આત્માને છેવટનો આરામ મળે છે આ આરામને બુદ્ધ નિર્વાણ કહેતા

વિહાર (મઠ) જેમને દુનિયા તજી શાત અને પવિત્ર જીંદગી ગાળવાની ઇચ્છા થઇ તેમને બુધ્ધે સાધુ અને સાધ્વીના પવિત્ર વર્ગમા દાખલ કર્યા તેઓ માથાં મુડાવતા પીળા વસ્ત્ર પહેરતા અને ભિક્ષાવડે ગુજરાન ચલાવી વિહારમા રહેતા તથા પોતાનો વખત અધ્યયન કરવામા ગાળતા હતા આ મઠ ડુગરની ગુફાઓમાં આવેલા હતા, અજટામા બૌધ સાધુઓની મોટી ગુફા છે મગધ દેશમા તે વખતે એટલા બધા વિહાર બધાયા કે તે ઉપરથી દેશનું નામ બદલાઇ જઇ વિહાર કે બિહાર (બહાર) પડયુ

બૌદ્ધ સભાઓ—(૧) ઇ સ પૂ ૪૭૮ (બીજી શોધ પ્રમાણે ઇ સ. પૂ ૫૪૩) મા ૫૦૦ શિષ્યોની મોટી સભા ભરાઇ તેમણે બુદ્ધના સૂત્રોના ત્રણ ભાગ પાડયા (૧) બુદ્ધે કહેલાં વચન (૨) નીતિના નિયમ (૩) તેમનો ઉપદેશ કે મત

(૨) ઇ. સ પૂ ૩૭૭ (બીજી શોધ પ્રમાણે ઇ સ પૂ ૪૩૩) માં ૭૦૦ સાધુઓની સભા મળી તેણે કેટલીક તકરારોનુ સમાધાન કર્યું

(૩) ઇ સ પૂ ૨૪૪ મા અશોકે ૧૦૦૦ વડીલોની સભા પટણામા બોલાવી અને બુદ્ધના વચનો ફરી પાલી ભાષામાં લખાવ્યા

(૪) ઇ સ ૪૦ મા કનિષ્કે બોલાવી તેમાં બૌદ્ધ શાસ્ત્રોનુ સંશોધન કર્યું

(૫) ઈ સ ૬૩૪ મા શિલાદિત્યે બોલાવી એમા બ્રાહ્મણ આચાર્યો અને બૌદ્ધ સાધુઓ વચ્ચે ધર્મ સવાદ થયો

બૌદ્ધ ધર્મ જલદી ફેલાવાના કારણ—(૧) તે ધર્મનો ઉપદેશ સરળ હોવાથી ઘણા લોકો ભળ્યા (૨) બ્રાહ્મણોએ પોતાનો ધર્મ દ્વિજ જાતિને માટે રાખ્યો હતો, પણ બૌદ્ધ ધર્મ સઘળી વર્ણને માટે હતો (૩ એ ધર્મના સુત્રો માણસના મનને પસદ પડે તેવા હતા (૪) પોતે ઉપદેશ કરતો એટલુજ નહિ પણ ૬૦ શિષ્યોને ઉપદેશ કરવા મોકલ્યા, (૫) તેણે શિષ્યોને કહ્યુ હતુ કે તમારે નીતિને માર્ગે ચાલી માણસોને તે રસ્તે દોરવા પ્રયત્ન કરવો.
(૬) ઘણા રાજાઓની મદદથી જલદી ફેલાયો

બૌદ્ધ ધર્મની ચઢતી—(૧) બૌદ્ધે પોતાના ધર્મનો પાયો એવો મજબુત રચ્યો હતો કે એના મરણ પછી તે ધર્મ વધારે

પ્રસરતો ગયો (૨) એ ધર્મના સુત્રો માણસના મનને રૂચતાં હોવાથી તેમાં ઘણા રાજારાણા ભળ્યા, (૩) મહારાજા અશોકે પણ બ્રાહ્મણ ધર્મને બદલે બૌદ્ધ ધર્મને રાજ્યધર્મ બનાવ્યો, એના પ્રયત્નથી એ ધર્મ આખા ભરતખંડમાં પ્રસર્યો એટલુંજ નહિ પણ અફગાનિસ્તાન, બ્રહ્મદેશ, શિઆમ અને લંકા વગેરે દેશોમાં પ્રસરતો ગયો એ રીતે તે ધર્મની ચઢતી થતી ચાલી

બૌદ્ધ ધર્મી દેશો—બ્રહ્મદેશ, શિઆમ, લંકા, ચીન, તિબેટ, જાપાન, મંગોલિઆ, મંચુરીઆ, તુર્કસ્તાન અને કાબુલ છે આ ધર્મના અનુયાયીઓ દુનિઆના બીજા ધર્મો કરતાં વધારે છે અને લગભગ ૪૦ કરોડની છે

બૌદ્ધ ધર્મી રાજાઓ—બિંબીસાર, અશોક, કનિષ્ક અને શિલાદિત્ય. તેમની હકીકત આગળ આવશે

બૌદ્ધ ધર્મની પડતી (હિંદમાં તેની નરમ હાલત)

(૧) અશોક પછીના માગધી રાજાઓ નરમ નીકળ્યા તેથી એ ધર્મને રાજાઓ તરફથી ઉત્તેજન મળ્યું નહિ (૨) બ્રાહ્મણોને અગ્નિકુળના રજપુત રાજાઓ તરફથી ઉત્તેજન મળ્યું (૩) બ્રાહ્મણ આચાર્યો વખતને અનુસરીને પોતાના વેદ ધર્મમાં થોડો ઘણો ફેરફાર કરી ઉપદેશ કરવા લાગ્યા, આથી બ્રાહ્મણ ધર્મની ફરી ચઢતી થવા માંડી અને બૌદ્ધ ધર્મની વિક્રમના સમય પછી પડતી થવા માંડી, તે નવમા સૈકામાં હિંદમાંથી નાશ પામ્યો હાલ હિંદમાં એ ધર્મના લેખો, ગુફાઓ અને મંદિરો સિવાય બીજું કંઇ રહ્યું નથી.

બૌદ્ધ ધર્મની બ્રાહ્મણ ધર્મ ઉપર અસર—બ્રાહ્મણ ધર્મ પુર જોસમાં ચાલતો હતો તે વખતે બૌદ્ધ ધર્મની શરૂઆત થઇ.

આ નવા ધર્મને ઘણા રાજાઓ તરફથી ઉત્તેજન મળવાથી બ્રાહ્મણ ધર્મ નરમ પડવા માડયો અને રાખ વળેલા અગ્નિની માફક ઢકાઇ રહ્યો આથી હિંદુ આચાર્યોને બ્રાહ્મણ ધર્મમાં (જુના વેદ ધર્મમા) થોડો ઘણો લોકોની મરજીને અનુસરતો સુધારો કરવો પડયો એટલે નવો હિંદુ ધર્મ બન્યો તેમા મુર્તિઓ, દેવળો અને અસંખ્ય દેવો દાખલ કરવા પડયા

જૈન—જે વખતે બૌદ્ધ ધર્મ સ્થાપાયો તેજ વખતમા વર્દ્ધમાન નામના એક ક્ષત્રી રાજાએ મહાવીર નામ ધારણ કરી બૌદ્ધ ધર્મને મળતો પંથ સ્થાપ્યો મહાવીર જીન (પવિત્ર માણસ) કહેવાયો તે ઉપરથી તેણે સ્થાપેલો પથ જૈન (શ્રાવક) અને તેના અનુયાયી જૈનમાર્ગી કહેવાયા કેટલાક કહે છે જૈનમાર્ગ બૌદ્ધ માર્ગ પહેલા સ્થપાયો હતો મહાવીરે ઉત્તર હિંદમા બોધ કર્યો તેના મરણ પછી આશરે ૨૦૦ વર્ષે દુકાળ પડયો ત્યારે કેટલાક જૈનો દક્ષિણમા ગયા આ વખતે તેના પંથ પડયા,

શ્વેતામ્બર અને (૨) દિગંબર શ્વેતામ્બર પંથીઓ પોતાની પ્રતિમાને આભુષણ પહેરાવે છે, અને બીજા દિગંબર પંથીઓ તે પહેરાવતા નથી

બધા મળીને હિંદમા ૧૫ લાખ જૈન વસે છે, તેઓ તિર્થંકર એટલે જીનોને માને છે બૌદ્ધ ધર્મની માફક તેમા સંસાર ત્યાગી સાધુઓ હોય છે અને પુનર્ભવ તથા કર્મ અને નિર્વાણને માને છે તથા નાના પ્રાણીની પણ હિંસા કરતા નથી. તેઓ પોતાના દહેરા જંગલ તથા ડુંગરોમા બાંધે છે તેમા જીનોની મૂર્તિઓ બેસાડે છે દક્ષિણ હિંદમા કર્કલ ગામમા ગુંગટા નામે પ્રતિમા છે, તે ૪૧ ફુટ ઉંચી કોતરી કાઢેલી છે ગુજરાતમાં પા-

શીતાબ્યુમાં એટલાં બધાં ભવ્ય દહેરા છે, કે તે ' દહેરાનુ શહેર ', કહેવાય છે ગિરનારમા પણ ઘણાં જુના અને સુંદર દહેરા છે. હિંદમાં સૌથી સુંદર ગણાતાં 'આરસપહાણના બાંધેલા બે દહેરા છે જેમાનુ એક ૧૦૦૦ વર્ષ પર અને બીજુ ૮૦૦ વર્ષ પર બાંધેલુ છે

૫ હિંદમાં ગ્રીક લોકો.

હિંદનો ચોક્કસ હેવાલ પહેલ વહેલા આ લોકો તરફથી આ પણ લખેલા છે તેઓ ગ્રીસના વતની હતા આ વખતે આ ગ્રીક લોકો વિદ્વાન, બહાદુર અને આગળ પડતા હતા

ઈરાનમા આર્ય લોકોએ જઈ જબરૂ રાજ્ય સ્થાપ્યુ હતુ આ વખતે તે દેશમા ઝર્કસીસ પાદશાહ રાજ્ય કરતો હતો આ પાદશાહે ગ્રીસ દેશ ઉપર વગર વિચારે ચઢાઇ કરી, તેથી ગ્રીક લોકોએ તેને હરાવી ,પાછો હાંકી કાઢયો પછી કેટલીક મુદતે ગ્રીસમા અલેકઝાન્ડર રાજા થયો

અલેકઝાન્ડર—તે ઘણો બહાદુર અને હોશિયાર લડવૈયો હતો તેને મહાન અલેકઝાન્ડર પણ કહે છે તે ૨૦ વર્ષની ઉમ્મરે ગાદીએ આવ્યો ગ્રીસ ઉપર હુમલો કરવા બદલ ઇરાનીઓને સજા કરવા ૩૫૦૦૦ નું લશ્કર લઇ ૩૦ ની વય ઉમ્મરે ચઢાઇ કરી, ત્યાંના ડરાયસ રાજાને હરાવ્યો, પછી તુર્કસ્તાન અને અફ્ગાનિસ્તાન જીતી હિંદમા પેઠો

સીકંદરની સ્વારી—ઈ. સ પૂ. ૩૨૭ તે પંજાબમાં આવ્યો ત્યારે પૌરસ નામે ક્ષત્રી રાજા રાજ્ય કરતો હતો તે સિકંદરની સામે એક લાખ માણુસનું લશ્કર લઇ ઉભો રહ્યો તેને બીજા રાજાઓ તરફથી મદદ મળી નહિ તોપણુ લડાઇ શરૂ કરી જેલમ નદીને કાંઠે ભારે યુદ્ધ થયું પૌરસ બહાદુરીથી લઢયો પણુ વરસાદે તેના લશ્કરની ખરાબી કરી એના રથ કાદવમા કળી ગયા તથા તેનાજ હાથીઓએ પાછા ફરી તેનુ લશ્કર ચગદી નાખવા માડયું. તેનો પુત્ર રણુમા પડયો અને તેને કેદી તરીકે સિકંદરની સન્મુખ પકડી આણ્યો પછી સિકંદરે તેને પુછ્યુ કે 'મારે તમારી સાથે કેવી રીતે વર્તવુ' ? પૌરસે કહ્યુ 'રાજા ગણીને' આથી સિકંદરે ખુશ થઇ તેનું રાજ્ય પાછુ સોપ્યુ

પછી સિકંદરે આખો હિંદ જીતવાનો વિચાર કર્યો, પણુ તેનુ લશ્કર થાકી ગયુ હતુ અને ઘણી મુદતથી પોતાનો દેશ છોડીને આવ્યુ હતુ તથા પૌરસ જેવા બીજા રાજાઓ સામા મળશે આવા વિચારથી ચતુર સિકંદર પાછો ફર્યો રસ્તામાં માલી લોક સામે લડાઇ થઇ તેમા તે જખમી થયો, આગળ જતા સિકંદ્રિઆ તથા હૈદ્રાબાદ એ બે શહેરો વસાવ્યાં. ત્યાંથી આવતા બાબિલન શહેર આગળ તાવથી ઇ સ. પૂ ૩૨૩ મા મરણુ પામ્યો

સેલ્યુકસ—અલેકઝાન્ડર સિકંદરના મરણુ પછી તેનું રાજ્ય તેના સરદારોમા વહેચાઇ ગયુ, તેમા સેલ્યુકસના તાબામા બાક્ટ્રીઆ આવ્યો હતો. તેણે પંજાબ લેવાનો વિચાર કર્યો, પણુ મગધના રાજા ચંદ્રગુપ્તે તે દેશ જીતી લીધો હતો, તેથી સેલ્યુકસે સલા કરી ચંદ્રગુપ્ત પાસેથી ૫૦ હાથી લીધા અને પંજાબ ઉપ-

રનો હક છોડી દીધો, તથા સેલ્યુકસે પોતાની દીકરી ચદ્રગુપ્તને પરણાવી અને તેના દરબારમાં મેગાસ્થિનિસ નામે ગ્રીક એલચી મોકલ્યો

આ લોકો બાક્ટ્રિઆમાં આશરે ૧૦૦ વર્ષ રહ્યા, પછી તેમને યવનોએ ઇ. સ પૂ ૨૦૦ મા હાંકી કાઢ્યા, આથી ગ્રીક ... એ ૨૭૦ વર્ષ સુધી અફઘાનીસ્તાન અને પજાબમા રાજ્ય પણ હિદમાં આવેલા ગ્રીક લોકોની સખ્યા થોડી હોવાથી એ પજાબના લોકો સાથે ભળી ગયા ત્યારથી ગ્રીક તરીકે ... ઇતિહાસ બધ પડયો

મેગાસ્થનિસ—(ઇ સ પૂ ૩૦૦ મા હિદની હાલત) આ ... એલચી ઇ સ પૂ ૩૦૬ થી ૯૮ સુધી ચદ્રગુપ્તના દરબારમા રહ્યો હતો તેણે હિદનો હેવાલ નીચે મુજબ લખ્યો છે તે કહે છે કે લોકો સત્યવાદી અને બહાદુર હતા સ્ત્રીઓ સદાચરણી અને ... હતી, ગુલામગીરી નહોતી લોકોનો એક બીજા ઉપર વિશ્વાસ હતો ચોરનો ભય નહિ હોવાથી બારણે તાળુ વાસતા નહિ. કાયદાની સલાહ ભાગ્યેજ લેવી પડતી, હિદુઓમા કેટલાક ગોરા (બ્રાહ્મણ ક્ષત્રી વગેરે) અને કેટલાક કાળા (શુદ્ર) હતા લોકોની સાત જાત હતી (કવિત—તત્વજ્ઞાની ખેડુત અને કારીગર ભરવાડ, ચોકસી યુદ્ધ કરનાર અને રાજ્યમત્રી નિરધાર) દરેક ગામમાં દરેક જાતના અને દરેક ધધા કરનાર લોકો વસતા હતા બધાં મળીને ૧૧૮ રાજ્યો હતા. દરેક રાજ્યના લોકો સુખી અને સલાહ શાંતિમા રહેતા હતા.

સિથિઅન લોકો.

ઇ સ. ૧-૬૦૦

ગ્રીક લોકો મધ્ય એશિઆ અને તેમાં વસતી તાતાર જાતોને સિથિઅન કહેતા હતા હિંદુ લોકો તેમને શક કહેતા હતા અલેક્ઝાન્ડરના સમય પછી આશરે ૨૦૦ વર્ષે સિથિઅનોએ ગ્રીક લોકોને બેક્ટ્રિઆ તથા ઇરાનમાંથી કાઢી મુક્યા તથા ઇ સ ની શરૂઆતમાં કાશ્મીર, અફગાનિસ્તાન અને પંજાબમાં જબરું રાજ્ય સ્થાપ્યું આ સમયે બૌદ્ધ ધર્મ પ્રબળ હોવાથી તેમણે તે ધર્મ સ્વીકાર્યો આમને કેટલાક લોકો હુણ પણ કહે છે

આ હુણ લોકોનો આગેવાન તોરામન હતો. તેણે ગુપ્ત રાજાઓ પાસેથી કેટલોક મુલક જીતી લીધો હતો. તેના પછી તેનો પુત્ર મિહિરકુલ થયો તેને વિક્રમાદિત્યે ઇ સ ૫૩૩ માં મુલતાન પાસે કરૂર આગળ હરાવ્યો હતો. આથી તે હુણ લોકો નાશી; હિંદમાં આવીને રહ્યા હતા તેમનો મોટો રાજા કનિષ્ક હતો.

કનિષ્ક—એ રાજા સિથિઅન જાતનો હતો તેણે ઇ સ. ૪૦ માં ચોથી બૌદ્ધ સભા બોલાવી અને બૌદ્ધ માર્ગના મતોમાં કેટલાક ફેરફાર કર્યા તથા મધ્ય એશિઆ, ચીન અને તિબેટમાં ઉપદેશ કરવા સાધુઓ મોકલ્યા, તે પોતાની કચેરી કશ્મીર તેમજ પંજાબમાં કરતો હતો, પરંતુ હિંદનો વાયવ્ય કોણનો મુલક અને તુર્કસ્તાન એના તાબામાં હતાં, તેણે ઇ સ. ૬૫ માં ચીનપર સ્વારી કરી હતી ઇ સ. ૭૮ થી શરૂ થતો શક નામનો સંવત તેણે ચલાવ્યો એમ કહેવાય છે.

હિંદમાં રહેલી શક જાતો—ઈ. સ. ની શરૂઆતથી ૪૦૦ વર્ષ સુધી શક લોકોની ટોળીઓ હિમાલયના ઘાટોમાં થઇ હિંદમાં આવી અને વાયવ્ય કોણના મુલકમાં વસી. આ ટોળીઓમાંની કાઠે અને ગેટે નામની જાતો શક લોકોની છે, તથા પંજાબના જાટ લોકો અને રજપુતની ઘણી જાતો પણ આ ઓલાદની છે એમ લોકો માને છે

શક સાથે લડનાર રાજાઓ—વિક્રમાદિત્ય, શાલિવાહન, ગુપ્તવંશના રાજાઓ અને વલ્લભી રાજાઓ આ બધામાંથી વિક્રમે તેમની સત્તા છેક તોડી પાડી

—※—

બૌદ્ધ સમયના મહાન રાજાઓ અને રાજ્યો.

ઇ સ પૂ ૩૦૦ થી ઇ. સ. ૭૦૦.

મગધના રાજ્યની ચઢતી પડતી—પ્રાચીન હિંદુ સમયમા ઉત્તર હિંદમાં મગધનુ રાજ્ય સૌથી પ્રખ્યાત અને વિસ્તાર પામેલુ હતુ આ રાજ્ય હાલના બહારના પ્રદેશમાં આવેલુ હતું. પહેલાના જમાનામા ત્યા વિદેહ રાજાઓનું રાજ્ય હતુ બૌદ્ધ સમયમાં શિશુનાગ નામે વંશમા બિંબિસાર અને અજાતશત્રુ નામે રાજાઓ પ્રખ્યાત થઇ ગયા

બિંબિસાર—આ મગધનો રાજા હતો તે સૌથી પહેલો બૌદ્ધ ધર્મમાં દાખલ થયો હતો તેની રાજગાદી રાજગૃહમાં હતી. આ રાજાએ ધીમે ધીમે બૌદ્ધધર્મ પોતાની રૈયતમાં દાખલ કર્યો. એનો પુત્ર અજાતશત્રુ જબરો પણ અધર્મી હતો

નંદવંશ—તેના સ્થાપનારના નામ ઉપરથી આ વંશ નંદવંશ કહેવાયો. તેમાં શુદ્ર જાતના રાજાનો અમલ હતો તેની રાજધાની પાટલીપુત્રમાં હતી આ વંશના રાજાઓ પાસે અખુટ લક્ષ્મી હતી. જ્યારે સિકંદરે હિંદ ઉપર ચઢાઈ કરી હતી, ત્યારે આ કુટુંબના ચંદ્રગુપ્તે તે સિકંદરને નંદવંશનું રાજ્ય જીતી લેવાની લાલચ આપી હતી પણ દૂર જવાનું હોવાથી તેણે માન્યું નહોતું તેના ગયા પછી ચંદ્રગુપ્તે લશ્કર એકઠું કરી છેલ્લા નંદ રાજાને અને તેના આઠ પુત્રોને મારી ઈ સ પૂ ૩૧૬ માં મગધની ગાદી લીધી

મૌર્યવંશ.

ચંદ્રગુપ્ત—ઈ સ પૂ ૩૧૬–૨૯૧ એ મૌર્ય વંશનો પહેલો રાજા હતો તેની મા મુરાના નામ ઉપરથી તેના વંશનું નામ મૌર્યવંશ પાડયું તેના વખતમાં મગધનું રાજ્ય વધારેમાં વધારે વિસ્તાર પામ્યું અને ચક્રવર્તી કહેવાયું તેનો વિદેહ, પાંચાલ, કોસલ અને કાશી એ જુના રાજ્યો ઉપર અમલ હતો તેણે સેલ્યુકસ સાથે સલાહ કરી, અને તેની દીકરી સાથે પરણ્યો તેના દરબારમાં મેગાસ્થિનિસ નામે ગ્રીક એલચી ઈ સ પૂ ૩૦૬–૨૯૮ સુધી ૮ વર્ષ રહ્યો હતો તે કહે છે કે તેની પાસે ૬ લાખ પાયદળ અને ૪૦ હજાર ઘોડેસ્વાર હતા તથા ડહાપણથી અમલ કરતો હતો.

મિત્રગુપ્ત—ઈ સ. પૂ. ૨૯૧–૨૬૩ તેનું બીજુ નામ બિંદુસાર હતું, તે તેના બાપ ચંદ્રગુપ્ત જેવો પ્રતાપી હતો

અશોક—ઇ સ પૂ ૨૬૪-૨૨૭ ચન્દ્રગુપ્તનો પૌત્ર અને મૌર્યવંશનો ત્રીજો રાજા અશોક ઇ સ પૂ. ૨૬૪ મા ગાદીએ આવ્યો તે બૌધ જમાનાનો જબરો રાજા હતો, તેથી તેને મહાન અશોક પણ કહે છે નાનપણમા તેને લડાઇનો બહુ શોખ હતો. તેણે ત્રણ વર્ષ લડી એરીસ્સા તાબે કર્યું હતું આ લડાઇમાં લાખો માણસો મરાયા જોઇ તેને લાગણી થઇ અને તેનો સ્વભાવ છેવટે જ઼દલાઇ ગયો, પછી તેણે લડાઇ નહિ કરવાનો અને બુદ્ધના ઉપદેશ પ્રમાણે ચાલવાનો નિશ્ચય કર્યો, તથા બૌદ્ધ ધર્મને રાજ્યધર્મ બનાવી પ્રિયદર્શી નામ ધારણ કર્યું તેણે બુદ્ધ વડીલોની ત્રીજી સભા ઇ સ પૂ ૨૪૪ મા બોલાવી હતી અને કાશ્મીર, કંદહાર, તિબેટ, બ્રહ્મદેશ, દખ્ખણ અને સિલોનમા ઉપદેશ કરવા સાધુઓ મોકલ્યા હતા વળી તેણે તેથી ૧૪ આજ્ઞાઓ ઘડી કાઢી, ખડકો અને પત્થરના થાંભલા ઉપર કોતરાવી તે હજી પણ વાચી શકાય છે. તેમાથી એક અલ્લાહબાદમા અને બીજી ગીરનારમા છે તે લોકોને ભલા, ચોકખા, માયાળુ, અને પરોપકારી થવા ફરમાવે છે તેમાંની એકમા કહ્યુ છે કે અશોકે ટલીગ ઇજીપ્ત અને ઇજીપ્સ, ગ્રીસ, સીરીઆ વગેરે પાચ ગ્રીક રાજાઓ સાથે સલાહ કરી હતી આ ઉપરથી તે કેટલો બળવાન અને પ્રસિદ્ધ હતો તે જણાય છે તે ઇ સ. પૂ. ૨૨૩ મા મરણ પામ્યો, તેના મરણ પછી ૪૮ વર્ષે મૌર્યવંશનો છેડો આવ્યો

સુધારા અને ગુણ—તેણે રૈયતના સુખને માટે વાવ, તળાવ, દવાખાના, ધર્મશાળા વગેરે બધાવ્યા, તથા પશુહિંસા અટકાવી અને પાંજરાપોળો કરાવી હતી વળી પ્રજાના સુખને માટે ન્યાયની કોર્ટો સ્થાપી તથા દેહાંત દંડની શિક્ષા બંધ પાડી, રસ્તા બધાર્યાં

અને વેપારને ઉત્તેજન આપ્યુ એણે બૌદ્ધધર્મને રાજ્યધર્મ બનાવ્યો પણ તેને બહાને કોઇના ઉપર જુલમ કે પક્ષપાત કર્યો નથી

શુગવંશ—આ વંશ મૌર્યવંશ પછી થયો તેના રાજા અગ્નિમિત્ર અને માલવિકાના પ્રેમ વિષે કાળીદાસે એક નાટક રચ્યુ છે તે માલવિકા અગ્નિમિત્રને નામે ઓળખાય છે, તે વંશનો છેલ્લો રાજા દુરાચારી હોવાથી એને મારી એનો મંત્રી ગાદીએ બેઠો એટલે કાણ્વવંશ શરૂ થયો આ વખતે બૌદ્ધધર્મની પડતી થવા માડી હતી પછી અંધ્રવંશ થયો

અંધ્રવંશ—અંધ્ર લોકો આર્ય જાતના હતા પહેલાના વખતમાં તેઓ ગગાના પ્રદેશમાથી આવી મહા અને ગોદાવરીના પ્રદેશમા વસ્યા હતા અને તૈલગણુમાં સેકડો વર્ષ સુધી અમલ કર્યો હતો હાલમાં તૈલુગ ભાષાનું એક નામ અંધ્રભાષા છે ઇ સ પૂ ૨૬ માં મગધના રાજ્યની નબળી સ્થિતિ જોઇ આ અંધ્ર રાજાઓએ તે દેશ જીતી લીધો ત્યાર પછી ૩૦૦ વર્ષ તેમની એક શાખાએ મગધ અને હિંદના પૂર્વભાગ તરફ અને બીજી શાખાએ દક્ષણમા રાજ્ય કર્યું, એમ તેની બે શાખા થઇ, આ મુદત દરમ્યાન ગ્રીક અને સિથિઅનોએ ચઢી આવી પંજાબ અને વાયવ્યકોણના મુલકપર અમલ કર્યો પણ તેમને અંધ્રરાજાઓએ હિન્દના મધ્ય અને પૂર્વ ભાગમાં આવવા દીધા નહિ, આ વંશના બધા મળીને ૨૪ રાજાઓ થયા તેઓ બધા બૌદ્ધમાર્ગી હતા આ રાજ્ય પછી મગધના રાજ્યનો સૂર્ય અસ્ત થઇ ગયો

ગુપ્તવંશના રાજાઓ—તેઓ ઇ, સ ૩૦૦ માં કનોજમા રાજ્ય કરતા હતા આ રાજાઓ અંધ્રરાજાને દબાવી દઇ સર્વોપરી

બન્યા. અને પોતાની સત્તા લગભગ ૨૦૦ વર્ષ ટકાવી તેમનો મોટો રાજા ચંદ્રગુપ્ત હતો અલ્હાબાદમાં અશોકના સ્થંભ ઉપર તેની આજ્ઞાઓ નીચે ઘણી મુદત પછી એક લેખ કોતર્યો છે તેમાં જણાવ્યુ છે કે ચંદ્રગુપ્તનુ રાજય આખા ઉત્તર હિંદમાં હતુ અને દખ્ખણુપર પણ તે સર્વોપરી સત્તા ભોગવતો હતો ગુપ્તરાજાઓ વિષ્ણુના ભક્ત હતા. અને હિંદુધર્મ જબરા પાયાપર લાવવા પ્રયત્ન કરતા હતા તેમણે લગભગ ઘણી મુદત સુધી સિથિયનોને પેસવા દીધા નહિ પણ પાછળથી હારી ગયા હતા

— ❦ —

૬ બૌદ્ધ સમયનું હિંદ.

ઇ સ પૂ ૩૦૦-૭૦૦

મગધમાં બુદ્ધનો જન્મ અને મરણ થવાથી સઘળા બાદ્ધ માર્ગીએ તે દેશને પવિત્ર ભૂમી ગણી, તથા કપિલવસ્તુ, બુદ્ધ ગયા અને બોધિસત્વ એ બધાને પવિત્ર માન્યા પાછળથી ઘણા બૌદ્ધ યાત્રાળુઓ આ પવિત્ર જન્મસ્થાન જોવાને આવતા હતા તેમાં ઘણાખરા ચીના હતા, તેમણે હિંદનો હેવાલ લખ્યો છે, તેમાં પહેલો ફાહિયન અને બીજા 'હુ-એન-સ ગનો' આપેલો હેવાલ ઉપયોગી છે.

ફાહિયન— એ ચીનો જાત્રાળુ ઇ સ ૪૦૦ મા આવ્યો ત્યારે ગુપ્તરાજાઓમાં ચંદ્રગુપ્તનો અમલ હતો તેણે કાબુલથી પેસી ઠેઠ મિલોન સુધી હિંદુસ્તાનમાં બધા શહેરોની મુલાકાત લીધી તે લખે છે કે ચડાળ અને બહારવસિયા સિવાયના લોકો હિંસા

કરતા નહિ, દારૂ પીતા નહિ તથા ડુંગળી અને લસણ ખાતા નહિ રાજ્ય તરફથી સખ્તાઇ નહોતી અને લોકો પોતાની મરજી મુજબ હરીફરી શકતા કાયદા તોડનારને દંડની સજા થતી અને ખરાબ-ખોરોને મોતની સજા નહિ કરતા તેમનો જમણો હાથ કાપી નાંખતા લોકો નાણુંની જગાએ છીપો વાપરતા હતા તે વણે ઠેકાણે વિહારો જોયા તેમાં સાધુઓને રાજા તરફથી પથારી, સાદડી ખોરાક, લુગડા વગેરે સામાન આપવામા આવતો હતો વળી માણસ અને પશુઓ માટે ઘણાં દવાખાના તથા હોશીયાર વૈદ્ય હતા અને દરદીઓને ખોરક તથા દવા મફત આપવામા આવતી હતી. આ વખત બૌદ્ધધર્મનુ પ્રાબલ્ય હતું

હુ—એન—સ ગ—તે વિક્રમના સમય પછી તરતજ ૬૩૦ માં હિંદમાં આવ્યો અને ૧૫ વર્ષ રહી બધાં મોટા શહેરોની મુલાકાત લીધી તે જ્યા ગયો ત્યાં હિંદુધર્મ અને બૌદ્ધ ધર્મ બને જોવામાં આવ્યા ઓઢીઆ, કાશ્મીર અને દક્ષિણ હિંદમાં બાદ્ધ માર્ગીઓની અને બીજા ભાગોમા બ્રાહ્મણ માર્ગીઓની સખ્યા વિશેષ જોવામા આવી રાજ્ય કર્તાઓનો અમલ સારો હતો, અને લોકો સતોષી તથા સુખી જોવામાં આવ્યા, રૈયતને ગમે તે ધર્મ પાળવાની છુટ હતી તથા વિદ્વાનોને ઘણું માન મળતુ હતુ આ વખતે પહેલાંના જેવા કવિઓ નહોતા, તોપણ લોકો વિદ્યા હુનરનો તન મનને અભ્યાસ કરતા હતા, તે મુસાફર સિલાદિત્ય રાજાની હકીકત નીચે પ્રમાણે આપે છે.—

સિલાદિત્ય—આ વખતમાં કનોજમાં શિલાદિત્ય નામે રાજા રાજ્ય કરતો હતો જો કે પોતે બૌદ્ધ માર્ગી હતો છતાં બ્રાહ્મણ ધર્મને પણ તેના જેટલુંજ માન આપતો કનોજમાં ૧૦૦ બૌદ્ધ સાધુઓના વિહાર અને ૨૦૦ હિંદુ દેવળો હતાં. આ રાજાએ

૬૩૪ માં પાંચમી બૌદ્ધ સભા બોલાવી હતી. તેમા ૨૧ માંડળિક રાજાઓ આવ્યા હતા, સભાને પહેલે દિવસે બુદ્ધની પ્રતિમાની, બીજે દિવસ સુર્યની મુર્તિની અને ત્રીજે દિવસે શિવની પ્રતીમાની સ્થાપના કરી હતી આ મહોત્સવ ૭૫ દિવસ સુધી ચાલ્યો હતો પછી શિલાદિત્ય પોતાનો તમામ ખજાનો પુણ્ય દાન કરી દેતો અને ભિખારીના ફાટા તુટા વસ્ત્ર પહેરી બુદ્ધનો મહાવૈરાગ્ય સભાળતો. આ પ્રમાણે દર પાચ વર્ષે કરતો હતો

નલન્દનો અપાસરો—ગયાની પાસે નલન્દનો મોટો વિહાર હતો આ વિહારમા દસ હજાર બૌદ્ધ સાધુઓ બાદ્ધધર્મના પુસ્તકો તથા ધર્મ શાસ્ત્ર અને વૈદકનો અભ્યાસ કરતા હતા

વૈદક શાસ્ત્ર—બૌદ્ધમાર્ગીઓ વૈદકશાસ્ત્રનો તન દઇને અભ્યાસ કરતા હતા તેમના વખતમાં ચરકે છોડવા અને ખનીજોમાથી ઘણી દવાઓ બનાવવાની રીત બતાવી વૈદકનો ગ્રથ લખ્યોછે આ ચરક પાસેથી ગ્રીક અને આરબ લોકો ઘણુ શીખ્યા, વળી સુશ્રુત નામે શસ્ત્રવૈદ થઇ ગયો તેણે લખેલા પુસ્તકમા વાઢકાપ માટે લગભગ ૧૦૦ ચપ્પુનો ઉપયોગ બતાવ્યો છે એમાના કેટલાંક તો એવા ઝીણા છે કે તે વાળના પણ ચીરીને બે ભાગ કરી શકે

ખગોળ વિદ્યા—જુનામા જુના ખગોળશાસ્ત્રના પુસ્તકો બૌદ્ધ સમયમાં રચાયા છે તે બધાને સિદ્ધાંત કહે છે આવા સિદ્ધાંતો ૧૮ છે જુનામા જુનો સિદ્ધાંત અલેકઝાંડરના સમય પછી લખાયો છે તેમા ગ્રીક લોકોનુ વર્ણન આપે છે, તે ઉપરથી જણાય છે કે આપણને ખગોળ સબધી કેટલુક જ્ઞાન ગ્રીક લોકો તરફથી મળેલુ છે તે કાળને મહાન ખગોળવેત્તા આર્ય ભટ ૪૭૬ માં

પાટલીપુત્રમાં થયો હતો, તેણે આર્યભટ્ટીય નામે ગ્રંથ રચ્યો છે. તેમા પૃથ્વી દડાની માફક ગોળ છે. તે બતાવ્યુ છે તથા સૂર્ય અને ચદ્ર ગ્રહણ વિષે એણે શોધ કરી હતી તેના પછી ઉજ્જન પાસે વરાહ મિહિર નામે ખગોળવેત્તા દ્વા સેકામા થયો, તેણે બૃહતસંહિતા નામે ખગોળનો ગ્રંથ રચ્યો છે તેના પછીના વખતમાં અનુક્રમે ભાસ્કરાચાર્ય (લીલાવતી ગણિતના કર્તા) અને ગણેશ દૈવજ્ઞ થઈ ગયા છે

વિક્રમાદિત્ય—ઇ સ પુ *૫૬ મા ઉજ્જનની ગાદીએ વિક્રમ નામે પ્રખ્યાત રાજા રાજ્ય કરતો હતો નવી શોધ પ્રમાણે કેટલાક યુરોપી વિદ્વાનો કહે છે કે તેની ચોક્કસ સાલ જણાતી નથી પણ ઇ સ ૫૩૩ મા તેનુ રાજ્ય હતુ તે માળવાનો સૌથી પ્રસિદ્ધ રાજા હતો તેથી ઇ સ પૂ ૫૬ શરૂ થતો અને માળવાનો ક્ષત્રીઓ તે પ્રદેશમા ક્યારે આવીને વસ્યા તે દર્શાવનાર એક જુનો શક તેના નામ ઉપરથી વિક્રમ સવત કહેવાયો

તેણે શક લોકોને કાઢી મુકવા ઘણો પ્રયત્ન કર્યો તેને યશોધર્મદેવ વિક્રમાર્ક કે વિક્રમાદિત્ય કહે છે તેણે હુણ લોકોના રાજા મિહિરકુળને ઈ સ ૫૩૩ માં કરૂર આગળ હરાવ્યો હતો. તેણે શક લોકોને કાઢી મુકયા અને શિથિઅન રાજ્યનો અત

*નવી શોધ પ્રમાણે વિક્રમ સવત વિષે અભિપ્રાય ઇ સ પૂ. ૫૬માં વિક્રમ નામે કોઇ રાજા થયો નથી પણ ઈ સ ના છઠ્ઠા સૈકામા ઉજ્જનમાં થઈ ગયો છે તેણે શક લોકોને હરાવ્યા હતા તેથી ઇ સ પૂ ૫૬ થી શરૂ થયેલો માલવ સવત જે માળવા જીતનાર ક્ષત્રીઓએ ચલાવેલો તે વિક્રમના નામથી લોકોએ ચલાવ્યો.

આવ્યો તેથી તેને શકારિ (શકનો શત્રુ) કહે છે તે બહાદુર તેમજ વિદ્વાન હતો તેને મહાન વિક્રમ પણ કહે છે તેના દરબારમાં નવ પંડિત રત્ન હતાં આમા સૌથી પ્રખ્યાત કાલીદાસ હતો તેણે શાકુન્તલ, રઘુવંશ, મેઘદુત, કુમારસંભવ વગેરે કાવ્યો રચ્યાં છે. બીજો અમરસિંહ હતો તેણે સંસ્કૃત ભાષામા કોષ રચેલો છે ચોથા નંબરનો ધનવંતરી વૈદ્ય અને પાંચમો વરૂચી હતો તેણે પ્રાકૃત ભાષાનુ વ્યાકરણ બનાવ્યુ છે છઠ્ઠો વરાહમિહિર હતો તેણે બૃહતસંહિતા નામનું ખગોળનુ પુસ્તક બનાવ્યુ છે આ સિવાય ક્ષપણક, શંકુ, વૈતાલ અને ઘટકર્પર હતા વિક્રમના વખતમાં પંચતં-ત્રની વાર્તાઓ લખાઈ અને તેનો તરજુમો ઘણી ભાષાઓમા થયો. વળી તેના જીવન અને સમયને અનુસરીને ઘણી વાર્તાઓ દરેક ગામમાં કહેવાય છે તે વિક્રમાર્કની વાર્તાઓ એ નામે મશહુર છે આ રાજા પરદુ:ખભંજન હતો

ધર્મ—તેના વખતમાં બૌદ્ધધર્મ નાશ પામતો આખર અવસ્થાએ આવ્યો હતો, માટે તેને બૌદ્ધ સમયનો છેલ્લો અને પુરાણ સમયનો પહેલો રાજા ગણી શકાય તેના વખતમા મુર્તિઓ અને દહેરાં પવિત્ર ગણાતાં અને લોકો હિંદુ દેવોને પૂજતા હતા રાજા પોતે શિવ ભક્ત હતો, પણ બૌદ્ધમાર્ગીઓ તરફ દયાભાવથી વર્તતો હતો. તેણે હિંદુધર્મ પાછો સ્થાપવાને ઘણી મહેનત કરી છે

+શાલિવાહન (શાતવાહન)—એ ઇ સ. ૭ મા ગોદા-

+નવી શોધ પ્રમાણે કેટલાક કહે છે કે—આ શાલીવાહને શક લોકોને હરાવ્યા નથી, પણ કનીષ્ક રાજાનો ઇ સ ૭૮ થી શરૂ કરેલો શક પાછળના વખતમાં એટલે ૧૧ કે ૧૨ મા સૈકામાં સંવત શાલીવાહન રાજાને નામે બ્રાહ્મણોએ ચલાવ્યો

વરીને કાઠે પૈઠણુ નગરમાં રાજ્ય કરતો હતો તેણે વિક્રમ રાજાને શેષનાગના પ્રતાપથી હરાવ્યો હતો એમ કહેવાય છે આ રાજાએ શક લોકોને હરાવ્યા તેથી લોકો તેના માનાર્થે ઇ સ. ૭૮ થી ચાલતો શક ગણુવા લાગ્યા જે દક્ષિણ હિંદમા ચાલે છે

બ્રાહ્મણ ધર્મની ચડતી—બ્રાહ્મણોને અયોધ્યા, માળવા વીગેરેના વેદધર્મી રાજાઓની મદદ મળવા લાગી તથા તેમનામાં પ્રખ્યાત હિંદુ આચાર્યો ઉત્પન્ન થયા તેમના જાહેર ઉપદેશ અને બોધથી બ્રાહ્મણોએ મોટા હિંદુ દેવાલયો ઉભાં કર્યાં અને હિંદુ ધર્મમાં લોકોની મરજીને અનુસરતો સુધારો કરી ઉપદેશ કરવા માંડયો, આથી બૌદ્ધધર્મ ધીમેધીમે નાશ પામવા લાગ્યો, આ બધું એકી વખતે બની શકયું નહિ પણ વિક્રમાદિત્યના સમયથી બૌદ્ધ ધર્મની પડતી થવા માંડી અને ઇ સ ૧૦૦૦ મા તો બૌદ્ધધર્મનું હિંદમાં નામ પણ રહ્યું નહિ અને નવો હિંદુ ધર્મ પ્રસરી બ્રાહ્મણ ધર્મની ફરીથી ચડતી થઇ

નવો હિંદુ ધર્મ—આ ધર્મની હકીકત પુરાણમાથી જણ આવે છે હિંદુ આચાર્યોએ જુના વેદ ધર્મમાં લોકોની મરજીને અનુસરતો સુધારો કર્યો અને નવા હિંદુધર્મનું બંધારણ રચ્યું. આને પુરાણનો ધર્મ પણ કહે છે તેમા મોક્ષનો માર્ગ સહેલો બતાવ્યો અને સદાચાર, ઇશ્વર ઉપર દઢ વિશ્વાસ અને ઇશ્વર ભક્તિ એ મોક્ષનાં સાધન બતાવ્યા વળી અજ્ઞાન લોકોને ઇશ્વર ઉપર આસ્થા બેસાડવા પરમેશ્વરની મુર્તિઓ દાખલ કરી, અને વેદના દેવો જુદા રૂપમાં હિંદુ ધર્મમાં દાખલ કર્યાં વેદનો સૂર્યદેવ વિષ્ણુરૂપે, આકાશ રૂદ્ર રૂપે અને ત્રીજો સ્તુતિનો દેવ બ્રહ્મા રૂપે દાખલ કરવામા આવ્યા. વિષ્ણુ પાલન કરનાર અને શિવ સંહાર કરનાર. એ બે મોટા

દેવો ગણાય છે આ સિવાય બ્રહ્માને સરજનાર તરીકે માનવામાં આવે છે પાછળથી રામ અને કૃષ્ણ પણ દેવ તરીકે પુજાવા લાગ્યા આ ઉપરાંત બીજા અસંખ્ય દેવો દાખલ થયા આ વખતે બ્રહ્મણોએ લોકોને ઉપદેશ કર્યો કે તે સઘળા દેવો માત્ર શિવ અને વિષ્ણુના જુદા જુદાં જુદાં રૂપ છે

પુરાણો—બૌદ્ધ સમય પછીના કાળને પુરાણનો સમય કહે છે, કારણ કે તે કાળમાં પુરાણો લખાયા છે તેમાં દેવોની વાર્તાઓ આવે છે પુરાણનો અર્થ જુની લખાણ થાય છે, તેમ થી નવા હિંદુ ધર્મની હકીકત મળી આવે છે પુરાણ નામના ગ્રંથો અનેક છે, પરંતુ પ્રસિદ્ધ પુરાણો ૧૮ છે તેમાંના ઘણાખરા વિક્રમના વખતમાં અને ત્યાર પછી લખાયા છે આ ૧૮ પૈકી ૬ માં વિષ્ણુની, ૬ માં શિવની અને ૬ માં બ્રહ્માની કીર્તિ ગાએલી છે દરેક પુરાણનું નામ કોઇપણ દેવ ઉપરથી આપવામાં આવેલું છે એ પુરાણો—બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ, ગરૂડપુરાણ નારદિયપુરાણ, ભાગવતપુરાણ, અગ્નિપુરાણ, સ્કંધપુરાણ ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કન્ડેયપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, કુર્મપુરાણ, અને બ્રહ્માંડપુરાણ છે તેમાં સૌથી મોટું સ્કંદપુરાણ છે

બ્રાહ્મણોનું ધર્મશાસ્ત્ર—આ પુસ્તકો પુરાણના સમય પછી લખાયાં છે તેમાં માણસોના ધર્મ કે ફરજો બતાવેલી છે માટે આ પુસ્તકોને ધર્મશાસ્ત્ર કે કાયદા કહે છે તેઓ ત્રણ છે (૧) ગૃહ્યસૂત્ર, (૨) મનુસ્મૃતિ (૩) યાજ્ઞવલ્કયસ્મૃતિ.

૭. પુરાણસમયના આચાર્યો

બ્રાહ્મણ આચાર્યો-(૧) કુમારિલભટ્ટ—તે બહાર પ્રાંતમાં ઈ સ પૂ ના ૮ મા સેકામા થઈ ગયા, તેમણે બ્રાહ્મણુત્વ મ નો ઉપદેશ કરી બૌદ્ધધર્મ તોડી પાડવા ઘણી મહેનત કરી આ કુમારિલભટ્ટે દક્ષિણમાં જ ઇ બૌદ્ધધર્મની વિરૂદ્ધ ઉપદેશ કર્યો એટલુંજ નહિ પણ ત્યાના રાજાને ધર્મ સામે ઉશ્કેર્યો, આથી તે રાજાએ બૌદ્ધ માર્ગીઓ ઉપર જુલમ કર્યો

શંકરાચાર્ય—વેદ ધર્મનો પુનરૂદ્ધાર કરવામા આ સ્વામી સૌથી પ્રખ્યાત અને પહેલા હતા તે કુમારિલભટ્ટના શિષ્ય હતા. તેમણે કુમારિલનુ બાકી રહેલું કામ પુરું કર્યુ તેમનો જન્મ ઇ. સ ના નવમા સૈકામાં થયો હતો તેમણે આખા હિંદુસ્તાનમાં ફરી જાહેર ઉપદેશ કર્યો , અને બૌદ્ધ ધર્મનું મૂળ હિંદમાંથી કાઢી નાખ્યુ તથા મંડનમિશ્રના કર્મમતનું ખંડન કર્યું તે ૩૨ વરસની વયે કેદારનાથમા દેવલોક પામ્યા, પોતે શિવભક્ત હોવાથી તેમણે શિવ અને તેમની પત્ની દેવીની ઉપાસનાનો બોધ કર્યો , આ દેવીને હિંદુઓ દુર્ગા અને અનાર્ય કાલી કે મોતની દેવી કહે ,) શંકરાચાર્યના અનુયાયીઓ દક્ષિણ હિંદમાં સ્માર્તપંથી કહેવાય છે. આ આચાર્યોએ મ્હૈસુરમાં શૃંગેરિ આગળ તેમજ બદ્રીનાથ દ્વારકાં અને જગન્નાથ કે પુરી આગળ મઠ બંધાવ્યા છે

વૈષ્ણવ આચાર્યો—રામાનુજ વૈષ્ણવ પંથના પ્રથમ ઉપદેશક રામાનુજનો જન્મ ઇ સ. ૧૧૫૦ માં મદ્રાસની પાસે શ્રીપેરંબુદુર ગામમાં થયો હતો તેમના પિતાએ નાનપણથીજ તેમને આ રાજ્યના મુખ્ય શહેર કાંજીવરામમાં અભ્યાસ કરવા મોકલ્યા હતાં

લખી રહ્યા પછી શ્રીરંગપટ્ટણમાં જઈ વૈષ્ણુવ ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા તથા એ ધર્મ ફેલાવવા સુસ્કૃત ગ્રંથો રચ્યા પછી આખા હિંદમાં ફર્યા અને શિવને છોડી દઇ વિષ્ણુનો ઉપદેશ કરવાથી તે મને શૈવ મતના ચૌલા રાજાએ મારી નાખવાનો યત્ન કર્યો આથી તે નાશીને મ્હૈસુર ગયા ત્યાંનો જૈન રાજા તેમના બોધથી વિષ્ણુ ધર્મમાં દાખલ થયો, રામાનુજ મુખ્યત્વે કરીને બ્રાહ્મણ અને બીજા ઉચ્ચ વર્ણના લોકને બોધ કરતા હતા. તેમના ગુરૂ હાલ કાંજેવ રામમાં રહે છે

રામાનંદ—ઇ સ ૧૩૦૦ રામાનુજ પછી તેમના અનુયાયી રામાનંદ થયા તેમણે વિષ્ણુના નામથી એક ઇશ્વરની પુજા કરવાનો ઉત્તર હિંદમા બોધ કર્યો તે બનારસમાં ગાદી રાખી આસપાસના પ્રદેશમા ફરતા અને મુખ્યત્વે કરીને નીચ વર્ણને ઉપદેશ કરતા હતા તેમના ૧૨ શિષ્યો નીચ વર્ણના હતા તેમાંનો એક હજામ, બીજો ચમાર અને ત્રીજો શાળવી (કબીર) હતો રામાનંદે હિંદી ભાષામાં ગ્રંથો રચ્યા છે આ પથમા તુળસીદાસ મોટા ભક્ત થઇ ગયા છે

કબીર ઇ સ ૧૩૮૦–૧૪૨૦ તે રામાનંદનો પ્રખ્યાત શિષ્ય હતો તેણે મુસલમાન તથા હિંદુને એક ધર્મમાં લાવવા પ્રયત્ન કર્યો અને જાતિબંધન તથા મૂર્તિ પુજાની વિરૂદ્ધ ઉપદેશ કર્યો એ કહેતો કે મુર્તિ પૂજવામા પાપ છે, હાથે બધાવેલા દહેરામાં ઇશ્વર રહેતો નથી અને જીંદગીમાત્ર માયારૂપે છે, માટે ખરા ઇશ્વરને જોવાથી, જાણવાથી અને ચાહવાથી મોક્ષ મળે છે વળી હિંદુઓ પરમેશ્વરને માને છે તેમ મુસલમાનો અલ્લાને માને છે. હિંદુઓનું પવિત્ર સ્થળ કાશી છે તેવું મુસલમાનોનું મક્કા છે.

હિંદુઓ ઉપવાસ કરે છે તેમ મુસલમાનો રોજા કરે છે એમ કહેવાય છે કે જ્યારે કબીર મરી ગયો ત્યારે તેનું મુડદુ હિંદુઓએ બાળવા માગ્યું, અને મુસલમાનોએ દાટવા માગ્યુ, પણ તેના કફન નીચે જોયુ ત્યારે માત્ર કેટલાક સુંદર પુષ્પ દીઠાં આમાંથી અર્ધા હિંદુઓએ બનારસમાં લઇ જઇ દાટવા અને બાકીના મુસલમાનોએ દમદબાથી દાટયાં

ચૈતન્ય—ઇ સ. ૧૪૮૬–૧૫૨૭ એમનો જન્મ બંગાળાના નદીઆ ગામમા એક બ્રાહ્મણને ત્યાં થયો હતો તે ૨૪ વર્ષની વયે ગૃહસ્થાશ્રમ છોડી ઓઢીઆમાં ગયા અને ઓઢીઆ તથા બંગાળા મા વિષ્ણુ તેમજ જગન્નાથની પુજાનો ઉપદેશ કરવા લાગ્યા બુદ્ધની માફક ન કહેતા કે ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખવાથી સઘળા વર્ણો સરખી રીતે પવિત્ર થાય છે વળી કહેતા કે લોહીનુ ટીપુ પાડવુ એ ઇશ્વરનો મોટો અપરાધ કરવા બરાબર છે તેના મરણ પછી તેના અનુયાયીઓ તેને સાક્ષાત વિષ્ણુનો અવતાર માનવા લાગ્યા

વલ્લભસ્વામી—ઇ સ ૧૫૨૦, તેમનો જન્મ તૈલંગણમાં થયો હતો તેમણે ઉત્તર હિંદમાં વિષ્ણુની પૂજાનો ઉપદેશ કર્યો, પરંતુ જણાવ્યુ કે કૃષ્ણ એજ સાક્ષાત વિષ્ણુ છે તે કહેતા કે આત્મા ઉદ્ધાર માટે ઉપવાસ કે વિહારમા રહેવાની જરૂર નથી પણ વિષ્ણુને સંતોષી મોજમઝા અને આનંદ કરવો જોઇએ આ પંથને પુષ્ટિમાર્ગ કહે છે, તેમાં મુખ્યત્વે કરીને શેઠ શાહુકારો વધારે હોય છે

સહેજાનંદસ્વામી—એ બ્રાહ્મણ જ્ઞાતિના હતા, તેમણે ઇ સ. ના ૧૯ મા સૈકાની શરૂઆતથી સ્વામીનારાયણ નામે વિષ્ણુ

મત ચલાવ્યો, તેમાં લક્ષ્મીનારાયણ રૂપે વિષ્ણુ પૂજા કરે છે, એ મત ગુજરાતમાં હાલ સારા પાયા ઉપર છે કડીઆવાડની કાંઠી અને નતિને માગે ફેરવાનું માન એ વર્ગને ઘટે છે,

રજપૂતો.

ઈ. સ ૬૦૦-૧૨૦૦

આ સમયને રજપુત સમય કહીએ કરશું કે આ વખતમાં ઘણે ઠેકાણે મોટા રજપુત રાજ્યો હતા ઘણા વિદ્વાનોના મત પ્રમાણે આ રજપુતો રામ, કૃષ્ણ અને બીજા ક્ષત્રી રાજાના વંશના છે કેટલાક કહે છે કે સિથિઅનો અને એવા લોકોના વંશજો રજપુતો હતા આ ઉપરથી એમ લાગે છે કે હિંદના મધ્ય ભાગ દિલ્હી અને કનોજમા વસતી કેટલીક રજપુત જાતો ક્ષત્રી ઓલાદની હતી. રજપુતો બહાદુર અને ઉદાર હતા તેમને લડાઇ બહુ ગમતી તેઓ બુદ્ધના શાન્ત ઉપદેશને ચાહતા નહીં તેથી તેમણે બૌદ્ધ ધર્મનો નાશ કરવા અને નવો હિંદુ ધર્મ સ્થાપવા બ્રાહ્મણોને બનતી મદદ કરી હતી

રાજ્યો.

સૌરાષ્ટ્ર—આર્ય સમયમા ગુજરાત એ કૃષ્ણની દ્વારકાને નામે ઓળખાતુ હતુ પાછળથી સૌરાષ્ટ્ર નામે ઓળખાવા લાગ્યુ તેમા ઇ સ ૪૧૬ થી ૭૧૬ સુધી વલ્લભી રાજાઓનુ રાજ્ય હતું ઇ સ ૭૬૬ થી તે મુસલમાનો આવ્યા ત્યાં સુધી તેમા ચાલુક્ય વંશના રજપુત રાજાઓનો અમલ હતો તેમની રાજધાની અણહિલપુર પાટણમા હતી

કાશી—ને વિક્રમના વંશજોએ ઇ સ ૧૦૩૦ સુધી રાજ્ય

કર્યું વિક્રમ પછી આ વંશમા મોટો રાજા શિલાદિત્ય થયો હતો. એ વંશ પછી રજપૂતોનું રાજ્ય થયું અને પાછળથી તેમનું મુખ્ય મથક મળ્યું

ઓઢીઆ—તેમાં પહેલાં અંધ્ર રાજાઓનુ રાજ્ય હતું પછી ઈ સ ૪૭૪ થી ૧૨૩૨ સુધી કેશરી વંશના રજપુતો થયા. તેમની રાજધાની ભુવનેશ્વરમાં હતી ત્યાં તેમને ભવ્ય દેવળો બાંધ્યાં હતા આ વંશના પહેલા રાજા યયાતિએ પાટનગરને ભુવનેશ્વર નામ આપ્યુ હતું કેશરી પછી ગંગ વંશના રાજાઓ થયા તેમણે ઇ સ ૧૧૩૨ થી ૧૫૩૪ સુધી રાજ્ય કર્યું તેઓ વિષ્ણુના ભક્ત હતા તેમાના એક રાજાએ જગન્નાથનુ મોટું દેવળ બંધાવ્યું હતુ આ રાજ્ય ૧૫૬૦ મા મુસલમાનોએ જીતી લીધુ

નર્મદા અને કૃષ્ણા વચ્ચેનો દક્ષિણનો મુલક—આ દેશમાં—ઇ સ ૫૦૦ થી ૧૨૦૦ સુધી ચાલુક્ય વંશના રજપૂતોનું રાજ્ય હતું તેમની બે શાખા હતી તેમાની એક પૂર્વના ચાલુક્યોની રાજધાની રાજમહેન્દ્રીમાં અને બીજી પશ્ચિમના ચાલુક્યોની કલ્યાણમા હતી

મ્હેસુર—એમાં ઇ. સ ૯૦૦ થી ૧૩૧૦ સુધી બલ્લાળ વંશના રજપુતોનુ રાજ્ય હતુ તેની રાજગાદી દ્વારસમુદ્રમા હતી ત્યાં તેમણે ૯૦ વર્ષથી હલેબિડનું દહેરૂ બાંધવાનું શરૂ કર્યું હતું તે મુસલમાનોએ અધુરૂં રખાવ્યુ આ રાજાઓને મુસલમાનોએ વશ કર્યા

તેલંગણ—આમાં ઇ સ ૧૧૦૦ થી ૧૩૨૩ સુધી કકટી વંશના રજપુતોનું રાજ્ય હતુ તેમની રાજધાની વરંગળમા હતી. ઇ સ ૧૩૨૩ મા મુસલમાનોએ જીતી લઇ ગોવળકોંડાના મુસલમા-

ની રાજ્યનુ મથક બનાવ્યુ

બંગાળા—એમા પાલ અને સેન રાજાઓએ આશરે ૫૦૦ વર્ષ રાજ્ય કર્યું તેમા પાલ મરાજાઓએ ૮૦૦થી ૧૦૫૦ સુધી તથા સેન રાજાઓએ ૧૦૫૦ થી ૧૨૦૦ સુધી રાજ્ય કર્યું પછી ૧૩૦૦ મા મુસલમાનોએ જીતી લીધુ.

દેવગીરિ—તેમા ઇ સ ૧૧૦૦ થી ૧૩૦૦ સુધી યદુવશના રજપુત રાજાઓએ રાજ્ય કર્યુ તેઓ યાદવ વશના ક્ષત્રી રાજાના વશજો હોવાનો દાવો કરતા હતા. ઇ સ ૧૩૦૦ મા મુસલમાનો એ દેવગીરી જીતી લઇ પછી કેટલી મુદતે તેનુ નામ દોલતાબાદ પાડયુ

આ સિવાય ઘોરી બાદશાહે ઇ સ ૧૧૯ મા હિંદપર ચઢાઈ કરી ત્યારે કનોજ મા રાઠોડ અને અજમેરમા ચોહાણ અને દિલ્હી માં તુવાર રાજાઓનુ રાજ્ય હતુ

૮ મુસલમાનો.

મુસલમાની ધર્મનો ઉપદેશ—હઝરત—મહમદ—મુસલમાની ધર્મ સ્થાપનાર મહમદ પેગંબરનો જન્મ ૫૭૦ માં મક્કામા થયો હતો તે અબદુલ્લાના પુત્ર હતા નાનપણમાં તેના માબાપ મરી જવાથી તેમનુ પાલન તેમના કાકા અબુતાલીએ કર્યું, તેમણે ૨૫ વર્ષની વયે ખદીજાબીબી સાથે પુનર્લગ્ન કર્યું, અને ૪૦ વર્ષની વયે ઉપદેશ કરવા માંડયો આ વખતે અરબસ્તાનમા આરબ લોકો મુર્તિપુજક હતા તથા ઘણા દેવોને માનતા હતા તેમનુ મુખ્ય મથક કાબાનુ મંદીર હતું. આ આરબ લોકોના કેટલાક ઘાતકી

રિવાજ પસંદ નહિ પડવાથી મહમદે ઉપદેશ કર્યો કે મુર્તિપૂજા કરવી નહિ. ઘણા દેવોને માનવા નહિ અને માહોમાહે લડવુ નહિ, પણ એકજ ખુદા (પરમેશ્વર) ને માનવો મહમદ તેનો પેગબર એટલે મ'શો લાવનાર છે અને સઘળા મુસલમાન ભાઇઓ છે, આ નવો પથ **મુસલમાની** કે ઇસ્લામ કહેવાયો ઇસ્લામ એટલે શાંતિ અને સલામ શબ્દ ઇસ્લામ શબ્દનો અપભ્રંશ છે

મહમદનો ઉપદેશ આરબ ધર્મની વિરૂદ્ધ હોવાથી કેટલાક તેને મારી નાખવાનો વિચાર કર્યો, આથી તે મક્કા છોડી ૬૨૨ માં મદીને નાશી ગયા, નાસવાને અરબી ભાષામાં હિજરત (હિજરા કે હજીરા) કહે છે તેથી તે તારીખથી હિજરી સન ગણાય છે. વળી મુતિપૂજક આરબોએ મુસલમાની ધર્મનો નાશ કરવા મહમદના માથીઓ ઉપર ચઢાઇ કરી પણ તેમાં તેઓ હાર્યા અને આખા અરબસ્તાનમાંથી મુર્તિપૂજાનો અંત આવ્યો તથા ઇસ્લામનો પ્રસાર થયો, તે ૬૩૨ માં મરણ પામ્યા, તેને માનનારા આખી દુનીઅમા ૨૦ કરોડ ને ૯૦ લાખ છે

કુરાન—મહમદના મરણ પછી તેની આજ્ઞાઓ કે વચનો એકઠા કરી જે પુસ્તક લખાવ્યુ તે કૂરાન કહેવાય છે આ મુસલમાનોનુ ધર્મ પુસ્તક છે

મુસલમાની ધર્મ અને રાજ્યની વૃદ્ધિ—પેગબરના મરણ પછી તેમના શિષ્યોમાં ધર્મનુ ઝનુન ઘણું આવ્યું હતું. તે કહેતા કે મુસલમાની ધર્મનો ફેલાવો કરવા લોકોને મારી તેમની જમીન તથા માલમિલકત લઈ લેવી એ આપણી ફરજ છે વળી ધર્મની લડાઇ કરવાથી ઇશ્વર ખુશી થાય છે તેમાં મુસલમાનો મરાય તો તે સ્વર્ગે જાય છે તેમણે જે લોકો તાબે થઇ મુસલ-

માની ધર્મ સ્વીકારતા નહિ તેમની પાસેથી જજીઆ નામે વેરો લેવા માંડયો

મહમદ પછી જે શિષ્યો ગાદીએ બેઠા તે ખલીફા કહેવાયા. તેમણે અરબસ્તાનની ઉત્તરે સીરીઆ, મીસર વગેરે મુલક ઉપર ચઢાઇ કરીને સહેલથી જીતી લીધા તથા ભારે લુટ મળવાથી બીજા દેશો જીતવા વિચાર કર્યો અને ૧૦૦ વર્ષમા તેમણે ઇરાન તુર્કસ્તાન, અફઘાનિસ્તાન, ઉત્તર આફ્રિકા વગેરે પ્રદેશોનો કબજો કરી મુસલમાની ધર્મ ફેલાવ્યો એ રીતે આ ધર્મની વૃદ્ધિ થતી ચાલી.

પારસી—તેઓ મુળ ઇરાન દેશના છે જ્યારે આરબોએ ઇરાન ઉપર ચઢાઈ કરી ત્યારે કેટલાક ઇરાનીઓએ તાબે ન થઈ મુસલમાની ધર્મ સ્વીકાર્યો નહિ અને હિંદમા આવીને રહ્યા તે પારસી કહેવાયા. તેઓ લગભગ ૧૨૦૦ વર્ષથી આ દેશમાં રહેછે, અગ્નિદેવની પૂજા કરે છે આ લોકોની વસ્તી ઘણકરીને મુબાઈ ઇલાકામા પશ્ચિમ કાઠે છે (સુરત, મુમાઈ વગેરે) તેઓ શાંત, સુલાહ સંપથી રહેનારા અને વેપારમા કુશળ છે ઘણા ખરા પારસીઓ પેસે ટકે સુખી છે, અને પરમાર્થમાં ઘણો પૈસો વાપરેછે, આ લોકોનુ મોટુ તિર્થ હિંદમા ઉદવાડા છે

આરબો આવી રીતે હિંદના ઉત્તર પ્રદેશમાં પ્રસરતા હોવાથી ઉત્તર પ્રદેશની જંગલી જાતો કેટલોક વખત હિંદમા આવતી બંધ પડી વળી ઇરાની અને તાતાર લોકો પણ આરબો સાથે લડાઇમાં રોકાએલા હોવાથી હિંદમા આવી શક્યા નહિ.

મુસલમાનોની જળ માર્ગે સ્વારીઓ—તેમણે ઇ સ. ૬૩૬માં મુબાઈ પાસે અને ૬૪૭ માં ઉસમાન નામે આરબ સરદારે ભરૂચ ઉપર નૌકા સૈન્ય મોકલ્યુ વળી ૬૬૪ મા સિંધ ઉપર

સ્વારી કરી, પણ એમાથી કોઇ જગાએ તેઓ ફાવી શકયા નહિ.

સિંધમા મુસલમાની રાજ્ય—કોઇ રજપુત રાજાએ સિંધના કોઇ બંદરે એક અરબી વહાણ પકડ્યુ હતુ. તેનુ નુકશાન ભરી લેવાને ઇ સ ૭૧૨ માં વાલીદ નામે ખલીફાએ મહમદ કાસમ નામના સરદારને સિંધ ઉપર મોકલ્યો તે વખતે ત્યાના દેવળગામ નામે નગરમા દાહીર નામે રજપુત રાજા રાજ્ય કરતો હતો આ વખતે રજપુત સૈન્યે કેસરીઆં કર્યા, તેમા દાહીર રાજા હાર્યો ને મરાયો તથા કાસમે બધે લુટ ને કતલ ચલાવી પાછળથી ખલીફાની કાસમ ઉપર અનીતિ થયાથી તેની જગ્યાએ બીજા હાકેમને મોકલ્યો આ કુસપનો લાભ લઇ રજપુતોએ કાસમને મારી નાખ્યો, અને તેનુ માથુ ગધાતા ચામડામા સીવીને બગદાના સુબાને મોકલી દીધુ એમ ૪૦ વરસ પછી સિંધમાથી મુસલમાની રાજ્યની આખર આવી

ગીજનીમા મુસલમાની રાજ્ય—ખલીફાના રાજ્યોમા કેટલીક ખટપટ ચાલતી હતી તેથી વિસ્તીર્ણ રાજ્યનો બંદોબસ્ત પાછળના નબળા ખલીફાથી રાખી શકાયો નહિ, માટે પુર્વભાગમા એક સ્વતંત્ર મુસલમાની રાજ્ય થયુ તેના સુલતાન અબદુલ મલેકને અલપ્તગીન નામે એક તુરકી ગુલામ હતો તેણે સુલતાનના મરણ પછી ઇ સ ૯૬૨ માં ગીજનીમાં સ્વતંત્ર ગાદી સ્થાપી તેના મરણ પછી ૯૭૭ માં તેનો જમાઇ સબક્તગીન ગાદીએ બેઠો

સબક્તગીન—ઇ સ ૯૭૭–૯૯૭ તે બહાદુર અને ચતુર લડવૈયો હતો તેના માણસ હિંદમાં આવીને લુટફાટ કરતાં હતાં, માટે તેમને સજા કરવા લાહોરના રાજા જયપાળે ગીજની ઉપર

ચઢાઇ કરી આ વખતે ભાગ્યે વાવાઝોડું થઇ વરસાદ પડયો, તેનો લાભ લઇ સબક્તગીને રજપૂત સૈન્યનો રસ્તો આંતર્યો, માટે જય પાલે સલાહ કરી સબક્તગીને ૫૦ હાથી તથા અઢીલાખ રૂપીઆ આપવાનુ વચન આપ્યુ પણ લાહોર આવ્યા પછી તે વચન પાળ્યુ નહિ, માટે સબક્તગીને ગુસ્સે થઇ તેના ઉપર ચઢાઇ કરી પેશાવર આગળ તેને હરાવ્યો પછી તે થાણું બેસાડી સ્વદેશ ગયો તેના મરણ પછી તેનો દાસીપુત્ર મહમદ તેના ભાઈ ઇસ્માઇલને કેદ કરી સુનતાન મહમદ નામ ધારણ કરી ગાદીએ બેઠો

મહમદ ગીજની (મૂર્તિ ભાગનાર)—ઇ સ. ૯૯૭-૧૦૩૦, તે નાનો હતો ત્યારે હિંદમાથી કિંમતી માલ લીધેલા અગ્યાગણ ઊંટ પરદેશ જતા તેના જોવામા આવ્યા હતાં, તથા હિંદનાં ધનાઢ્ય શહેરો અને માતબર દેવળો ક્યાં આવેલાં છે તેની વેપારીઓ મારફત માહિતી મેળવી હતી તે કહેતો હતો કે હું ગાદીએ બેઠા પછી હિંદુ રાજાઓ સાથે લડીશ તથા પુષ્કળ સોનુ રૂપુ અને કીંમતી માલ ગીજની લાવીશ તે ૩૦ વર્ષની ઉમ્મર ગાદીએ બેઠો અને પોતાના વિચાર અમલમાં મુકવા તેણે હિંદ પર ૧૭ સ્વારીઓ કરી તેમાં ૧૨ મોટી હતી આમાંની ચોથી, નવમી અને બારની સ્વારીમાંથી તેણે ઘણો પૈસો મેળવ્યો.

(૧) ૧૦૦૧ લાહોરના રાજા જયપાળ ઉપર કરી તેને હરાવ્યો જયપાળ આ અપકીર્ત્તિ સહન ન થવાથી પોતાના પુત્ર અનગપાળને રાજ્ય સોપી બળી મુઓ પછી મહમદ પોતાની સાથે લાવેલા ઉંટ તથા ઘોડા ઉપર લુટ લઇ ગીજની ગયો

(૨) ૧૦૦૪ ભાટીઆના રાજા વિજયરાજ ઉપર કરી તેને હરાવ્યો

(૩) ૧૦૦૫ માં મુલતાનના સુબા ફાતલોદી ઉપર કરી તેને વશ કર્યો

(૪) ૧૦૦૮ માં લાહોરના રાજા અનંગપાળ ઉપર કરી. આ વખતે અનંગપાળની મદદે ગ્વાલીઅર, કનોજ, દિલ્હી અને અજમેર વગેરેના રાજાઓ આવ્યા હતા શરૂઆતમાં હિંદુ સૈન્યે બાહાદુરી કરી મુસલમાનોને પાછા હઠાવ્યા, પણ એવામાં અનંગપાળના હાથીને તીર વાગવાથી નાઠો, તેને રજપૂત સૈન્યે જોઈ ન શકવાથી નાસભાગ કરી અને મહમદને જય મળ્યો પછી મહમદ નગરકોટના માતબર દેવળમાંથી ૭ લાખ સોનાના સિક્કા, બસે મણ સોનુ બે હજાર મણ રૂપુ અને વીશ મણ જવાહીર લઈ ગયો. પછી ગીજની જઈ લુટનો માલ લોકોને બતાવવા ત્રણ દિવસ મોટી મીજલસ કરી અને તેમાંથી અફઘાન અમીરો તથા સરદારોને ભારે રકમ બક્ષીસ આપી, તથા ગરીબમાં ગરીબ અફઘાનને પણ સારી રકમ આપી

(૫) ૧૦૧૦ મુલતાનના સુબા ફાતલોદીઉપર બીજીવાર કરી. તેમાં ફાતલોદી કેદ પકડાયો

(૬) ૧૦૧૧ સ્થનેશ્વર ઉપર કરી તેમાં પુષ્કળ પૈસો તથા બે લાખ કેદી લઈ ગયો

(૭-૮) ૧૦૧૪-૧૫ કાશ્મીર ઉપર કરી તેમા તેને હાની પહોંચી

(૯) ૧૦૧૭ મથુરાં તથા કનોજ ઉપર કરી તેમાં તેણે મથુરાંમાં ૨૦ દિવસ લુંટ ચલાવી અને પુષ્કળ પૈસા તથા ઘરેણાં લઈ ગયો અને ઘણાં મંદિરો તોડી નાખ્યાં

(૧૦) ૧૦૨૨ કલિંજર ઉપર કરી. ત્યાંના રાજાને હરાવ્યો.

(૧૧) ૧૦૨૩ માં લાહોર ઉપર ક્રરી. તેમાં ત્યાંનો રાજા બીજો જયપાળ હાર્યો

(૧૨) ૧૦૨૪ મા સર્વથી મોટી અને છેલ્લી સ્વારી ગુજરાત ઉપર કરી મહમદ ગીજનીથી વીશ હજાર ઉંટપર લડાઇની બધી સામગ્રી તૈયાર કરી જબરા લશ્કર સાથે નીકળ્યો, અને ૧૩૫૦ માઇલની મુસાફરી કરી પ્રભાસપાટણ આગળ પહોંચ્યો અહીંઆ **સોમનાથ** મહાદેવના દહેરામા અગાધ દોલત હતી તેના રક્ષણને માટે ઘણુ હિંદુ લશ્કર ભેગુ થયુ હતુ તેમણે ત્રણ દિવસ ભારે ટક્કર લીધી એવામા ગુજરાતનો રાજા ભીમદેવ આવી પહોંચ્યો તેને મહમદના લશ્કરે હરાવ્યો પછી મહમદ દેવળમ' પેઠો ત્યારે પૂજારીઓએ જતાં જતાં કહ્યુ કે ' પુષ્કળ પૈસા લઈ મૂર્તિને સહીસલામત રહેવા દો મહમદે જવાબ આપ્યો કે મૂર્તિઓ વેચવા કરતાં તોડવામા ઘણુ માન છે ' એમ કહી ડાંગરની મુર્તિ તોડીને ચાર કડકા કર્યા તેમાથી એક મક્કે અને બીજો મદીને મોકલાવ્યો. તથા ત્રીજો મહેલના દરવાજામા અને ચોથો મસીદના પગથીઆમા જડાવ્યો આ મૂર્તિમાથી પુષ્કળ દ્રવ્ય નીકળ્યુ પછી તે સોનુ, રૂપુ, જવાહિર વગેરે મળીને આશરે આઠ કરોડનો માલ લઈ ગયો

રસ્તામા જતા સિંધના રણમા ભૂલો પડવાથી તેના લશ્કરની ઘણી ખરાબી થઇ, તે ૧૦૩૦ માં ૩૩ વર્ષ રાજ્ય કરી ગીજનીમાં મરણ પામ્યેયો

મહમ્મદનો સ્વભાવ—તે ચતુર અને બહાદુર લડવૈયો હતો. પણ નીર્દય અને ધર્માંધ હતો, કેદીઓને તે મારી નાખતો નહિ. તેણે રાજ્ય ઘણી સારી રીતે કર્યું. અને હિંદની દોલતવડે ગીજનીને

ભવ્ય શહેર બનાવ્યુ તેની સ્વારીઓની મતલબ દેવળો તોડવાની, ધન મેળવવાની અને ગુલામો પકડી લઇ જવાની હતી, પણ રાજ્ય ચલાવવાની નહોતી તે વિદ્વાનોને આશરો આપતો, પરંતુ ઘણો કંજુસ હતો તે નીચેની ફરદુશીની વાત ઉપરથી જણાય છે. ફરદુશી એ એક મહાન કવિ હતો તેણે મહમદના કહેવાથી શાહનામુ (રાજાઓનો હેવાલ) નામે પુસ્તક બનાવ્યુ આ પુસ્તકમાં જેટલી કડીઓ લખાય તેટલી સોના દામો આપવાનુ કબુલ કર્યું હતું આથી ફરદુસીએ ૩૦ વર્ષ મહેનત કરી ૬૦ હજાર કડીઓ બનાવી, પણ લખી રહ્યા પછી મહમદને લોભ લાગવાથી તેણે ૬૦ હજાર રૂપાદામ આપવા માડી આર્થા કવિ રિસાઇ પોતાના દેશ ઇરાન જતા રહ્યા, પછી મહમદને પસ્તાવો થવાથી તેણે સોનાદામ મોકલાવી, પણ લઇ જનારને શહેરમા પેસતાજ દરવાજા આગળ કવિનું શબ મળ્યુ, તેથી તે રકમ તેની દીકરીને સમજાવીને આપી.

મહમદ હિંદમા મુકામ કરી શકયો નહોતો, પણ લાહોરમાં તેણે એક સૂબો મુકયો હતો તેના મરણ પછી ૧૫૦ વર્ષ સુધી હિંદુઓએ અફઘનોને કાઢી મુકવાના પ્રયત્નો કર્યા, પણ કઇ વળ્યું નહિ, મહમદ પછીના રાજઓએ લાહોર જાળવી રાખ્યુ હતું એટલે તેમની ગીજની અને લાહોર એ બે ઠેકાણે રાજગાદી હતી

ઘોર રાજ્ય—ઘોર પ્રાંતના અલાઉદ્દીને ગીજની વંશના બહેરામને કાડી કુકી ગીજનીમાં ૧૧૫૨ માં પોતાની સત્તા સ્થાપી. ગીજની શહેર ૭ દિવસ સુધી બાળ્યુ હતું તેના મરણ પછી તેનો દીકરો સૈફુદ્દીન ૧૧૫૬ મા ગાદીએ બેઠો હતો ત્યાર પછી ગ્યાસુદ્દીન ગાદીએ આવ્યો.

ગ્યાસુદ્દીન—૧૧૫૭-૧૨૦૨ તે રાજ્યનું કામ કરતો હતો અને તેને મહમદ શાહબુદ્દીન (મહમદ ઘોરી) નામે એક ભાઇ હતો તે લડાઈનું કામ કરતો હતો આ શાહબુદ્દીને ગીજની વંશના છેલ્લા રાજા ખુશરૂમ લેકને ૧૧૮૬ માં લાહોર આગળ હરાવી ગીજનીના વંશનો પંજાબમાંથી અંત આણ્યો, માટે તેનો ખરેખરો કારભાર ૧૧૮૬ થી ગણી શકાય વળી ગ્યાસુદ્દીનના મરણ પછી તેણે ૧૨૦૨ થી ૧૨૦૬ સુધી રાજ્ય કર્યું, માટે તેનો એકંદર કારભાર ૧૧૮૬ થી ૧૨૦૬ સુધી ગણાય છે

મહમદ ઘોરી—ને મહમદ ગીજનીના જેવો બહાદુર અને શૂરો હતો ગીજનીની મતલબ લુટફાટ કરવી અને દેવળો તોડવાના હતી પણ ઘોરીની ઇચ્છા મુલક મેળવી રાજ્ય કરવાની હતી, એણે ભરતખંડ ઉપર નવ સ્વારીઓ કરી હતી

(૧) ૧૧૭૬ પંજાબના ઉક નામે શહેર ઉપર કરી, તે શહેર તાબે કર્યું

(૨) ૧૧૭૮ ગુજરાતના રાજા ભોળાભીમ ઉપર કરી, તેમાં શાહને નાસવું પડયું

(૩) ૧૧૭૮ ખુશરૂ મલેક ઉપર કરી તેના છોકરાને જોરજુલમથી પોતાની ઓળમાં લીધો

(૪) ૧૧૭૦ સિંધ ઉપર કરી તે પ્રાંત લૂટ્યો

(૫) ૧૧૮૧ બીજીવાર ખુશરૂ મલેક ઉપર કરી તેને કેદ કર્યો.

શાહબુદ્દીનની ચઢાઇ વખતે હિંદનાં ચાર મોટા રજપુત રાજ્યો—(૧) દિલ્હીમાં અનંગપાળ તુવારનું (૨) અજમેરમાં સોમેશ્વર ચોહાણનું. (૩) કનોજમાં જયચંદ્ર રાઠોડનું. (૪)

ગુજરાતમાં ભોળાભીમ વાઘેલાનું આ સિવાય મેવાડમાં સમરસિંહ રાણાનું તથા આબુમા જયતસિંહ પરમારનું હતુ

(૬) ૧૧૧૩ મા શાહબુદ્દીને પૃથ્વીરાજ ઉપર સ્વારી કરી એમાં થાનેશ્વર આગળ રજપુતોએ તેને સજ્જડ હરાવ્યો શાહબુદ્દીન મરતો મરતો બચ્યો. રજપુતો ૪૦ માઇલ સુધી તેની પાછળ પડયા અને ઘણા અફઘાનોને માર્યા.

રજપુતોમા કુસપ થવાના કારણ—રાજ્યલોભ ને કન્યા લોભ

રાજ્યલોભ—દિલ્હીના રાજા અનગપાળ તુંવારને બે દીકરીઓ હતી તેમાની એક અજમેરના સોમેશ્વર ચોહાણને અને બીજી કનોજના રાજા વિજયપાળ રાઠોડને પરણાવી હતી આ અનગપાળને દીકરો ન હોવાથી તેણે સોમેશ્વરના દીકરા પૃથ્વીરાજને (દત્તક લીધો એટલે તેની પાસે બે ગાદી (દીલ્હીને અજમેર) થઇ આથી તેના બીજા ભાણેજ જયચંદ્રને ખોટુ લાગ્યું. એમ બે મસિઆઇ ભાઇઓ વચ્ચે વેર બધાયુ

કન્યા લોભ-(૧) આબુના રાજા જયતસિંહ પરમારને ઇચ્છિન કુમારી નામે દીકરી હતી તેને પરણવા સારૂ ભોળાભીમ અને સોમેશ્વર ચોહાણ વચ્ચે તકરાર થઇ તેમાં સોમેશ્વર મરાયો. આથી તેના દીકરા પૃથુરાજે ગુસ્સે થઇ ભીમદેવને હરાવ્યો

(૨) કનોજના રાજા જયચંદ્રે પોતાની પુત્રી સંયોગતા માટે સ્વયવર રચ્યો, અને તેની સાથે ચક્રવર્તી થવા મોટો યજ્ઞ પણ આરભ્યો આ યજ્ઞમાં પૃથુરાજને દરવાનનુ કામ સોપવામાં આવ્યુ હતુ તેથી તે ત્યાં ગયો નહિ. માટે જયચદ્રે તેનું પુતળુ બનાવી દ્વારપાળ તરીકે ઉભુ કર્યું, આ પુતળાને સયોગતાએ વરમાળ પહે-

રાખી આ વખતે પૃથુરાજ કનોજમાં આવી છાની ગોઠવણ મુજબ સંયોગતાનું હરણ કરી ગયો, અને જયચંદ્રે તેની સાથે લડાઇ કરી પણ કાંઇ વળ્યું નહિ, માટે ફરી ભગઇ શાહબુદીનને ગાઢી આપવા કહેણ મોકલ્યું અને મદદની આશા આપી

* (૭) ૧૧૯૩ મા શાહબુદીને દોઢ લાખ માણસનું જબરૂં લશ્કર લઇ પૃથુરાજ ઉપર ફરી ચઢાઇ કરી, આ વખતે કુસંપ હોવાથી રાઠોડ તથા બીજા રજપુતોના પૃથુરાજને મદદ મળી નહિ પાણીપતના મેદાનમા ભારે જંગ મચ્યા રજપુતો કાંઇ ગફલતમાં રહ્યા એવામા મહમદ ઘોરીએ અણુધાર્યો છાપો મારી રજપુતોની પાયમાલી કરી પૃથુરાજ રણમાં પડયો, અને તેની સ્ત્રી સંયોગતા સતી થઇ. તથા દિલ્હી મુસલમાનોને હાથ ગયું

(૮) ૧૧૯૪ મા કનોજ ઉપર ફરી તેમા ચોહાણ રજપુતની મદદ સિવાય જયચંદ્ર હાર્યો અને મરાયો, પછી ઘોરી રાજાએ કનોજ

---

* પૃથુરાજનું મરણ—મુસલમાન ઇતિહાસકારો કહેછે કે મહમદ ઘોરીએ પૃથુરાજનો ઘાત કરાવ્યો અને ચંદ બારોટ પૃથુરાજરાસા નામે કાવ્યમાં જણાવે છે કે પૃથુરાજને પકડી ગીજની લઇ ગયા ત્યાં આંધળો કરી બેડીઓ પહેરાવી કેદમા નાખ્યો વળી ચંદે પૃથુરાજનાં બહુ વખાણ કરવાથી બાદશાહે શબ્દ વેધી બાણનો પ્રયોગ જોવાને ખુશી કર્યો તેમા ચંદે પૃથુરાજને સૂચના કરવા નીચેનું કવિત ગાયું

ચાર વાંસ ચોવીસ ગજ આંગુલ અષ્ટ પ્રમાણ,
ને ઉપર સુલતાન છે, મત ચૂકે ચોહાણ

એને પૃથુરાજે બાણ છોડી બાદશાહનો જીવ લીધો, અને પછી પોતે ત... ...દ અ મપરસ મુ...

તથા બનારસ લીધાં અને બનારસમાંથી હજાર કરતા વધારે દેવળનો નાશ કર્યો તથા ચાર હજાર ઉંટ માલ ની લાદીને લઇ ગયો.

હવે ચોહાણ રાઠોડ અને બીજા રજપુતોએ પોતાની બાપદાદાની ગગા અને જમના પાસની ભૂમિ છોડી દીધી અને મારવાડ તથા અરવલ્લીની આજુબાજુના મુલકમા જઇ વસ્યા તે પ્રદેશ હાલ રજપુતાના કહેવાય છે

(૯) ૧૧૯૪ મા તેના સરદાર કુતુબુદ્દીને ગ્વાલીઅર જીતી લીધુ તથા બીજા સરદાર બખત્યાર ખીલજીએ ૧૧૯૯ મા અયોધ્યા અને બહાર પ્રાંત જીતી લીધા

એવામા ગ્યાસુદીનનુ મરણ થવાથી ૧૨૦૨ માં મહમદ ઘોરીને સ્વતંત્ર ગાદી મળી

તેના સુબા બખત્યાર ખીલજીએ ૧૨૦૩ મા બગાળાના રાજા લક્ષ્મણસેન ઉપર ચઢાઇ કરી તે પ્રાંત તાબે કર્યો આ રાજા જમવા બેઠો હતો તે વખતે તેને પકડવા અફઘાનો તેના મહેલમાં ઘુસ્યા પણ તે ઉઘાડા પગે પાછલે બારણેથી નાશી ગયો અને પોતાની બાકીની જીંદગી જગન્નાથના મંદિરમાં ગાળી

પછી અફઘાનોએ ગુજરાતના વાઘેલા તથા ગ્વાલીઅરના રજપુતોને વશ કર્યો માત્ર માળવા પ્રાંત જીતી શકયો નહિ. મહમદઘોરી એક વખત પંજાબમા થઇને આવતો હતો ત્યારે ગક્કર જાતના પહાડી લોકોએ રાત્રે તંબુમાં પેસી તેને મારી નાખ્યો, તેના શબને ગીઝની લઇ જઇ દાટયુ છે તેના મરણ પછી તેનો સરદાર કુતુબુદીન હિંદના પ્રાંત દબાવી પડયો અને દિલ્હીનો પહેલો સુલતાન થયો. એવી રીતે જોતા મહમદઘોરીએ પહેલવહેલો હિંદનો મુલક જીત્યો અને તેના માણસો હિંદમાં આવીને વસ્યા.

૯ અફગાન કે પઠાણ રાજાઓ.

ઇ. સ ૧૨૦૬-૧૫૨૬

આ રાજાઓ પહેલા ઘણાખરા અફગાનિસ્તાનમાથી આવેલા હતા, પરંતુ બધા એક કોમના નહોતા. તેમની એક પઠાણ જાત ઉપરથી એ પઠાણ પણ કહેવાય છે તેમણે ૩૨૦ વર્ષ રાજ્ય કર્યું એમ દિલ્હીની ગાદી ઉપર પાચ વંશ થયા ગુલામ, ખીલજી તઘલખ ... દ અને લોદી.

પઠાણ રાજાઓના વખતમા હિંદની સ્થિતિ—આ વખત હિંદુઓ માટે ઘણો ભયંકર હતો તેમને અફઘાનો સાથે ઘણા લડાઈઓ કરવી પડી તેમા હિંદુઓ જબરી સાકમી સિવાય તાબે થયા ... ને ઘણાખરા તો પૂરા જીતા ... પણ નહિ વળી મુસ... નવી નવી કોમો આવી હિંદુઓ સાથે લડી દેશમાં પથરાવા ... આ વખતે લોકોને પોતાના પૈસા તથા માલમિલકત જમીનમા સંતાડી મુકવી પડતી લુટારા અને ઠગ લોકોનો ભય વિશેષ હતો. તથા જાનમાલનું સરક્ષણ બીલકુલ નહોતું હિંદુઓના જુના દેવળોનો પઠાણ રાજાઓએ નાશ કર્યો તથા તેમની જાત્રાઓ બધ કરી સારામાં સારો પઠાણ રાજા પણ હિંદુઓ તરફ ધાતકી રીતે વર્તતો, અને તેમને મુસલમાન બનાવવા, જજીઆવેરો લેવા તથા સામા થાય તો મારવા એ પોતાની ફરજ સમજતો હતો, આથી કેટલાક લોકો વટલીને મુસલમાન બનતા હતા. પઠાણ રાજાના કેટલાક પ્રખ્યાત સરદારો પણ વટલીને મુસલમાન થએલા હિંદુ હતા

મુસલમાનોનુ હિંદમા પ્રસરવુ—જેવી રીતે આર્ય લોકો પથરાયા તેવી રીતે અફઘાન, તુર્ક અને ઇરાનીઓ દિલ્હી, અયોધ્યામાં

બહાર અને બંગાળામાં પ્રસર્યાં હતા આ લોકો પૈસાદાર થયાના સમાચાર સાંભળી ઇરાન અને તુર્કસ્તાનમાંથી ઘણા બહાદુર લોકો પૈસા કમાવા હિંદમાં આવવા લાગ્યા તેમને મુસલમાન રાજા તથા સુબેદારોએ આશરો આપ્યો, આ રીતે ઉત્તર હિંદમા ઘણાં અમીરી મુસલમાન કુટુંબો આ દેશમા આવ્યા હતા તેમાની નાની નાની ટુકડીના આગેવાનોએ હિંદમાં ઠેકાણે ઠેકાણે નાના રાજ્યો સ્થાપ્યાં, અને જ્યારે દિલ્હીનો રાજા જોરાવર હોય ત્યારે આ નાના તાલુકદારો તેમને ખંડણી આપતા અને પોતે તેના સરદારો છે એમ કહેતા હતા, પરંતુ જ્યારે રાજા નબળો ને દમ વગરનો હોય ત્યારે નાના સરદારો સ્વતંત્ર થવાને પ્રયત્ન કરતા અને કોઇનો હુકમ માનતા નહિ

ગુલામવંશ.

ઈ. સ ૧૨૦૬–૧૨૯૦

આ વંશમા નવ રાજા અને એક રાણી એમ બધાં મળીને દશ રાજ્યકર્તા થયા તેમણે ૮૪ વર્ષ રાજ્ય કર્યું તેમાના કુતુબુદીન અલ્તમશ, સુલતાન રજીયા, નાસરૂદીન અને ગ્યાસુદીન બલબન એ પાંચજ જાણવા લાયક છે બાકીના તો માત્ર નામનાજ હતા

કુતુબુદીન—૧૨૦૬–૧૨૧૦ આ વંશનો પહેલો રાજા કુતુબુદીન તથા બીજા રાજા નાનપણમા ગુલામ હોવાથી તે ગુલામવંશ કહેવાય છે દિલ્હીમાં મુસલમાની રાજ્યની પ્રથમ ગાદી એના વખતથી થઈ તે નાનપણમાં શાહબુદીનનો તુર્કી ગુલામ હતો, પણ પાછળથી હોંશીઆરીથી મોટો સરદાર થયો અને શાહબુદીનના મરણ પછી હિંદના પ્રાંતો દબાવી પડી પોતે રાજ્ય કરવા લાગ્યો.

તેણે ૨૫ હિંદુ દેવળોના પત્થરવડે દિલ્હીની પાસે એક કુતુબમિનારા બધાવ્યો છે, તેની ઉંચાઇ ૨૫૦ ફુટ અને ૩૭૮ પગથીઆ છે. આ મિનારો હાલ પણ છે એમ કહેવાય છે કે આ મિનારો પ્રથમ પૃથુરાજે પોતાની દીકરીને ચઢીને જમના નદીનાં દર્શન કરવા બધાવ્યો હતો અને પાછળથી કુતબુદીને વધાર્યો

ગુણ—કુતુબ બહાદુર લડવૈયો અને કાબેલ ૯ ૮ ૨ હતો તથા પોતાના અમલદારો પ્રત્યે ઘણો માયાળુ હતો વળી તેમને નાણા અને જમીનની બક્ષીસ કરતો, માટે તેને ઉદાર કુતુબ કહેતા હતા. તે હિંદુઓ તરફ ઘાતકી રીતે વર્તતો અને તેમના દેવળો તોડતો.

આરામ—૧૨૧૦—૧૨૧૧ એ કુતુબુદીનનો છોકરો હતો તેને મારી નાખી તેના બનેવી અલ્તમસે ગાદી લીધી.

અલ્તમસ—૧૨૧૦—૧૨૩૧ તે ગુલામવંશમાં સૌથી વધારે સમર્થ રાજા હતો અને કુતબુદીનનો ગુલામ તેમજ જમાઇ થતો હતો તેણે આરામને મારી નાખી ગાદી લીધી

મેળવેલી જીત—તેના વખતમાં તેના હાકુમખત્યાર ખીનજીએ બગાળા અને બહાર જીતી લઇ સ્વતંત્ર થવાનો પ્રયત્ન કર્યો માટે તેને અલ્તમસે હરાવી મારી નાખ્યો અને પોતાના છોકરાને સુબો બનાવ્યો વળી સિંધના હાકેમે પણ સ્વતંત્ર થવા પ્રયત્ન કરવાથી અલ્તમસે તેને હરાવ્યો તે હિંધુ નદી ઓળગી નાશી જતા કુટુંબ સાથે ડુબી મુઓ પછી માળવા અને ગ્વાલીઅરના રજપુતો સાથે ૬ વર્ષ લઢી તેમને વશ કર્યા

ચધીસખાન (જધીસખાન) આ બૌદ્ધમાર્ગી મોગલ સરદાર એશિઆનાં ઘણાં રાજ્યો જીતી લઈ હિંદ પર હુમલો કરતા સિંધુ નદી સુધી આવ્યો અલ્તમસને આવા જોરાવર દુશ્મન સાથે

લડવાનુ વાજબી લાગ્યુ નહિ તથા તુર્કસ્તાનના સરદારને મદદ આપી નહિ, અને તેને ખુશી કર્યો, આથી મોગલોએ તેના વખતમાં હિંદપર ચઢાઈ કરી નહિ

આ રાજા ૨૫ વર્ષ રાજ્ય કરી ૧૨૩૬ મા મરણ પામ્યો. તેણે કુતુબુદ્દીને શરૂ કરેલો કુતુબમિનારો પુરો કરાવ્યો, તે બહુ બહાદુર હતો

રૂકનુદ્દીન—૧૨૩૬–૧૨૩૬ એ અલતમસનો પુત્ર હતો, પણ રાજ્ય કરવાને તદ્દન નાલાયક માલમ પડવાથી છ માસ પછી તેની બેન—રજિઆને ગાદી આપવામા આવી

સુલતાન રજિયા—૧૨૩૬–૧૨૩૯. હિંદના મુસલમાની રાજ્યમા દિલ્હીની ગાદી ઉપર માત્ર આજ રાણી થઇ છે તે કુરાન ભણેલી, રાજ્ય ચલાવવામા હોશિઆર અને હિમતવાન હતી જ્યારે અલતમસ બહાર દેશ જતો ત્યારે તેને રાજ્ય સોંપીને જતો હતો. તે કહેતો કે તેનુ હૃદય અને મગજ પુરૂષ જેવુ છે અને તે વીશ છોકરા કરતાં પણ વધારે ગરજ સારે તેવી છે તેણે દઢતાથી અને ઘણી સારી રીતે સાડાત્રણ વર્ષ રાજ્ય કર્યું, તે મોઢે બુરખો નાખતી નહિ અને મરદનો પોશાક પહેરી દરબારમા બેસતી

પાછળથી તેની બુદ્ધિ બગડવાથી એક હબસી ઘોડેસ્વાર ઉપર તેણે પ્રીતિ બતાવી અને તેને મુખ્ય સેનાપતિ બનાવ્યો, આથી બીજા ઉમરાવો ગુસ્સે થઇ તેની સામે થયા આ વખતે રજિઆએ એક તુર્કી સરદાર સાથે લગ્ન કર્યુ આ સરદાર તેને માટે બહાદુરીથી લડ્યો, પણ તે બન્ને હાર્યા અને માર્યા ગયા.

રજિઆના મરણ પછી અલતમસના બીજા દીકરા મબઝુદ્દીનને ગાદી મળી, પણ બે વર્ષ પછી અફગાન અમીરોએ તેને ફેદમાં

નાખી અલ્તમસના પૌત્ર અલાઉદ્દીનને રાજા બનાવ્યો પાચ વર્ષ પછી તેને પણ કેદ કરી નાસરૂદીનને ગાદી આપવામા આવી

નાસિરૂદ્દીન—૧૨૪૬–૧૨૬૫ એ અલ્તમસનો સૌથી નાનો છોકરો હતો તેણે પોતાના બનેવી ગ્યાસુદ્દીનને પ્રધાન બનાવ્યો અને તેની મદદથી ૨૦ વર્ષ રાજ્ય કર્યું. તેણે પહેલાના બે નબળા રાજાઓએ ખોએલો મુલક પાછો જીતી લીધો, અને મોગલોને વાર વાર પાછા હઠાવ્યા.

ગુણ—નાસિરૂદ્દીન ઘણી સાદાઇથી રહેતો હતો, તે ફક્ત એકજ સ્ત્રી પરણ્યો હતો, અને તેનાજ હાથનું રાંધેલુ જમતો હતો ચાકર નોકર રાખતો નહિ અને સાદો ખોરાક ખાતો હતો વળી પોતે ચોપડીઓ લખી પોતાના ગુજરાન જેટલુ મેળવતો, અને કોઇની લાગણી દુખવતો નહિ તે આ સાથેની વાત ઉપરથી સમજાશે. એક વખત એક અમીર તેને મળવા આવ્યો હતો. તેણે તેની લખેલી ચોપડીઓમાથી કેટલીક ભૂલો બતાવી. આથી નાસિરૂદ્દીને તે અમીરની હાજરીમાં તે ભુલો સુધારી પણ તેના ગયા પછી કરેલો સુધારો કાઢી નાખ્યો પછી કોઇએ તેને આમ કરવાનુ કારણ પૂછ્યુ ત્યારે તેણે કહ્યુ કે ખરૂં જોતા મારા લખાણમા કઈ ભુલો નહોતી પણ જે અમીરે ખરે રસ્તે લઇ જવા મારા તરફ મમતા બતાવી તેની લાગણી દુખવવાનુ મને ઠીક લાગ્યુ નહિ

ગ્યાસુદ્દીન બલબન—૧૨૬૫–૧૨૮૭ તે નાસિરૂદ્દીનનો વજીર હતો તેના મરણ પછી બલબન નામ ધારણ કરી ગાદીએ બેઠો નાનપણમાં તે ગુલામ હતો અને ચડતા ચડતા આખરે સુબો બન્યો હતો અલ્તમસે તેની સાથે પોતાની દીકરી પરણાવી હતી. વૈર। અને સત્તા મળતા પહેલાં તેણે ૪૦ ગુલામો સાથે એવો કરાર

કર્યો હતો કે આપણે એક બીજાને જીવતા સુધી મદદ કરવી, પણ રાજા થયા પછી તેને લાગ્યુ કે તેઓ મારા છોકરાને ઠેકાણે રાજા થવાનો પ્રયત્ન કરશે, માટે તે બધાને મારી નખાવ્યા આ વખતે એશીઆમાંથી મોગલોના ત્રાસથી ઘણા મુસલમાન અમીરો અને સરદારો હિંદમા આવી વસ્યા. આ પ્રમાણે નાશી આવેલા ૧૫ રાજાઓ એક વખત એકઠા થયા હતા તેમને બલબને જમીન આપી રાખ્યા, અને તેમના નામ ઉપરથી દિલ્હીની શેરીઓના નામ બગદાદ શેરી, ઘોરરોગી, ખીવશેરી, વગેરે પડ્યાં.

મોગલો—બલબનના વખતમા મોગલો વારવાર પંજાબ ઉપર ચઢી આવતા હતા તેમને તે અને તેનો છોકરો મહમદ હરાવીને પાછા કાઢતા હતા. આખરે મોગલો સાથેની એક લઢાઇમાં પાટવી કુંવર મહમદ મરાયો આ વાત સાંભળી બલબન ઘણો દિલગીર થયો, અને ૮૦ વર્ષની ઉમરે ૨૨ વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો.

ટોગ્રલનો બળવો અને બઘરાખાન—બંગાળાના સુબેદાર ટોગ્રલે બળવો કર્યો, માટે બલબને તેને હરાવી પોતાના છોકરા બઘરાખાનને બંગાળાનો ગવર્નર બનાવ્યો આ બઘરાખાનને બંગાળા ફાવી ગયુ હતુ, અને ત્યા સુખચેનથી અમલ કરતો હતો, માટે બલબનના મરણ પછી તેણે રાજા થવાનો પ્રયત્ન કર્યો નહિ. તેથી તેના છોકરા કૈકુબાદને ગાદી આપવામા આવી. આ બઘરાખાન ૪૫ વર્ષ સુધી બંગાળાનો સુબો રહ્યો હતો

બલબનના ગુણ—આ પાદશાહ બહાદુર પણ ક્રુર હતો. તે હિંદુઓ સાથે ખાનગી રીતે વર્તતો અને દુશ્મન હાથમાં આવે તેના ઉપર દયા બતાવતો નહિ

કૈકુબાદ—૧૨૮૭—૧૨૯૦ તેણે ઘણી ખરાબ રીતે રાજ્ય કર્યું. એક વખત તેના બાપ બધરાખાને આવી તેને રાજ્ય કરવા સારી સલાહ આપી પણ તેની કંઇ અસર થઇ નહિ. અને તેના ગયા પછી વધારે ખરાબ રીતે વર્તવા લાગ્યો. એવામાં ખીલજી જાતના પ્રધાન જલાલુદ્દીને આવી તેને મારી નાખ્યો અને પોતે ગાદીએ બેઠો.

ખીલજી વંશ.

ઇ સ. ૧૨૯૦—૧૩૨૦

આ રાજાઓના વખતમાં મુસલમાનો દક્ષિણ હિંદમાં પેઠા તેમના મુખ્ય ચાર રાજાઓએ ૩૦ વર્ષ રાજ્ય કર્યું તેમાં ખાસ જાણવા લાયક અલાઉદ્દીન હતો

જલાલુદ્દીન—૧૨૯૦—૧૨૯૫ તે જાતે ખીલજી હોવાથી તેના વંશજો ખીલજી કહેવાય છે તેણે ગુલામવંશના છેલ્લા રાજા કૈકુબાદને મારી ગાદી લીધી ત્યારે તેની ઉમર ૭૦ વર્ષની હતી તેને અલાઉદ્દીન નામે એક ભત્રીજો હતો તેને તે છોકરા સમાન ગણતો હતો આ અલાઉદ્દીન ૮૦૦૦ માણસનું લશ્કર લઇ ૭૦૦ માઇલની મુસાફરી કરી દેવગીરી (દોલતાબાદ) જવા નીકળ્યો રસ્તામાં કોઇ રાજા આતરે તો કહેતો કે મારો કાકો મારી જીંદગી લેવા તાકે છે, માટે હું નાશી જાઉ છુ આથી ભોળા રજપુતોએ તેને છેડ્યો નહિ તેણે દેવગીરી જઇ છાપો મારીને લીધુ અને ત્યાંના રાજા પાસેથી પુષ્કળ પૈસા તથા જવાહીર લઇ દીલ્હી પાછો ગયો અલાઉદ્દીન આવ્યાના સમાચાર જાણી જલાલુદ્દીન ખુશી

થઇ એકલો તેને મળવા ગયો. ભેટતી વખતે અલાઉદ્દીને તેને કટાર ભોંકી મારી નાંખ્યો અને મરણ જાહેર કરવા તેનું માથુ કાપી ભાલાની ટોચ ઉપર ભેરવી છાવણીમા ફેરવ્યું પછી દિલ્હી જઇ તેના બે છોકરાને મારી નાખી ગાદીએ બેઠો

ગુણ—તે ભલો હતો વળી મિત્રો તેમજ દુશ્મનો તરફ દયા ભાવે અને નમ્રતાથી વર્તતો, આથી તેના રાજ્યમા ખુન, ચોરી અને લુટફાટ વધ્યા હતાં.

અલાઉદ્દીન—૧૨૯૫–૧૩૧૫ એ ખીલજીવંશમાં સૌથી જોરાવર હતો એના જેટલા દેશ પહેલાના કોઇ મુસલમાન રાજાએ જીત્યા નહોતા તેણે પોતાના કાકા તરફની ઘાતકી વર્તણુક લોકો ભૂલી જાય માટે દક્ષણથી આણેલુ સઘળુ દ્રવ્ય વહેંચી આપ્યુ તેના મુખ્ય બનાવ (૧) ગુજરાત ઉપર સ્વારી (૨) ચિતોડ અને જેસલમીર ઉપર ચઢાઈ (૩) મોગલો (૪) દક્ષણની જીત (૫) કાફુર (૬) લોકોની સ્થિતિ (૭) ગુણ (૮) હિંદુ ધર્મ ઉપર કરેલી અસર

ઉત્તર હિંદ ઉપર ચઢાઇ.

ગુજરાત ઉપર ચઢાઇ—ઈ સ ૧૨૯૭ મા અલાઉદ્દીને પોતાના ભાઇ અલફખાન તથા વજીર નસરતખાનને લશ્કર આપી ગુજરાત જીતવા મોકલ્યા તેમણે ત્યાના રાજા કરણ વાઘેલાને હરાવ્યો આથી તે માઉન્ટઆબુના કિલ્લામાં નાશી ગયો, પણ તેની ખુબસુરત સ્ત્રી કમળાદેવી મુસલમાનોને હાથ પકડાઇ ગઇ તેને દિલ્હી લઇ જઈ પાદશાહ સાથે પરણાવી

ચિતોડ ઉપર સ્વારી—ચિતોડના રાજા ભીમસી (ભીમસિંહ)

ને પદ્મિની નામે ખુબસુરત સ્ત્રી હતી. તેને પોતાની બેગમ બનાવવા અલાઉદ્દીને ચિતોડ ઉપર સ્વારી કરી પણ ફાવ ન વળવાથી આખરે પદ્મિનીનો ચહેરો જોવાની શરતે તેણે ઘેરો ઉઠાવવાનું કબુલ કર્યું આથી પદ્મિનીએ પડદા પાછળ રહીને આરસામા ચહેરો બતાવ્યો પછી ભીમસી અલાઉદ્દીનને છાવણી સુધી વળાવવા ગયો ત્યારે તેને અલાઉદ્દીને કપટ કરીને પકડી લીધો અને પદ્મિની પરણ્યા સિવાય છોડવાની ના પાડી, આથી પદ્મનીએ પોતાના ધણીને છોડાવવા પરણવાની ઉપલક મરજી બતાવી અને ૭૦૦ ડોળીઓ તૈયાર કરાવી તેમા દાસીઓ છે એમ જણાવ્યું પણ દરેક ડોળીમાં એક રજપુત સરદાર અને તેને ઉચકનાર મજુરના વેશમાં સિપાઈઓ હતા. પછી પદ્મિની પાદશાહી છાવણીમાં પહોંચતાં તેને અને ભીમસીને કબજામા રાખવાને બાદશાહે પ્રયત્ન કર્યો, પણ રજપુત સરદારો તથા સિપાઈઓ સામા થયા, અને ભીમસી તથા પદ્મની નાશીને ચિતોડ જઈ શકયા આ વખતે અલાઉદ્દીન કઈ ફાવી શકયો નહિ, પણ બે વર્ષ પછી ફરી ૧૩૦૩ મા ચિતોડ ઉપર ચઢાઈ કરી આ વખતે તેની સામે ટકી શકાશે નહિ. એમ લાગવાથી પદ્મિની તથા ૧૦૦૦૦ રજપુત સ્ત્રીઓ જીવતી બળી મુઈ તથા રજપુતોએ કેસરીઆ કર્યા, અને બહાદુરીથી લડતાં લડતા બધા મરાયા,

જેસલમીર ઉપર સ્વારી—અલાઉદ્દીને જેસલમીર ઉપર હુમલો કર્યો અને ૮ મહીના ઘેરો ઘાલી જીતી લીધું અહીં ૪ હજાર રજપુત સ્ત્રીઓ જીવતી બળી મુઈ, અને રજપુત માત્ર લડતાં લડતાં મરાયા. રજપુતોના આ રિવાજને જુહાર કહેછે

આ સિવાય અલ્લાઉદ્દીને રણુસ્તંભારનો કિલ્લો ઈ સ ૧૩૦૦ માં જીતી લીધો

મોગલો—આ લોકોના ધાડાં પાંચ વખત પંજાબમાં પેઠા અને એક વખત તો ઠેઠ દિલ્હી સુધી આવ્યા તેમને અલાઉદીને હરાવી પાછા કાઢ્યા, પણ તેમાંના ઘણાખરા મુસલમાની ધર્મ સ્વીકારી આ દેશમા રહ્યા પાછળના વખતમાં કાફુરની ગેરહાજરીમાં નોકરીમાં દાખલ થયેલા મોગલોએ બળવો કર્યો માટે કાફુરે આવી ૧૫૦૦૦ મોગલોને મારી નાખ્યા, અને તેમની સ્ત્રી તથા છોકરાઓને ગુલામ તરીકે વેચ્યા

દક્ષિણનીજીત—અલાઉદીનને એવી ધાસ્તી હતી કે હું લડાઇમા જઇશ તો મોગલો આવશે અથવા કોઇ સરદાર બળવો કરી રાજા થવા પ્રયત્ન કરશે, માટે તેણે પોતાના સરદાર કાફુરને દક્ષિણમા મોકલ્યો

ઇ સ ૧૩૦૬ મા કાફુર દેવગીરી ઉપર ચઢાઇ કરવા નીકળ્યો. ત્યારે કમળાદેવીએ તેને કહ્યુ કે મારી દેવળદેવી નામની દીકરી મારા ધણી કરણ પાસે છે તેને લેતા આવજો આ દેવળદેવી દેવગીરીના રાજા રામદેવના દીકરા શંકરદેવ સાથે પરણાવાની તૈયારીમાં હતી એટલામાં તેને કાફુરે પકડી લીધી, અને દિલ્હી મોકલી બાદશાહના દીકરા ખીજરખાન સાથે પરણાવી, પછી કાફુર રામદેવને હરાવી દિલ્હી લઇ ગયો ત્યાં તેની સાથે બાદશાહ સારી રીતે વર્ત્યો તેથી તે જીંદગી સુધી તેનો મળતીઓ રહ્યો

ઇ સ ૧૩૦૯ માં તેલગણની રાજધાની વરંગુળ ઉપર ચઢાઇ કરી જીતી લીધું

રામદેવના છોકરા શંકરદેવે બળવો કર્યો, માટે કાફુરે ફરીથી આવી તેને હરાવીને માર્યો અને બધો મહારાષ્ટ્ર ઉજ્જડ કર્યો તથા ૧૩૧૦ માં બલ્લાળ રાજાઓની રાજધાની દ્વારસમુદ્ર જીતી લીધી.

૧૩૧૨ માં આખા દક્ષિણ હિંદમાં ફરી રજપુત રાજાઓને હરાવ્યા અને ઠેઠ કેપ કેમોરીનની નજીક રામેશ્વર સુધી ગયો પછી પુષ્કળ પેસો તથા ખજાનો લઈ પાછો ફર્યો

કાફુર—તે ખભાતમાથી ગુલામ અવસ્થામાં પકડાયો હતો, અને પાછળથી પોતાની હોશિઆરી વડે મોટો સરદાર થયો, તેને અલાઉદીને દક્ખણમાં જીતવા મોકલ્યો ત્યારે વરંગુળ દેવગીરી, મહા રાષ્ટ્ર અને કર્ણાટક વગેરે દેશો જીતી ઠેઠ કેપકેમોરીન સુધી ગયો અને ત્યાંથી પુષ્કળ ખજાનો લઇ પાછો ફર્યો હતો અલાઉદ્દીને છેવટના ભાગમાં બધી સત્તા તેને સોંપી હતી આથી તેણે રાજા થવા ઇચ્છયુ, અને દિલ્હી છોડી કઇ ગયો નહિ તથા રાજાના બે છોકરાને તેની પાસે કેદ કરાવી પછી રાજાને ઝેર દીધુ અને તેના બે છોકરા કેદ મા હતા તેમની આંખો ફોડાવી પોતે ગાદી લેવાનો પ્રયત્ન કર્યો તેથી રાજાના અફઘાન રક્ષકે તેને મારી નાખી ત્રીજા દીકરા મુબારકને ગાદી આપી તેણે દિલ્હીમા ૧૫૦૦૦ મોગલોને મારી નખાવ્યા હતા.

લોકની સ્થિતિ—અલાઉદ્દીનના વખતમાં અફઘાન ઉમારવો મરજી પ્રમાણે વર્તી શકયા નહિ, (૧) રાજાની પરવાનગી સિવાય કોઇથી પોતાના મિત્રને જમવા તેડી શકાતો નહિ અને અગાઉથી મજુરી લીધા શિવાય લગ્ન કરી શકાતું નહિ (૨) કોઈ કોઇ મોટા ઉમરાવને બીજા મોટા ઉમરાવની દીકરી સાથે પરણવાની મજુરી મળતી નહિ (૩) રાજા ખેડુતોને જેટલી મજુરી આપે તેટલીજ જમીન ખેડી શકતા (૪) નોકરો તથા ઢોરની સખ્યા કેટલી રાખવી તે પણ રાજા નક્કી કરતો (૫) દુકાનો ક્યારે ઉઘાડવી અને ક્યારે બંધ કરવી તથા દરેક વસ્તુ કયે ભાવે ખરીદવી અને વેચવી તે પણ રાજા નક્કી કરતો (૬) કોઇપણ માણસ પાસે

વધારે પૈસા થતા તો રાજા લુટી લેતો, લોકો જોરાવર અને પૈસાદાર થઇ તેની સામા ન થઇ શકે તેટલા માટે તે આ બધુ કરતો હતો.

ગુણ—તે ઘાતકી, ધાર્યું કરે એવો અને કઠણ છાતીવાળો હતો. એના ઘાતકી સ્વભાવથી તે અલાઉદ્દીન ખુનીને નામે ઓળખાયો. છેવટના ભાગમા તેને દારૂ પીવાની ટેવ વિશેષ પડી હતી

તેણે હિંદુધર્મ ઉપર કરેલી અસર—તેણે ઘણા બ્રાહ્મણોને પરાણે મુસલમાન કર્યા એક વખત સવામણ જનોઇ ઉતરે એટલા બ્રાહ્મણોને તેણે મુસલમાન કર્યા હમણાંના મેમણ ઘાંચી વહોરા, શેખડા, વગેરે જાતો અલાઉદ્દીનના જુલમથી હિંદુધર્મમાંથી વટલીને મુસલમાન થએલા જણાય છે

મુબારક—ઇ સ ૧૩૧૬–૧૩૨૦—કાફુરે અલાઉદ્દીનના છેક નાના દીકરા ઉમરને ગાદીએ બેસાડયો અને પોતે કારભાર કરવા લાગ્યો પણ એવામા કાફુરને મારી મુબારકને ગાદી આપવામા આવી તે રાજા ઘણો નબળો નીવડયો તેણે પોતાના નાના ભાઇની આખો ફોડી નાખી તથા જે અફવાને તેને ગાદી અપાવી હતી, તેનેજ તેણે મારી નખાવ્યો અને ખુશરૂખાન નામના એક નીચ માણસને પ્રધાન બનાવ્યો આ પ્રધાને બે વરસ પછી તેને મારી નાખી નાસરૂદીન નામ ધારણ કરી ગાદીએ બેઠો,

ખુશરૂ—૧૩૨૦—૧૩૨૦ તે લાબી મુદત રાજ્ય ચલાવી શકયો નહિ તેના ઉપર પંજાબનો સુબો ગ્યાસુદીન તધલખ ચઢી આવ્યો અને તેને હરાવીને માર્યો પછી કોઇ હકદાર વારસ નહિ હોવાથી તેને ગાદી મળી

તઘલખ વંશ.

ઈ. સ. ૧૩૨૦—૧૪૧૪.

આ વંશમાં આઠ રાજા થયા તેમાના બે રાજાઓ જાણવા લાયક છે બીજો રાજા મહમદ તઘલખ થયો, તેણે નિર્દય કૃત્યોથી નામ કાઢ્યુ, અને ત્રીજા રાજા ફીરોજશાહે સારાં કામ કરીને પ્રસિદ્ધિ મેળવી

ગ્યાસુદ્દીન—૧૩૨૦-૧૩૨૫ એ બલબનનો એક તુર્ક ગુલામનો હિંદુ સ્ત્રીને પેટ જન્મેલો છોકરો હતો, પણ પાછળથી હોંશિઆરી વડે પંજાબનો સુબેદાર થયો અને ખીલજી વંશના છેલ્લા રાજા ખુશરૂને મારી ગાદીએ બેઠો એની મુલાકાત વાસ્તે એના છોકરા જુનાખાને લાકડાનો માંડવો બંધાવ્યો હતો એ ઓચિંતો પડવાથી એનુ મરણ થયું

મહમદ તઘલખ—૧૩૨૫-૧૩૫૧—એ ગ્યાસુદ્દીનનો છોકરો હતો તેનું મૂળ નામ જુનાખાન હતુ પણ ગાદીએ બેસતાં મહમદ તઘલખ નામ ધારણ કર્યું તેના અમલથી દેશ ઘણો હેરાન થયો હતો માટે લોકોએ તેને 'ખુની સુલતાન' નામ આપ્યુ વળી તેણે ઘાતકી અને વિચિત્ર કામો કર્યાં, માટે તેને 'ગાંડો' કહેવા લાગ્યા

ઘાતકી અને વિચિત્ર કામો—(૧) એના વખતમ પંજાબ પર મોગલો ચઢી આવવા લાગ્યા તેમને હાંકી કાઢવાને બદલે પૈસા આપી પાછા કાઢ્યા, આથી ખજાનો ખાલી થયો.

(૨) ખજાનો ખાલી થવાથી રૂપા નાણું બંધ કરી તાંબા ચલાવ્યુ, આથી પરદેશનો વેપાર રોજગાર બંધ પડ્યો

(૩) લોકો ઉપર દશ ગણો કર વધારવાથી ખેડુતો જમીનને પડતી મુકી જંગલમાં નાશી ગયા

(૪) જે લોકો નાશી ગયા તેમને જંગલમા ઘેરી લઇ રાની પશુની પેઠે કાપી નાંખ્યા

(૫) તેણે બે વખત દિલ્હીથી દોલતાબાદ (દેવગીરીને તેણે નામ આપ્યુ) રૈયતને આવવા જવાનો હુકમ કર્યો આથી રસ્તામાં ભૂખ તરસ વગેરેથી ઘણાં માણસો મરી ગયા

(૬) ચીન જીતવાને એક લાખ માણસનુ લશ્કર મોકલ્યુ આ માના ઘણાખરા હિમાલયમાં મરણ પામ્યા અને બાકીના જે પાછા આવ્યા તેમને આ રાજાએ મારી નાંખ્યા

(૭) પોતાનો દાત પડી ગયો તેના ઉપર પુષ્કળ પૈસો ખરચી મસીદ ચણાવી

જુલમની અસર—તેના જુલમથી ઘણા સુબેદારોએ સ્વતંત્ર રાજયો સ્થાપ્યા ગુજરાત ને બંગાળામા પઠાણ રાજય સ્થપાયાં તથા તૈલંગણ ને કર્ણાટકમાં હિંદુ રાજયો સ્વતંત્ર થયા વળી વિજયનગરમાં ૧૩૩૬ મા હરિહરે હિંદુ રાજય સ્થાપ્યુ અને દક્ખણમાં ૧૩૪૭ માં હસને બ્રાહ્મણી રાજય સ્થાપ્યુ

ગુણદોષ—એ વિદ્વાન, ચોક્કસ મનનો, બહાદુર અને વિદ્વાનો ને આશ્રય આપનારો પણ અવિચારી અને ગાંડો હતો હિંદના મુસલમાન બાદશાહોમા વહુલાતના નિયમ ઠરાવવામા તે સૌથી પહેલો હતો અને માણસના ઉપર નિર્દયતા વાપરવામાં એના જેવો બીજો કોઇ પાદશાહ ઇતિહાસમાંથી મળી આવતો નથી

ફિરોજશાહ—૧૩૫૧–૧૩૮૮ એની મા દીપલપુરના રજપુત રાજાની કુંવરી હતી. આ કુંવરીને પરણવા મુસલમાનો એના રાજયને

હેરાન કરતા હતા, માટે પ્રજાની હેરાનગતિ મટાડવા તે સુલતાનને પરણી હતી તેના સારા ગુણો ફિરોજશાહમાં આવ્યા હતા તે પઠાણ રાજાઓમાં સૌથી શ્રેષ્ઠ હતો, તેણે ઘણા સુધારા કર્યા છે

સુધારા—(૧) મહમદ તઘલખે જે લોકો ઉપર જુલમ ગુજારેલો તેમને બનતો બદલો વાળી આપી મનોષનામા લખાવી લીધા અને તે બધા મહમદની કબરમાં મુકર્યા

(૨) ખેડુતો ઉપરનો દશ ઘણો કર કાઢી નાખી કુરાનમાં કહેલો તેટલોજ રાખ્યો

(૩) મહમદ તઘલખના વખતથી લોકો પાસે રાજ્યનું ઘણું દેવુ થઈ ગયુ હતું, તે મ ડી વાળી તેના બધા દસ્તાવેજો બાળી મુક્યાં.

(૪) કોઇ અમલદાર પ્રજા પાસેથી જોર જુલમથી નાણું લાવે તો તેને શિક્ષા કરવાનો ધારો કર્યો

(૫) તેણે જમના અને સતલજ નદીઓમાંથી નહેરો કાઢી અને તે ઉપર ધજનેરા નીમ્યા

(૬) તેણે ધર્મશાળાઓ, પુલો, નિશાળો, (અરબી ને ફારસી) મસીદો, કિલ્લાઓ વગેરે બધા મળીને ૮૪૫ લોકોપયોગી કામો કર્યાં.

(૭) તેને બગીચાનો ઘણો શોખ હોવાથી દિલ્હીની આસપાસ બારસે અને બીજા ઘણી જગાએ બગીચા બધાવ્યાં હતા

(૮) પડતર જમીન ખેડાવી ઉપજમા વધારો કર્યો, અને તે ઉપજ વિદ્યા તથા ધર્માદા કામમાં વાપરી

ગુણ—તેણે ઘણા સુધારા કરવાથી લોકોને ઘણું સુખ મળ્યું તે પ્રજાના પિતા જેવો હતો તથા ગરીબોને આશ્રય આપતો અને

ખરચે નોકરોને પાળતો હતો આ કામોમાં મદદ કરનાર તેનો નિમકહલાલ વજીર મકબુલખાન હતો તેણે પ્રજા તરફ સારી વર્તણુક ચલાવી તો પણ કેટલીક વખતે તે હિંદુઓ પ્રત્યે ઘાતકી રીતે વર્તતો અને તેમનાં દેવળો તોડી તે પત્થરવડે મસીદો બંધાવતો તેણે પોતાનું જીવનચરિત્ર લખ્યું છે તેમાં એ પ્રમાણે કબુલ કરે છે

ફિરોજશાહ પછી અનુક્રમે ગ્યાસુદીન, અબુબકર અને નાશરૂદીન થયા તેમના વખતમાં કેટલાક રજપૂતો અને પઠાણો સ્વતંત્ર થયા

મહમદ બાજો—૧૩૯૪–૧૪૧૨–એ ફિરોજશાહનો ચોથો પૌત્ર હતો એના વખતમાં તૈમુરે ચઢી આવી, તેને હરાવ્યો, અને દિલ્હીમાં રહી ૧૫ દિવસ લુટફાટ ચલાવી તથા ઘરો બાળી નાંખી છેક પાયમાલ કરી નાંખ્યું પછી ભારે લૂટ લઇ સુખે સુખીને પાછો ગયો, મહમદના મરણ પછી દોલતખાને ૧૫ માસ કારભાર કર્યો હતો

તૈમુર લંગડો—તે શરીરે ઉંચો અને દેખાવડો હતો તેની આંગળીઓ જાડી તથા પગ લાંબા હતા અને ચહેરો ભવ્ય, આંખો ચાલાક તથા અવાજ ઝીણો હતો તે લંગડો હોવાથી તેને તૈમુરલંગ કહેતા હતા વળી તેના લશ્કરમાં ઘણુંખરા તાતાર લોકો હોવાથી તેને તૈમુર તાતાર પણ કહેતા હતા તે સ્વભાવે નિર્દય અને ઘાતકી હતો, તેણે જેટલા માણસોના જીવ લીધા તેટલાના ભાગ્યેજ કોઇએ ભાગ્યેજ લીધા હશે તેનો મુખ્ય હેતુ લુટફાટ અને [illegible] વાનો હતો

તે સને ૧૩૯૮ માં તુર્ક, તાતાર અને ઇરાનીઓનું જબરૂં લશ્કર લઇને વરોળીઆની માફક અફઘાનિસ્તાનમાં થઇ પંજાબમાં પેઠો ત્યાંથી રસ્તામાં ગામડા બાળતો અને કતલ ચલાવતો દિલ્હી તરફ ચાલ્યો દિલ્હીની નજીક આવતા એક લાખ કેદીઓને સાચવવાનું મુશ્કેલ લાગવાથી ૧૫ વર્ષની ઉપરાતના બધા કેદીઓને મારી નખાવ્યા

આ સમાચાર સાભળી દિલ્હીના લોકો ગભરાવા લાગ્યા અને પઠાણ રાજા મહમદ બીજો દરવાજો વાસી શહેરમા ભરાયો પણ થોડા દિવસ પછી વગર વિચારે લશ્કર લઇ બહાર નીકળ્યો તેના ઉપર તૈમુર તુટી પડયો અને તેને સખત હાર ખવડાવી પછી ૧૫ દિવસ સુધી દિલ્હી લુટયુ અને બાળ્યુ તથા લોકોની કતલ કરી ભારે લુટ અને સખ્યાબંધ ગુલામો લઇ પાછો ગયો તેણે દિલ્હીને છેક પાયમાલ કરી નાખ્યુ, તે હિંદમાં માત્ર પાચ માસ રહી સ્વપ્ન માફક ચાલતો થયો તેના ગયા પછી લોકોએ તેને તથા તેના તાતારોને ઘણી મુદત સભાર્યા

તૈમુર પછીનું હિંદ ઇ. સ ૧૪૦૦—૧૫૦૦

સૈયદ વંશ ઇ ૧૪૧૪-૧૪૫૦-૩૬ વર્ષ

ખીજરખાન—૧૪૧૪-૧૪૨૧ તે ૧૪૧૪ માં દિલ્હીની ગાદી દબાવી પડયો, પણ તેની સત્તા દિલ્હી અને તેની આસપાસના થોડા પ્રદેશપર હતી

મુબારેક—૧૪૨૧-૧૪૨૩ તેને ૧૨ વર્ષ રાજ્ય કર્યા પછી મારી નાંખવામા આવ્યો, અને તેના ભત્રીજા સૈયદ મહમદને ગાદી આપી.

સૈયદ મહમદ—૧૪૩૩—૧૪૪૩—તેના વખતમાં માળવાના સુલતાને દિલ્હીપર હુમલો કર્યો. આ વખતે પાદશાહને પંજાબના સુબેદાર બહિલોલખાન લોદીએ મદદ કરી હતી

અલાઉદ્દીન—૧૪૪૩—૧૪૫૦—પાતાથી રાજ્ય થઇ શકશે નહિ એમ ધારી તેણે બહિલોલખાનને રાજ્ય સોંપી દીધુ અને પોતે બાકીના ૨૮ વર્ષ પોતાની જાગીરમા સુખ ચેનથી ગળ્યા

લોદી વંશ.

ઈ. સ ૧૪૫૦—૧૫૨૬—૭૬ વર્ષ.

બહિલોલખાન—૧૪૫૦—૧૪૮૮—એ પંજાબનો સુબેદાર હતો એટલે તેને ગાદી મળતાં દિલ્હીના રાજ્યમાં પંજાબનો મુલક ભેળાયો તેણે ૨૬ વર્ષ લડી જુવાનપુરનું રાજ્ય તાબે કર્યું તે સૈયદ વંશના કોઇ પણ પાદશાહ કરતાં વધારે જોરાવર હતો તેનો અમલ પંજાબથી બહાર સુધીના બધા મુલકપર હતો તેને ઉપલક ભપકો અને દરબારી ઠાઠ પસંદ પડતો નહિ. તેના મરણ પછી તેનો દિકરો સિકંદર ગાદીએ બેઠો

સિકંદર—૧૪૮૮—૧૫૧૭—તેણે ગાદીએ બેસતાં બહારનું રાજ્ય જીતી લીધુ, અને દિલ્હીથી ગાદી બદલી આગ્રામાં લઇ ગયો. તે હિંદુઓ પ્રત્યે ઘાતકી રીતે વર્ત્યો, તેણે ઘણા હિન્દુઓને મારી નાંખ્યા, તેમનાં દેવળો તોડી નાખ્યા અને તેમને જાત્રાએ જવાની તથા પવિત્ર નદિઓમાં નાહવાની બંધી કરી, પણ મુસલમાનો તરફ

સારી રીતે વર્ત્યો તેના વખતમા વાસ્કોડીગામા ૧૪૯૮ માં હિંદના કાલીકટ બંદર આવ્યો.

ઈબ્રાહીમ લોદી—૧૫૧૭—૧૫૨૬—ને મગરૂરી ને ઘાતકી હોવાથી તેણે ઘણી ખરાબ રીતે રાજ્ય વહીવટ ચલાવ્યો તેણે પોતાના એક ભાઈ જુવાનપુરના સુબાને મારી નખાવ્યો, અને બીજાને કેદ કર્યો તથા લોદી રાજાઓએ મેળવેલો બધો મુલક ખોયો આ રાજા અફઘાન ઉમરાવો તરફ પહેલાના રાજાઓ માફક નહિ વર્તતા ઘણી ખરાબ રીતે વર્ત્યો જ્યારે તેઓ તને મળવા આવે ત્યારે અદબ કરાવી ઉભા રાખતો તથા પોત બોલે ત્યાસુધી તેમને કંઈ બોલાવા દેતો નહિ. આથી અમીરો તેના ઉપર ગુસ્સે થયા અને તેની આજ્ઞા માનતા નહિ માટે તેમને મારી નખાવ્યા, એટલે ઘણા સરદારો તે સામા ઉઠયા તેમા મુખ્ય ચિતોડનો રાણો સંગ તથા પંજાબના સુબેદાર દોલતખાન હતા તેમણે મોગલ રાજા બાબરને હિંદુસ્તાન જીતવા બોલાવ્યો, બાબરે આવી ઇબ્રાહિમને હ[illegible] મર્યો અને મોગલો હિંદુસ્તાનના ધણી થયા. આ ઇબ્રાહીમ અફઘા[illegible]નો છેલ્લો રાજા હતો. તેણે રાજસત્તા ખોઇ

આ વખતે ઉત્તર અને મધ્ય હિંદમા પંજાબ, બંગાળા, જુવાનપુર, ગુજરાત, માળવા, અને સિંધ (મુલતાન) માં પઠાણ રાજાઓનો સ્વતંત્ર અમલ હતો અને રજપુતાનામાં રજપુત રાજ્યો હતાં તેમાં મુખ્ય ઉદેપુર (ચિતોડ) નુ રાજ્ય હતું વળી દક્ષણમાં બે મોટા રાજ્યો પૈકી બ્રાહ્મણી (પઠાણ) અને વિજયનગરનું હિંદુ રાજ્ય હતુ

દક્ષિણપર અફઘાનોના હુમલા
ઈ સ ૧૨૯૪—૧૩૧૨

(૧) ઈ સ. ૧૨૯૪ માં જલાલુદ્દીનના વખતમા અલાઉદ્દીન દેવગીરી ગયો અને ત્યાના રાજા પાસેથી પુષ્કળ પૈસા તથા જવાહીર લઈને પાછો આવ્યો

(૨) ઈ સ ૧૩૦૬ માં કાફુરે મહારાષ્ટ્રની રાજધાની દેવગીરી ઉપર ચઢાઈ કરી ત્યાના રાજા રામદેવને પકડી દિલ્હી આણ્યો.

(૩) ઈ સ ૧૩૦૯ માં કાફુરે તૈલગણના મુખ્ય શહેર વરગુળ ઉપર સ્વારી કરી જીતી લીધુ

(૪) ઈ સ ૧૩૧૦ માં કાફુરે ફરીથી દેવગીરી જઈ રામદેવના દીકરા શંકરદેવને હરાવીને માર્યો અને બધો માહારાષ્ટ્ર ઉજાજડ કર્યો

(૫) ઈ સ ૧૩૧૦ મા કાફુરે કર્ણાટકની રાજધાની દ્વારસમુદ્ર જીતી લીધી

(૬) ઈ સ ૧૩૧૨ માં આખા દક્ષિણ હિંદમાં ફરી કાફુરે રજપુતોને હરાવ્યા, અને ઠેઠ રામેશ્વર સુધી જઈ ત્યા મસીદ બધાવી પાછો ફર્યો

આ બધો વખત હિંદુઓ બહાદુરીથી લડયા, પણ ઠડા પ્રદેશના અફઘાનો જોરાવર હોવાથી ઠેર ઠેર હાર્યા. તેમનાં દેવળોમાથી મુસલમાનો સોનુ તથા જવાહીર લઈ ગયા, અને તેમની મૂર્તિઓ ભાગી નાખી જે લોકો દેવના રક્ષણ માટે સામા થયા તેમને મારી નાખ્યા, કર્ણાટકના બહલાળ રાજાઓ ૯૦ વર્ષથી મ્હેસુરમા હલેબીડનું દહેરૂ બધાવતા હતા, તે મુસલમાનોએ અધુરૂ રખાવ્યુ, અને હજુ પણ અધુરી અવસ્થામા છે

૧૦ બ્રાહ્મણી તથા વિજયનગરનું રાજ્ય.

બ્રાહ્મણી રાજ્ય—૧૩૪૭—૧૫૨૬—મહમદ તઘલખના ખરાબ રીતે અમલ કરવાથી હસનગંગુએ ઈ. સ. ૧૩૪૭માં સ્વતંત્ર થઈ ગુલબર્ગમાં આ રાજ્ય સ્થાપ્યું. એનો સ્થાપનાર હસન પ્રથમ ગરીબ અફઘાન હતો. તેણે ૩૦ વર્ષ દિલ્હીના ગંગુ નામે બ્રાહ્મણને ત્યાં ખેતીના કામમાં ગાળ્યાં હતાં. એક દિવસ ખેતરમાંથી ધન જડ્યું, તે તેણે નહિ રાખતાં પોતાના શેઠને સોંપ્યું, ગંગુ તેનું આવું પ્રમાણિકપણું જોઈ ખુશ થયો અને પોતાને દિલ્હીના બાદશાહ સાથે પિછાન હતું તેથી હસનને ઘોડસ્વારની ટુકડીનો ઉપરી બનાવરાવ્યો. જ્યારે મહમદ તઘલખે દોલતાબાદને પાટનગર કરવાનો વિચાર કર્યો ત્યારે તેણે સ્વતંત્ર થઈ જઈ ગાદી સ્થાપી અને ગંગુને પ્રધાન બનાવી પોતાનું નામ હસનગંગુ **બ્રાહ્મણી** રાખ્યું.

બ્રાહ્મણી અને વિજયનગરના રાજાઓ પ્રથમ દોસ્ત હતા. અને એક બીજાને અરસપરસ મદદ કરતા, પરંતુ બંને રાજ્ય મજબુત બન્યાં ત્યારે એકબીજા સાથે લડવા લાગ્યા.

લડાઈ—એક વખત બ્રાહ્મણી સુલતાને વ્યસની બની વિજયનગરના કૃષ્ણરાજાની તીજોરીપર હુમલો કર્યો, આથી કૃષ્ણરાજાએ ગુસ્સે થઈ સુલતાનના રાજ્યમાં જઈ એક કિલ્લો લીધો અને ઘણાં માણસ મારી નાખ્યાં. આ વાત સુલતાને જાણી ત્યારે તેણે એક લાખ હિંદુના જીવ લીધા વિના તરવાર મ્યાન ન કરવી એવું પણ લીધું, અને વિજયનગરના રાજ્યમાં જઈ તે પણ પૂર્ણ કર્યું. છેવટે કૃષ્ણરાજાએ પ્રધાનના કહેવાથી સુલતાનને પૈસા આપી લડાઈ બંધ પાડી.

ગુલબર્ગમાં ૭ બ્રાહ્મણી રાજાઓએ રાજ્ય કર્યું સાતમો ...

હમદશાહ રાજધાની બીડરમાં લઇ ગયો તેણે વિજયનગરના દેવરાજાને હરાવ્યો, અને તેની દીકરી સાથે પરણ્યો, પણ પરણ્યા પછી દેવરાજા તેને ઠેઠ સુધી વળાવવા ન ગયો આથી સુલતાને ગુસ્સે થઇ તેનાપર ફરી ચઢાઇ કરી પણ તેમાં તે નાસીપાસ થઇ મરણ પામ્યો આ રાજ્ય ઇ સ. ૧૫૦૦ માં તૂટી તેના વિજાપુર, અહમદનગર, ગોવળકોંડા, બીડર અને વરાડ એ પ્રમાણે પાંચ ભાગ પડયા.

દક્ષિણનાં મુસલમાન રાજ્યો ૧૫૦૦—૧૬૫૭.

૧—વિજાપુર આ રાજ્ય યુસુફે આદિલશાહે ઇ સ. ૧૪૮૯ માં સ્થાપ્યુ યુસુફ તુર્કસ્તાનના સુલતાન મુરાદનો છોકરો હતો મુરાદના મરણ પછી તેના ભાઇએ તેને મારી નાખવાનો વિચાર કર્યો તેથી તેની માએ તેને ઇરાન મોકલી દીધો ત્યાંથી તે ગુલામ તરીકે બ્રાહ્મણી રાજ્યમા દાખલ થયો અને ચઢતા ચઢતા બીજાપુરનો ગવર્નર બન્યો હતો હવે બ્રાહ્મણી સુલતાન જ્યારે નબળો પડયો ત્યારે તે સ્વતત્ર થઇ ગયો શિવાજીએ આ રાજ્યનો ઘણો મુલક જીતી લીધો હતો. આ રાજ્ય ૧૬૮૬ માં ઔરંગજેબે જીતી લઇ તેનો અત આણ્યો

૨ અહમદનગર—આ રાજ્ય ઇ સ ૧૪૮૯ મા નિઝામશાહે સ્થાપ્યુ તેનો બાપ બ્રાહ્મણ હતો, પણ નાનપણમા ગુલામ તરીકે પકડવાથી મુસલમાન બન્યો હતો તેણે ૭ વર્ષ ઘેરો ઘાલી દોલતાબાદ લીધુ ૧૫૯૫ માં અકબરના છોકરા મુરાદે અહમદનગરને ઘેરો ઘાલ્યો ત્યારે નિઝામશાહના વંશનો કોઇ નહિ હોવાથી ચાંદબીબીએ આવી લશ્કરની આગેવાની લીધી અને મોગલોને પાછા હઠાવ્યા, આથી મુરાદે વરાડ પ્રાંત લઇ સલાહ કરી થોડા વખત

પછી ચાંદબીબીને કોટએ મારી નાખી, એટલે અકબરે ઈ સ. ૧૫૯૯ મા આખા અહમદનગર લીધુ. પણ પાછળથી મલિકઅંબરે જીત લઇ લીધુ આના વઝીરો પાસેથી શાહજહાને ઈ સ ૧૬૩૬ માં જીતી લીધુ

૩ ગોવળકોંડા—આ રાજ્ય કુતુબશાહે ઈ સ ૧૫૧૦ મા સ્થાપ્યુ તેના પછીના મહમદે હૈદ્રાબાદ વસાવ્યુ અને ઈ સ. ૧૬૮૭ મા ઔરંગઝેબે જીતી લીધુ

૪ બીડર—એ રાજ્ય કાસીમ બરીદે સ્થાપ્યુ બરીદ પ્રથમ ગુલામ હતો પણ પાછળથી વધતાં વધતાં મહમદનો પ્રધાન બન્યો હતો, અને છેવટે તેને કેદમાં નાખી જાતે રાજા થયે આ વંશના સાતમા રાજા પાસેથી બિજાપુરના સુલતાને બીડર લીધુ અને ૧૬૫૭ મા ઔરંગઝેબે મોગલ રાજ્યમા જોડી દીધુ

૫. વરાડ—આ રાજ્ય ઇમાદ-ઉલ-મુલ્કે ઇ સ ૧૪૮૪ મા સ્થાપ્યુ તે જાતે કાનડી બ્રાહ્મણ હતો પણ કેદ પકડાવાથી મુસલમાન બન્યા હતો તે વધીને આખરે વરાડનો ગવર્નર બન્યો અને વખત આવે સ્વતંત્ર થઇ ઇલીચપુરમા ગાદી સ્થાપી તેને ૧૫૭૨ મા વરાડના રાજ્યે જીતી લીધુ અને અકબરે પોતાના રાજ્યના છેવટના ભાગમા જોડી દીધુ

દક્ષિણનાં હિંદુ રાજ્યો.

૧ વિજયનગર—આ રાજ્ય બુક્કરાય અને હરિહર નામના બે ભાઇઓએ ઇ સ ૧૩૩૬ મા સ્થાપ્યુ હતુ તેની સત્તા આખા દક્ષિણ હિંદપર હતી આ રાજ્ય હિંદની વિદ્વતા અને ગૌરવનુ છેલ્લુ સ્થળ હતુ ત્યાંના રાજા વિષ્ણુના ભક્ત હતા, પહેલા

એ રાજાના વખતમાં માધવાચાર્ય નામે બ્રાહ્મણ પ્રધાન હતો વિજય નગરમા શુક વંશના ૧૫૦ વર્ષના અમલ પછી નરસિંગ વંશ થયો આ રાજ્યને બ્રાહ્મણી રાજ્ય સાથે ઘણી લડાઇઓ થઇ હતી

તાલીકોટની લડાઇ—૧૫૬૫—દક્ષણનાં ચાર મુસલમાન રાજ્યોએ સંપ કરી ૧૫૬૫ માં વિજયનગરના રામરાજા ઉપર ચ ઢાઇ કરી તે રાજા અભિમાની અને ઘાતકી હતો તેને તાલિકોટ આગળ હરાવ્યો, તેમા લાખો માણસ મરાયાં અને વિજયનગર ઉજ્જડ થયુ, ત્યાર પછી હિંદુ નાયકો (પોલીગરો) વિજયનગરથી સ્વતંત્ર થઇ ગયા


૨ ચેરા—એ રાજ્ય ચેર નામે સ્થાનમા હતુ તેની રાજધાની તાલકદમા હતી તેમા ઇ સ ૨૮૯ થી ૯૦૦ સુધી ચેર રજપૂતોએ રાજ્ય કર્યું તેને ૧૦ મા સૈકામા આજુબાજુના રાજ્યો એ જીતી લીધુ

૩ **ચોલા**—આ રાજ્ય કર્ણાટકમાં હતું તેની રાજધાની પ્રથમ કાંજેવરામ (કાંચી) અને પછીથી તાંજોરમા હતી, તે રાજ્ય ૧૪ મા સૈકાથી પડતીમા આવ્યુ અને ૧૭ મા સૈકાની આખરે શિવાજીના ભાઇ વ્યંકાજીએ છીનવી લઇ મરાઠી રાજ્ય સ્થાપ્યુ

૪. **પાંડય**—આ રાજ્ય પાંડય નામના શૂદ્ર જાતિના પુરૂષે અયોધ્યાથી આવી ચોથા સૈકામાં સ્થાપ્યુ તેની રાજધાની મદુરામા હતી આ ગાદીએ એકજ વંશના રાજાઓએ લગભગ ૨૦૦૦ વર્ષ રાજ્ય કર્યું, એ રાજ્ય ૧૭૩૬ માં આર્કાટના નવાબે જીતી લીધુ

તૈમુરના વંશજો

તૈમુર
|
મીરાનહુસેન
|
મહમદમીરઝા
|
અબુસૈયદમીરઝા
|
ઉમરમીરઝા
|
મોગલ પાદશાહો ૧ બાબર (૧૫૦૬–૧૫૩૦)
|
- ૨ હુમાયુ (૧૫૩૦–૧૫૫૬)
  - ૩ અકબર (૧૨૫૬–૧૬૦૫)
    - ૪ જહાંગીર (સલીમ) (૧૬૦૫–૧૬૨૭)
      - ખુશરૂ (૧૬૨૧ મા મરણ પામ્યો)
      - ૫ ખુરમ (શાહજહાન) [૧૬૨૭–૧૬૫૮]
        - |
      - શહરીઆર ૫ તીઝ
    - મુરાદ
    - દાનીઆલ
- કામગાન
- હિદાલ
- અરકરી


ખુરમ
દારા
(૧૬૫૮ માં મરણ પામ્યો)
શુજા
૬ ઔરંગજેબ.
(૧૬૫૮–૧૭૦૭)
મુરાદ
૭ મોઆઝીમ (બહાદુરશાહ)
(૧૭૦૭–૧૭૧૨)
આઝમ
કામબક્ષ
૮ જહાંદારશાહ
(૧૭૧૨–૧૭૧૩)
અઝીમઉરસાન
રીફીઉશાન
મહમદ અખતર
૧૦ મહમદશાહ
(૧૭૧૯–૧૭૪૮)
૧૨ આલમગીર
૧૭૫૪–૧૭૫૯)
૯ ફરૂખશીર
(૧૭૧૩–૧૭૧૯)
૧૧ અહમદશાહ
૧૭૪૮–૧૭૫૪)
૧૩ શાહઆલમ (૧૭૫૯–૧૮૦૬)
૧૪ અકબર બીજો ૧૮૦૬–૧૮૩૭)
રફીઉદરજાત
(૧૭૧૯)
રફીઉદૌલા
(૧૭૧૯)
૧૫ મહમદશાહ બહાદુરશાહ
(૧૮૩૭–૧૮૫૭)

૧૧. મોગલ પાદશાહો.

મુગલ કે મોગલ એ મોગલ શબ્દનો અપભ્રંશ છે મુગલોનું રહેઠાણ મોગોલીઆ કે તાર્તરીમાં હતુ. કેટલીક મુદત પછી આ લોકો તુર્કસ્તાનમાં રથાયી રહેલા આર્યો સાથે ભળી ગયા, અને તેઓની દીકરીઓ સાથે પરણ્યા તેથી તે તુર્ક કહેવાયા તે ઉંચા, ગોરા અને દેખાવડા હતા તાતાર લોકો ઠીંગણા અને ચપટા ચહેરાવાળા હતા આ પ્રમાણે તુર્ક અને તાતારમા તફાવત હોવા છતાં લોકોએ બધાને મોગલ નામ આપ્યુ ખરૂ જોતા હવે પછી જે મોગલ પાદશાહો આવશે તેને તુર્ક પાદશાહો કહેવા જોઇએ તેઓ હિંદના મુસલમાન રાજાઓમા સૌથી વધારે સત્તાવાળા હતા

મોગલ વંશમા બધા મળીને ૧૫ બાદશાહો થયા તે પૈકી ૭ (બાબર, હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાન અને ઔરંગજેબ) એ પ્રસિદ્ધિ મેળવી બાકીનાની સત્તા તો માત્ર નામનીજ હતી

બાબર—ઇ સ ૧૫૨૬–૧૫૩૦—તૈમુરના મરણ પછી રાજ્યના ઘણા ભાગ પડી ગયા, તેમા ખોકંદનો ભાગ ઘણી મુદત પછી તેના પ્રપાત્ર અને બાબરના બાપ ઉમરમીરઝાને ભાગ આવ્યો હતો. તેના મરણ પછી બાબર ૧૩ વર્ષની વયે ગાદીએ બેઠો ગાદીએ બેસતાંજ પોતાના કાકા અહમદ મીરઝા સાથે લડવુ પડ્યુ તેમાં રાજ્ય ખોઇ તુર્કસ્તાનના ભટકતા સરદારો સાથે કેટલીકવાર ઉઘાડા મેદાનમાં અને કેટલીકવાર ઘોડાપર આખો દિવસ ફરવુ પડતુ આખરે તુર્કસ્તાનમા તેના જેવા બહાદુર સરદાર હોવાથી તે અફઘાનિસ્તાનમા ગયો ત્યા જઇ કાબુલ અને ગીજની લીધાં પછી પોતાનું

બળ જમાવવા પંજાબપર ચાર વાર ચઢી આવ્યો અને મુલક જીતી ત્યાં સુધી મુકતો ગયો

તેના મુખ્ય બનાવો. (૧) ઇબ્રાહીમ લોદી સાથે લડાઇ (૨) સંગ રાણા સાથે લડાઇ (૩) ચંદેરીપર ચડાઈ (૪) લક્ષણ (૫) હુમાયુની માંદગી અને બાબરનુ મરણ

૧. ઇબ્રાહીમ લોદી સાથે લડાઇ—આ લોદી ઉપર તેણે દોલતખાન અને સંગના કહેવાથી ચઢાઇ કરી તેના લશ્કરમા ૧૩ હજાર સિપાઇઓ હતા, પરંતુ દરેક સો સો લડાઇઓ લડેલો હતો, તેમને લઇ બાબર દિલ્હી તરફ ગયો ઇબ્રાહીમ પાસે ૧ લાખ માણસનું લશ્કર હતુ પરંતુ તે નબળુ પડી ગયેલુ હતુ બાબરે ઇબ્રાહીમની બીચોબીચ ટુકડીઓ ઉપર હલ્લો કર્યો અને પછી પાછલા ભાગ ઉપર ધસારો કરી લશ્કર વિખેરી નાખ્યુ આથી તે તથા તેના ૨૦૦૦૦ ઘોડેસ્વાર રણમાં પડ્યા આ લડાઈ ઇ સ ૧૫૨૬ માં પાણીપતના મેદાનમા થઇ હતી

બાબરે દિલ્હીમાં રહી હુમાયુ તથા બીજા સરદારોને મુલક જીતવા મોકલ્યા તેમણે જુવાનપુર વગેરે બીજા મુલકો જીતી લીધા. પછી થી બાબરે મળેલો પૈસો પોતાના મિત્રો, સગાવહાલા વગેરેને વહેચી આપ્યો

૨ સંગરાણા સાથે લડાઇ—ઇ સ ૧૫૨૭—મેવાડનો રાજા સંગ નામીચો હતો, તે મલ્લને પછાડે એવો જબરો યોદ્ધો હતો અને બધા રજપૂત રાજાઓમા અગ્રેસર ગણાતો હતો લડતાં તેની એક આંખ ગઇ હતી તથા એક હાથ ને પગ ભાગ્યો હતો એના આખા શરીરમા લગભગ ૮૦ જખમો પડેલા હતા. તેની મદદે ૭ રાજા, ૧૦૪ સરદારો, મહમદખાન લોદી અને હસનખાન

આવ્યા હતા બાબરને જીતવાની આશા ન રહેવાથી તેણે દારૂ પીવાની બાધા લીધી વળી જેટલો દારૂ હતો તે બધો બગાડી નાખ્યો લડાઈમાં તેનાં કેટલાક માણસ નાહિંમત બનતા જોઇને પોતાની પાસે બોલાવી ઘણો બોધ આપ્યો અને સરદારોને કુરાન પર સમ ખવડાવી ઘણી હિંમત આપી આ લડાઈ ઇ સ ૧૫૨૭ માં ફતેપુર સિક્રી આગળ થઈ તેમાં સગ હાર્યો ને નાઠો હસન ખાન મરાયો અને ત્યાર પછી રજપૂતો રજપૂતાના મભાળી રહ્યા.

૩ ચદેરીપર ચઢાઇ—ઇ સ ૧૫૨૮—બીજે વરસે ચદેરી પર ચઢાઈ કરી તેમા રજપૂતેએ તાબે ન થતાં બૈરાં છોકરાં બાળી મુકી કેસરીઆં કર્યા

૪ લક્ષણ—બાબરનુ ખરૂ નામ ઝાહીરૂદ્દીન હતુ તેના નામનો અર્થ સિંહ થાય છે તે એટલો તો જોરાવર હતો કે પોતાના બે હાથમાં બે મજબુત માણસોને લઇ દિવાલની ટોચપર દોડી જતો તેને રણભૂમિ ઘણી પ્રિય હતી તે શરણે આવેલાને મારતો નહિ લોકોના જીવ લેવા, દેવાલયોનો નાશ કરવો અને દેશ લુટવો એ તેની મતલબ નહતી પણ તેણે ડહાપણથી રાજ્ય કર્યું તેનું જીવન ચરિત્ર તેણે પોતે લખ્યુ છે તેને ફળફુલનો બહુ શોખ હતો.

૫. હુમાયુની માદગી અને બાબરનુ મરણ—જ્યારે એનો છોકરો હુમાયુ માદો પડયો ત્યારે એક ધાર્મિક અમલદારે તેને કહ્યુ કે તમારી વહાલી ચીજ જે કિંમતી હીરો છે તે ઇશ્વરને અર્પણ કરો બાબરે કહ્યુ કે હીરા કરતાં મારી જીદગી હું વધારે અમૂલ્ય ગણુછુ એમ ધારી પોતાના માદા દીકરા હુમાયુના ખાટલાની પાછળ ત્રણ ફેરા ફરી ઇશ્વરની પ્રાર્થના કરી કે “ મારી જીદગી

થઈ લે અને હુમાયુને બચાવ " મુસલમાન તવારીખ લખનાર કહે છે કે હુમાયુ બચ્યો અને બાબર ૪૮ વરસે મરણ પામ્યો તેનું મડદુ તેની પસંદ કરેલી જગાએ દાટયુછે તેના ચાર છોકરા હુમાયુ, કમરાન, હિંદાલ અને અસ્કરી હતા

હુમાયુ—ઇ સ ૧૫૩૦—૧૫૫૬—મબરે હુમાયુને મરતાં અગાઉ તેના ભાઇઓ સાથે મ ...ને વતવા કહ્યું હતુ તેથી હુમાયુએ પોતાના બાપના વચન પ્રમાણે ભાઇઓ સાથે વર્તી તેમને રાજ્યનો કેટલાક ભાગ આપ્યો હતો તેણે કામરાનને અફગાનિસ્તાન અને પંજાબ આપ્યા એ કામમાં તેની ભલાઈ નહોતી કેમકે એ દેશ બહાદર લડવૈયાથી ભરપૂર હતા

તેના વખતમા મુખ્ય બનાવ—(૧) બહાદુરશાહ સાથે લડાઇ (૨) ચાંપાનેર ઉપર ચઢાઈ (૩) શેરખાન સાથે લડાઈ (૪) હમીદા બેગમ (૫) મેળવેલી મદદ (૬) મરણ અને (૭) ગુણ

૧ બહાદુરશાહ સાથે લડાઇ—હુમાયુને પહેના ગુજરાતના સુલતાન બહાદુરશાહ સાથે લડાઇ થઈ તેમા સુલતાન હારી દીવ બંદરે નાશી ગયો ત્યા જઈ પોર્ટુગીઝ લોકોને કોઠી બાધવાની પરવાનગી આપી, પણ તેમણે કોઠીને બદલે કિલ્લો બાધ્યો જ્યારે બહાદુરશાહે રાજ્ય પાછુ મેળવ્યુ ત્યારે આ બાબતનો પસ્તાવો થવાથી તેણે પોર્ટુગીઝ સરદારને કપટથી મળવા બોલાવ્યો પણ એ સરદાર પોતે નહિ આવતા તેણે બહાદુરશાહને મળવા બોલાવ્યો અને દરિયામાંથી પાછા વળતા મારી નાખ્યો તેનુ મડદુ પણ હાથ લાગ્યુ નહોતું

૨ ચાંપાનેર ઉપર ચઢાઇ—હુમાયુએ ચાંપાનેરના કુમરી

કિલ્લાને ખીલા મારી નીસરણી બનાવી, અને ૩૦૦ માણસો સાથે ચઢી કિલ્લો તાબે કર્યો ઇ સ ૧૫૩૫ પછી હુમાયુએ કિલ્લેદારને પોતાને ઘેર બોલાવી જમાડીને ખુબ દારૂ પાયો આથી તેણે ખજાનો ક્યાં છે તે બતાવી દીધુ એટલે ટાકુ ખાલી કરો તેની નીચેની ઓરડી ખોલી ખજાનો કાઢી લીધો આ માંનો કેટલોક પોતાના સરદારોને વહેંચી આપી અને બાકીનો પોતે મોજમઝામાં ઉડાવ્યો.

૨ શેરખાન—અસ્કરીને ગુજરાતમાં મૂકી હુમાયુએ માળવા જઇ અફઘાનોને કાઢી મૂકયા તેને દિલ્હી પહોચતાં ખબર મળી કે પૂર્વમાં ઠેકાણે ઠેકાણે બંડ ઉઠયા છે આમાં મુખ્ય શેરખાન હતો તેણે પાંચ વર્ષમા બહાર ને બંગાળાના કિલ્લા જીતી લઇ પોતાનું જોર વધાર્યું હતુ. હુમાયુ હિંદાલ અને અસ્કરીને લઇ પૂર્વમાં ચાલ્યો. તેણે ૬ માસ છાપો મારી ચુનારનો કિલ્લો લીધો આ દરમ્યાન શેરખાન બંગાળા છોડી પોતાના ખજાના તથા લશ્કર સહિત રોહતાના કિલ્લામા ગયો હુમાયુએ ગૌડ જઈ હિંદાલને આગ્રે નવું લશ્કર લેવા મોકલ્યો આ વાતની શેરખાનને ખબર મળતાં તેણે બંગાળા ને બહારના રસ્તા રોકી ત્યાં દિવાલો અને ખાઇઓ ખોદાવી જેથી હુમાયુને મદદ મળી નહિ, માટે તેણે બે માસ સુધી કામરાન અને હિંદાલને તાગીદ લખ્યા કર્યા પણ મદદ ન મળવાથી શેરખાન સાથે સલાહ કરવા ધાર્યું શેરખાને કહ્યું કે બંગાળા ને બહાર મને આપો તો હું સલાહ કરવા અને ખંડણી આપવા તૈયાર છું આ વાત સાંભળી હુમાયુનાં માણસોએ બખ્તર કાઢી નાખ્યાં અને સર-સામાન બાંધી ઘેર જવાના વિચાર કરવા મંડયા

આ લાગ સાધી બેવચની શેરખાન રાત્રે હુમાયુના ઉંઘતાં

માણુસો ઉપર તુટી પડયો ઈ સ ૧૫૩૯ મા બકસર આગળ લડાઇ થઈ, હુમાયુ ઉંઘમાથી જાગી ઘોડેસ્વાર થઇ લડતો લડતો દુશ્મનોની મધ્યમા થઇને ચાલ્યો રસ્તામાં તેનો ઘોડો મરવાથી નદીમાં પડી નાસવા જતો હતો એવામા એક ભીસ્તી મળી આવ્યો તેણે પખાલમાં હવા ભરી હુમાયુને નદી પાર ઉતાર્યો આ કરેલા ઉપકારને બદલે તેણે ભીસ્તીને ત્રણ કલાક ગાદીએ બેસાડયો અને તેની પખાલના કડકા કરી નાણા તરીકે ચલાવ્યા

પછી કામરાન તથા હિદાલને નિખાલસ દીલથી માફી આપી પણ બે માસ પછી કામરાન પોતાના તથા હુમાયુના કેટલાક માણુસો લઈ લાહોર જતો રહ્યો. એવામાં શેરખાન ફરીથી આવ્યો અને હુમાયુને કનોજ આગળ ઇ સ. ૧૫૪૦ મા હરાવ્યો

૪ હમીદાબેગમ—હવે હુમાયુ ઇરાન તરફ જવા નીકળ્યો. સિધમા થઇને જતા હમીદા બેગમ સાથે લગ્ન કર્યું તેને પેટે ઉમરકોટમા ૧૫૪૨ માં અકબર જનમ્યો ત્યા પોતાના રિવાજ પ્રમાણે જવાહીર ન હોવાથી કસ્તુરી કાઢી પોતાના સરદારોને આપી અને કહ્યુ કે ‘ આ કસ્તુરી માફક મારા છોકરાની આબરૂ ફેલાજો ’

૫ મદદ મેળવી રાજ્ય પાછુ લે છે—આગળ જતા કામરાને અકબરને કેદ પકડયો, આથી હુમાયુએ ઇરાન જઇ ત્યાના શાહ તમસ્પ પાસેથી શીઆ પથ પાળવાની શરતે ૧૨૦૦૦ માણુસનુ લશ્કર લઇ અકબરને છોડવ્યો આખરે હુમાયુએ કાબુલને ઘેરો ઘલી કામરાનની આખો તેના દુષ્કૃત્યો બ ન ફોડાવી હિદાલ લડાઇમાં માર્યો ગયો અસ્કરી મક્કે જતાં રસ્તામા મરણ પામ્યો. એવામા શેરશાહ મરી ગયો હતો અને તેના વ શનો છેલ્લો રાજા

આદિલશાહ નબળો હતો તેને હુમાયુએ હરાવી ખોયેલાં દિલ્હી તથા આગ્રા ૧૫ વર્ષે ઇ સ ૧૫૫૫ મા પાછા મેળવ્યાં

૬ મરણ—તે એક દિવસ પાછલે પહોરે આરસપહાણની સીડીએ ચ્હડતો હતો તેવામાં મુલ્લાંની બાગ સાભળી તરતજ નમાજ પડવા બેઠો, પરતુ લાકડી ખસી જવાથી નીચે પડી તરત મરણ પામ્યો આ વખત તેની ઉમર ૫૦ વર્ષની હતી

૭ ગુણ—તે બહાદુર ચાલાક અને દૃઢ નિશ્ચયવાળો હતો પોતાના ભાઈઓ સાથે પ્રીતિથી વર્તતો તેને નાનપણમા મોજમઝા બહુ ગમતી પાછલા ભાગમા અફીણ ખાવાની ટેવ પડી હતી તેથી આળસુ ને નબળા મનનો બની ગયો હતો તેનુ જીવનચરિત્ર જવહર નામના માણસે લખ્યુ છે તેના વખતમાં રૈયત સુખી હતી

સુર અથવા અફ્ઘાન વશ. ૧૫૪૦—૧૫૫૫

શેરશાહ—ઇ સ ૧૫૪૦—૧૫૪૫—એના મુખ્ય બનાવ

(૧) મેળવેલી જીત (૨) સુધારા તથા રાજનીતિ

તે શૂર જાતનો અફ્ઘાન હતો. તેનો દાદો બહિલોલખાનના વખતમાં પેશાવરથી આવી લશ્કરમા રહ્યો હતો તેનો બાપ જુવાનપુરના સુલતાનના વખતમા ઘોડેસ્વારની ટુકડીનો સરદાર બનેલો હતો. તેનુ મૂળ નામ ફરીદખાન હતુ. તેણે વાઘને એક ઝટકાથી માર્યો માટે તેનું નામ શેરખાન કે 'વાઘનો સરદાર' પડયુ

બાબર દીલ્હીપતિ થયો ત્યારે શેરશાહ તેના દરબારમાં ગયો

હતો, ત્યાં તેને ચમચાવતી ખાવાનુ પીરસવામાં આવ્યું, પણ તે ખાતા ન આવડવાથી અમીરો હસવા લાગ્યા તેની દરકાર ન કરતાં તેણે તરવારથી કટકા કરી ખાધું આથી બાબરે કહ્યું કે આ સરદાર આગળ જતાં ઉંચી પદવીએ ચઢશે

મેળવેલી જીત (૧) રોહતાસનો કીલ્લો લીધો—જ્યારે હુમાયુએ ચુનારનો કિલ્લો લીધો ત્યારે શેરખાને રોહતાસનો કિલ્લો લીધો હતો તેણે પ્રથમ રોહતાસના રાજાને કહ્યું કે મારા બેગમ છોકરાં અને ખજાના માટે કોઇ સહીસલામત જગા મારે જોઇએ છીએ તે આપો તેના બદલામાં હું હુમાયુ સાથે લડતા મરઉ તો મારો ખજાનો તમે લેજો પછી તેણે ૧૦૦૦ ડોળીઓ તૈયાર કરી તેમાની પહેલી બેમાં સ્ત્રીઓ બેસાડી અને બાકીનીમાં હથીયાર બંધ એકેક સરદાર મોકલવામાં આવ્યો એ ડોળીઓ જ્યારે કિલ્લા નજીક આવી ત્યારે રાજાએ તપાસી પણ પહેલી બે ત્રણમાં સ્ત્રીઓ જોઇ એટલામાં શેરખાના માણસે કહ્યું કે અમારા સરદારની સ્ત્રીઓને પરાયા માણસો જુએ તો ભારે નાલાસી થાય આથી બધી ટોળીઓ અંદર જવા દીધી પછી બધા અંદર ગયલા સરદારોએ દરવાજા ઉઘાડયા એટલે શેરશાહ લશ્કર સાથે અંદર દાખલ થયો

(૨) હુમાયુને હરાવ્યો—તેણે ઇ સ ૧૫૩૯ માં બકસર આગળ તથા ઇ સ ૧૫૪૦ માં કનોજ આગળ હુમાયુને હરાવ્યો

(૩) પુરાણમલ્લને માર્યો—તેણે માળવાના રાજા માલદેવના સરદાર પુરાણમલ્લને રેસીનના કિલ્લામા ઉગારવાનુ વચન આપી કર્યો બાબરે કલિંજરના કિલ્લાને ઘેરો ઘાલતાં શેરશાહ મરાયો.

રાજ્યનીતી અને સુધારા—તેણે ડહાપણથી રાજ્ય કર્યું. (૧) તે ઝુજ જેવી બાબતપર પણ ધ્યાન આપતો હતો (૨)

પ્રજાની સભાળ લેવી એ સારી પેઠે સમજતો હતો (૩) હિંદુઓ ઉપર જુલમ નહિ કરતા ટોડરમલ્લને વસુલાત ઉઘરાવવાનું કામ સોંપ્યું હતું (૪) લશ્કરને પગાર આપતી વખતે હાજર રહેતો હતો (૫) એણે બંગાળાથી પંજાબ અને આગ્રાથી માળવા સુધી ધર્મ શાળાઓ બંધાવી તથા મુસાફરોને વાસ્તે ખોરાક પાણીની મફત ગોઠવણ કરી (૬) ટપાલના કાગળ લાવવા લઇ જવાને ડાકના ઘોડા ગખ્યા અને રસ્તાની બને બાજુએ ઝાડો રોપાવ્યા (૭) કુવા, વાવ તળાવ મસીદો વગેરે બંધાવ્યા

તે વાઘના જેવો જોરાવર ને ચાલાક હતો વળી લુચ્ચો ને ઘાતકી હતો દુશ્મન પ્રત્યે બિલકુલ દયા બતાવતો નહિ તથા લડાઇમા કરેલો કરાર તોડવાથી લાભ થાય તો તે પાળતો નહિ

સલીમશાહ—ઇ સ ૧૫ ૫—૧૫૫૩—શેરશાહનો મોટો છોકરો આદિલશાહ દિલ્હીમા ન હોવાથી સલીમશાહ ગાદી બેસાવી પડયો, તથા આદિલશાહને જાગીર આપી પણ પાછળથી તેને મારવાનો વિચાર કરવાથી તે બહાર પ્રાંતમાં નાશી ગયો આ રાજાએ અફઘાન સરદારોને વશ કર્યા, અને સલાહશાંતિથી સારી રીતે રાજ્ય કર્યું તે જોરાવર, હોશિઆર ને દેખાવડો હતો

આદિલશાહ ઇ સ ૧૫૫૩-૧૫૫૫—સલીમશાહ પછી તેનો નાનો છોકરો ફીરોજશાહ ગાદીએ બેઠો પણ તેના કાકા મુબારીઝખાને ત્રણ દિવસમાં મારી નાખ્યો અને પોતે આદિલશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો એણે બધો પૈસો મોજમઝામા ઉડાવ્યો તથા હેમુ નામના નીચ માણસને સલાહકાર બનાવ્યો આખરે હુમાયુએ આવી તેને હરાવી દિલ્હી અને આગ્રા લઇ લીધા

મહાન અકબર—ઇ સ ૧૫૫૬—૧૬૦૫—એ હિંદના મુસ-લમાન રાજાઓમા શ્રેષ્ટ હતા વળી મોગલ વંશમાં સૌથી પ્રતાપી અને પ્રજાનુ હિત કરનાર હતો તેનુ આખુ નામ ' જલાલુદીન મહમદ ' હતું જે વખતે હિંદુસ્તાનમાં અકબર તે વખતે ઇંગ્લાંડમા ઇલીઝાબેથ રાણી ગાદી પર હતી

એના વખતના બનાવ (૧) હેમુને હરાવ્યો (૨) બહેરામ-ખાનની હાર (૩) મોગલ સરદારો તથા રજપુતોને વશ કર્યા (૪) પઠાણ રાજ્યો જીત્યા (૫) સલીમનો બળવો (૬) અબુલફજલનુ ખૂન. (૭) પ્રધાનો અને વિદ્વાનો (૮) જમાબંધી (૯) રાજ્યવ્યવ-સ્થા (૧૦) ધર્મ તથા ગુણ (૧૧) લોકોની સ્થિતિ અને સુધારા (૧૨) અકબરની યુદ્ધનીતિ (૧૩) અકબરનુ મરણ

૧ હેમુને હરાવ્યો—આ વખતે અકબર ૧૩ વર્ષનો હો-વાથી રાજ્ય કારભાર તેનો ફુઓ અને સરદાર બહેરામખાન ચલા-વતો હતો

બહેરામ અકબર સાથે લાહોર ગયો છે એવી ખબર મળતા હેમુ મહારાજા વિક્રમાદીત્યનો ખિતાબ ધારણ કરી દિલ્હીપર ચઢી આવ્યો અને આગ્રા તથા દિલ્હી તાબે કરી લાહોર ભણી ગયો, બહેરામે તેની સામા આવી ૧૫૫૬ મા પાણીપત (ચોથી) ના મેદા-નમાં હરાવી કેદ પકડયો, પછળથી પાદશાહની ના મરજી છતાં તેને મારી નાખી પાંચ વર્ષ સખ્તાઇથી અમલ ચલાવ્યો

૨ બહેરામખાન—તે પ્રથમ હુમાયુનો વજીર અને અક-બરનો ફુઓ તથા સરદાર હતો તેના સખ્તાઇ ભરેલા અમલથી કંટાળી તથા તેની માના કહેવાથી અકબરે ૧૮ વર્ષની ઉમરે તેથી

પાસેથી કારભાર લઈ લીધો, આથી તે ગુસ્સે થઇ નાસી ગયો અને લશ્કર એકઠુ કરી પજાબપર ચઢાઇ કરી પણ હાર્યો છેવટે તે બાદ શાહ આગળ આવીને નમી પડયો, તેથી અકબરે તેને માફી આપી માનથી બેસાડયો અને કહ્યુ કે તમારે દરબારમાં મોટી પદવી જો ઇએ છીએ, કે કોઇ પ્રાંતની સુબેદારી જોઇએ છીએ કે જાત્રાએ જવુ છે બહેરામખાને છેલ્લી બાબત પસદ કરી મક્કે જવા નીકળ્યો રસ્તામાં તેને મુબારકખા નામે અફઘાને મારી નાખ્યો

અકબરે રાજ્ય હાથમા લીધુ ત્યારે તેને મોગલ સરદારો, રજપુતો અને પઠાણોને વશ કરવાના હતા

ક अ મોગલ સરદારો. —બહેરામ ગયો કે તરતજ જુવાન-પુરનો ખાનજમાન, માળવાનો આદમખાન અને ગુરા પ્રદેશનો અમરૂઝા સામા થયા, આ વખતે અકબર પોતાના લશ્કરથી છુટો પડી એક હજાર માણસો લઈ છુપી રીતે બળવાખોરો ઉપર તુટી પડયો અને તેમને વશ કર્યા એમ ૨૧ વર્ષની વયે તેના તાબામા દિલ્હીનુ આખુ રાજ્ય આવ્યુ

ક ब રજપુતો—અકબરનો વિચાર રજપુતોને મદદગાર બનાવી પઠાણ રાજ્યો તોડવાનો હતો તેણે રજપુતોને વશ કરી તેમનુ રાજ્ય પાછુ સોંપ્યુ પરતુ પોતાનુ ઉપરીપણુ કબુલ રખાવ્યુ રજપુતો સાથે સારી રીતે વર્તવાથી અકબર પ્રત્યે તેમનો પ્રીતિભાવ ઉત્પન્ન થયો

૧ ચિતોડ ઉપર ચઢાઇ—મેવાડના રાજા સગના દીકરા ઉદે સીગે સલાહ ન કરી આથી અકબરે તેની રાજધાની ચિતોડ પર સ્વારી કરી આ કિલ્લો પહેલાં ૧૩૦૩ માં અલાઉદીનને ૧૫૩૩

માં બહાદુરશાહે જીતી લીધો હતો. ઉદેસીંગ અરવલ્લી પર્વતમાં નાશી ગયો, પણ તેનો બહાદુર સરદાર જયમલ તથા તેનો દીકરો પ્રતાપસિંહ મરતા સુધી લડયા એક દિવસ અકબરે જયમલને કિલ્લાનું બાકોરૂ પુરાવતા જોઇ તાકીને બંદુક મારી એટલે તે મરી ગયો આથી રજપુતોએ કેસરીઆ કર્યા. તેમાં ૮૦૦૦ રજપુતો મરાયા પ્રતાપસિંહે ચિતોડ પાછું ન મળે ત્યાં સુધી સોના રૂપાના થાળમાં નહિ જમવાની, પથારીપર નહિ સુવાની અને દાઢી મુછ નહિ આમળવાની બાધા લીધી હતી પરંતુ ચિતોડ પાછું નહિ મળવાથી પોતાના બાપના નામ ઉપરથી નવું ઉદેપુર વસાવી ગયા છે ત્યાંના રાણા હજુ સુધી તે પ્રતિજ્ઞા થોડી ઘણી પાળે છે.

૨ રણુસ્તંભોર પર ચઢાઇ—આ કિલ્લો સુરજસિંહના હાથમાં હતો, તેના ઉપર અકબરે ચઢાઇ કરી લડાઇ દરમ્યાન એક રાત્રે માનસિંહ અકબરને નિશાન પકડનારનો વેષ લેવરાવી કિલ્લામાં લઇ ગયો સુરજને બાદશાહને ઓળખ્યો અને તરત ઉભા થઇ છડી લઇ પોતાની જગાએ બેસાડયો. પછી માનસિંહે સુરજનને બાદશાહની નોકરીમાં દાખલ થવાનું કહ્યું અને અકબરે ૫૦ રજપુત રાજ્યનો સુબો બનાવવાનો કહ્યું, આથી સુરજને શરણ થઇ કિલ્લાની કુંચીઓ આપી દીધી.

૩ સગપણ—અકબરે રજપુત કુંવરીઓ સાથે લગ્ન કરી તેમના બાપ અને ભાઇઓને મોટા સરદાર બનાવ્યા જેપુરના બિહારીમલની કુંવરી સાથે અકબર પરણ્યો. અને બિહારીમલના પુત્ર ભગવાનદાસને પોતાનો સરદાર બનાવ્યો. વળી ભગવાનદાસના ભત્રીજા અને દત્તક પુત્ર માનસિંહને લશ્કરમાં મોટી જગા આપી.

અકબરનો મોટો છોકરો સલીમ બિહારીમલનો દોહિત્ર હતો. જે જોધપુરના રાજાની કુવરી જોધબાઇ સાથે પરણ્યો હતો આ પ્રમાણે ૭ વર્ષમાં ઉદેપુર સિવાય બધા રજપુતાનાનો ધણી થયો

૪ પઠાણ રાજ્યો વશ કરે છે—અકબરે રજપુતોની મદદથી બહાર, બંગાળા, ઓર્ઢીઆ, કાશ્મીર, સિંધ, માળવા, ગુજરાત, કાબુલ ને કંદહાર એટલા પઠાણુ રાજ્યો જીત્યા આ પ્રમાણે ઉત્તર હિંદ જીતી દકખણમાં ઇ સ ૧૫૯૯ મા જાતે ગયો અને અહમદનગર આગળ બગાવી ગયા તેમ તથા આશીરગઢ અને ખાનદેશ તાબે કર્યા તથા દાનીઆલનુ લગ્ન બિજાપુરના રાજાની કુવરી સાથે કર્યું

૫, સલીમનો બળવો—ઇ સ ૧૬૦૦ માં સલીમે પોતાના બાપના ૧૫ વર્ષના લાંબા રાજ્યથી અધીરા બની ગાદી લેવાનો પ્રયત્ન કર્યો તેણે પોતાની ૩૦ વર્ષની ઉમરે જોયુ કે અકબર દકખણમા છે અને સુબેદારો દૂર પ્રાંતોમા છે, આમ ધારી અલ્લાહબાદ તરફ કુચ કરી અયોધ્યા અને બહાર તાબે કરી ખજાનો કબજે કર્યો તથા પોતાને પાદશાહ કહેવડવવા લાગ્યો અને જાહેર કર્યું કે મારા પિતા મુસલમાની ધર્મના દુશ્મન છે તથા અબુલફઝલની મદદથી મુસલમાનોને કુરનનો ઉપદેશ છોડી દેવાની ફરજ પાડે છે માટે બધાએ મને મદદ કરવી જોઇએ અકબરને આ વાતની ખબર પડવાથી તેણે પત્ર લખ્યો કે તારી મુર્ખાઇ જવા દે વળી અહીંઆ સલીમને મદદ મળી નહિ તેથી સલીમે માફી માગી અકબરે તેને માફી આપી. ઓઢીઆ ને બંગાળાનો સુબો બનાવ્યો.

૬ અબુલફઝલનુ ખુન—અબુલફઝલ બાદશાહને કામે થોડા રક્ષક લઇ ગ્વાલિઅર જતો હતો, તે વખતે સલીમે નરસીંગરાવને

પૈસા આપી તેને મારી નખાવ્યો આથી અકબર ઘણો દિલગીર થયો, અને બે દિવસ સુધી ખાધું પીધુ નહિ તથા ઉંઘ્યો પણ નહિ સલીમે ખુન કરાવ્યાની અકબરને જ્યારે ખબર પડી ત્યારે તેણે કહ્યુ કે ' જો સલીમને રાજા થવાની મરજી હતી તો તેણે મને મારી અબુલફઝલને કેમ બચાવ્યો નહિ ?

— ❧ —

૭. પ્રધાનો અને વિદ્વાનો.

૧ અબુલફૈઝ (ફૈઝી)—તે મહાવિદ્વાન હતો તથા ફારશી ને સસ્કૃત બને ભાષા જાણતો હતો તેણે ઘણાં કાવ્યો લખ્યાં છે અકબરની તેના પર એટલી બધી પ્રીતિ હતી કે એક દિવસ મધ્ય રાત્ર ફૈઝી મરણ પથારીપર છે એવા સમાચાર મળતાજ અકબર તની પાસે ગયો, અને ઘુંટણીએ પડી તેનુ માથુ ઊચુ કરી કહ્યું કે ' મારા જુના વહાલા મિત્ર શેખજી, તમારે માટે હુ દાકતર લાવ્યો છુ, તમે કેમ બોલતા નથી ?' પણ બિચારો ફૈઝી આ વખતે મરણ પામ્યો હતો, આથી અકબરે દિલગીર થઇ પાઘડી નાખી દીધી અને મે ઢેથી ડમકાં લઇ રડવા લાગ્યો

૨ અબુલફઝલ—તે ૧૮ વર્ષની વયે પાદશાહની નોકરીમાં દાખલ થયો હતો તેણે અકબરનામા નામનુ પુસ્તક લખ્યુ છે આ પુસ્તકનો એક ભાગ જે આઇન અકબરી કહેવાય છે તેમાં અકબરનો રાજ્યકારભાર, દરબાર અને પાદશાહતનો હેવાલ આપ્યો છે તેણે પાદશાહની ઘણી દોસ્તીથી પોતાનો જાન ખોયો તે ભલો, વિદ્વાન, બહાદુર અને હોશિઆર હતો વળી નીમકહલાલ તથા વિશ્વાસુ નોકર હતો.

૩ **ટોડરમલ**—તે પંજાબનો હિંદુ કાયસ્થ હતો હિસાબી કામમાં ઘણો પ્રવીણ હતો તથા માપણી અને કર વેરા ઉઘરાવવાનું કામ સારૂં જાણતો હતો તે પહેલાં શેરશાહના દરબારમાં હતો તેને લડાઈમાં અને સુબા તરીકે મોકલવામા આવતો હતો તેની મનાહથી અકબરે જમાબંધીના કાયદા રચ્યા છે

૪ આ સિવાય **માનસીંગ** લશ્કરી સુબેદાર તથા વિદ્વાન હતો કવિ ગંગ વિદ્વાન હતો અને **ભગવાનસીંગ** પંજાબનો સુબેદાર તથા સલાહકાર હતો

૫ **જમાબંધી** (**વસુલાત પદ્ધતિ**)—અકબરે ટોડરમલની સલાહથી જમાબંધી કરી તેની કલમો નીચે પ્રમાણે છે

(૧) સઘળી જમીનની માપણી કરી પાક ઉપરથી તેના ચાર વર્ગ પાડયા

(૨) કસ વિનાની જમીનપર ફળદ્રુપ જમીન કરતાં ઓછો કર ઠરાવવામા આવ્યો

(૩) કર પેટે દાણાને બદલે નાણું લેવાનો ઠરાવ કર્યો

(૪) કર ઉઘરાવનારાઓને પગાર બાંધી આપ્યા

(૫) દર દશ વર્ષે મહેસુલ ફરી ઠરાવવા ઠરાવ કર્યો

૬ **રાજ્ય વ્યવસ્થા**—તેણે પોતાની પાદશાહતના હિંદુસ્તાનમા ૧૨ અને દક્ષણમાં ૩ એમ બધા મળી ૧૫ ભાગ પાડયા હતા આ પ્રાંતો કાબુલ, લાહોર, મુલતાન, દિલ્હી, અલ્લાહબાદ, આગ્રા, અયોધ્યા, બહાર, બંગાળા, ઓઢીઆ, અજમેર, ગુજરાત, વરાડ, ખાનદેશ અને અહમદનગર હતા તેના ઉપર વાઈસ-

રેઓ કે સીપાહસાલાર નીમ્યા. જે પાછળથી સુબેદાર કહેવાયા. આ સુબાના હાથ નીચે મહેસુલનુ કામ કરનાર દિવાન ફોજદાર કે લશ્કરીનો ઉપરી તથા કોટવાળ, ન્યાયાધીશ અને કાજી રાખવામાં આવ્યા હતા

૧૦ અ ધર્મ—તે કહેતો કે દરેક ધર્મનો ઉદ્દેશ સારો છે. તેના રાજ્યમાં દરેક માણસને ગમે તે ધર્મ પાળવાની છુટ હતી અકબર ઘણી વખત ગુરૂવારે સાંજે દરેક ધર્મના માણસોને ભેગા કરી ધર્મ સબધી વાદવિવાદ કરાવતો હતો તેણે એક ઇલ્લાહી (ઇશ્વરી) ધર્મ સ્થાપ્યો હતો તેનો ઉદેશ એ હતો કે ઇશ્વર એકજ છે અને તેનો ખલીફા અકબર છે, એના ધર્મમાં થોડા લોકો દાખલ થયા પણ તેના મરણ પછી તે નાશ પામ્યો આ બાદશાહ કોઇ વખત કપાળમા ટીલુ કરતો અને જનોઇ ધારણ કરતો હતો તે સઘળા ધર્મના લોકો ઉપર પ્રીતિ રાખતો હતો તેનું ખરેખરૂં કારણ તે ઘણાખરા ધર્મની સ્ત્રીઓ પરણ્યો હતો એ હતુ.

વ ગુણ—અકબર, જોરાવર, હોશિઆર, મજબુત અને વિચારવંત હતો, તેમ દેખાવડો, ઉચો, પહોળી છાતીવાળો, માયાળુ અને દયાળુ હતો તેના હાથ લાબા, વાળ અને આખો કાળી તથા ચહેરો ખુબસુરત રતાશ પડતો હતો. તેને ઘોડે બેસવાનો શોખ હતો. તે દાઢી રાખતો નહિ. તેમજ ગાયનું માસ અને ડુંગળી ખાતો નહિ. પોતે મુસલમાની ધર્મમા ઉછરેલો છતાં હિંદુઓ સાથે માયાળુપણાથી વર્તતો તે વિદ્વાન નહોતો, છતાં તેને પુસ્તકો વાચવાનો અને ગાયન ગવરાવવાનો શોખ હતો, છેવટના ભાગમાં તે કઇક અવિચારી બન્યો હતો. અને પોતે મનુષ્ય જાતિથી કઇ અધિક છે એમ માનતો હતો.

૧૧ લોકોની સ્થિતિ અને સુધારા—પહેલાંના કોઈપણ રાજ્ય કરતા તેના વખતમા લોકો વધારે સુખી હતા (૧) તેણે બાળલગ્ન બંધ પાડ્યાં (૨) સતી થવાનો ચાલ બંધ કરી પુનર્લગ્ન ની પરવાનગીરી આપી (૩) જજીઆવેરો માફ કર્યા. (૪) રૈયતને ગમે તે ધર્મ પાળવાની છુટ આપી (૫) વેપાર તથા વિદ્યાને ઉત્તેજન આપ્યુ (૬) હિંદુઓને મોટી નોકરી આપવાનો ધારો કર્યો. (૭) ખેતના સુધારા માટે નહેરો ખોદાવી (૮) નાક કાન, કાપવાનો જંગલી રિવાજ બંધ કર્યો

અંગ્રેજ રાજ્ય અને અકબરના સમયનો મુકાબલો—(૧) હાલમા જમીનપર જેટલો કર લેવાય છે તે કરતા અકબરના વખતમા વધારે લેવાતો હતો (૨) હાલમાં કોઈ અમીર કે સરદાર ગુજરી જાય તો તેની મીલકત તેના વારસને મળે છે પરંતુ મોગલ રાજ્યમાં રાજા જપ્ત કરતો (૩) હાલમા કાયદો સર્વોપરી સત્તા છે અને ગરીબથી રાજા સુધી બધાને લાગુ પડે છે, પણ અકબરના વખતમા તેની મરજી એજ કાયદો હતો

૧૨ અકબરની યુદ્ધનીતિ—જ્યારે શત્રુનુ બળ વધાર હોય ત્યારે અકબર જાતે સેનાપતિ થઈને જતો હતો, બંડ ઉઠ્યુ હોય ત્યા કોઈને જાણ નહિ પડવા દેતાં એકદમ જતો અને પોતાની જાત જોખમમા નાખી, બળવાખોરોમા ફેલાએલા ગભરાટનો લાભ લેતો આમ છતા તેને લડાઈ ચલાવવાનો શોખ નહોતો તે લડાઈનું કામ શરૂ કરી સેનાપતિઓને સુચના આપી પાછો ફરતો. વિજય થયા પછી હારેલા રાજાપર તે જુલમ કરતો નહિ, પણ તેને સન્માન આપી પ્રાંતની સુબેદારી આપતો પકડાએલા શત્રુને તે કદી મારતો નહિ અને ગુલામ બનાવતો નહિ, તેણે રજપુતાને

જમ કરી પોતાના મિત્ર અને મદદગાર બનાવ્યા, અને તેમની કન્યાઓ સાથે પરણી રજપુતોને મોટા સુબેદારોની જગ્યાઓ આપી હતી.

૧૩ અકબરનુ મરણ—તે પોતાના છેલ્લા વખતમાં અપ્રિય ઉમરાવોનું શાંત રીતે કાસળ કાઢવા સારી અને ઝેરવાળી એમ બે જાતની ગોળીઓ રાખતો હતો તેમાંની સારી ગોળી પોતે ગળતો અને જેને મારી નાંખવો હોય તેને ઝેરવાળી ગોળી આપતો આ પ્રમાણે સિંધમા ઠઠ્ઠાના ગવર્નર ગાઝીખાનને મારી નાખવા ઝેરવાળી ગોળને બદલે ભૂલથી સારી ગોળી આપી દીધી અને પોતે ઝેરવાળી ગોળી ખાધાથી અજાણતાં ૫૦ વર્ષ રાજ્ય કરી ૬૩ વર્ષે મરણ પામ્યો તેના પછી તેનો દીકરો સલીમ ગાદીએ બેઠો

જહાંગીર (સલીમ)–ઈ સ ૧૬૦૫–૧૬૨૭–જહાંગીર (દુનીઆ જીતનાર) ની મા રજપુતાણી હોવાથી તે અડધો રજપૂત હતો ભાઇ દાનીઆલ અને મુરાદ પહેલા મરણ પામ્યા હતા, પણ જોધબાને પેટે જન્મેલા તેના દીકરા ખુશરૂએ માનસિંગ અને આનિઆઝમની મદદથી રાજ્ય લેવા પ્રયત્ન કર્યો હતો તેમા તે ફાવ્યા નહિ

તેના મુખ્ય બનાવો (૧) ખુશરૂનો બળવો. (૨) નુરજહાન (૩) શાહજહાનનો બળવો (૪) મહોબતખાનનુ બડ (૫) સર ટોમસરો (૬) તેનાં લક્ષણ.

ખુશરૂનો બળવો—જહાગીર ગાદીએ બેઠો કે તરતજ ખુશરૂએ લશ્કર એકઠુ કરી લાહોર તરફ કુચ કરી જહાંગીરે પાછળ જઇ તેને હરાવ્યો અને સિંધુ ઓળગનાં પકડી લીધો. પછી ૧૬ વર્ષ કેદમાં રાખી ખુરમને સોપી દીધો. તેણે તેને મારી નાંખ્યો. વળી જહાગીરે તેના ૭૦૦ સાથીઓને રીબાવીને માર્યા

૨ **નુરજહાન**—એનો બાપ તુર્કસ્તાનનો રહીશ હતો, પણ આજીવિકા માટે હિંદમાં આવ્યો હતો. તેને લાહોરમાં તેનો એક જુનો મિત્ર મળ્યો. તેની મદદથી તે અકબરના દરબારમાં દાખલ થયો. અને પોતાની હોંશિઆરીથી મોટો કિલ્લેદાર બન્યો હતો. તેને **મિહર-ઉન-નિસા** (સ્ત્રીઓમાં સૂર્ય) નામે રૂપવતી દીકરી હતી. તેનો વિવાહ બંગાળાના સુબા શેરઅફઘાન સાથે કર્યો હતો. સલીમ તેના ઉપર મોહિત થયો અને પરણવા માટે અકબરને કહ્યું પણ તેણે ના પાડી અને તેને તેના બાપ શેરઅફઘાન સાથે પર દીધી, પણ અકબરના મરણ પછી શેરઅફઘાનને મારી નાખી તેની સાથે પરણ્યો. આ વખતે તેનું નામ બદલી **નુરમહાલ** (મહેલનું તેજ) પાડયું. તે સ્ત્રી પોતાના ધણીના મૃત્યુથી ૭ વર્ષ સુધી જહાંગીરને મળી પણ નહિ, પરંતુ પાછળથી લગ્ન કર્યું. આ વખતે તેનું નામ **નુરજહાન** (દુનીઆનું તેજ) રાખ્યું, અને રાજ્યનો બધો કારભાર તેને સોંપી દીધો. તે જે કરે તેમાં જહાંગીર વચ્ચે પડતો નહિ. તેણે તેના બાપને મુખ્ય પ્રધાન અને ભાઈ અસફખાનને મુખ્ય અમીર બનાવ્યો હતો. આ રાણીએ ગુલાબના અત્તરની પહેલી શોધ કરી. તેણે ડહાપણથી રાજ્ય કર્યું. તેથી હિંદુસ્તાનને લાભ થયો. તેથીજ જહાંગીરનું રાજ્ય સારૂં કહેવાયું.

૩ **શાહજહાનનો બળવો**—નુરજહાનની શેરઅફઘાનથી થએલી બેટી સહરિઆરને પરણાવી હતી તેથી નુરજહાને ખુરમને પડતો મુકી સહરિઆરને ગાદી આપવાનું ઠરાવ્યું. ખુરમના પર બાપની પ્રીતિ છતાં નુરજહાન અદેખાઇથી તેને લડાઇમાં મોકલતી, આથી ખુરમે શાહજહાન નામ ધારણ કરી ગાદી લેવા પ્રયત્ન કર્યો.

નુરજહાને તેને પકડવા મહોબતખાનને મોકલ્યો એટલે શાહજહાન દક્ષણમા નાશી ગયો

૪ **મહોબતખાનનુ બડ**—મહોબતખાન રાજા થવા પ્રયત્ન કરશે એવી બીક લાગવાથી નુરજહાને તેને મારી નાખવા દરબાર મા બોલાવ્યો, પણ તે ચેતી જવાથી લશ્કરની ટુકડી સાથે ગયો અને જહાગીરને ૧૬૨૬ મા પકડી લાધો તેની સાથે મહોબતખાન સારી રીતે વર્ત્યો પાછળથી જહાગીર છુટી નુરજહાનને જઇ મળ્યો હવે મહાબતને ધાસ્તી લાગવાથી તે દક્ષણમા જઇ શાહ-જહાનને મળી ગયો

૫ સર ટોમસરો—ઇ સ ૧૬૧૫ મા ઇગ્લાડના પહેલા જેમ્સે સર ટોમસરોને જહાગીરના દરબારમા હિદમા વપાર કરવાની પરવાનગી લેવા મોકલ્યો જ્યારે બાદશાહ પાસે રજા માગી ત્યારે તેણે એ કામ રાણીનુ છે એમ કહ્યુ, તેને નુરજહાન પાસેથી પર-વાનગી મેળવતા પહેલાં તેના ભાઈ અસફખાનને એક જવાહીર આપવુ પડયુ હતુ તે ૧૬૧૫ ના જાન્યુઆરી માસમાં સુરત બદરે ઉતર્યા ત્યારે ત્યાંના સુબાએ તેના સામાનની જડતી લઇ પડાવી લેવા પ્રયત્ન કર્યો તેથી તેણે કહ્યુ કે હુ મોટા સ્વતત્ર રાજા-નો એલચી છુ દરીઆ કાઠે આની ગેરવ્યવસ્થા ચાલતી હતી, તે જહાગીરના દરબારમા ૩ વર્ષ રહ્યો તે કહે છે કે અકબરના જેવો રાજ્યકારભાર નહોતો રાજ્યના મુલકો સુબાઓને ઇજારે આ-પાતા હતા એ સુબાઓ લોકો ઉપર જુલમ કરી પૈસા કઢાવતા હતા. જહાગીરનો દરબાર ખટપટ અને લાચથી ભરેલો હતો, જહાં-ગીરના જન્મ દિવસે તેની તુલા થતી તથા તેની સવારીમા બહુ ઠાઠમાઠ અને અવ્યવસ્થા હતી દેશ લુટારાથી ભરપુર હતો. હાકેમો

ખરાબ રીતે વર્તતા હતા અને બાદશાહ રત્નજડિત આસન બેસતો હતો તેણે જહાંગીરના લક્ષણની નોંધ કરી છે

લક્ષણ—સર ટેમસરો કહે છે કે તે બુદ્ધિમાન સારા અંતઃકરણવાળો અને હુન્નરકળાનો શોખીન હતો જહાંગીર સઘળા મોગલ પાદશાહોમાં સૌથી વધારે દારૂડીઓ અને એશઆરામી હતો, તે નાનપણમાં લગભગ વીસ પ્યાલા દારૂ પીતો હતો. પણ ગાદીએ બેઠા પછી ફક્ત પાંચ છ પ્યાલા પીતો હતો દરબારીઓની માહિતી વિના તેણે બારોબાર ફરીઆદ સાંભળવા સારૂ એક ઘંટ રાખ્યો હતો. જેની સાંકળનો સંબંધ પોતાના ઓરડામાં ટાંગેલા સોનાના ઘંટ સાથે કર્યો હતો.

વિશેષ હકીકત—આ રાજ્યમાં ઘણેખરે ઠેકાણે બળવા થયા એક વખત કનોજમાં ૩૦૦૦૦ બળવાખોરોને મારી નાખવામાં આવ્યા હતા, ૧૦૦૦૦ માથાં દિલ્હી મોકલવામાં આવ્યાં હતાં, અને ૧૦૦૦૦ માણસોને ઉંધે મસ્તકે ઝાડપર લટકાવવામાં આવ્યાં હતાં દરેકોઇ પ્રાંતમાં ઓછામાં ઓછા ૫ લાખ બળવાખોરોને મારી નાખવામાં આવ્યા હતા

તેના મરણ પછી શાહજહાંને ગાદીએ બેસી નુરજહાંને વર્ષાસન બાંધી આપ્યું એને ચાર દીકરા હતા ખુશરૂ, ખુરમ, શાહજહાંન, સહરિઆર ને પરવીઝ, એના વખતમાં ૧૬૧૨ માં અંગ્રેજોએ સુરતમાં કોઠી ઘાલી હતી

શાહજહાંન—(મહેલો બાંધનાર) ૧૬૨૭-૧૬૫૮ તેની મા રજપૂત ઓલાદની અને બાપ અડધો રજપૂત હોવાથી તેનામાં રજપૂતનો વિશેષ અંશ હતો બીજા મોગલ પાદશાહો કરતાં તેનો દબદબો વધારે હતો. ગાદીએ બેઠા પછી પોતાના બધા ભાઈ તથા

તેમના બાળકો મારી નંખાવ્યાં તેણે આવાં ઘાતકી કામ કર્યાં છતાં રાજ્યવહીવટ સારી રીતે ચલાવ્યો તેના વખતમા અકબરને જહાંગીરના કરતા દેશમા શોભા ને શાંતી સારી હતી, તે દારૂડીઓ ને સુસ્ત નહોતો, અને અકબરની માફક હિંદુ અને મુસલમાનને સરખા ગણતો હતો

તેના મુખ્ય બનાવ—૧ ખાનજહાન લોદીનો બળવો, ૨. મુમતાઝ મહાલ, ૩ ઈમારતો તથા મયુરાસન, ૪ જીતેલો મુલક, ૫. દીકરાઓની ખટપટ

૧ ખાનજહાન લોદીનો બળવો—શાહજહાન ગાદીએ બેઠો કે તરતજ અહમદનગરના રાજાને પક્ષમાં લઇ દકખણના સુબેદાર ખાનજહાને બળવો કર્યો શાહજહાને મહોબતખાનને મોકલ્યો. તેણે ૧૦ વષ લડી લોદીને માર્યો અને અહમદનગર ૧૬૩૭ માં મોગલ રાજ્યમાં જોડી દીધુ

૨ મુમતાજ મહાલ—(મહેલમાં શ્રેષ્ટ પદવી પામેલી) આ બાઇ નુરજહાંનની ભત્રીજી હતી તેની સાથે શાહજહાંને લગ્ન કર્યું. તે ધણી પ્રત્યે ઘણો પ્રેમ ધરાવતી લગ્ન થયા પછી ૧૪ વર્ષે મરણ પામી પછળથી તેના કહ્યા મુજબ શાહજહાન બીજી સ્ત્રી પરણ્યો નહિ અને તેનુ નામ અમર રાખવા માટે તેની કબરપર તાજમહેલ બધાવ્યો

૩ ઇમારતો તથા મયુરાસન (જાહોજલાલી)

૧ તાજમહેલ—ને આગ્રામાં જમના નદીને કીનારે આવેલો છે, અને હજી પણ જાણે હમણાંજ બાંધ્યો હોય તેવો દેખાય છે. તેનો બાંધનાર વેનીસનો કારીગર હતો પોતાની બેગમનું વચન

યાળવા તેની કબરપર આ રાજાએ બંધાવ્યો હતો, તેની બાંધણીમાં સફેદ આરસના હીરાજડીત પથ્થર વાપરેલા છે તેને બંધાઇ રહેતાં ૩૦ વર્ષ લાગ્યાં અને ૩૦ લાખ પૌંડ ખર્ચ થયુ

૨ જુમ્મામસ્જિદ—એને મોટી મસ્જિદ કહે છે તે દિલ્હીમાં છે.

૩ મોટી મસ્જિદ—એ દુનીઆમાં સૌથી સુદર પ્રાર્થના મંદિર છે તે આગ્રામા છે

વળી તેણે રાજમહેલ ને ખાનગી મુલાકાતનો મહેલ બંધાવ્યા છે

૫ મયુરાસન—(તખ્તે તાઉસ)—આ તખ્ત ઘણુ સુશોભિત હતુ ટેવર્નિઅર કહે છે કે ૬ ફુટ લાંબુ અને ચાર ફુટ પહોળુ હતુ, તેમા નીલમ, પાનાં મોતી ને હીરા જડવામા આવ્યા હતા, તેની કીમત ૬૦ લાખ પૌંડ થઇ હતી. તેને ઇ ૧૭૩૯ માં નાદિરશાહ લઇ ગયો

૪ શાહે જીતલો મુલક—ઇ સ ૧૧૩૭મા તેણે અહ્મદનગર જીત્યુ વળી બીજાપુર જીતી ત્યના રાજા પાસેથી ખડણી લેવાનો કબુલ કરાવ્યો ઔરગજેબે ગોવળકોંડા જીત્યુ અને બિદરનો કિલ્લો લીધો ફરીથી ઔરંગજેબ બીજાપુર ગયો પણ પોતાના પિતાની માદગીની જાણ થવાથી પાછો ફર્યો અહીં દકખણના લોકોએ તેને દુ ખ દેવા મુલક ઉજડ કર્યો હતો

૫ દીકરાઓની ખટપટ—તેના ચાર છોકરા જુદા જુદા પ્રાંતોમાં સુબેદારો હતા, સૌથી મોટો દારા બહાદુર, નિખાલસ ને ઉદાર પણ મગરૂર અને અવિચારી હતો, બીજો સુજા બહાદુર અને હોશિઆર પણ દારૂડીઓ હતો ત્રીજો ઔરંગજેબ સત્તાનો લોભી

હુમ્ચો ઘાતકી તથા ચુસ્ત મુસલમાન હતો અને હિંદુઓને ધિક્કારતો હતો ચોથો મુરાદ દારૂ અને શિકારનો શોખીન હતો ઔરંગઝેબે રાજ્ય મેળવવા માટે મુરાદને કહ્યું કે મારે રાજ્ય જોઈતું નથી અને મક્કે જઈ સાહેબની બંદગીમાં વખત ગાળવો છે પણ તને રાજ્ય આપવાનો મારો વિચાર છે આ કહેણ ઉપર વિશ્વાસ લાવી મુરાદ તેને મળી ગયો, જ્યારે શાહજહાન ૭૦ વર્ષે માંદો પડ્યો ત્યારે ઔરંગઝેબે શાહજહાનને કેદમાં નાખી મુરાદની મદદથી સુજાને હરાવ્યો દારા બહાદૂર સરદાર જસવંતસિંહની આગેવાની નીચે સામો આવ્યો પણ લડાઈમા તેનો હાથી ઘાયલ થવાથી ઘોડા ઉપર બેઠો આ વખતે તેના લશ્કરે દારાને નહિ જોવાથી નાસભાગ કરી અને ઉજ્જન તથા આગ્રા આગળ ૧૬૫૯મા હાર ખાધી, ત્યાંથી દારા નાસી ગયો, પણ તેને પકડી આણી મારી નાખ્યો આખરે મુરાદને કેદમા નાખી ઔરંગઝેબ ગાદીએ બેઠો. પછીથી મુરાદને પણ મારી નખાવ્યો શાહજહાન ૭ વર્ષ કેદખાનામાં રહી આગ્રામાં ૧૬૬૬માં મરણ પામ્યો

મોગલ રાજ્યના પહેલા ૭ રાજાઓમા પહેલા બે અને છેલ્લા બે વચ્ચે કેટલો બધો તફાવત ! બાબરે હુમાયુને જીંદગી આપી વળી હુમાયુએ જીંદગી તાકતા એવા પોતાના ભાઈઓને વારવાર માફી આપી પણ શાહજહાન તથા ઔરંગઝેબ બાપની સામે થયા અને ભાઈઓનું કાસળ કાઢી નાખ્યું

મુગલાઈ રાજ્યની પૂર્ણ કળા

ઔરંગઝેબ ઈ સ ૧૬૫૮-૧૭૦૭ —આ રાજાના વખતમા

મોગલાઇ રાજ્યનો વધારેમાં વધારે વિસ્તાર થયો તેનામાં અકબરનો એક પણ ગુણ નહોતો તેણે રાજ્યના લોભથી પોતાના બાપને કેદ કરી, ભાઇઓને મારી નાખ્યા અને ૫૦ વર્ષ રાજ્ય કર્યું

તેના વખતના બનાવ (૧) ધર્માંધ રાજ્યનીતિ (૨) જીતેલો મુલક (૩) મરાઠા (૪) શીખ (૫) લક્ષણ

ધર્માંધ રાજ્યનીતિ—તેણે બધા હિંદુઓને મુસલમાન કરવાનો તેમજ શિયાપંથીઓને સુન્નીપંથમાં લાવવાનો વિચાર કર્યો વળી હિંદુઓને નોકરીમાંથી કાઢી મુકી મુસલમાનોને રાખ્યા તથા શિયાપંથીઓને આપેલી જમીન લઇ લીધી તેણે હિંદુઓનાં દેવળો તોડી નાખ્યાં પૂજારીને મારી નાખ્યા અને મૂર્તિઓ જમીનમાં દાટી દીધી તથા અકબરે બંધ કરેલો જજીયા વેરો ચાલુ કરવાથી લોકો અરજ કરવા ગયા ત્યારે તેમને હાથીના પગ તળે કચરાવી નાખ્યા વળી હિંદુઓના ઘર બાળી મુકયા, તેમના ફૂળ ઝાડ કાપી નાખ્યા, દેવળો ગાયો મારી નાપાક કર્યાં અને તેમને ઘોડે, હાથી પર કે પાલખીમાં બેસવાની મના કરી

૨ **જીતેલો મુલક**—દક્ષણના રાજ્યમાં બીડર, વરાડ અને અહમદનગર ઔરંગઝેબે ગાદીએ બેસતા પહેલાં જીત્યા હતા બાકી રહેલા બિજાપુર અને ગોલકોંડાનાં પઠાણ રાજ્યો લેવા તેના સરદારોએ ૨૫ વર્ષ પ્રયત્ન કર્યો પણ કંઇ વળ્યું નહિ, ત્યારે પોતે ૬૫ વર્ષની ઉમરે દક્ષણમાં ગયો અને ૧૬૮૮માં જીતી મોગલ રાજ્યમાં જોડી દીધા

રજપુતો સાથે લડાઇ—હિંદુઓ ઉપર જુલમ ગુજારવાથી તથા પક્ષપાતથી રજપુતો નારાજ થયા હતા વળી રજપૂત સરદાર

જસવંતસિંહ મરણ પામવાથી તેનાં બૈરાં છોકરાં ઉપર જુલમ કર્યો, આથી રજપૂતો સામે થયા, બાદશાહે તેમની સામે શાહજાદા અકબરને ૭૦ હજારનું લશ્કર આપી મોકલ્યો પણ તેને રજપૂત સરદાર દુર્ગાદાસે ફોડયો, માટે ઔરંગઝેબે રજપૂતો સાથે જેવી તેવી સલાહ કરી વળી જોધપુરના રાજાએ બાદશાહને જજીઆવેરા નહિ લેવા શિખામણ પત્ર લખ્યો અને જણાવ્યું કે તમે અકબર અને તમારા બાપ દાદાની પેઠે નહિ વર્ત્તતાં હિંદુ પ્રજાને પગતળે છુંદી નાખો છો.

૩ મરાઠા—આ લોકોનો રાજા શિવાજી હતો, તેણે પાદશાહને બહુ પજવ્યો શિવાજીને પાદશાહ દિલ્હી પકડી ગયો પણ મરાઠા શાંત થયા નહિ મરાઠા સાથે લડવાથી તેનું લશ્કર થકી ગયું હતું સઘળા કુવાઓમાં ઝેર નાખેલું હોવાથી પાણી પીવાનું મળે નહિ તેનો એક છોકરો મરાઠા સાથે ભળી ગયો હતો અને બીજો ઇરાન નાશી ગયો હતો આથી તેને બીજા કોઇની મદદ રહી નહોતી

ખામી—તેના રાજ્યમાં મુખ્ય ખામી એ હતી કે દક્ષણનાં પઠાણ રાજ્યો લેવાને બદલે તેમને મદદમાં લઇ મરાઠાનું બળ તોડયું હોત તો તેના મરણ પછી મોગલ રાજ્યના ટુકડા થઇ જાત નહિ

૪ શીખ—તેના વખતમાં પંજાબમાં શીખ નામે નવી પ્રજા ઉત્પન્ન થઇ, તેમનો મૂળ પુરૂષ નાનક બાબરના વખતમાં થયો હતો, મુસલમાન અને હિંદુઓ વચ્ચેનો કજીઓ શાંત કરવાને તેણે નવો ધર્મ સ્થાપ્યો, તેમ ઘણા માણસો મળ્યા તેમને નાનકે શિષ્ય કે શીખ નામ આપ્યું ઓરંગઝેબ તેમની સામે થયો અને તેમના ગોવિંદ નામના ગુરૂને મારી નાખ્યો, આથી તેઓ આગા થયા પણ હાર્યા વખત જતાં ઉત્તર હિંદમાં તેમની જોરાવર પ્રજા બની.

૫. લક્ષણ—તે સખત નિર્દય અને વજ્ર જેવી છાતીવાળો હતો, તથા હિંદુઓને ધિક્કારતો હતો. તેનામાં અમીરાઈ નહોતી તેને મોજમઝા બહુ ગમતાં પોતે ટોપી બનાવી ગુજરાન જેટલુ કમાતો અને સાદો પોષાક પહેરતો તેના છોકરા પણ તેનાથી બીતા હતા તે અત્યંત કાબેલ, ઉદ્યોગી અને ચાલાક તથા વહેમી અને કપટનું પૂતળુ હતો, વળી સાંકડા મનનો અને તેનુ રોમેરોમ દ્વેષથી ભરેલુ હતું

એક વખત તેનો એક શિક્ષક કંઈ ઇનામની આશાએ તેની પાસે ગયો, ત્યારે ઇનામ તો ક્યાં શું, પણ ઉલટુ તેનુ વર્ષાસન બંધ કર્યું અને કહ્યુ કે, તમે મને ફક્ત વાંચતાં લખતાં અને કુરાન પઢતાં શીખવ્યુ છે તથા થોડી ઘણી હિંદની ભૂગોળ અને અરબી ભાષાના વ્યાકરણનાં કેટલાક નિયમો શીખવ્યા છે

તેને ગાનતાનપર બહુ ચીડ હતી તેણે પોતાના દરબારના ગવૈયાઓને રજા આપી ત્યારે ગવૈયાઓ ઠાઠડી બનાવી તેની બારી આગળ થઈ રડતા રડતા ચાલ્યા, બાદશાહે બહાર ડોકીયુ કરી પુછ્યુ કે "આ કોનુ શબ જાય છે?" ગવૈયાઓએ કહ્યુ કે, ગાયન વિદ્યા મરણ પામી છે તેને દાટવા જઇએ છીએ ત્યારે બાદશાહે કહ્યુ કે 'મહેરબાની કરીને ઉંડી દાટજો કે ફરીથી બહાર નીકળી આવે નહિ '

મરણ—તેને મરતી વખતે ઘણો પસ્તાવો થયો તેણે ૯૦ વર્ષની ઉમર પોતાના એક છોકરાને લખ્યુ કે, "હુ રાજ્યના રક્ષક તરીકે વર્ત્યો નથી, મે કરેલાં પાપ સાથે લેતો જઈશ અને પરલોકમાં ઇશ્વર કોણ જાણે મને કેવી ઘોર શિક્ષા કરશે?" તે

જીદગીથી કટાળી ઇ સ ૧૭૦૭ માં મરણ પામ્યો તેના પાચ છોકરા બહાદુરશાહ, આજીમ, કામબક્ષ, મહમદ ને અકબર હતા. આ રાજાને આલમગીર પણ કહેતા હતા

મોગલ પાદશાહીની પડતી ૧૭૦૭–૧૭૪૮.

આ વંશના છઠ્ઠા પાદશાહ ઔરંગઝેબના વખતમા મોગલાઇ રાજ્ય વધારેમાં વધારે વિસ્તાર પામ્યુ, પરતુ તેના જુલમી અમલથી ઘણા દુશ્મનો ઉભા થયા અને મરાઠા, શીખ તથા રજપુતોએ બડ કર્યાં તથા પ્રાંતોના સુબા સ્વતંત્ર થયા

(૨) ઔરગઝેબ પછીના પાદશાહ નબળા નીવડયા અને માંહોમાંહે લઢી પડયા

(૩) ઔરગઝેબ દક્ષણનાં પઠાણ રાજ્યોને મદદમા લેવાને બદલે તોડી પાડવાથી મરાઠાને પુરતી મળી

(૪) જજીઆવેરો ચાલુ રાખવાથી લોકો ગુસ્સે થયા

(૫) હિંદુઓ ઉપર જુલમ ગુજારી તેમને નોકરીમાથી કાઢી મુકયા.

(૬) કુટુબ અને ભાઇઓમાં કુસંપ કર્યો

(૭) નાદિરશાહની ચઢાઇ

બહાદુરશાહ—ઇ સ ૧૭૦૭–૧૭૧૨—તેના બે ભાઇ અકબર તથા મહમદ મરણ પામ્યા હતા તથા ત્રીજા આજીમને આગ્રા આગળ અને કામબક્ષને હૈદ્રાબાદ આગળ હરાવી ગાદી પર બેઠો. તેણે રાજ્યનો બધો કારભાર જુલફીકારખાનને સોંપ્યો હતો એના વખતમાં શીખ ગુરૂ બદાએ બડ કર્યું માટે તેને દુ ખ દીધું.

જહાંદરશાહ—ઇ સ ૧૭૧૨—૧૭૧૩—તે બહાદુરશાહનો મોટો શાહજાદો હતો તેણે પોતાના ભાઇઓને મારી નાખ્યા પણ તેનો ભત્રિજો ફરૂકશીઆર ઉગરી ગયો. તેણે સૈયદ અબદલા અને સૈયદ હુસેનની મદદથી શાહજાદાને મારી ગાદી મેળવી

ફરૂકશીઆર—ઇ સ ૧૭૧૩—૧૭૧૯—એ માત્ર નામનોજ રાજા હતો. તેને સૈયદોએ ગાદી આપી માટે સૈયદો "બાદશાહ બનાવનાર" કહેવાય છે પાછળથી તકરાર થવાથી પાદશાહને સૈયદોએ મારી નાખ્યો પછીના ૮ માસમાં રફિયુજાત અને રફિયુદૌલા થયા તે પણ મરણ પામ્યા છેવટે ૧૭૧૯ મા મહમદશાહને ગાદી મળી

મહમદશાહ—ઈ સ ૧૭૧૯—૧૭૪૮—આ પાદશાહના વખતમા સૈયદોની પડતી આવી ખરૂ જોતાં પાદશાહ માત્ર દિલ્હીનોજ રાજા હતો દરેક સુબેદાર બાદશાહને પોતાની નજરમા આવે એટલી ખંડણી મોકલતો એના ઉપર ૧૭૩૯ મા નાદિરશાહ ચઢી આવ્યો અને મયુરાસન, મુગટો તથા બીજુ જવાહીર મળી આશરે ૩૦—૩૨ કરોડ રૂપીઆનો માલ લઈ ગયો વળી અહમદ દુરાનીએ ચઢાઇ કરી સર હિંદ જીતી લીધુ તેને શાહજાદા અહમદે હરાવી પાછો કાઢયો, એના વખતમાં દક્ષિણમા હૈદ્રાબાદનો સરદાર નિઝામ ઉલ-મુલ્ક, અયોધ્યામાં સાદતખાન અને બંગાળામાં મુર્શીદકુલીખાન તથા કર્ણાટકનો નવાબ સ્વતંત્ર થયા

મોગલ રાજ્યનો અંત ઇ. સ. ૧૭૪૮.

અહમદશાહ—ઇ સ. ૧૭૪૮—૧૭૫૪—એ મહમદશાહનો

દીકરો હતો. તેના વખતમા અહમદ દુરાની બીજી વાર ચઢી આવ્યો ત્યારે તેને પંજાબ પ્રાંત આપી પાછો કાઢયો. તેણે મલ્હારરાવ હોલ્કર તથા સિંધીઆને ચોથ ઉઘરાવવાની રજા આપી તેના બદલામાં તેમણે રોહિલાને વશ કર્યા તે માત્ર નામનોજ પાદશાહ હતો તેની આંખો ફોડી નાખી ગ્યાસુદીન વજીરે મારી નાખ્યો અને આલમગીરને ગાદીએ બેસાડયો

આલમગીર બીજો ઈ સ ૧૭૫૪-૧૭૫૯—એના વખતમાં અબદલીએ ત્રીજી વાર ચઢી આવી મથુરામાં લુટ ચલાવી અને નજીબદોલાને સુબો ઠરાવી પાછો ગયો, જેણે તેને ગાદી આપી તેજ ગ્યાસુદીને એને મારી નખાવ્યો અને એના નાના બાળક શાહઆલમને ગાદીએ બેસાડયો

શાહઆલમ ઇ સ ૧૭૫૯-૧૮૦૬—આ પાદશાહે સુજાદોલાને લઇ બંગાળાપર હુમલો કર્યો પણ મેજર કર્નાક તેને હરીથી હરાવ્યો, વળી ત્રીજી વખત સુજાદોલા અને મીરકાસમને લઇ બંગાળાપર ચઢાઈ કરી પણ ૧૭૬૪ મા બક્સર આગળ હારી ગયો, આથી કલાઇવે ૨૫ લાખ રૂપીઆનુ વર્ષાસન આપી અલ્લાહબાદમાં રાખ્યો એમ મોગલ રાજ્યનો અંત આવ્યો, પણ પાછળથી સિંધીઆના કહેવા મુજબ દિલ્હીમાં જઇ ગાદીએ બેસવાથી તેનુ ૨૫ લાખનુ વર્ષાસન બંધ કર્યું એક વખત સિંધીઆ ગ્વાલીઅર ગયો હતો, ત્યારે એક અફઘાન સરદાર કાદરે ચઢી આવી ૧૭૮૬ માં બુઢ્ઢા પાદશાહની આંખો ફોડી નાખી, આથી સિંધીઆએ આવી કાદરને મારી નાખ્યો આ પાદશાહને ૧૮૦૩ મા અંગ્રેજોએ મરાઠાના કબજામાથી છોડાવી પેનશન આપી તેના જુના મહેલમાં રાખ્યો.

એના વખતમાં અહમદશાહ અબ્દાલી ૧૭૬૧ મા પાંચમીવાર ચઢી આવ્યો હતો

અકબર બીજો ઇ સ ૧૮૦૬—૧૮૩૭—એ શાહઆલમ નો છોકરો હતો તેનુ અંગ્રેજ સરકારે સારી રીતે રક્ષણ કર્યું તે ૧૮૩૭ ગુજરી ગયો

મહમદ બહાદુરશાહ ઇ સ ૧૮૩૭—૧૮૫૭—એ ૧૮૫૭ ના બળવામા સામેલ થયો માટે અંગ્રેજોએ તેને રંગુનમા કેદ ર્યો એનુ ૧૮૬૨ મ મોત થયુ

મોગલ રાજ્યમા હિંદની સ્થિતિ—અકબર અને શાહ-જહાન બાદશાહના વખતમાં લોકોની સ્થિતિ સારી હતી તેમણે રૈયતને સુખી કરવા ન્યાય આપવા તથા આમદાનીમા ભાવ ા મહેનત કરી હતી આ રાજાઓએ હિંદુઓ ઉપ થા જાત્રાવેરા તથા જજીઆવેરો કાઢી નાખ્યો અને મોટી મોટી જગાઓ આપી તેમના ઘાતકી રિવાજ બધ કર્યા પણ ઔરંગઝેબ બાદશાહના વખતમા દેશની ખરાબી થઇ અને સર્વત્ર જુલમ વ્યાપી રહ્યો તેણે હિંદુઓને ઘોડે, હાથીપર કે પાલખીમા બેસવાની મના કરી તેમના વરઘોડા બધ કર્યા અને દેવળો તોડી પાડ્યા તથા નોકરીઓ લઇ લીધી તેના પછીના ૫૦ વર્ષમા આખા દેશમાં લુટારા ટોળાબધ ફરતા અને લોકોને મારી માલ પડાવી લેતા હતા તેમનાથી બચવાને દરેક ગામની આસપાસ કોટ કે થુવરની વાડ કરવામાં આવતી ખેડુતો પોતાની પાસે હથિઆર રાખી જમીન ખેડતા કેમકે લુટારાઓ આવી બી લઇ જતા વળી ચોકીને માટે ઉંચા માળા બાધી લુટારાની તપાસ કરતા અને ઢોલ વગાડી બધાને ખબર આપતા હતા

કોઇ રસ્તો સહીસલામત નહોતો વળાવા લીધા સિવાય મુસાફરી થઇ શકતી નહિ વળી રસ્તા તુટી ગએલા હોવાથી ગાડાં ચાલતાં નહિ ઘોડા કે પોઠીપર જવું પડતું તેમની પાસેથી ઠાકોરો દાણ લેતા આવી રાહદારી લગભગ ૨૦ માઇલમાં ૧૭ વખત આપવી પડતી વળી ઠગ તથા લુટારા પૈસો મનાવવા રઇયતને મોઢે મરચાના તોબરા બાંધતા, નાક કે કાન કાપતા, દાંત ખેંચી લેતા, તથા તેલવાળાં કપડાં કરી સળગાવી મૂકતા, આથી બિચારા ગામડાના લોકો લુટારાના આવી જતા સુધી જંગલમાં સંતાઇ રહેતા હતા.

નાદિરશાહ (નાદિરખાન) ઇ સ ૧૭૩૯—એ ઇરાનનો રાજા હતો તેણે અફઘાનિસ્તાન જીતી મહમદશાહના દરબારમાં એલચી મોકલ્યો, પણ તેનું અપમાન કરવાથી તેણે મહમદશાહ ઉપર તમે જજીઆ વેરો લેતા નથી અને મરાઠાને ચોથ આપો છો એવા ગુના મૂકયા અને અફઘાનો તથા ઇરાનીઓનું લશ્કર લઇ ચઢી આવ્યો નાદિરશાહનો વિચાર નુકશાન કરાવાનો નહોતો, પણ તેના માણસોને ઊંઘતા રાત્રે મારી નાખવાથી રીસે ભરાઇ દિલ્હીમાં ફરી લોકોની કતલ કરી અને ઘરો બાળી નાખ્યા પછી જ્યારે મહમદશાહ આવી નાદિરશાહને પગે પડયો ત્યારે કતલ બંધ કરી તે મયુરાસન, સોનાના મુગટો અને બીજું કેટલુંએક જવાહીર મળી આશરે ૩૮—૩૨ કરોડ રૂ નો માલ લઇ ગયો આમાંનો કેટલોક પૈસો તેણે સિપાઇઓને બક્ષિસ કર્યો તેની ચઢાઇથી મોગલાઇ રાજ્ય છેક નબળું પડી ગયું આ નર ૬ ફુટ ઉંચો, તેનો ચહેરો કાળો, બિહામણો અને ભવ્ય હતો તથા તેની આંખો વીજળી જેવી ચળકતી, અવાજ ગર્જના જેવો અને ભવાં પહોળાં હતાં

મરાઠાના વંશજો.

- ૧. શિવાજી (૧૬૬૬–૧૬૮૦)
  - ૨ શંભાજી (૧૬૮૦–૧૬૮૯)
    - ૫ શાહુ (૧૭૦૮–૧૭૪૯) (સતારાનો રાજા)
      - ૬, રામરાજા (૧૭૪૮––૧૭૭૭)
        - ૭ શાહુ બીજો (૧૭૭૭–૧૮૧૮)
          - ૮ પ્રતાપસિંહ (બાલાસાહેબ) ૧૮૧૮–૧૮૩૯
          - ૯ શાહજી (આપાસાહેબ) (૧૮૪૦–૧૮૪૮)
  - ૩ રાજારામ (૧૬૮૯–૧૭૦૦)
    - ૪ શિવાજી (૧૭૦૦–૧૭૦૮)
    - શંભાજી (૧૭૬૦ મા મરી ગયો) કોલ્હાપુરનો રાજા
      - શિવાજી (૧૮૧૨માં મરી ગયો)
        - બાબાસાહેબ (૧૮૨૨ માં મરી ગયો)
        - બાવાસાહેબ (૧૮૨૮માં મરીગયો)
          - શિવાજી (બાબાસાહેબ) (૧૮૬૨ માં મરી ગયો)
            - રાજારામ (૧૮૭૦ માં મરી ગયો)
              - શિવાજી (૧૮૮૩ માં મરી ગયો)
                - શાહજી (બાબાસાહેબ)

૧૨. મરાઠાનો ઉદય.

ઉત્પત્તિ—મરાઠા એ નામ મહારાષ્ટ્ર ઉપરથી પડ્યુ છે તેઓ ઠીંગણા, ઉંચાં, મજબુત, બહાદુર, ચાલાક અને રીતભાતમાં સાદા હતા દક્ષિણના મુસલમાની રાજ્યમાં ઘણા મરાઠા સરદારો હતા એ સરદારોમાંથી ભોસલે વંશનો માલોજી બહાદુરીથી ઉંચી પદવીએ ચઢ્યો, અને પોતાના દીકરા શાહજીનું લગ્ન નિઝામશાહી વંશના જાદવરાયની દીકરી જીજીબાઇ સાથે કર્યું. આ બાઇએ શિવાજીને જન્મ આપ્યો, તેણે મરાઠા કોમની એક પ્રજા બનાવી

શિવાજી ઇ સ ૧૬૬૪–૧૬૮૦ એના મુખ્ય બનાવો—

(૧) શિવાજીનો ઉદય, (૨) રાજ્યનીતિ.

શિવાજીનો ઉદય—એનો જન્મ ૧૬૨૭ માં જુન્નરના કિલ્લામા થયો હતો, તેને ઉછેરવાનુ કામ દાદાજી કોંડદેવને સોંપવામા આવ્યુ હતુ, તેને પુનામાં રાખી ઉછેર્યો, ત્યા તે ભણતા શીખ્યો નહિ પણ ઘોડે બેસતા, બંદુક ફોડતા, મલ્લકુસ્તી કરતા, તરવાર ને ખંજર વાપરતા તથા ભાલા મારતાં અને તીર ફેંકતા શીખ્યો તે ૨૦ વર્ષની વયે કેટલાક માણસોની ટોળીનો ઉપરી બન્યો અને પુરંધરનો કિલ્લો લીધો, ત્યાર પછી તેણે એક પછી એક એમ કેટલાક કિલ્લા તાબે કરી હથિયાર અને પૈસો ભેગો કર્યો તથા પોતાની કીર્તિ ફેલાવી

અફઝલખાનને માર્યો—બિજાપુરના રાજાને દહેશત લાગવાથી તેણે અફઝલખાનને ૧૬૫૯ માં લશ્કર આપી મોકલ્યો આ વખતે શિવાજીએ ડોળ કરી કહ્યું કે ખાન એકલો હથિયાર વગર અને મળવા આવે તો હું શરણ થઇશ. આથી અફઝલખાન હુકમ

એક માણુસ સાથે મલમલનો ઝભો પહેરી તેને મળવા ગયો પણ શિવાજીએ પોષાક તળે બખ્તર પહેર્યું હતુ, અંદર વાઘનખ રાખ્યા હતા અને બાયમા કટાર સતાડી રાખી હતી મળતી વખત શિવાજી તેના ઉપર વાઘની માફક તુટી પડયો, અને વાઘ નખ ભોંકી કટારથી તેનો પ્રાણુ લીધો, પછી શિવાજીના સતાઇ રહેલા માણુસોએ બહાર આવી તેના સિપાઇઓને હરાવી નસાડયા પછી શિવાજી બધે લૂટવા લાગ્યો, મરાઠા સરદારોએ તેને દખ્ખણુનો મોટો હિંદુ સરદાર માન્યો અને બિજાપુરના રાજાએ કાકણુનો રાજા માની સલાહ કરી.

શાઇસ્તખાન—ઔરંગજેબે પોતાના મામા શાઇસ્તખાનને લશ્કર આપી શિવાજીની સામા પુને મોકલ્યો આ વખતે શિવાજીએ વીશ માણુસ સાથે ભિખારીનો વેષ લઇ તેના ઘરમા છાની રીતે પ્રવેશ કર્યો, શાઇસ્તખાન બારીએથી કુદકો મારી નાઠો શિવાજીએ તેની પાછળ પડી બે આંગળીઓ કાપી નાખી, આથી તે પુના છોડી ચાલતો થયો અને શિવાજી દેશમાં ફરી વધારે મુલક તાબે કરી શકયો

વળી શિવાજીએ ૧૬૬૩-૧૪ માં સુરતમા ૬ દિવસ લુટ ચલાવી, પણ જ્યારે અંગ્રેજોની કોઠીપર હલ્લો કર્યો ત્યારે તેને હઠાવી પાછો કાઢયો

રાજા થાય છે ઇ સ ૧૬૬૪ મા શાહજીના મરણુ પછી રાજ્યપદ ધારણુ કરી પોતાના નામના શિક્કા પાડવા માડયા

૧૬૬૬ મા ઔરંગજેબે ભોળવી પોતાના દરબારમાં બોલાવ્યો ત્યાં માન મળશે અને કઇ ઈજા નહિ થાય એવુ જેપુરના રાજા જયસિંહે વચન આપવાથી શિવાજી ને તેનો પુત્ર શભાજી દિલ્હી

ગયા અહી શિવાજીને કપટ લાગવાથી માંદગીનુ બહાનુ કાઢી એક ઘરમા પેઠો અને બારી બારણા બધ કર્યા. પાછળથી બને મિઠાઇના ટોપલામાં બેસી નાશી છુટયા ચોકીદારોને ટોપલામા બરફી છે એમજ લાગ્યુ પછી શિવાજીએ દાઢી મુછ બોડાવી નાખી, શરીરે રાખ ચોળી અને જોગી વેષે પોતાના મુલકમાં જતો રહ્યો

૧૬૭૪ માં શિવાજીએ 'મરાઠાનો રાજા' ખિતાબ ધારણ કરી રાયગઢમા ફરીથી રાજ્યાભિષેક કરી ગાદીએ બેઠા, અને મ્હેસુર તથા કર્ણાટકના સઘળા કિલ્લા, જીજી, વેલોર, આર્ના, બેગલોર અને બદલારી લીધા ૧૬૭૬

૧૬૮૦ મા ૫૩ વર્ષની ઉમરે રાયગઢમા મરણ પામ્યો તેને સંભાજી ને રાજારામ નામે બે છોકરા હતા

ગુણ—તે હીંદુ ધર્મને માટે મગરૂર હતો છતા બીજા ધર્મના અનુયાયીઓને હેરાન કરતો નહિ તેણે મોગલોની સત્તા તોડી પાડવાનો પ્રયત્ન કર્યો પણ તેમના ધર્મની નિંદા કરી નથી (તેમજ) મસ્જીદો તોડી નથી વળી તે દયાળુ ને યુક્તિબાજ હતો અને ગાય બ્રાહ્મણનુ રક્ષણ કરવા માટે લડતો હતો પોતાની સામે થઇ ન શકે એવાને મારતો નહિ, ટુંકામાં તેણે હિંદુઓને મુસલમાનોના ત્રાસથી બચાવ્યા, કહેવત છે કે —

કાશીકી કલા ગઇ, મથુરા મસીદ ભઇ,
શિવાજી ન હોતતો સુન્નત હોત સબકી

રાજ્યનીતિ—શિવાજીએ ડહાપણ ભરેલી રીતે મરાઠી રાજ્યનો પાયો એવો મજબુત કર્યો કે પછીના નબળા રાજકર્તાઓના હાથમાં તે લાંબી મુદત ટકી રહ્યું તેની પછીના રાજાઓ તેની

રાજ્યનીતિને અનુસરીને વર્ત્યા નહિ માટે રાજ્ય ખોઈ બેઠા તેથી રાજ્યનીતિમાં કેટલાક સ્વરૂપ અંગ્રેજી રાજ્યમાં જોવામાં આવે છે તે નીચે મુજબ છે

(૧) કાઉન્સિલની મદદથી રાજ્ય વહિવટ કરવો શિવાજી પોતાના આઠ પ્રધાનની સંમતિથી દરેક કામ કરતો હતો

(૨) રાજ્યની મોટી જગાઓ વંશપરંપરા નહિ આપતાં લાયક માણસોનેજ આપતો

(૩) લશ્કરી કે મુલકી અમલદારોને તેમના કામ પેટે પગાર આપવો જાગીર આપવી નહિ

(૪) રેવન્યુ ઉપજ જમીનદારો મારફત વસુલ નહિ કરતાં બારોબાર રાજ્યના નોકરો મારફત વસુલ કરવી

મરાઠાનું લશ્કર—તેની પાસે પ્યાદી (માવળી) લોકોનું લશ્કર તથા હિંદુ સ્વાર હતા તેઓ ચોમાસુ પુરૂં થયા પછી ઝુંપણી કરી રહીને ટોળાબંધ હથિઆર લઈને ફરતા હતા શિવાજી તેમને લુટમાંથી ભાગ આપતો એટલે પગાર આપવાની જરૂર પડતી નહિ તેઓ સામે લડતા નહિ, પણ છુટક છુટક લશ્કર વડે શત્રુને ઘેરી લેતા અને વખત આવે ખસી જતા હતા

શંભાજી—ઈ સ ૧૬૮૦-૧૬૮૯—ને ૨૩ વરસની વયે ગાદીએ બેઠો અને કનુજ નામના એક બ્રાહ્મણની સોબતથી નાચ મુઝામા પડયો આ રાજા ધાતકી ને દુરત હતો. જ્યારે તે નિશામાં હતો ત્યારે ઔરંગજેબે સંગમેશ્વરના કિલ્લામાંથી તેને પકડી લીધો અને મુસલમાન થવા કહ્યું ત્યારે તેણે કહ્યું કે તારી શાહજાદી મને પરણાવે તો થાઉં તેથી બાદશાહ તેને ૧૬૮૯ માં મારી નાખ્યો તથા તેના છોકરા શાહુને પોતાના દરબારમાં કેદ રાખ્યો.

રાજારામ ઇ સ ૧૬૮૯—૧૭૦૦—ને જજીગઢ મુસલમાનોને પજવનો હતો તેથી મોગલોએ તે કિલ્લો ૧૬૯૮ માં જીતી લીધો આથી રાજારામે પોતાની ગાદી સતારામાં કરી ત્યાં ચોથ ઉઘરાવવા લાગ્યા તે ઇ સ ૧૭ ૦ માં મરણ પામ્યો એના પછી એનો છોકરો શિવાજી બીજો ૧૦ વર્ષની ઉમરે ગાદીએ બેઠો અને તેની મા તારાબાઇ કારભાર કરવા લાગી

શિવાજી બીજો—ઇ સ ૧૭૦૦-૧૭૦૮—ને નાનો હોવા- કારભાર તેની મા તારાબાઇ ચલાવતી હતી

મરાઠી રાજ્યના બે ભાગ—ઔરંગજેબ મરી જવાથી તેના પુત્ર આઝીમે શાહુને મોગલ પાદશાહના કાબુમા રહી રાજ્ય કરવા છુટો કર્યો એટલે શાહુએ આખી રાજ્યનો દાવો કર્યો ત્યારે તારાબાઇએ વાંધો લઇ કહ્યુ કે તુ કોઇ ઠગારો છે, પણ શાહુને મરાઠા સરદારોની મદદ મળવાથી સતારાનુ રાજ્ય મળ્યુ અને તારાબાઇ- ને કોલ્હાપુરનુ રાજ્ય આપી મરાઠી રાજ્યના બે ભાગ પાડયા.

શાહુ—ઇ સ ૧૭૦૮—૧૭૪૮—તેને ઔરંગજેબે શાહુ (પ્રામાણિક) નામ આપ્યુ હતુ, કેમકે તે શિવાજીની માફક છાનો માનો નાશી ગયો હતો તે મોગલ દરબારમાથી છુટીને આવ્યો ત્યારે પહેલા તારાબાઇએ ઠગારો કહી તેને ગાદી આપી નહિ પરતુ પાછળથી સતારાની ગાદી આપી પોતે કોલ્હાપુરમા રાજ્ય કરવા ગઇ.

પેશ્વાઇની શરૂઆત—શાહુ રાજા નરમ અને દમ વિનાનો હતો તેને મોજમજા બહુ ગમતા, તેથી સઘળી સત્તા પોતાના બાહોશ પ્રધાન બાળાજી રાવને સોંપી દીધી આ પ્રધાન પેશ્વા કહેવાયા આ વખતથી પેશ્વાનો હોદ્દો વંશપરંપરા થવાથી મરાઠી અને પેશ્વા એવા

એ વશ ા ળી લડાઇ કે સલાહ કરવાનુ કામ પેશ્વાના હાથમા હતુ આથી આખી મરાઠી પ્રજા તેને પોતાનો રાજા માનવા લાગી

— ❦ —

મરાઠા રાજ્યનો અંત

રામરાજા ઈ સ ૧૭ ૮–૧૭૭૭— શાહુરાજાને પુત્ર ન હોવાથી બાલાજી બીજાએ કોલ્હાપુર વાળા ભાયાત રામરાજાને ગાદીએ બેસાડ્યો, તેણે સ્વતંત્રપણે ચાલવાનો પ્રયત્ન કર્યો ત્યાર બાલાજીએ શાહુ રાજાના વખતનુ વશીઆતનામુ રજુ કર્યુ તેમાં લખ્યુ હતુ કે શિવાજીના વંશમા ગાદી રહેતા બધો કારભાર પેશ્વા કરે આથી રાજારામે કટાળી સતારાની આજુબાજુનો મુલક પોતે રાખી બાકીનો મુલક પેશ્વાને મેલ્યો આ વખતથી પેશ્વાની સ્વતંત્ર ગાદી પુનામાં થઇ એટલે પુના ને સતારા જુદા પડ્યા

શાહુરાજા—ઈ સ ૧૭૭૭–૧૮૧૮—રામ રાજાને સતાન ન હોવાથી ભોસલે કુળના શાહુને દત્તક લીધો તેણે ઇ સ ૧૮૦૧ માં પેશ્વાથી સ્વતંત્ર થવાને મહેનત કરી આથી પેશ્વાએ તેને તથા તેના બે દીકરાને કેદ કર્યા

બાળાસાહેબ (પ્રતાપસિંહ) ઇ સ. ૧૮૧૮–૧૮૩૯—શાહુ કેદખાનામાં મરી જવાથી તેના કુંવર પ્રતાપસિંહને અંગ્રેજ સરકારે ગાદી આપી તથા રૂ ૧૫ લાખની ઉપજનો મુલક આપ્યો પણ તેના ઉપર ૧૮૩૭ માં ફીતુરનું તહોમત આવવાથી ગાદીએથી ઉઠાડી મુકી તેના ભાઇ આપાસાહેબને ગાદી આપી

શાહુજી (આપાસાહેબ) ઇ સ ૧૮૩૭-૧૮૪૯ તે ૧૮૪૮ મા મરવાથી તેનુ રાજ્ય ઇ સ. ૧૮ ૯ માં અગ્રેજે ખાલસા કર્યું કોલ્હાપુરન રાજ્યની નાની શાખા હજુ હયાત છે

મરાઠી રાજનો ઉદય—મહારાષ્ટ્રમાં મરાઠ લોક રહેતા હતા તેમના ઘણા સરદારો હતા આમાંના શિવાજી નામે સરદારે મરાઠા કોમોની એક પ્રજા બનાવી, શિવાજી નાનપણમાં ભણવાનું નહિ શીખતાં લડાઇનુ કામ સારૂ શીખ્યો, અને લુટફાટ કરવા લાગ્યો શરૂઆતમાં તેણે પુરધરનો કિલ્લો તાબે કર્યો, ત્યાર પછી એક પછી એક એમ તોરણા, સિહગઢ, પ્રતાપગઢ, રાયગઢ વગેરે ઘણા કિલ્લા લીધા અને હથિઆર તથા પૈસા મેળવી ખ્યાતી ફેલાવી

તેણે વિજાપુરના રાજાના સરદાર અફજલખાનને કપટથી મારી તેના લશ્કરને હરાવ્યુ, એમ તેનું જોર દિવસે દિવસે વધતુ ચાલ્યુ વળી ઔરંગજેબના મામા સાઇસ્તખાનને ઘાયલ કરી નસાડયો અને સુરત લુટયુ ઔરંગજેબે તેને તથા તેના પુત્ર શંભાજીને બોલાવી કપટથી કેદ કર્યા પણ ત મીઠાઇના ટોપલામાં બેસી નાશી છુટયા પછી મરાઠાનો રાજા ખિતાબ ધારણ કરી ગાદીએ બેઠો અને મ્હેસુર તથા કર્ણાટકના સઘળા કિલ્લા જીંજી, વેલોર, આર્ની, બેંગલોર તથા ગઢાગી લીધા વળી દક્ષિણના મુસલમાન રાજ્યો પાસેથી ચોથ લેવા માંડી, એવામા તે મરણ પામ્યો.

મરાઠા રાજ્યની વૃદ્ધિ—પછી સહુ રાજાના વખતમાં બાલાજી પેશ્વાએ દક્ષણસુબાથી ચોથ લેવા માંડી અને બાજીરાવે ૧૭૩૮મા મોગલ સલ્તનતના લશ્કરને ભોપાળ આગળ હરાવ્યુ

વળી આખા હિંદમાંથી શોધ લેવાનો આરંભ કર્યો, તથા મરાઠા સરદારોએ નબળા સુબેદારો અને નવાબોને કાઢી મૂકી પોતે રાજ્ય કરવા માંડ્યું, એ રીતે સત્તા દિનપર દિન વધતી ગઇ અને છેવટે પાંચ મરાઠા રાજ્યો બન્યાં

મરાઠા રાજ્યની પડતી અને અંત—પાણીપતની લડાઇમાં ઘણા મરાઠાઓ માર્યા ગયા તથા પછીના મરાઠા રાજાઓ નબળા નીકળ્યા અને કમ વયરના હોવાથી મોજમઝામાં પડી બધી સત્તા પેશ્વાને સોંપી દીધી શિવાજીની રાજ્યનીતિ મરાઠાની પડતી અટકાવવામાં સહાયભૂત થતી તથા નાના ફડનવીસ માધવરાવ પેશ્વા અને મહાદજીએ પડતી અટકાવવા બહુ પ્રયત્નો કર્યા પણ તેમના મરણ પછી મરાઠા સરદારોમાંથી એકતા જતો રહ્યો, અને માંહેમાંહે કુસંપ પેઠો, તેથી તેમની પડતી થઇ

રામરાજાના દત્તક પુત્ર શાહુ બીજાએ પેશ્વાથી સ્વતંત્ર થવાને પ્રયત્ન કર્યો, તેથી પેશ્વાએ તેને તથા તેના બે દીકરાને કેદ કર્યા પછી જ્યારે અંગ્રેજ સરકારે પેશ્વાનું રાજ્ય ૧૮૧૮ માં ખાલસા કર્યું ત્યારે બાળા સાહેબને ગાદી આપી તેના ઉપર ૧૮૩૭ માં ફીતુરનું તહોમત મૂકવાથી તેના ભાઇ આપાસાહેબને ગાદીએ બેસાડ્યો તે ૧૮૪૮ માં અપુત્ર મરવાથી અંગ્રેજ સરકારે ૪૯માં ખાલસા કરી મરાઠા રાજ્યની (સતારાની) આખર આણી

પેશ્વા વશજો ૧૭૧૪–૧૮૧૮.

- ૧ બાલાજીરાવ—(બાલાજી વિશ્વનાથ) ૧૭૧૪–૧૭૨૦)
  - ૨ બાજીરાવ (૧૭૨૦–૪૦)
    - ૩ બાલાજી બાજીરાવ ૧૭૪૦–૧૭૬૧
      - વિશ્વાસરાવ (૧૭૬૧ માં મરણ પામ્યો)
      - ૪ માધવરાવ. (૧૭૬૧–૧૭૭૨)
      - ૫ નારાયણરાય (૧૭૭૨–૧૭૭૩)
        - ૭ સવાઈ માધવરાવ (૧૭૭૪–૧૭૯૫)
    - ૬ રઘુનાથરાવ, (રાઘોબા) (૧૭૭૩–૧૭૭૪)
      - ૮ બાજીરાવ બીજો (૧૭૯૫–૧૮૧૮)
        - નાનાસાહેબ. ૧૮૫૭ ના બળવામાં સામેલ થનાર.
  - ચીમનાજી
    - સદાશિવભાઈ

—✻—

બાલાજીરાવ ૧૭૧૪–૧૭૨૦–તે પ્રથમ તલાટીનુ કામ કરતો હતો તેને ૧૮૧૪ માં શાહુએ પેશ્વા બનાવ્યો તેણે મહમદશાહ પાસેથી આખા દક્ષિણ હિંદમા ચોથ ઉઘરાવવાની પરવાનગી મેળવી.

બાજીરાવ ૧૭૨૦–૧૭૪૦–તેણે મરાઠા સરદારોને જુદીજુદી દિશામા ચોથ ઉઘરાવવા મોકલ્યા તેઓ દિલ્હીમા ન આવે માટે

મહમદશાહે તેમને બીજે ઠેકાણે ચોથ ઉઘરાવવાની રજા આપી વળી આ પેશ્વાએ ૧૭૩૮મા નિઝામની આગેવાની નિચેના મોગલ લશ્કરને હરાવ્યુ હતુ

પાચ મરાઠી રાજ્યો.—આ પેશ્વાના વખતમા મરાઠા સરદારોએ દમ વિનાના સુબેદારો તથા નવાબ પાસેથી ચોથ લીધી એટલુજ નહિ પણ તેમના મુલક લઇ લઇ ત્યાં પોતે રાજ્ય કરવા લાગ્યા આ રીતે પાચ મોટા મરાઠી રાજ્યો બન્યા (૧) પુનામા પેશ્વાનુ (સતારા નામને) હતુ, (૨) વડોદરામા ગાયકવાડ (૩) ઇંદોરમા હોલકર (૪) નાગપુરમા ભોસલા (૫) ગ્વાલીયરમાં સિંધીઆ

આ મરાઠા સરદારો પહેલા ચોથ ઉઘરાની પેશ્વાને મોકલતા પણ થોડા વખત પછી ચોથ મોકલવી બધ કરી આ રાજ્યોમાથી ગુજરાત, (વડોદરા) ગ્વાલીયર અને ઈંદોર આજસુધી ટકી રહ્યા છે આની સંપુર્ણ હકીકત પેશ્વા વંશ પછી આવશે મરાઠાએ હૈદ્રાબાદ લેવા બહુ પ્રયત્ન કર્યા પણ લઇ શક્યા નહિ વળી નિઝામ પાસે તેઓ ચોથ માગતા તે પણ તે બનતા સુધી આપતો નહિ.

ખામી—બાજીરાવે હોંશિયારીથી મરાઠી રાજ્યની કીર્તિ વધારી, પરંતુ ખેડુત લોકોને ઇનસાફ બરાબર મળે છે કે નહિ તેની તપાસ રાખી નહિ એ એના આબરૂ ને ઝાંખી પાડે છે બાકી મરાઠામાં શિવાજી અને પેશ્વામા બાજીરાવ જેવા બીજા પુરૂષ થયા નથી તેને બે દીકરા બાલાજી બાજીરાવ ને રઘુનાથરાવ કે રાઘોબા હતા

બાલાજી બાજીરાવ —૧૭૪૦-૧૭૬૧—એના વખતમા રાઘોબાએ ૧૭૫૮ મા પંજાબ ઉપર ચઢાઇ કરી તૈમુરશાહ અબ-

દક્ષીનો સૂબો અને પુત્ર હતો તેને કાઢી મુકયો તથા ૧૭૬૦ માં સદાશીવરાવે નિઝામને ઉદગીર આગળ હરાવ્યો આ પેશ્વાએ ખાનદેશથી તુંગભદ્રા સુધીના પ્રદેશમાં પોતાની પાકી જમાવટ કરવાનો અને હૈદ્રાબાદનાનિઝામને નબળો પાડવાનો ઘણો પ્રયત્ન કર્યો

પેશ્વાએ સ્વતંત્ર રાજ્ય મેળવ્યુ—આ પેશ્વાના વખતમાં મરાઠા રાજા રામરાજાએ સ્વતંત્રપણે ચાલવાનો પ્રયત્ન કર્યો આ વખતે બાલાજી બીજાએ શાહુરાજાના વખતનુ જુનુ વસીઆતનામું રજુ કર્યું તેમાં લખ્યુ હતું કે શિવાજીના વંશમાં ગાદી રહેતા બધો કારભાર પેશ્વા કરે, આથી રામરાજાએ કંટાળી સતારાની આજુબાજુનો મુલક પોતે રાખી બાકીનો મુલક પેશ્વાને સોંપ્યો આ વખતથી પેશ્વાની સ્વતંત્ર ગાદી પુનામાં થઇ

પાણીપતનુ છેલ્લુ યુદ્ધ. ૧૭૬૧—રાધોબા પેશ્વાએ અહમદ દુરાનીનો પંજાબ પ્રાંત લઈ લેવાથી તેને સજા કરવાને દુરાની પાંચમી વાર ૧૭૬૧ માં હિન્દ ઉપર ચઢી આવ્યો આ હિંદુ મુસલમાનની લડાઇ હિંદની પાદશાહત કોને હાથ જશે તે નક્કી કરવાની હતી. શરૂઆતમા ભાઉ તથા વિશ્વાસરાવે દિલ્હીનો કિલ્લો લઇ વિશ્વાસરાવને અભીષેક કરવાનો વિચાર કર્યો આથી રજપુતો તથા જાટ મરાઠાથી જુદા પડી અલગ રહ્યા, અને ઉત્તર હિંદના બધા મુસલમાનો એકત્ર થઇ ગયા, પેશ્વા તરફ સદાશિવભાઉ સેનાપતિ તથા મદદમાં ઇબ્રાહીમગાર્દી, વિશ્વાસરાવ, સિંધીયા, હોલકર અને ગાયકવાડ વિગેરે હતા પેશ્વા પાસે ૧૫૦૦૦ કવાયતી લશ્કર, ૫૫૦૦૦ હજાર સ્વાર, બે લાખ લુટારા તથા નોકરો અને ૨૦૦ તોપો હતી. અહમદશાહ પાસે ૪૬૮૦૦ સ્વાર, ૩૮૦૦૦ પાયદલ, અને ૭૦ તોપો હતી

રજપૂતો અને મરાઠા સરદારોની મરજી શિવાજીની પદ્ધતિ પ્રમાણે સામે મોઢે યુદ્ધ ન કરતા આસપાસનો મુલક ઉજ્જડ કરવો અને દુશ્મનો ખસી આવે વિખરાઇ જવાની હતી આ વાત સદાશિવભાઉને ગમી નહિ તેથી સામે મોઢે લડતા મરાઠાઓએ પાણીપતના મેદાનમાથી નાશ ભાગ કરી અને અબ્દલીને જય મળ્યો આમા ભાઉ તથા વિશ્વાસરાવ મરાયા તથા ઇબ્રાહીમ અને બીજા બે લાખ માણસો રણમા પડયા, આથી મહારાષ્ટ્રમાં ઘેર ઘેર રડારોળ થઇ રહી

ગુણ—આ પેશ્વા બહાદુર પહોચેલો પણ આળસુ ને વિષયી હતો એને ત્રણ પુત્ર વિશ્વાસરાવ, માધવરાવ અને નારણરાવ હતા.

માધવરાવ ૧૭૬૧–૧૭૭૨—બાલાજીનો મોટો પુત્ર વિશ્વાસરાવ લડાઇમા મરાયાથી તેનો બીજો પુત્ર માધવરાવ ગાદીએ બેઠો તે નાનો હોવાથી રાજ્ય કારભાર રાઘોબા ચલાવતો હતો તેણે ૧૭૬૪ માં નિઝામને હરાવ્યો અને ૧૭૬૯ મા રજપૂત જાટ વગેરે પાસેથી ખંડણી લઇ રોહિલાનો મુલક ઉજ્જડ કર્યો તથા ૧૭૬૫–૬૭ ને ૭૨ મા હૈદરને હરાવી દંડ લીધો

ગુણ—તે હોશિઆર અને લડાઇમાં શુરો હતો તથા પાણીપતના મેદાનમા ગએલી આબરૂ પાછી મેળવવાને પ્રયત્ન કરતો હતો તેણ ભાંગી પડેલી પેશ્વાઇ સજીવન કરી એણે વેઠ કરાવવાની બંધી કરી અને પ્રજાનુ રક્ષણ કરી તથા ન્યાય આપી જુલમ અટકાવ્યો

પેશ્વાની પડતી.

નારણરાવ ૧૭૭૨–૧૭૭૩—માધવરાવ અપુત્ર મરવાથી તેનો ભાઇ નારણરાવ ગાદીએ આવ્યો તેનુ રાઘોબાએ પોતાની સ્ત્રી

આનંદીબાઈની શીખવણીથી ખુન કરાવ્યું અને પોતે પેશ્વાપદ ધારણ કરી કારભાર કરવા લાગ્યો

સવાઈમાધવરાવ. ૧૭૭૪-૧૭૯૫—નારાયણરાવના ખૂનનો ગડમડાટ ચાલતો હતો એવામાં તેની ગર્ભવતી સ્ત્રીને પુત્ર પ્રસવ થવાથી તેને સવાઈ માધવરાવ નામ આપી નાનાફડનવીસે ગાદીએ બેસાડ્યો અને રાઘોબા સાથે વિગ્રહ શરૂ કર્યો

મરાઠી પહેલો વિગ્રહ ૧૭૭૧-૧૭૮૨—સવાઈ માધવરાવ તથા રાઘોબા વચ્ચે ગાદી માટે તકરાર થવાથી આ વિગ્રહ શરૂ થયો રાઘોબાએ ૧૭૭૫ માં સુરત મુકામે મુંબઈના ગવર્નર સાથે સલાહ કરી અને મદદ બદલ વસાઈ તથા સાલસેટ ટાપુ આપવાનું નક્કી કર્યું આ બાબત મુંબઈ સરકારે હિંદ સરકારની સંમતિ નહિ લેતાં ઇષ્ટ ઈંડીઆ કંપનીને બરોબાર લખી જણાવી, આથી હિન્દ સરકારે તે મંજુર નહિ રાખતાં તેના સામાવાળીઆ નાના ફડનવીસ સાથે ૧૭૭૬ માં પુરન્ધર મુકામે સાલસેટ લેવાની શરતે સલાહ કરી, પણ કંપનીને સુરતના કરારની ખબર પહેલી મળવાથી તે મંજુર રાખ્યા આથી મુંબઈનું લશ્કર કીટીંગની સરદારી નીચે રાઘોબાની મદદે ગયું પરંતુ તેને સિંધીઆએ હરાવ્યું માટે વારગામની સલાહ કરવી પડી એવામાં હિંદ સરકાર તરફથી કેપ્ટન પોપહામે આવી સિંધીઆને હરાવી ગ્વાલીયર જીતી લીધું, આથી નાનાફડનવીસે સાલબાઈ મુકામે ૧૭૮૨ માં સલાહ કરી રાઘોબાને પેનશન બાંધી આપ્યું તેમાં મરાઠા અને અંગ્રેજોએ પરસ્પર મદદ કરવા કબુલ કર્યું એમાં વસાઈને સાલસેટ અંગ્રેજોને મળ્યા

આ પેશ્વાએ ૧૭૯૫ માં નિઝામને કુર્દલા (ખર્ડા) આગળ હરાવ્યો હતો. આ લડાઈ નાની હતી તો પણ મરાઠી ઇતિહાસમાં

નોંધી નાખવા લાયક છે કેમકે બ્રાહ્મણ, મરાઠા સરદારો જાગીરદારો વગેરેએ આ લડાઇમાં નાનાફડનવીસના હુકમને માન આપી ભાગ લીધો હતો, ત્યાર પછી તે ફરી એકઠા થયા નથી

—⁂—

પેશ્વાઇનો અંત

બાજીરાવ બીજો- ૧૭૯૬–૧૮૧૮—આ છેલ્લો પેશ્વા નાલેશી ભરેલો અધિકારી હતો તે રાઘોબાનો પુત્ર હતો એણે અંગ્રેજો સાથે વસાઇની સલાહ કરી તેથી સિંધીઆ તથા ભોંસલાએ મરાઠા અંગ્રેજો અને હોલ્કરે મરાઠી ત્રીજો વિગ્રહ શરૂ કર્યો તેમાં તેઓ હાર્યા, અને અંગ્રેજોને જય મળ્યો આ સંપૂર્ણ હકીકત આગળ માર્કિવસ વેલેસ્લીના વખતમાં આવશે

વસાઇની સલાહની અસર—બાજીરાવે અંગ્રેજો સાથે વસાઇ મુકામે સલાહ કરી તેથી પેશ્વા પરતંત્ર થયો વળી સિંધીઆ તથા બીજા મરાઠા સરદારોના મન ઉંચાં થઇ ગયા અને બીજો અંગ્રેજો સાથે મરાઠી બીજો વિગ્રહ શરૂ કર્યો તેમાં તેઓ હાર્યા અને અંગ્રેજોને વિજય થયો તેથી અંગ્રેજોને દેવગામ તથા સુરજીઅંજનગામની સલાહ થવાથી કેટલાક મુલક મળ્યો પછીથી બાજીરાવ સ્વતંત્ર થવા મથ્યો પણ મરાઠી ચોથા વિગ્રહમાં તેની સત્તાનો અંત આવ્યો અને અંગ્રેજે તેનું રાજ્ય ખાલસા કર્યું

મરાઠી ચોથો વિગ્રહ—૧૮૧૭–૧૮૧૮—વસાઇની સલાહ કર્યા પછી બાજીરાવ અંગ્રેજના તાબામાંથી નીકળી જવાને યુક્તિઓ કરતો હતો ( ) ગાયકવાડે મહેસૂલ માગ્યું તકરારનો નિકાલ કરવા અંગ્રેજની બાહેધરીથી દિવાન ગંગાધર શાસ્ત્રીને પુને મોકલ્યો

તેને બાજીરાવના મસલતીઆ ત્ર્યંબકજી ડેંગળેએ મરાવી નાખ્યો (૩) બાજીરાવે એલ્ફિન્સ્ટનની છાવણી ઉપર હુમલો કર્યો આથી તેની સાથે વિરુદ્ધ યુદ્ધ થયો તેમાં બાજીરાવ ૧૮૧૮ માં ખડકી તથા કોરેગામ આગળ હાર્યો, અને માલ્કમ સાહેબને શરણે ગયો, તેણે તેને આઠ લાખનું વર્ષાસન બાંધી આપી બિઠુરમાં રાખ્યો એ રીતે પેશ્વાઈનો અંત આવ્યો.

પેશ્વા ૧૮૫૩ માં મરી ગયો તેના મરણ પછી વર્ષાસન બંધ થવાથી તેનો દત્તક પુત્ર નાનાસાહેબ ૧૮૫૭ ના બળવામાં સામેલ થયો પણ હારીને નાશી ગયો

મરાઠી રાજ્યનાં પાંચ અંગ.

પેશ્વા—એ મરાઠાના મુખ્ય પ્રધાન હતા શાહુના વખતથી તેઓ પેશ્વા કહેવાયા પહેલો પેશ્વા બાળાજી થયો, વળી બાળાજી બાજીરાવે શાહુના મરણના લેખ પ્રમાણે પૂનામાં સ્વતંત્ર ગાદી સ્થાપી. તેઓ જાતે બ્રાહ્મણ હતા છેલ્લો પેશ્વા બાજીરાવ બીજો થયો તે બાજીરાવ હારવાથી રાજસત્તા ખોઈ

(૨) સિંધીઆ—એમની વંશાવળી નીચે પ્રમાણે છે

૧	રાણોજી	૧૭૩૮	૧૭૫૦
૨	જયાજી	૧૭૫૦	૧૭૬૧
૩	મહાદજી	૧૭૬૧ .	૧૭૯૪
૪	દોલતરાવ	૧૭૯૪ ...	૧૮૨૭
૫	જયાજી બીજો	૧૮૨૭	૧૮૪૩

૬ જયાજીરાવ	૧૮૪૩	૧૮૮૬
૭ માધવરાવ	૧૮૮૬ થી રાજ્ય કરે છે	

આ રાજ્યનો સ્થાપનાર રાણોજી કરીને પહેલા બાજીરાવનો આસદાર હતો, તેણે ગ્વાલીઅરમાં ૧૭૩૮ માં રાજ્ય સ્થાપ્યું તેના પછી જનકોજી આવ્યો. તે ૧૭૬૧ માં પાણીપતમાં મરાયો, તેથી તેનો દીકરો મહાદજી સિંધિઆ ગાદીએ બેઠો તેણે રોહિલખંડ, દિલ્હી આગ્રા વગેરે પ્રાંતો જીતી દિલ્હીના બાદશાહને આપ્યા હતા તેની પાછળ તેનો ભત્રીજો દોલતરાવ ૧૭૯૪ માં ગાદીએ બેઠા તેની સાથે અંગ્રેજોને ૧૮૦૩ માં લડાઇ થઇ હતી પછી જનકોજી બીજો થયો એની કેડે તેનો દત્તક પુત્ર જયાજીરાવ થયો, જેનો સિંધીઆ ૧૮૮૬ થી ગ્વાલીઅરની ગાદીએ રાજ્ય કરે છે

(૮) હોલકર—એની વંશાવળી નીચે પ્રમાણે

૧	મલ્હારજી ..	૧૭૨૮	૧૭૬૬
૨	તુકાજી ...	૧૭૬૬	૧૭૯૭
૩	યશવંતરાવ	૧૭૯૭	૧૮૧૧
૪	મલ્હારરાવ	૧૮૧૧	૧૮૦૩
૫.	હરીહરાવ ..	૧૮૩૩	... ૧૮૪૩
૬	તુકાજી બીજો	૧૮૪૩	૧૮૮૬
૭	શિવાજીરાવ ,	૧૮૮૬ થી ઇંદોરની ગાદીએ છે.	

બાજીરાવ પહેલાનો ઘોડેસ્વાર મલ્હારજી કરીને ભરવાડ હતો. તેણે ઇંદોરમાં ૧૭૨૮ માં રાજ્ય સ્થાપ્યું તેના મરણ અગાઉ તેનો પુત્ર ખંડેરાવ મૃત થયો હતો, તેથી ખંડેરાવની વિધવા સ્ત્રી અહલ્યા બાઇએ તુકાજીને દત્તક લઇ રાજ્ય કરવા માંડ્યું તુકાજીના મરણ

પછી ૪ શવતરાવ થયો તેણે ૧૮૦૪ માં અંગ્રેજ સાથે લડાઇ છેડી તેમાં ડીગ અને ફરૂકાબાદ આગળ હારી ગયો તેની પછી મલ્હારાવ ગાદીએ બેઠો તેણે ઇ સ ૧૮૩૭ મા અંગ્રેજ સાથે લડાઇ કરી તેમાં હારી અંગ્રેજ છાવણી રાખવાની હા પાડી પછી હરીહરાવ અને તુકાજી અનુક્રમે થયા. હાલમાં ઈંદોરની ગાદીએ તુકાજીના પુત્ર શિવાજીરાવ રાજ્ય કરે છે

(૪) ભોંસલા—એ વંશની વંશાવળી નીચે પ્રમાણે છે

૧	રાઘોજી ..	૧૭૫૩	૧૭૫૫
૨	દાનોજી ..	૧૭૫૫	૧૭૮૫
૩	રાઘોજી બીજો	૧૭૮૫	૧૮૧૬
૪	પરસાજી.. ..	૧૮૧૬ ..	૧ ૧૭
૫	આપા સાહેબ	૧૮૧૭	૧૮૧૮
૬	રાઘોજી ત્રીજો	૧૮૧૮	૧૮૫૩ ખાલસા.

બાજીરાવના સરદાર રાઘોજીએ ઇ સ. ૧૭૫૩ મા નાગપુરમાં ગાદી કરી ત્રીજો રાજા રઘોજી બીજો સ્વતત્ર મનનો હતો તેણે ૧૮૦૩ માં અંગ્રેજ સાથે લડાઇ કરી હતી પછી પરસાજી ગાદીએ આવ્યો તે ગાડા જેવો હોવાથી તેનો પિત્રાઇ આપાસાહેબ કાર ભાર કરવા લાગ્યો ૧૮૧૭ માં અંગ્રેજની સાથેની લડાઇમાં હારી ગયો એની પછી રાઘોજી ત્રીજો આવ્યો તે અપુત્ર મરવાથી ૧૮૫૩ માં અંગ્રેજે નાગપુર ખાલસા કર્યું

(૫) ગાયકવાડ—આ રાજ્યનો સ્થાપનાર પીલાજી પહેલા બાજીરાવનો સરદાર હતો તેણે ૧૭૩૧ માં વડોદરામાં ગાદી કરી, એની પાછળ દામાજી, ફતેસિંહ, માનાજી અને ગોવિંદરાવ થયા. હાલ ગાયકવાડ આનંદરાવ હતો, તેણે ધોળકા, નડિઆદ માતર

અને મહુધા અંગ્રેજ સરકારને આપ્યા એના વખતથી પહેલી અંગ્રેજ છાવણી વડોદરામા થઇ પછી શિયાજીરાવ બીજા ગણુપતરાવ અને ખડેરાવ થયા, દશમા ગાયકવાડ મલ્હારરાવ ઉપર રેસીડેન્ટ કર્નલ ફેર સાહેબને ઝેર દીધાનુ તહોમત આવ્યુ આથી તેને મદ્રાસમાં કેદ કર્યો એની પાછળ થનાર શિવજીરાવ હાલ વડોદરાની ગાદીએ રાજ્ય કરે છે

૧૩. યુરોપ અને હિંદ વચ્ચેનો શરૂઆતનો વેપાર ૧૫૦૦–૧૭૦૦.

હિંદમા અંગ્રેજો ક્યારે કેવી રીતે અને કેમ આવ્યા –

અંગ્રેજો આશરે ૩૦૦ વર્ષ પર યુરોપમા ન થતી ચીજો ખરીદવાને અહીંઆ આવ્યા હતા તેઓ મરી, ચોખા, બાફ્તા, તેજાના ઔષધ અને ખાંડ લઇ તે બદલ પોતાના દેશમા તાંબુ, પારો, લોઢ નો સામાન વગેરે લાવતા હતા આ માલ અસલના વખતમાં જમીન માર્ગે અફગાનિસ્તાન, ઇરાન અને એશિઆમાઇનરની હદમા થઇને જતો હતો, પણ પાછળથી આરબ અને ખ્રિસ્તીઓ વચ્ચે લડાઇ થનાથી ખ્રિસ્તી વેપારીઓને જળ માર્ગ શોધવાની જરૂર પડી

પોર્ટુગીઝ.

જળમાર્ગની શોધ અને વાસ્કોડીગામા—જળમાર્ગે પહેલવહેલાં કોલંબસ ૧૪૯૨ માં હિંદમાં આવવા પ્રયત્ન કર્યો

હતો પરંતુ તેનાં વહાણ અમેરિકા તરફ ઘસડાઈ ગયાં ત્યાર પછી પોર્ટુગીઝ લોકોએ હિન્દના જળમાર્ગની શોધ કરવા વાસ્કોડીગામાને મોકલ્યો તે ૧૪૯૮ માં કેપ ઓફ ગુડ હોપને રસ્તે થઈ કાલીકટ બંદરે આવી પહોંચ્યો તેને મૂર અથવા આરબ લોકો તરફથી વિરોધ થયો આ વખતે કાલીકટનો રાજા ઝામોરીન હતો, તેણે પોર્ટુગાલના રાજા ઉપર એક પત્ર લખી આપ્યો કે મારા નગરમાં તજ, લવિંગ, મરી અને આદુ પુષ્કળ થાય છે તે આપી તમારા દેશમાંથી સોનું રૂપું પરવાળાં અને કીરમજી રંગના લુગડાં લેવા ઈચ્છું છું

ત્યાર પછીનાં સો વર્ષ સુધી એટલે ૧૫૦૦—૧૬૦૦ સુધી હિંદનો બધો વેપાર પોર્ટુગીઝ લોકોના હાથમાં રહ્યો તેમનો પહેલો ગવર્નર ૧૫૦૫ માં આલ્મીડા આવ્યા હતો, બીજો આલ્બુકર્ક ૧૫૦૯ માં આવ્યા તેણે ૧૫૧૦ માં ગોવા જીતી લઈ મજબુત કિલ્લો બાંધ્યો તે ૧૫૧૫ માં મરણ પામ્યો

હિંદ સાથેના વેપારથી પોર્ટુગીઝ લોકોને ઘણો નફો થએલો જોઈ ફ્રાન્સ, ડેન્માર્ક, જર્મની અને સ્વીડનના યુરોપી વેપારીઓએ પોતાનાં વહાણો મોકલ્યાં તેમાં ઈંગ્લાંડ, હોલાંડ અને ફ્રાન્સને છોડી પણ કંઈ ફળ આવ્યું નહિ કંઈ ન મળવાથી તેમણે વેપાર બંધ કર્યો.

વલંદા—તેઓ યુરોપના હોલાંડ દેશના રહીશ છે તેનું જોર હાલમાં ઘણું નરમ છે, પણ ૩૦૦ વર્ષ પર તેમના વહાણ અને ખલાસી યુરોપમાં શ્રેષ્ઠ ગણાતા હતા તેઓ પોર્ટુગીઝના કરતાં જોરાવર હતા તેમણે આવીને પોર્ટુગીઝોને જીતવા સિવાય બનેથી કાઢી મુક્યા ૧૬૦૦ થી ૧૭૦૦ સુધીનો હિંદનો તેજાનાનો બધો વેપાર તેમના હાથમાં રહ્યો તે સમયમાં તેમણે ફ્રામોસા, મલાકા,

જાફનાપટમ વગેરે કબજે કર્યાં. પણ ૧૭૦૦થી કેટલાક કારણોથી તેમની પડતી થઇ. તેમના વેપારના મથક કોચીન, સીલોન, જાવા અને સુમાત્રા હતા.

અંગ્રેજો.

યુનાઇટેડ ઇસ્ટઇંડિઆ કંપની—વલંદા લોકો હિંદમાંથી આવતા માલ ઉપર નફો ચઢાવીને યુરોપમાં વેચતા હતા, પણ જ્યારે ઘણો નફો લેવા માંડયો ત્યારે અંગ્રેજોને બારોબાર હિંદ સાથે વેપાર કરવાનું મન થયું. આથી લંડનના આશરે સો વેપારીઓએ ૧૬૦૦ માં ઠરાવ કરી ઇંગ્લિશ ઇસ્ટ ઇંડિઆ કંપની સ્થાપી, ઇલીઝાબેથ રાણીની પરવાનગી માગી. તે વખતે હિંદમાં અકબર બાદશાહ રાજ્ય કરતો હતો. આ કંપનીએ ૧૬૧૨ માં સુરતમાં કોઠી ઘાલી અને થોડા વખત પછી રક્ષણને માટે કોઠીની આસપાસ કિલ્લો બાંધી ઉપર તોપો ગોઠવી. તેમને ઘણો નફો થએલો જોઇ બીજી ઘણી મંડળીઓ ઉભી થઇ. પણ તે બધી ૧૭૦૦ માં જોડાઇ જઇ યુનાઇટેડ ઇસ્ટઇંડિઆ કંપની બની. પછી આ કંપનીએ હિંદ સાથે વેપાર કરવાનો કુલ હક ઇંગ્લંડના રાજા પાસેથી મેળવ્યો.

આંબોયનાની કતલ—૧૬૨૩ ના ફેબ્રુઆરી માસમાં મસાલાના બેટોમાં અંગ્રેજ અને વલંદા વચ્ચે વેપારની સાઠમારી ચાલી. તેમાં વલંદાએ ૯ અંગ્રેજ ૯ જાપાની અને ૧ પોર્ટુગીઝને ઠાર કર્યા, આથી કતલ થએલા અંગ્રેજોના વારસને રૂ. ૩૬૧૫ વલંદાએ આપવા એમ ઠરાવ્યું.

મદ્રાસમા અંગ્રેજની વખારો (કોઠીઓ)—આ ઇલાકામા તેમની ફોર્ટ સેંટ ડેવીડ તથા મછલીપટ્ટણમા વખારો હતી. મદ્રાસ પહેલા માછી લોકોનું ગામડુ હતુ, તેને ૧૬૩૯ મા ચંદ્રગીરીના રાજા પાસેથી અંગ્રેજોએ વેચાતું લઇ ત્યાં મજબુત કિલ્લો બાંધ્યો અને તેનું નામ ફોર્ટ સેંટ જ્યોર્જ પાડયુ

મુંબાઇમાં અંગ્રેજની કોઠીઓ—(થાણાં) આ ઇલાકામાં સુરત અને મુંબાઇમાં પહેલી વખારો થઇ પહેલાં તેમનું મુખ્ય સ્થળ સુરત હતું જ્યારે ઇંગ્લાંડના રાજા બીજા ચાર્લ્સનું લગ્ન ૧૬૬૨ માં પોર્ટુગાલના રાજાની કુંવરી કેથેરાઇન સાથે થયું ત્યારે પહેરામણીમાં મુંબાઇ બેટ અંગ્રેજોને મળ્યો પછી ૬ વરસે વરસ દહાડે રૂ ૧૦૦ લેવાની શરત કરી કંપનીને આપ્યો ત્યાર પછી કંપનીએ સુરતમાંથી કોઠી ઉપાડી મુંબાઇમાં કરી.

બંગાળામા કોઠીઓ (વ્યાપારના મથકો)—અંગ્રેજોએ શાહજહાનના વખતમા ૧૬૨૦ માં હુગલીમાં કોઠી ઘાલી અને બીજા ત્રણ ગામડા સુટાન્ટી, કાલીઘાટ ને ગોવીંદપુર ખરીદ્યાં આમાંનું કાલીઘાટ પાછળથી કલકત્તા થયું આ જગાએ ૧૬૯૦ મા ફોર્ટ સેન્ટ વિલિયમનો કિલ્લો બાંધ્યો, આ સિવાય પટણા ઢાંકા અને કાશીમબજારમાં પણ તેમની વખારો હતી

ફ્રેન્ચોની કોઠીઓ—માહી, પાંડિચેરી અને ચંદ્રનગરમાં હતી.

વલંદાની કોઠીઓ—કોચીન, પુલીકટ ને ચિન્સુરામા હતી.

પોર્ટુગીઝનુ વેપારનુ મથક—ગોવા

૧૬ અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે ઝઘડા

ફ્રેંચ તથા અંગ્રેજોએ હિંદમાં રાજ્ય મેળવવાને ૧૮ મા સૈકાના મધ્યમાં દક્ષિણના રાજ્યોની વચમાં પડી લડાઓ કરી તેમાં અંગ્રેજોને જય મળ્યો અને ફ્રેંચોની સત્તાનો અંત આવ્યો

અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચેનો (કર્ણાટકનો) પહેલો વિગ્રહ—૧૭૪૪—૧૭૪૮— આ વિગ્રહ થવાના ત્રણ કારણ છે (૧) ૧૭૪૪ મા યુરોપમાં અંગ્રેજને ફ્રેંચ વચ્ચે લડાઈ જાગી તેની અસર હિંદમાં દાખલ થઈ (૨) અંગ્રેજોને ફ્રેંચો ગમતા નહોતા ... ડુપ્લે તેમને હિંદમાંથી કાઢી મુકવા માગતો હતો (૩) ડુપ્લે હિંદમાં ફ્રેંચોને રાજ્ય કરાવવાને ઉમેદ હતી આથી લડાઈ જાગી

ડુપ્લેએ ૪ હજાર સિપાઈ લઈ મદ્રાસ ઉપર ચડાઈ કરી ૧૭૪૬ માં લીધું તેથી ક્લાઇવ ... માંથી નાસી ગયો ત્યાર પછી ફ્રેંચોએ ફોર્ટ સેંટ ડેવિડ લેવાને ઘણીવાર પ્રયત્ન કર્યો પણ કલકત્તાની મદદ મેજર લોરેન્સ આવી પહોંચવાથી પાછા હઠવું પડ્યું પછી અંગ્રેજોએ ફ્રેંચનું પાંડિચેરી લેવાને પ્રયત્ન કર્યો પણ ફાવ્યા નહિ એવામાં ૧૭૪૮ માં યુરોપમાં અંગ્રેજને ફ્રેંચ વચ્ચે એલા શાપેલનો તહ થવાથી લડાઈ બંધ પડી અને અંગ્રેજોને મદ્રાસ પાછું મળ્યું

રોબર્ટ ક્લાઇવ (હિંદમા અંગ્રેજી રાજ્ય સ્થાપનાર) એનો જન્મ ૧૭૨૫ મા ઇંગ્લંડના શ્રોપશાયર પરગણામાં થયો હતો તે ૧૯ વર્ષની વયે ૧૭૪૪ મા કંપનીના કારકુન તરીકે રહ્યો હતો તેની પાસે પ્રથમ પૈસા ટકા નહતા તે થોડા

વખતમાં મોટો સેનાધિપતિ થયો જ્યારે ફ્રેંચે મદ્રાસ લીધું ત્યારે તે ડેવીડ નાશી ગયો અને તેનો બચાવ થયો હતો આથી ક્લાઇવને એન્સાઇનની જગા આપી હતી પાછળથી તે સબિતજંગ (સાબિત=દૃઢ+જંગ=લડાઇ) નામથી ઓળખવા લાગ્યો

નિઝામનો અને કર્ણાટિકની ગાદી માટે વાંધો—૧૭૪૮ મા હૈદ્રાબાદનો નિઝામ-ઉલ-મુલ્ક ૧૦૪ વર્ષની ઉમરે મરણ પામ્યો ત્યારે તેનો દીકરો નાઝીરજંગ (નાઝીરજંગ) ગાદીએ બેઠો પણ તેના ભત્રીજા મુજફ્ફરજંગે ગાદી લેવા ફ્રેંચોની મદદ માગી, તેજ વખતે કર્ણાટકના નવાબ અનવરૂદીનની ગાદી લેવા ચંદાસાહેબે ડુપ્લેની મદદ માગી

હવે ડુપ્લેએ ખુશીને લશ્કર આપીને મોકલ્યો તેણે નઝીરજંગને મારી નાખ્યો, આથી નવા નિઝામે ફ્રેંચોને ઉત્તર સરકારનો મુલક આપ્યો વળી ફ્રેંચોએ અનવરૂદીનને મારી નાખ્યો અને ડુપ્લેને કર્ણાટકના ગવર્નરનો ખિતાબ આપી તેના તાબામાં ચંદાસાહેબને કર્ણાટકનો નવાબ બનાવ્યો. આથી તેણે ફ્રેંચોને કેટલીક જમીન તથા પૈસા આપ્યા હવે અનવરૂદીનનો દીકરો મહમદઅલી ત્રિચીનાપલીમાં નાશી ગયો ત્રિચીનોપલીને ફ્રેંચો તથા ચંદાસાહેબે ઘેરો ઘાલ્યો. માટે મહમદઅલીએ અંગ્રેજોની મદદ માગી, અંગ્રેજ ગવર્નરે કલાઇવ સાથે થોડા લશ્કરની મદદ મોકલી, કલાઇવ ત્રિચીનાપલીમાં-પેસવા તથા નીકળતાં બહાદુરીથી લડ્યો માટે તેને કેપ્ટન બનાવવામાં આવ્યો

આર્કાટનો પ્રખ્યાત ઘેરો. ૧૭૫૧—ચંદાસાહેબ અને ફ્રેંચોએ ત્રિચિનાપલીને ઘેરા ઘાલ્યો. તેથી મહમદઅલીએ અંગ્રેજોની મદદ માગી આ વખતે કલાઇવે મદ્રાસના ગવર્નરને કહ્યું કે મદ

મહમદઅલી ટકી શકે નહિ એવો નબળો છે વળી ફ્રેંચોનુ લશ્કર ત્રિચિનાપલ્લી પાડ્યે અને ચાંદાસાહેબ વર્તુચાગ્યેલુ છે અને કર્ણાટકમાં ફક્ત થોડાજ માણસ છે માટે જો તે શહેર જીતી લેવામાં આવે તો ચંદાસાહેબ ત્રિચિનાપલ્લી છોડી આર્કોટ પાછુ લેવા આવશે, એટલે મહમદઅલી છુટો થશે આ કામ કેપ્ટન ક્લાઇવે માથે લીધુ, અને ૨૦૦ અંગ્રેજ તથા ૩૦૦ દેશી સિપાઇઓ લઇ ૬૪ માઇલની મુસાફરીમાં કાળી ૬ દિવસ આર્કોટ આવી પહોંચ્યો ક્લાઇવ શહેરમાં પહોંચ્યો કે તરતજ દુશ્મનનુ લશ્કર બીજે દરવાજે થઇ નાસી ગયુ. આ વાત ચંદાસાહેબે સાંભળી ત્યાં પોતાના દીકરા રાજાસાહેબને ૧૦૦૦ માણસ આપી આર્કોટ લેવા મોકલ્યા તેણે ૫૦ દિવસ ઘેરો ઘાલ્યો પણ કાંઇ વળ્યુ નહિ પછી અંગ્રેજોની મદદે નવુ લશ્કર આવે છે એવુ સાંભળ્યું તેણે 'કતલ ઉલ્લાત મહોરમ (તાબુત) ને દિવસ છેલ્લો પ્રયત્ન કર્યો પણ તેના ૪૦૦ માણસો માર્યા ગયા નાશીપાસ થઇ સપડાઇ જવાની બીકથી પાછો ગયો આ વખતથી દક્ષિણ હિંદમાં અંગ્રેજોનો ઇતિહાસ બદલાયો અને ફ્રેંચોની સત્તા નરમ પડી, માટે આ લડાઇ ઇતિહાસમાં પ્રખ્યાત છે

ત્યાર પછી મેજર લોરેન્સ અને ક્લાઇવે ત્રિચિનાપલ્લી લીધુ અને મહમદઅલીને કર્ણાટકનો નવાબ બનાવ્યો ચંદાસાહેબ નાજોર નાશી ગયો, ત્યાં તેને મરાઠા રાજાએ મારી નાખ્યો, પછી ક્લાઇવની તબીયત બગડવાથી ઇંગ્લાંડ ગયો ત્યાં તેને રાજાએ લશ્કરમાં કર્નલની પદવી આપી અને કંપનીએ ૫૦૦ પૌંડની રત્નજડિત તલવાર ભેટ આપી વળી અંગ્રેજોએ 'આર્કોટનો વીર' એવુ નામ આપ્યુ.

સિરાજુદ્દૌલા (રાજ્યનો દીવો)—૧૭૫૬ માં બંગાળાનો નવાબ અલીવર્દીખાન મરણ પામ્યો તેથી તેનો પુત્ર સિરાજુદ્દૌલા

(સિરાજુદ્દૌલા) ૪૦ વર્ષની ઉમરે ગાદીએ બેઠો તે અક્કલ વિનાનો ક્રૂર ઘાતકી અને સ્વચ્છંદી હતો વળી અંગ્રેજોને ધિક્કારતો હતો. ગાદીએ બેઠો કે તરતજ અંગ્રેજો સાથે લડવાનાં બહાનાં ખોળવા લાગ્યો એવામાં અંગ્રેજોએ ફ્રેંચોની બીકથી નવાબની પરવાનગી સિવાય ફોર્ટ વિલિયમનો કિલ્લો સમરાવ્યો હતો તથા તેના અતિ જુના દિવાનનો પુત્ર કિશનદાસ અંગ્રેજને શરણે ગયો હતો તે પાછો સોંપ્યો નહિ આથી નવાબ ગુસ્સે થયો

કલકત્તાનું કારાગૃહ ૧૭૫૬—ઈ. સ. ૧૭૫૬માં ગુસ્સે થઈ નવાબ ૫૦ હજાર લશ્કર લઈ કલકત્તા ઉપર ચઢ્યો તે વખતે કિલ્લામાં માત્ર ૧૭૦ સિપાઈઓ હતા જ્યારે તેમનાથી ટકી શકાયું નહિ ત્યારે ઘણાખરા સિવિલિયનો જતા રહ્યા અને માત્ર ૧૪૬ માણસો પકડાયા તેમને ૨૧ મી જુને ૧૮ ફુટ ચોરસથી પણ નાની અને માત્ર બે જાળીયાવાળી અંધારી કોટડી જેને બ્લેકહોલ (કારાગૃહ) કહેતા હતા તેમાં પુર્યા, બીજે દિવસે બારણું ઉઘાડ્યું ત્યારે ૨૨ પુરૂષ અને એક સ્ત્રી જીવતાં જણાયાં બાકીના ૧૨૩ માણસ રાત્રે હવા ન મળવાથી મરી ગયા તેમની લાસને એક મોટા ખાડામાં ફેંકી દેવામાં આવી

અંગ્રેજો કલકત્તા પાછું લે છે—મદ્રાસના અંગ્રેજો કલકત્તાના કારાગૃહના માઠા સમાચાર સાંભળી ગુસ્સે થયા અને કલાઈવને લશ્કર આપી જમીન માર્ગે તથા વોટસને દરિયા માર્ગે મોકલવામાં આવ્યા તેમણે ત્રણ સાલમાં આવી પહેલી ફોર્ટ વિલિયમ તથા હુગલી લીધાં આથી સિરાજુદ્દૌલાએ ગભરાઈ કેદીઓને છોડી મૂક્યા અને નુકશાની ભરી આપવા કબુલ કરી સલાહ

ર્યો, પણ તેજ વખતે ફ્રેંચોના મદદ માગી માટે અંગ્રેજોએ ચદ્ર નગર જીતી લીધુ

કલાઇવનું કાવતરૂં—સિરાજઉદ્દૌલાના ખરાબ અમલથી લોકો કંટાળ્યા હતા આથી તેને ઉઠાડી મુકી મીરજાફરને ગાદી આપવા કલાઇવ, વોટસન, જગતશેઠ અને ખજાનચી રાયદુર્લભ વગેરે છાની મસલત કરતા હતા આ વાત નવાબના વકીલ અમીચદના જાણવામાં આવી તેણે કલાઇવે ૩૦ લાખ રૂપીઆ આપવાના ઠર્યા હતા અને બે ખત બનાવ્યા તેમાંના ખરા ખતમા અમીચદનું નામ ન્હોતુ તેની અદર કલાઇવે વોટસન રેસીડેન્ટની જુઠી સહી કરી અમીચદને ખુશી કર્યો પાછળથી તેને કંઇ ન મળવાથી ગાંડો થઇ મરણ પામ્યો, એમા મીરજાફરે જબરૂ લશ્કર લઇ કલાઇવને મળી જવાનું કબુલ કર્યું હતુ

પ્લાસીનું યુદ્ધ—૧૭૫૭ મીરજાફરે અંગ્રેજોને મદદ કરવા કબુલવાથી પ્લાસીના મેદાનમા નવાબ અને અંગ્રેજો વચ્ચે લડાઇ થઇ, નવાબ પાસે ૫૦૦૦ પાયદળ, ૧૮૦૦૦ ઘોડેસ્વાર, ૫૦ તોપો અને થોડા ફ્રેંચ લડવૈયા હતા કલાઇવ પાસે ૧૮૦૦ અંગ્રેજો અને ૮૦૦૦ દેશી સિપાઇઓ તથા ૧૦ હલકી તોપો હતી કલાઇવે પોતાનો મુકામ પ્લાસીની આમાવાડીમાં કર્યો હતો તેમાં મીરજાફર કબુલાત મુજબ ન વર્તતાં તટસ્થ ઉભો રહ્યો ૧૭૫૭ ના જુન માસની ૨૩ મી તારીખે લડાઇ શરૂ થઇ અંગ્રેજોએ દુશ્મનો ઉપર તોપોનો માર ચાલુ કર્યો બપોરે વરસાદનું સખત ઝાપટુ પડવાથી નવાબનો દારૂગોળો પલળી ગયો તે વખતે કલાઇવે અણુમાર્યો છાપો માર્યો, આથી નવાબ નાઠો અને તેના લશ્કરમાં

નાશભાગ થઇ રહી એટલે અગ્રેજોને જય મળ્યો ઉત્તર હિંદમાં આ લડાઇ સૌથી વધારે પ્રસિદ્ધ છે

નવાબ નાઠો પણ એક માણસનું તેણે નાક કાપી નાખ્યું હતું તેણે તેને પકડી મીરજાફરના છોકરા મિરાનને સોપ્યો તેણે તેને મારી નાખ્યો પછી અગ્રેજોએ મીરજાફરને ગાદીએ બેસાડયો તેણે અગ્રેજોને નુકશાનીનો બદલો તથા કેટલીક ભેટ આપી વળી કપનીને કલકત્તાની આસપાસના ૩૪ પરગણાંનો મુલક આપ્યો જે બે વરસ પછી કપનીએ કલાઇવને સોપ્યો તે કલાઇવની જાગીર કહેવાઈ તેનો હક કલાઇવને જીવતા સુધી મળ્યો અગ્રેજોને હિંદમા પ્રથમ આ મુલક મળ્યો તે પાછળથી બગાળા ઇલાકો થયો.

કર્ણાટકનો બીજો વિગ્રહ—(ફ્રેચ લોકોની છેલ્લી હાર) ૧૭૫૬-૧૭૬૩—યુરોપમાં કેટલીક પ્રજાઓ વચ્ચે સાત વર્ષની લડાઇ થઇ તેમાં અગ્રેજો ફ્રેચોની સામા ઉતર્યા શરૂઆતમા કલાઇવે ચદ્રનગર લીધુ ફ્રેંચ સરદાર કાઉટ લાલીએ ૧૭૫૮ મા ડેવીડ તરફ કુચ કરી કિલ્લાનો નાશ કર્યો અને લાલી તથા બુસીએ મદ્રાસ પર હુમલો કર્યો તેનો મેજર લારેન્સે બચાવ કર્યો એવામાં કર્નલ કુટે આવી ૧૭૬૦ માં વૅાંડિવૅાશ (અગ્રેજને ફ્રેચોની મોટામાં મોટી લડાઈ) આગળ ફ્રેંચોને હરાવ્યા અને ૧૭૬૧ માં પાંડિચેરી લીધુ વળી કર્નલ ફોર્ડે ફ્રેચોને ઠેકાણે ઠેકાણે હરાવી મછલીપટ્ટણ લીધુ આ પ્રમાણે ૧૭૫૦ માં અગ્રેજોના હાથમાં ઉત્તર સરકાર પ્રાત આવ્યો અને મદ્રાસ ઇલાકાની શરૂઆત થઈ. એવામાં ૧૭૬૩ માં સલાહ થવાથી ફ્રેંચોને ચદ્રનગર તથા પાંડિચેરી વેપારના મથક તરીકે પાછાં મળ્યા

આ યુદ્ધ ... પહુંના મહાસપન હુમલો કરી ... ચાર્લે કરી હતી તેનું ... એ આવ્યું કે અંગ્રેજોને વિશાળ મુલક મળ્યો અને ... સૌથી જોરાવર બન્યા તથા ... સત્તા નાશ પામી

ફ્રેન્ચો હિંદમાં કાયમ સત્તા કેમ ભોગવી નહિ ?

(૧) ... તથા લાલી અને બુસી એ ફ્રેન્ચ ... નથી તેઓ ઐક્યતાથી વર્તી શક્યા નહિ અને ... તેનાથી ... કામ થતું નહિ કારણ ... હોય.

(૨) ... બહુ નહોતો મળતો ... તેની ... તેમને કાઢી મુકી પોતે ... આગતો ...

(૩) ... રાજાઓ સાથે મિત્રાચારી રાખી નહિ ફક્ત ... રાજ્યમાં ચોકીઓ રાખી હતી પરંતુ ... એ ... નાખી લીધી આથી નિઝામના રાજ્યની ... લાગી

(૪) ફ્રેન્ચો ... અને અહંકારી હતા

મીરજાફર—૧૫૫૮–૧૭૬૧—કલાઇવે દિલ્હીના પાદશાહની રજા સિવાય ... ગાદીએ બેસાડ્યો તથા નજરાણું મોકલ્યું નહિ, માટે પાદશાહે અયોધ્યાના નવાબ સુજાઉદ્દૌલાની મદદ લઇ મીર જાફર ઉપર ચઢાઇ કરી પણ તેની મદદે કલાઇવને આવ્યાની વાત સાંભળી ... નાશી ગયો હવે બાદશાહે કલાઇવે ૫૦૦ સોના મહોર ભેટ આપી પાછો કાઢ્યો

મીરજાફર અફીણી અને ઉડાઉ હતો તેની પાસે લસ્કરને પગાર આપવાના પૈસા નહિ હોવાથી બંગાળાના સરાફોને લૂંટતો હતો તેને કલાઇવે અટકાવ્યો તેથી તેને વલંદાની મદદ માગી વલંદાએ કબૂલ કર્યાથી સાત મોટા વહાણ લશ્કર સાથે લાવી અંગ્રેજોના વહાણ કબજે કર્યાં અને હુગલીની વખારો બાળી મૂકી આ વખતે કલાઇવે કર્નલ ફોર્ડને મોકલ્યો તેણે ૧૭૫૮ માં ચિનસુરા આગળ વલંદાને હરાવ્યા અને તેમના વહાણ કબજે કર્યાં પછી વલંદાઓ ચિનસુરામાં લશ્કર રાખ્યા સિવાય બંગાળાને વેપાર કરવાની પરવાનગી આપી તથા મીરજાફરને મદદ આપી ક્લાઇવ ૧૭૬૦ માં ઈંગ્લાંડ ગયો તેના ગયા પછી શાહઆલમ બીજાએ અયોધ્યાના નવાબ સુજાઉદૌલાને લઇ બંગાળા ઉપર ચઢાઇ કરી તેમને કેપ્ટન નોકસને પટણા આગળ હરાવ્યા

મીરકાસમ—૧૭૬૧–૧૭૬૫—મીરજાફર રાજ્ય કરી શકે નહિ એમ લાગવાથી તેને પદભ્રષ્ટ કરી કલકત્તાના ગવર્નર વાન્સીટાર્ટે મીરકાસમને ગાદીએ બેસાડ્યો તેના બદલામાં તેણે અંગ્રેજોને બર્દ્વાન, ચિતાગાંગ, અને મેદનીપુર આપ્યાં પછી મીરકાસમે દેશમાં બંદોબસ્ત રાખી સારી રીતે રાજ્ય કર્યું અને મીરજાફરનું સઘળું દેવું પતાવ્યું પણ પાછળથી ફ્રેંચોને મદદમાં રાખી પોતાનું લશ્કર કેળવી અંગ્રેજોના કબજામાંથી છુટા થવાનો વિચાર કર્યો અને રાજધાની ફેરવી મોંગીરમાં રાખી લડાઇના છીંડા ખોળવા લાગ્યો

મીરકાસમ સાથે લડાઇ—પટણાની કતલ—પ્લાસીની લડાઇ પછી કંપનીના નોકરોને દાણ સિવાય માલ લઇ જવાની પરવાનગી આપી હતી અને રૈયત પાસે દાણ લેવાતું હતું આથી દેશી વેપારીઓ કંપનીના નોકરોને લાંચ આપી પોતાનો માલ દાણ આપ્યા

સિવાય લઈ જવા લાગ્યા તેથી નવાબની ઉપજને ધોકો પહોંચ્યો જ્યારે આ વાત નવાબે જાણી ત્યારે તેણે દેશી વેપારીઓનું દાણ માફ કર્યું તે કંપનીના નોકરોને ગમ્યું નહિ વળી મીરકાસમે લડાઈ માટે તૈયારી કરી શાહઆલમ અને સુજાઉદૌલાની મદદ માગી

આથી કલકત્તાની કાઉન્સિલે મીરજાફરને ફરીથી ગાદીએ બેસાડ્યો તથા મેજર એડમ્સે ૬૦૦ અંગ્રેજ તથા ૧૦૦૦ દેશીનું લશ્કર લઈ નવાબના લશ્કરને બે જબરી રસાકસી વાળી લડાઈઓમાં હરાવ્યો પછી ઘેરાઓ આગળ ૧૭૬૩ મા ફરી હાર્યો અને મોંગીર તરફ જવા નાઠો આ વખતે મીરકાસમ પટણા ગયો અને મેજર એડમ્સને કહેવરાવ્યું કે "જો તમે મોંગીર તરફ વધશો તો હું તમારા બધા કેદીઓને ઠાર કરીશ' કેદીઓના ઉપરી મિ. એલિસ બહાદુર માણસ હતા બીક નહિ રાખતા એડમ્સને લખી જણાવ્યું કે તમારે અમારી દરકાર નહિ રાખતાં જવું, એટલે એડમ્સે આવી મોંગીર લીધું તેથી મીરકાસમે ક્રોધે ભરાઈ સમરૂ નામે જર્મન એલિસ અને પટણાના ૧૫૦ અંગ્રેજ કેદીઓને માર મરાવ્યા આને 'પટણાની કતલ' કહે છે કાળાગૃહના ખુનીજી કેર કરતા પણ આ કર્મ વધારે ઘોર હતું

પછી અંગ્રેજોએ તરત પટણા લીધું, અથી શાહઆલમ તથા સુજાઉદૌલાની મદદ મેળવી મીરકાસમ સામો આવ્યો, એ ત્રણેના લશ્કરને ૧૭૬૪ મા બક્સર આગળ મેજર મનરોએ હરાવ્યું આ લડાઈ પ્લાસીની લડાઈથી ઉતરતી એટલે પ્રસિદ્ધમાં બીજા નંબરની છે એમા અંગ્રેજોએ પહેલી અને છેલ્લી વખત દિલ્હીના મોગલ બાદશાહને હરાવ્યો, અને ઉત્તર હિંદમાં સૌથી વધારે જોરાવર બન્યા હવે મીરકાસમ નાઠો અને શાહઆલમ ફરીથી શરણે આવ્યો.

સુજાઉદ્દૌલાએ નાશી જઇ ફરીથી લશ્કર ભેગુ કર્યું પણ હારી કામ ન હાર્યો અને શરણે આવ્યો

કંપનીના નોકરો—કંપની કારકુનોને મહિને ૧૦, આડતીઆઓને ૨૦, વેપારીઓને ૪૦ અને ગવર્નરને માત્ર ૪૦૦ રૂા આ પગાર આપતી હતી આવા થોડા પગારને બદલે કંપનીએ નોકરોને ખાનગી વેપાર કરવાની છુટ આપી હતી પણ તેઓ ઇંગ્લાંડ માલ મોકલી શકતા નહિ.

નઝમુદ્દૌલા—મીરજાફરના મરણ પછી કલાઇવે તેને કંપનીના તાબામા રહી કામ કરવા બંગાળા અને બહારનો નવાબ નીમ્યો દેશી અમલદારો રાખી કારભાર કરવો અને કરવેરા ઉઘરાવી તમામ રકમ અંગ્રેજોને ભરવી એ કામ તેને કરવનુ હતું પાછળથી તેણે સારી રીતે અમલ કર્યો નહિ માટે તેના હાથ નીચે બંગાળા અને બહારમાં એક એક મદદનીશ રાખ્યા હતા અને રક્ષણ માટે લશ્કર રાખ્યુ હતું

લોર્ડ કલાઇવ—(બીજીવાર ગવર્નર ૧૭૬૫—૧૭૬૭ પટણાની કતલના સમાચાર ઇંગ્લાંડ પહોચવાથી રાજાએ કલાઇવને લોર્ડનો ખિતાબ અને કંપનીએ ગવર્નર તથા સેનાધિપતિ બનાવી ફરીથી હિંદમ મોકલ્યો, તેણે આવીને શાહઆલમ તથા સુજાઉદ્દૌલા સાથે સલાહ કરી આ સલાહ અલ્લાહબાદના કોલકરારને નામે ઓળખાય છે

અલ્હાબાદના કોલકરાર—(૧) લડાઈનું ખર્ચ લઇ સુજાઉદ્દૌલાને તેનો અયોધ્યાનો મુલક પાછો આપવો

(૨) શાહઆલમને ગંગા ને જમના વચ્ચેનો ફળદ્રુપ દુઆબ આપવો

(૧) શાહઆલમને મોગલ બાદશાહ તરીકે દર વર્ષે ૨૬ લાખ રૂપીઆ આપવાના કર્યા તેના બદલામાં કંપનીને બંગાળા બહાર ને ઓડીઆની વસુલાત (દીવાની) આપવી આમાંનો ઓડીઆ મરાઠાના કબજામાં હોવાથી અંગ્રેજો ત્યાંની વસુલાત લઈ શક્યા નહિ

(૨) મીરજાફરનો બંગાળા ને બહાર [illegible] કંપનીમાં [illegible]

દ્વિ (બે) રાજ્યસત્તા પદ્ધતિ — [illegible] નવાબના [illegible] અમલદારો તેના હાથ નીચે બંગાળા અને બહારમાં એક એક [illegible] નીમ્યા [illegible] તે કચેરી ઉપર [illegible] મોકલતા અને [illegible] ને પગાર આપતો [illegible] ની સગવડ [illegible] કરવા એક [illegible] અજુ હતુ એ રીતે બંગાળામાં નવાબ અને કંપની એમ બે રાજ્યકર્તા થયા આથી અર્ધી અંગ્રેજી અને અર્ધી દેશી રાજ્યપદ્ધતિ ૧૭૬૫ થી ૧૭૭૨ સુધી ૭ વર્ષ ચાલી, પણ તે ફતેહમંદ નીવડી નહિ, કેમકે દરેક અમલદાર [illegible] ને નવાબના નોકરો એક [illegible] છેતરીને પૈસાદાર થતા પ્રમાણે તથા ન્યાયાધિશ [illegible] લાંચ લેતા હતા આ પદ્ધતિ વાર્ન હેસ્ટીંગ્સે બંધ કરી

સુધારા—(૧) ક્લાઈવે કંપનીના નોકરોને ખાનગી વેપાર કરવાની તેમજ દેશીઓ પાસેથી નજરાણા લેવાની રીત બંધ કરી પણ તેના બદલામાં તેમનો પગાર વધાર્યો

(૨) લશ્કરનું [illegible] ભથ્થુ બંધ કરી લશ્કરનો ખર્ચ ઓછો કર્યો ભથ્થુ બંધ કરવાથી ૨૦૦ લશ્કરી અમલદારોએ રાજીનામા આપ્યા આ વખતે ક્લાઈવે નહિ ગભરાતા તે મંજુર કરી મદ્રાસથી નવા માણસ મોકલાવ્યા

(૩) કંપનીને બંગાળા બહાર ને ઓઢીઆના દિવાની આપી

(૪) લડાઇનું ખર્ચ લઇ સુજાઉદ્દૌલાને તેનો અયોધ્યાનો મુલક પાછો આપ્યો

પછી ૧૭૬૭ માં કલાઇવ ઇંગ્લાંડ ગયો હિંદની ગરમ હવા અને સખત કામથી તેની તબીયત બેગાન થઇ હતી તે શરીરે નબળો અને માંદો રહેતો હતો તેણે આપઘાત કરી ૫૦ વર્ષે જીંદગીનો અંત આણ્યો

અહમદશાહ અબદલી ઇ સ ૧૭૬૧—નાદીરશાહના મરણ પછી અફગાનોએ તેને ઇરાનનો રાજા બનાવ્યો હતો એણે મોગલ રાજ્યને નબળી સ્થિતિમાં જોઇને હિંદુસ્તાન ફરીથી અફઘાનોની સત્તા નીચે આણવા દિલ્હીમાં રાજ્ય કરવાનો વિચાર કર્યો અને ૧૭૫૨ માં પંજાબ તાબે કર્યું તેણે હિંદુસ્તાન ઉપર અનુક્રમે ૧૭૪૮-૫૨-૫૩-૫૬-૫૯ ને ૬૧ માં પંચ સ્વારીઓ કરી. હજી તેના અફઘાન સરદારો કતલ કરતા, ઘરબાળતા અને લુંટફાટ કરવા આવતા હતા તેમણે હિંદુ દેવળોનો નાશ કર્યો અને તેમાં ગાયોનો વધ કરી અપવિત્ર બનાવ્યા

જ્યારે **અહમદશાહ** કાબુલ પાછો ગયો ત્યારે બાળાજી બાજીરાવે વિચાર કર્યો કે અફગાનોના આવવાથી ચોથ ઉઘરાવી શકાશે નહિ એમ ધારી રાઘોબાને મોકલ્યો તેણે આખી પંજાબ જીતી લીધું. આ ખબર સાંભળી ફરીથી અહમદશા ચઢી આવ્યો રાઘોબાને હાંકી કાઢ્યો આથી હિંદુ મરાઠા તથા રજપુતો તેની સામે થયા પાણીપતના મેદાનમાં ૧૭૬૧ માં ભારે યુદ્ધ થયું તેમાં મરાઠા હાર્યા અને બે લાખ માણસ માર્યા ગયા આ લડાઇની સંપૂર્ણ હકીકત બાલાજી બાજીરાવના વખતમાં આવી ગઇ છે

૧૭૪૮ ની સાલની પ્રખ્યાતિ—દિલ્હીનો બાદશાહ મહમદશાહ ૧૭૪૮ માં મરણ પામ્યો (૨) હૈદ્રાબાદનો નિઝામ ઉલમુલ્ક મરણ પામ્યો માટે તેની ગાદી માટે વાંધો ઉઠ્યો (૩) મરાઠા રાજા શાહુ મરણ પામ્યો. (૪) અહમદશાહ અબદાલીએ પંજાબપર સ્વારી કરી તથા (૫) અંગ્રેજો ને ફ્રેન્ચો વચ્ચે સલાહ થવાથી અંગ્રેજને મદ્રાસ પાછું મળ્યું, એ પ્રમાણે તે વખતે જુદાં જુદાં રાજ્યો હતાં

૧૭૬૧ ની સાલની પ્રખ્યાતિ—(૧) પાંડિચેરી જવાથી ફ્રેન્ચોની સત્તા પડી ભાંગી (૨) સલાબત જંગને મારી નિઝામઅલી નિઝામની ગાદીએ બેઠો (૩) પાનીપતના મેદાનમાં પચાસ હજાર અફઘાનોએ મરાઠાનો ઘણું કાઢી નાંખ્યો (૪) ત્રીજો બનાવ પેશ્વા બાલાજી બાજીરાવ મરણ પામ્યો અને માધવરાવ નવો પેશ્વા થયો, (૫) હૈદરઅલી મ્હૈસુરનો સુલતાન થયો, (૬) મીરજાફરને પદભ્રષ્ટ કરી મીર કાસમને નવાબ બનાવ્યો તેથી તેણે કંપનીને બરદ્વાર, ચિતાગંગ ને મેદનીપુર આપ્યા એ પ્રમાણે તે વખતે જુદાં જુદાં રાજ્યો હતા

હૈદરઅલી—૧૭૬૧—૧૭૮૨—તેનો જન્મ ૧૭૨૭ કોલરમાં થયો હતો તેના પિતાનું નામ ફતેહમહમદ હતું તે વાંચી લખી જાણતો નહતો પણ બહાદુર ને હોશિયાર હતો. તેણે કેટલાક માણસોની ટુકડી સાથે લુટફાટ શરૂ કરી, ને તેમને પગાર નહિ આપતાં લુટમાંથી અમુક ભાગ આપતો હતો થોડા વખતમાં તેની પાસે માણસ વધી જવાથી મ્હૈસુરના હિંદુ કૃષ્ણરાજાએ તેને નોકરીમાં રાખી તેના લશ્કર બદલ પગાર આપ્યો એમ ચડતા ચડતાં છેવટે મોટો સેનાપતિ થયો હવે મ્હૈસુરના રાજાને તેના કાકા મહારાજ જે રાજ પ્રતિનિધિ હતો તેની સાથે તકરાર થઇ હેતે

રાજાને પક્ષ લેવાનું ડોળ કરી નાર રાજાને વશ કર્યો અને બધી સત્તા પોતાના હાથમા લીધી પછી રાજાને કેદ કરી પોતે ગાદીએ બેઠો, તેણે બેદનુર ને કાલિકટ સુધી પુષ્કળ પેરા મેળવ્યો હતો આ વખતે નિઝામ, મરાઠા અને અગ્રેજ જોરાવર હતા

મ્હેસુરનો પહેલો વિગ્રહ ૧૭૬૭–૧૭૬૯—હૈદરે અગ્રેજના રક્ષણ નીચેના કર્ણાટકના નવાબના કેટલાક કિલ્લા જીતી લીધા ને અગ્રેજના મિત્ર નિઝામ ઉપર ચડાઇ કરી આથી પહેલો વિગ્રહ શરૂ થયો તેથી નિઝામ મરાઠા તથા અગ્રેજ લશ્કરે બેંગલોર તાબે કર્યુ હવે હૈદરે પ્રથમ મરાઠાને ભારે રકમ આપી પાછા કાઢ્યા, અને નિઝામને કર્ણાટક જીતવામાં મદદ આપવાનું કહી પક્ષમાં લીધો, આથી અગ્રેજ સરદાર કર્નલ સ્મીથ નહિ લડતાં બેંગલોર છોડીને મદ્રાસ તરફ પાછો ફર્યો તેના ઉપર હૈદર ૭૦ હજારનું લશ્કર લઇ તૂટી પડ્યો પરંતુ ચગામ, ત્રિનોમાલી અને આબુર આગળ હારી ગયો પછી તેણે સલાહ કરી અને એક બીજાને મદદ કરવાનું તથા જીતેલો મુલક પાછો આપવાનું કબુલ કર્યું વળી નિઝામે પણ આવીને સલાહ કરી

પછી હૈદરે ફરીથી અગ્રેજો સાથે લડાઇ કરી આથી મ્હૈસુરનો બીજો વિગ્રહ શરૂ થયો વાત આગળ વાન હેસ્ટિંગ્સનામાં આવશે.

બંગાળાના ગવર્નરો.

ક્લાઇવ	૧૭૫૮–૧૭૬૦	હેરીવેરેલ્સ્ટ	૧૭૬૭–૧૭૬૯
વનસીટાર્ટ	૧૭૬૦–૧૭૬૫	જાનકાર્ટિઅર	૧૭૬૯–૧૭૭૨
ક્લાઇવ બીજીવાર	૧૭૬૫–૧૭૬૭	વોર્નહેસ્ટિંગ્સ	૧૭૭૨–૧૭૭૪

૧ ક્લાઇવ પછી વાન્સીટાર્ટ થયા તેણે મીરજાફરને બસેડી મીરકાસમને ગાદી આપી તેના વખતમાં બંગાળામાં મહેર ચાલતું હતું

૨ ક્લાઇવની બીજી વખત પછી હેરીવેરેલ્સ્ટ ગવર્નર થયો તેના વખતમાં હૈદરનો પહેલો વિગ્રહ થયો

૩ પછી કાર્ટિયર ૧૭૬૯ માં આવ્યો એના વખતમાં ૧૭૬૯–૭૦ માં બંગાળામાં સખત દુકાળ પડવાથી ત્રીજા ભાગના લોકો મરણ પામ્યા અને કંઈ નહિ પાકવાને કર ભરી શકયા નહિ વળી નામના નોકરો અને દેશી અમલદારો જોરજુલમ ગુજારવા લાગ્યા

૪ વોર્નહેસ્ટિંગ્સે ૧૭૭૨ થી ૧૭૭૪ સુધી ગવર્નરનું કામ કર્યું પછી રેગ્યુલેટિંગ એક્ટ પસાર થવાથી ૧૭૭૪ થી ગવર્નર જનરલ ગણાવા લાગ્યો તેનો એકંદર કારભાર ૧૭૭૨ થી ૧૭૮૫ સુધી ચાલ્યો તે છેલ્લો ગવર્નર અને પહેલો ગવર્નર જનરલ હતો

૧૫. ગવર્નર જનરલો

વોર્ન હેસ્ટિંગ્સ ઈ. સ. ૧૭૭૪–૧૭૮૫ તે ૧૭૫૦ માં કંપનીના ગુમાસ્તા તરીકે કલકત્તે આવ્યો હતો અને ચઢતાં ચઢતાં છેવટે બધા નોકરોનો ઉપરી બન્યો. તે કંપનીનો ભરોસાદાર અમલદાર અને હિંદના વતનીઓની વિશેષ માહિતીવાળો હતો

૧ તેના મુખ્ય બનાવ—(૧) રેગ્યુલેટિંગ એક્ટ (૨) હેસ્ટિંગ્સ ઉપર મુકદ્દમો, (૩) ૧ મરાઠા વિગ્રહ (૪) બીજો મ્હૈસુર વિગ્રહ (૫) અયોગ્ય કામ (૬) પીટનું બીલ—બોર્ડ ઓવ કન્ટ્રોલ અને (૭) હેસ્ટિંગ્સની રાજ્યનીતિ

૧ વિલાયતની પાર્લામેન્ટમાં હિંદના રાજ્યવહિવટ ચલાવવા એક ધારો મંજુર થયો તેને રેગ્યુલેટિંગ એક્ટ (૨) કહે છે. તેની કલમો—

(૧) બંગાળાના ગવર્નરને ગવર્નર જનરલ ઠરાવ્યા અને તેની નિમણુક ઇંગ્લાંડના પ્રધાનના હાથમાં રાખી વળી મુંબઇ ને મદ્રાસના ગવર્નરો તેના તાબામાં રહી કામ કરે

(૨) કલકત્તામાં મોટી સદર અદાલત સ્થાપવામાં આવી અને તેના ન્યાયાધીશોની નિમણુક લંડનની સરકારને સોંપી

(૩) સરકારી નોકરોએ કોઇપણ જાતનો ધંધો કરવો નહિ, તેમજ કોઇ પાસેથી બક્ષીસ લેવી નહિ

(૪) ગવર્નર જનરલને મદદ કરવા ચાર સભાસદોની એક કાઉન્સીલ નીમી તેની નિમણુક લંડનની સરકારને સોંપવામાં આવી

આ સભાસદો મિ બાર્વેલ મિ ફ્રાન્સિસ, મિ કલેવરીંગ અને જનરલ મોન્સન હતા આમાંના ત્રણ બીનઅનુભવી હોવાથી મિ ફ્રાન્સિસની સલાહથી આડે માર્ગે દોરાયા અને હેસ્ટિંગ્સની વિરૂદ્ધ પડ્યા ફ્રાન્સિસ હેસ્ટિંગ્સની ઇર્ષા કરતો અને તેને કઢાવી પોતે ગવર્નર થવા માગતો હતો

૨ હેસ્ટિંગ્સ ઉપર મુકરદમો—મિ ફ્રાન્સિસે હિંદમાં આવી નંદકુમાર નામના બંગાળી બ્રાહ્મણ પાસે તેના ઉપર જુઠું તહોમત મુકાવ્યું નંદકુમાર જ્યારે ગવર્નર હતો ત્યારે હેસ્ટિંગ્સે તેના ઉપર ગેરરીતિ ચલાવવાનું તહોમત મૂક્યું હતું તેથી નંદકુમારને તેના ઉપર દ્વેષ હતો, પણ આ બ્રાહ્મણે પહેલાં ખોટો દસ્તાવેજ બનાવેલો તેનો ગુન્હો સાબિત થવાથી તેને ફાંસી દીધી વળ

મિ ફ્રાન્સિસ ૬–૭ વર્ષ રહ્યો હ લાડમાં જઈ તેના ગેરકૃત્યો સામે કંપનીને ફરિઆદ કરી આમા તેને મનગત ટેકો મળવાથી તે હોદાનુ રાજીનામુ આપી ઇંગ્લંડ ગયો ત્યા પાર્લામેન્ટમા ૭ વર્ષ કેશ ચાલ્યા પછી છેવટે હેસ્ટિંગ્સ તહોમતમા નિર્દોષ ઠર્યો

૩ પહેલો મરાઠા વિગ્રહ—સવાઈ માધવરાવની વાત વાંચો

૪ બીજો મ્હૈસુર વિગ્રહ—૧૭૮૦–૧૭૮૪—હૈદર નિઝામ મરાઠાની છૂપી મદદ માગી ૧૭૮૦ મા ૧ લાખ માણસનુ લશ્કર ભેગુ કર્યું અને કર્ણાટકનો ઘણોખરો મુલક ઉજ્જડ કર્યો તથા કેટલાક ગામ બાળી મૂક્યા અને પાકનો નાશ કર્યો વળી આગળ જઈ [illegible] કર્નલ બેલીને અભય વચન આપી પોલીલોર આગળ તેની ટુકડીનો નાશ કર્યો તથા કર્નલ બ્રેથવેટની પણ એજ દશા કરી પાછળથી કાઠિવાડના વીર સર આયરકૂટે ૧૭૮૧ મા પોર્ટોનોવો પોલીલોર અને સાલીંગર આગળ તથા ૭૮૨ માં આર્ની આગળ હૈદરના લશ્કરને હરાવ્યુ એવામા ચિતૂરમા હૈદરનુ મરણ થવાથી તેના છોકરા ટીપુએ ૧૭૮૪ મા મેંગલોર મુકામે સલાહ કરી અને જીતેલો મુલક પાછો આપી કેદીઓને છોડી દેવાનુ કબુલ કર્યુ

૫ મ્હૈસુર ને મરાઠા વિગ્રહમા ખર્ચ થવાથી પૈસા મેળવવા હેસ્ટિંગ્સને કેટલાક અયોગ્ય કામ કરવા પડયા

અયોગ્ય કામ—(૧) દિલ્હીનો પાદશાહ શાહઆલમ મરાઠાને કબજે ગયો તેથી તેનુ રૂ ૨૫ લાખનુ વર્ષાસન બંધ કર્યું અને તેનો કુઆબ કે અલ્લાહબાદનો મુલક રૂ ૫૦ લાખ લઈ અયોધ્યાના નવાબને આપી દીધો

(૨) અયોધ્યાના નવાબને રોહિલા લોકો પજવતા હતા માટે હેસ્ટિંગ્સે નવાબનો પક્ષ પકડી રોહિલાને હરાવ્યા અને મદદ બદલ નવાબ પાસેથી રૂ ૪૦ લાખ લીધા

(૩) કાશીના રાજા ચૈયતસિંહ પાસે હેસ્ટિંગ્સે ફોજના ખર્ચમા મદદ કરવા માટે નાણાં માગ્યા, તેણે નાણા આપવાની ના પાડવાથી હેસ્ટિંગ્સ બનારસ ગયો ત્યારે ચૈયતસિંહ અને તેના રૈયતે બળવો કર્યો આ વખતે હેસ્ટિંગ્સ મોતના પંજામાથી બચી ગયો, પછીથી તેને પદભ્રષ્ટ કરી તેના ભત્રીજા મહીમ નારાયણને ગાદી આપી

(૪) કંપનીનુ અયોધ્યાના નવાબ પાસે લેણુ હતુ તે પુરૂ કરવા નવાબે પોતાની મા અને દાદી (અયોધ્યાની બેગમો) તથા નોકરો પાસે લેવાની હેસ્ટિંગ્સ પાસે રજા લીધી અને ઘણી નિર્દયતા વાપરી પૈસા કઢાવ્યા

(૫) બંગાળાના નવાબનુ અર્ધુ પેન્શન બંધ કરી ૧૬ લાખ બચાવ્યા

(૬) **પીટનુ બીલ–બોર્ડ ઓવ કંટ્રોલ ૧૭૮૪**—ફોકસનુ બીલ નાપાસ થવાથી તેમા ફેરફાર કરી ઇંગ્લાડના મુખ્ય પ્રધાન પીટે પીટનુ હિંદનુ બીલ ઘડી કાઢયુ આથી બોર્ડ ઓવ કંટ્રોલ (હિંદના રાજ્ય કારભાર પર દેખરેખ રાખનારી મંડળી) નીમવામા આવ્યુ (૧) તેમાં ૬ સભાસદો રાખી તેમને હિંદના રાજ્ય વહીવટની દેખરેખ સોંપવામાં આવી, (૨) પાર્લામેન્ટની પરવાનગી સિવાય હિન્દના કોઇ રાજા સાથે લડાઇ કે સલાહ થઇ શકે નહિ. (૩) ૧૭૮૪ થી હિંદનો વહીવટ કંપની પાસેથી બોર્ડ ઓવ કન્ટ્રોલના હાથમાં આવ્યો (૪) હિંદની કાઉન્સિલમાથી એક મેમ્બર કમી કરી મુબઇ ને મદ્રાસના ગવર્નરોને એકેક કાઉન્સિલ આપી.

૭ રાજ્યનિતિ—તેણે આવીને તરતજ દ્વિરાજ સત્તા પદ્ધતિ બંધ કરી અને દેશી તથા નાયબ નવાબોને બદલે વસુલાત ઉઘરાવવા અંગ્રેજ કલેક્ટરો નીમ્યા. તેઓ ન્યાયાધીશ (જજ્જ) નુ કામ પણ કરતા હતા તેમને મદદ કરવા હિંદુ પંડિતો કે મુસલમાન કાજી કે વ્યવહાર શાસ્ત્ર જાણનાર રાખ્યા વળી ઘણા કર કાઢી નાખી દ્દઢતા અને ઉત્સાહથી અંગ્રેજી રાજ્યની મજબુતી કરી, પણ નાણાંની ખોટ પૂરવા કેટલાક અન્યાય કર્યા તથા રોહીલાનો નાશ કરાવ્યો એ કામ તેના નિંદા પાત્ર થયા

લૉર્ડ કાર્નવાલિસ ૧૭૮૬–૧૭૯૩—તે અમીરી કુટુંબનો હતો અને હિંદમાં પહેલા કદી આવ્યો નહોતો

તેના મુખ્ય બનાવ (૧) મ્હૈસુર ત્રીજો વિગ્રહ (૨) સ્થાયી જમાબંધી (૩) સુધારા

૧ મહીસુરનો ત્રીજો વિગ્રહ—૧૭૯૦–૧૭૯૨—ટીપુએ અંગ્રેજના દોસ્ત ત્રાવણકોરના રાજા ઉપર ચઢાઈ કરી, અને અંગ્રેજે તેને હેરાન ન કરવાનુ કહ્યુ છતાં માન્યુ નહિ અને ઘણો મુલક ઉજાડ કર્યો માટે કાર્નવાલિસે નિઝામ તથા મરાઠાને સાથે લઈ યુદ્ધ કરી અને બેંગલોર તથા તેની પાસેના કેટલાક કિલ્લા જીતી લીધા તથા ટીપુને શ્રીરંગપટ્ટણ આગળ હરાવ્યો માટે તેણે ૧૭૯૨ મા શ્રીરંગપટ્ટણ મુકામે સલાહ કરી પોતાનો અરધો મુલક તથા ૩૦ કરોડ રૂપીઆ અંગ્રેજોને આપવા કબુલ્યા, અને તે રૂપીઆ આપવાં સુધી તેણે પોતાના બે છોકરા બાહેધરી દાખલ અંગ્રેજોને સોંપ્યા અર્ધા મુલકમાંથી અંગ્રેજોને સેલમ, મલબાર, ને મદુરા, રાખી બાકીનો નિઝામ તથા મરાઠાને વહેંચી આપ્યો.

૨ સ્થાયી જમાબંધી અને જમીનદારો—મોગલોના વખતમા જમીનનો માલીક બાદશાહ ગણાતો હતો અને જમીનદારો તો માત્ર પગારદાર નોકરો જેવા હતા તથા તેમને ગુલામ માફક ગણી તેમના સાથે ઘાતકી રીતે વર્તતા હતા કાર્નવાલિસે આ રીત કાઢી નાખી અને મહેસુલ બદલ જમીન બક્ષીસ કરી તથા મહેસુલ-આંકડો હમેશ માટે ઠરાવ્યો આ પ્રમાણે જમીનદારોનો એક વર્ગ ઉભો થયો, એટલે બંગાળાના જમીનદારો ઈંગ્લાંડના અમીરો જેવા થયા અને જમીનના માલીક બન્યા

૩ સુધારા—આ ગવર્નર જનરલે દરેક પરગણામાં એક ન્યાયાધિશ અને મહેસુલ વસુલ કરવા માટે કલેકટર નીમ્યા તથા બંગાળાના જમીનદારોને જમાબંધી બંધી આપી

સર જોન શોર ૧૭૯૩–૧૭૯૮—તે પ્રથમ કંપનીની મુલકી નોકરોમા હતો તેને ઇંગ્લાંડની સરકાર તરફથી એવો હુકમ મળ્યો હતો કે બધે સલાહશાંતિ રાખવી અને દેશી રજવાડામા હાથ ઘાલવો નહિ, તેથી તેના વખતમાં કાંઇ ભારે ફેરફાર થયો નથી

જ્યારે મરાઠાએ નિઝામ પાસે ચોથ માગી ત્યારે નિઝામ શોરની મદદ માગી પણ તેણે આપી નહિ, હવે પેશ્વાએ બીજા મરાઠા સરદારોને મદદમાં લઇ નિઝામ ઉપર ચઢાઇ કરી અને તેને ૧૭૯૫ માં કુર્દલાના (ખર્ડાના મેદાનમા હરાવી અર્ધો મુલક તથા ચોથ લીધાં પાછળથી મળેલી લુટ વહેંચી લેતાં તકરાર થવાથી મરાઠા નાયકો એક બીજા સાથે બે ત્રણ વરસ સુધી લડયા

માર્કવિસ વેલેસ્લી. ૧૭૯૮–૧૮૦૫—તેણે અગ્રેજોને હિંદમાં સૌથી વધારે સત્તાવાન બળવાન બનાવ્યા તેની સાથે તેનો બહાદુર

બાદ કર્નલ વેલેસ્લી આવ્યો હતો તે પાછળથી સર આર્થર વેલેસ્લી, ડ્યુક ઓફ વેલિંગ્ટન અને છેવટે ઈંગ્લાંડનો મુખ્ય પ્રધાન બન્યો હતો

તેના મુખ્ય બનાવો (૧) સહાયકારી લશ્કરની યોજનાની રાજ્યનિતિ (૨) ચોથો મ્હેસુર વિગ્રહ (૩) ટીપુના રાજ્યની વહેંચણ (૪) બીજો મરાઠા વિગ્રહ (૫) ત્રીજો મરાઠા વિગ્રહ (૬) ખાલસા નાકર્યા (૭) ભરતપુરનો પહેલો ઘેરો

૧ સહાયકારી લશ્કરની યોજનાવાળી રાજ્યનિતિ વેલેસ્લીએ આ રાજ્યનિતિથી અંગ્રેજી રાજ્ય હિંદમાં દૃઢ કર્યું તેણે દેશી રાજ્યોને અંગ્રેજી સૈન્યની સહાય આપી કંપનીના રક્ષણ નીચે મુકયા અને હિંદમાં અંગ્રેજ સત્તા સર્વોપરી કરી આ વિચાર અમલમાં મુકવા તેને લાગ્યું કે અંગ્રેજો સૌથી વધારે ડાહ્યા જોરાવર ને સુધરેલા છે માટે તેમણે બધી લડાલડી બંધ કરવી જોઈએ વળી બધી સત્તાઓ તેમના હુકમો પાળે, લડાઈ ન કરે તથા બંદોબસ્ત રાખે એવી તેમની કબુલતો લેવી જોઈએ અને જે કબુલત ન આપે તેને નીચે જ પાડવી જોઈએ, તેથી તેણે આખા હિંદમાં સલાહશાંતિ તથા બંદોબસ્ત રાખવા સહાયકારી લશ્કરની યોજના કરી, તે લશ્કર જે મુલકમાંથી દુશ્મનોને કાઢી કાઢે તેના રાજા પાસેથી ખર્ચ લેતું હતું આ યોજનાથી રૈયતની પાયમાલી થતી અટકી અને જાનમાલનું રક્ષણ થયું

આ વખતે પેશ્વા, સિંધીઆ, હોલ્કર, ગાયકવાડ ને ભોસલા એ પાંચ મરાઠા સરદારો તથા નિઝામ અને ટીપુ પ્રબળ હતા અને શીખ લોકોનું બળ વધતું જતું વળી ફ્રેન્ચ પ્રજાએ બળવો કરી

પોતાના રાજા રાણીને મારી નાખી નેપોલીઅનને ગાદીએ બેસાડયો હતો. તે યુરોપના ઘણાખરા દેશો જીતી ઇગ્લાંડપર ચઢવાની તૈયારીમાં હતો હવે વેલેસ્લીએ નિઝામ, મરાઠા અને ટીપુ પાસે એવી કબુલત માગી કે તમારે ફ્રેન્ચોને નોકરીમાંથી દૂર કરી સલાહશાંતિ માટે સહાયકારી લશ્કર રાખવુ ત્રણેમાં સૌથી નબળો નિઝામ હતો, તેથી તેણે મરાઠાના હુમલા અને ચોથમાંથી બચવા સહાયકારી લશ્કર બોલાવી હૈદ્રાબાદમાં રાખ્યુ ત્યારથી તે નિર્ભયપણે અમલ કરે છે. અને અગ્રેજોનો દૃઢ મિત્ર તથા મદદગાર છે

૨ ચોથો મ્હેસુર વિગ્રહ—૧૭૯૯ ટીપુએ સહાયકારી લશ્કર રાખવાની ના પાડી અને ફ્રેન્ચો સાથે ખટપટ કરવા માંડી તથા અગ્રેજોને હિંદમાંથી કાઢી મુકવા નેપોલીઅનની મદદ માગી. આથી ચોથો મ્હૈસુર વિગ્રહ શરૂ થયો અગ્રેજ સરદાર જનરલ હેરિસ અને કર્નલ વેલસ્લી હતા તેમના ઉપર ટીપુએ હુમલો કર્યો પણ હાર્યો પછી તેને શ્રીરંગપટ્ટણમા ઘેરી બેયડ સાહેબ કે જેને ટીપુએ શ્રીરગપટ્ટણમા કેદ રાખી દુ:ખ દીધું હતુ તે સાત મિનિટમા લશ્કર લઇ કોટ ઉપર ચઢયો અને તે શહેર ૧ કલાકમાં લીધું અહી ટીપુ લડતા લડતાં દરવાજા આગળ મરાયો

૩ ટીપુના રાજયની વહેંચણી—આ વહેંચણ ત્રણ ભાગે કરી (૧) મ્હૈસુરનો જુનો મુલક પાંચ વર્ષના કૃષ્ણ રાજાને આપી તેને રક્ષક આર્થર વેલસ્લીને નીમ્યો (૨) અગ્રેજોએ કાનડા અને કોઇમ્બતુર લીધા અને (૩) બાકીનો મુલક નિઝામ તથા મરાઠાને વહેંચી આપ્યો તથા ટીપુના બે કુવરોને વર્ષાસન આપી વેલોરમાં રાખ્યા.

૪ **બીજો મરાઠા વિગ્રહ—૧૮૦૩-૧૮૦૪** વેલેસ્લીએ બાજીરાવ પેશ્વાને સહાયકારી લશ્કર રાખવાનું કહ્યું તે તેણે નાના ફડનવીસની સલાહથી માન્યું નહિ, પણ જ્યારે હોલકરે પુના લીધું ત્યારે બાજીરાવે વસાઇ-મુકામે અંગ્રેજ સાથે સલાહ કરી અને મરાઠા સાથે સબંધ નહિ રાખતા તથા અંગ્રેજી લશ્કર રાખવા કબુલ કર્યું (૨) વળી ગાયકવાડે પણ સહાયકારી લશ્કરની પદ્ધતિ કબુલ રાખી. આ વાત સિંધીઆ તથા ભોસલાને નહિ ગમવાથી તેમણે હોલકરને પક્ષમા લેવા પ્રયત્ન કરી લડાઈની તૈયારી કરી માટે આર્થર વલેસ્લી અને કર્નલ સ્ટીવન્સને કુચ કરી પછી કર્નલ વેલસ્લીએ ૫૦૦૦ માણસ લઇ સિંધીઆ તથા ભોસલાના ૫૦ હજાર લશ્કરને અસાઇ અને આરગામ આગળ ૧૮૦૩ મા હરાવ્યું વળી જનરલ લેકે સિંધીઆને લાસવારી આગળ હરાવી દિલ્હી તથા આગ્રા લીધા તેથી સિંધીઆએ સરજીઅંજે (અંજેગામ) અને ભોસલાએ દેવગામ આગળ સલાહ કરી

એ વખતે દિલ્હીમાં મોગલ બાદશાહ શાહઆલમ આંધળો જે સિંધીઆ પાસે કેદીની અવસ્થામાં હતો તેને અંગ્રેજે છોડાવી વર્ષાસન આપ્યું અને તેના જુના મહેલમા રહેવા દીધો

૫ **ત્રીજો મરાઠા વિગ્રહ ૧૮૦૪** યશવતરાવ હોલકરને વેલેસ્લીએ ન કહ્યા છતા તેણે રજપુતોને પજવવા માંડ્યા અને ચોથ ઉઘરાવવા માંડી, આથી કર્નલ મોન્સન લશ્કર લઇ તેની સામે ગયો પણ દુસ્મનનુ લશ્કર મોટુ હોવાથી તે મહામુશીબતે પાછો આગ્રે ગયો, એવામા હોલકરે દિલ્હી ઉપર હુમલો કરી આસપાસનો મુલક લુટવા માંડ્યો તેથી જનરલ લેકે આવી ૧૮૦૪ મા હોલકરને દીગ આગળ હરાવી તે કિલ્લો લીધો

૬ **ખાલસા રાજ્યો**—૧૭૯૯ માં બલ્લારી ને કડપા નિઝામ પાસેથી સહાયકારી લશ્કર બદલ મળ્યાં (૨) તાન્જોરનો જુલમી રાજા અપુત્ર મરણ પામ્યો તેથી તેનો સારો બંદોબસ્ત રાખવા તેના વારસાને પેન્શન આપી ૧૮૦૦ માં ખાલસા કર્યું (૩) ૧૭૯૯ માં કાનડા ને કોઇમ્બતુર મળ્યા (૪) કર્ણાટકનો નવાબ ઉમદાત—ઉલ—ઉમરા અપુત્ર મરણ પામ્યો તેના ખરાબ રાજ્ય કારભારને લીધે તથા હૈદર અને ટીપુને છુપી મદદ કરવાથી તેના સગા અઝીમદૌલાને ભારે વર્ષાસન આપી કર્ણાટક ૧૮૦૦ મા ખાલસા કર્યું આ પ્રમાણ મદ્રાસ ઇલાકો સપૂર્ણ સ્થિતિએ પહોચ્યો, કારણ કે ૧૭૫૯ મા ક્લાઇવે ઉત્તર સરકાર લઇ શરૂઆત કરી હતી વળી ૧૭૯૨ મા કાર્નવાલિસે મલબાર, શેલમ ને મદુરા ઉમેર્યા અને વેલેસ્લીએ તેમા કાનડા કોઇમ્બતુર અને તાન્જોર ઉમેરી મદ્રાસ ઇલાકો પુરો કર્યો (૫) ૧૮૦૧ મા અયોધ્યાના નવાબે સહાયકારી લશ્કર બદલ ગગા જમના વચ્ચેનો દોઆબ આપ્યો, આથી વાયવ્ય પ્રાંતોની (હાલના આગ્રા તથા અયોધ્યના સયુક્ત પ્રાંતો) શરૂઆત થઇ (૬) ૧૮૦૦ મા સુરતના નવાબ મીરનાસરૂદીનને રૂપીઆ એક લાખ આપવાના કરી ખાલસા કર્યું

આ પ્રમાણે વેલેસ્લીએ ઘણો મુલક મેળવી હિંદમાં અંગ્રેજી રાજ્યનો વધારો કર્યો એટલે પહેલાના કરતાં તેના વખતમા હિંદુસ્તાનના નકશામા અંગ્રેજી રાજ્યનો વધારો થયો, માટે "વેલેસ્લીએ હિન્દુસ્તાનનો નકશો રચ્યો" એમ પણ કહી શકાય

૭ **ભરતપુરનો પહેલો ઘેરો** ૧૮૦૫—ભરતપુરનો રાજા હોલકરના પક્ષમા હોવાથી ૧૮૦૫ મા લૉર્ડ લેકે ભરતપુરને ઘેરો ઘાલ્યો આ કિલ્લો ઘણો મજબુત ગણાતો હતો તેનો ભરતપુરના

રાજાએ થોડો વખત બહાદુરીથી બચાવ કર્યો પછી હાથમાંથી જશે એમ લાગવાથી ૨૦ લાખ રૂપીઆ આપી આખરે સલાહ કરી

લોર્ડ માર્ક્વાલિસ બીજીવાર ૧૮૦૫-૧૮૦૫ ટીપુ અને મરહાઓ સાથેની લડાઈમાં બહુ ખર્ચ થવાથી કોર્નવાલિસને બીજીવાર મોકલ્યા તેને હોલ્કર સાથે સલાહ કરવાની અને હિન્દુ રાજાના કામમાં નહિ પડવાની સલાહ આપી હતી તે ફરીથી આવ્યો ત્યારે ૭૦ વર્ષનો હતો વૃદ્ધ ઉમરે બંગાળાની ગરમ હવામાં તેનાથી રહી શકાય એમ નહોતું તે લોર્ડ લેકને મળવા જતા રસ્તામાં ગાઝીપુર આગળ મરણ પામ્યો અને પુરા ત્રણ માસ પણ હિન્દમાં રહી શક્યો નહિ

સર જાર્જ બાર્લો ૧૮૦૫-૧૮૦૭- તે કામ ચલાઉ (એક્ટિંગ) ગવર્નર ઠરાવ્યા તેને ઇંગ્લાંડથી મળેલા હુકમો પ્રમાણે ચાલવું પડતું હતું તેણે હોલ્કર સાથે રાયપુર ઘાટ આગળ સલાહ કરી અને સિંધીઆ સાથે સલાહ કરી ગ્વાલીયરનો કિલ્લો પાછો આપ્યો તથા તેના અને અંગ્રેજના મુલક વચ્ચે ચંબલ નદીની હદ ઠરાવી તેનો મુખ્ય બનાવ વેલોરનું બંડ છે

વેલોરનું બંડ ઇ સ ૧૮૦૬—આ બંડ થવાના ઘણાં કારણ છે (૧) ટીપુના છોકરા સુલેમાન તથા ગુલામ મહમદ વેલોરના કિલ્લામાં રહી દેશી સિપાઇઓને ઉશ્કેર્યા, (૨) સરકાર મોકલે ત્યાં જઇ દેશી સિપાઇઓએ નોકરી કરવી (૩) પલટણના માણસોએ દાઢી મૂછ એક સરખા રાખવા, ચોક્કસ ઘાટની પાઘડી બાંધવી અને કપાળમાં ટીલાં ટપકાં કરવા નહિ આવાં ઘણાં કારણથી કિલ્લાના દેશી સિપાઇઓએ બંડ કર્યું અને કેટલાક અંગ્રેજને મારી નાખ્યા

પણ આર્કોટથી મદદ આવી પહોંચવાથી ગેલેસ્પી સાહેબે બંડ સમાવી દીધુ તથા ટીપુના કુવરોને કલકત્તે લઇ જઇ કેદમાં રાખ્યા.

લોર્ડ મિન્ટો ૧૮૦૭–૧૮૧૩ તેણે ઇંગ્લંડથી મળેલા હુકમો પ્રમાણે વર્તી દેશી રાજ્યોના હાથ ઘાલ્યો નહિ એનુ માત્ર દરબારી ... મોરિસ અને જાવા બેટ જીત્યા તે હતુ તેના મુખ્ય બનાવ કંપનીની નવી સનદ છે

કંપનીને નવી સનદ અને વેપારની છુટ—ચેન્ડુ-રિંગ ઓક્ટરની કંપનીની સનદ વીસ વીસ વરસે બદલવાનો ઠરાવ થયો હતો પરંતુ હિંદમા વેપાર કરવાનો ૧૮૧૩ સુધી કુલ હક કંપનીને હતો આથી બીજા કોઇ વેપારી ખરીદી વેચાણ કરી શકતા નહિ માટે મિન્ટોએ તેમા ફેરફાર કરી દરેક માણસને હિંદમા વેપાર કરવાની પરવાનગીરી આપી પરંતુ આ છુટનો લાભ પછીના ૨૦ વર્ષ સુધી લેવાયો નહિ, કારણકે કંપનીના જુના ઠરાવ મુજબ તેના તાબાના મુલકમા કોઇ અંગ્રેજ પરવાનગી વગર રહી શકતો નહિ.

લોર્ડ હેસ્ટિંગ્સ (મોયરા) ૧૮૧૪ ૧૮૨૩—તે મહાન સરદાર ઉચ્ચ અમીરી કુળનો હતો હિન્દમા બ્રિટિશ રાજ્યની ઇમારત ચણનાર લોર્ડ કલાઇવ અને વેલેસ્લી પહેલા થયા અને આ ત્રીજો હતો. તે વેલેસ્લીની યોજના પ્રમાણે વર્તો હતો

તેના મુખ્ય બનાવ (૧) ગુરખા વિગ્રહ, (૨) પિંઢારા વિગ્રહ (૩) મરાઠી ચોથો (છેલ્લો વિગ્રહ. (**મરાઠી સત્તાનો અંત**)

૧ ગુરખા વિગ્રહ—૧૮૧૩–૧૮૧૬ ગુરખા લોકોએ અયોધ્યાના કેટલાક ગામડાનો કબજો કરી ત્યાંના મુખીઓને મારી નાખ્યા

૯ થા સીકીમના રાજાને હરકત કરી માટે લડાઇ થઇ, તેમાં અંગ્રેજોએ લશ્કરની ચાર ટુકડીઓ મોકલી, આમાંની ત્રણની ખુવારી થઇ પણ ચોથી ટુકડીના સરદાર આકટર્લોનીએ ગુરખા લોકોને મકુન મકવાનપુર ને હરીહરપુર આગળ હરાવ્યા માટે તેમણે ૧૮૧૬ માં સેગાઉલીન મુકામે કરાર કરી અગ્રેજોને કમાઉનનો પ્રદેશ (સીમલા, મસુરી ને નૈનીતાલ) આપ્યો ત્યારથી નેપાળના રાજા અંગ્રેજને વફાદાર રહે છે તથા ગુરખા અંગ્રેજ લશ્કરમાં બહાદુર ગણાય છે

પિંઢારા—મરાઠા, પઠાણ, રજપુત, બારવટીઆ વગેરે લુટારૂ ટોળીઓ પિંઢારાને નામે ઓળખાતી આ લોકો ઘરબાર ને ઠામ ઠેકાણા વિનાના હતા તેમની સ્વારીઓનો હેતુ લુટફાટ કરવી એજ હતો, તેઓ લડવા નહિ રહેતા દોડી જતા હતા, પૈસા મનાવવા માટે રૈયતને પગે તપાવેલા લોઢાથી ડામ દેતા મોઢે મરચાના તોબરા બાંધતા, તેલવાળા કપડા કરી સળગાવી મૂકતા અને નખમાં લોઢાની મેખો મારતા હતા તેમના મુખ્ય સરદાર અમીરખાન, કરીમખાન, ચિતુ અને વસીલ મહમદ હતા તેમનું બળ એટલું બધું વધી ગયું હતું કે તેમના ૨૦૦૦૦ માણસ થયા હતા તેમની મુખ્ય છાવણી માળવામાં હતી તેઓ દશેરાને દિવસે ભેગા થઇ લુટફાટ કરવાનો વિચાર કરતા હતા તેમને મરાઠા સરદારો છુપી રીતે મદદ કરતા

૨ પિંઢારા વિગ્રહ ઇ સ ૧૮૧૬–૧૮૧૭—તેમનું બળ વધી જવાથી તેઓ ઠામઠામ લુટફાટ કરતા હતા અને બાજીરાવ તથા મરાઠા સરદારો તેમને ઉસ્કેરતા હતા માટે હેસ્ટિંગ્સે ૧૮૧૬ મા ૧૨૦૦૦૦ નુ લશ્કર લઇ તેમને ઘેરી લીધા, તેમાના કેટલાક મારી ગયા અને બાકીના શરણ થયા ચીતુ નાશી ગયો તેને

વાર્ટ મારી નાખ્યો, અને અમીરખાનને ટોંકનુ સંસ્થાન આપી નવાબનો ખિતાબ આપ્યો.

ચોથો મરાઠી વિગ્રહ—૧૮૧૭–૧૮૧૮—(૧) ગાયકવાડે મહેસુલ સંબંધી તકરારનો નિકાલ કરવા દિવાન ગંગાધર શાસ્ત્રીને અંગ્રેજની જામીનગીરીથી પુને મોકલ્યો, તેનુ બાજીરાવના મસલતીઆ ત્રંબકજી ડેંગલેએ ખૂન કરાવ્યુ (૨) વસાઈની સલાહથી બાજીરાવ અકળાઈ ગયો હતો અને અંગ્રેજો પિંઢારાને હરાવી શકશે નહિ એમ ધારી તેણે એલ્ફીન્સ્ટનની ખડકીની છાવણી ઉપર હુમલો કર્યો પણ તેનુ લશ્કર ૧૮૧૭મા ખડકી અને ૧૮૧૮ માં કોરેગામ આગળ હાર્યું વળી આસ્ટી આગળ બાજીરાવનો નામીચો સરદાર બાપુ ગોખલે મરાયો આખરે આઠ માસ રખડવા પછી બાજીરાવ માલ્કમ સાહેબને શરણ જવાથી તેને ૮ લાખનુ વર્ષાસન આપી બીથુરમા રાખ્યો એવી રીતે પેશ્વાઈનો અંત આવ્યો

ભોસલે—નાગપુરનો રાઘોજી ભોંસલે મરી જવાથી તેની જગાએ આપાસાહેબ અમલ કરતો હતો તે બાજીરાવ સાથે મળી ગયો અને ૧૮૧૭મા તેણે સીતાબલ્દીના કિલ્લામા રહેતા રેસીડેન્ટ જેન્કીન્સ પર ૧૮૦૦૦ માણસો લઈ હલ્લો કર્યો રેસીડેન્ટે ૧૪૦૦ સિપાઈઓથી તેને હરાવ્યો અથો તે નાશીને રજપુતાનામાં ગયો. અને ત્યાં મરણ પામવાથી તેની ગાદી રાઘોજીના દીકરીના દીકરા રાઘોજી બીજાને આપી

હોલ્કર—જસવંતરાવ હોલ્કર ગાંડો થઈ મરણ પામવાથી તેની વિધવા તુલસીબાઈ રાજ્યનો વહીવટ કરતી હતી બાજીરાવ અંગ્રેજની સામે થયો છે એમ સાંભળી પોતે લશ્કર લઈને નીકળી પણ રસ્તામા સર જોન માલ્કમે સમજાવવાથી તેણે સલાહ કરવાની

ખુશી બતાવી આથી તેના સરદારોએ તેને મારી નાખી અને અંગ્રેજ સાથે લડાઇ કરી તેમા માલ્કમે ૧૮૧૭ માં માહિદપુર આગળ તેના લશ્કરને હરાવ્યુ અને જશવંતરાવનો બાળક પુત્ર મલ્હારરાવને ગાદીએ બેસાડયો તથા મદેમરની સલાહ કરી તેના રક્ષણ માટે અંગ્રેજ લશ્કર રાખ્યુ

છેલ્લા મરાઠી વિગ્રહના પરિણામ—આ વિગ્રહથી મરાઠી રાજ્યનો હમેશને માટે અંત આવ્યો બાજીરાવ પેશ્વા અંગ્રેજને શરણે આવ્યાથી તેનો મુલક મુંબઇ ઇલાકામા જોડાયો અને તેને ૮ લાખ પેન્શન આપી માલ્કમ સાહેબે બિથુરમા રાખ્યો તેનું વર્ષાસન બંધ થવાથી તેનો દત્તક પુત્ર નાના સાહેબે ૧૮૫૧ ના બળવામા સામેલ થયો પણ હારીને નાશી ગયો

પાચ મરાઠા સરદારોએ સહાયકારી લશ્કર બદલ જે મુલક આપ્યો, તે વસાઇની સલાહથી મળેના મુલકમા ઉમેરી ૧૮૧૮ માં લોર્ડ હેસ્ટિંગ્સે મુબઇ ઇલાકો બનાવ્યો

લોર્ડ આમહર્સ્ટ—૧૮૨૩–૧૮૨૮—તેના વખતમા મુખ્ય બે બનાવ બન્યા (૧) પહેલો બ્રહ્મી વિગ્રહ (૨) ભરતપુરનો બીજો ઘેરો

૧ બ્રહ્મી પહેલો વિગ્રહ ૧૮૨૪–૧૮૨૬ આ વિગ્રહ થવાનાં ત્રણ કારણો છે (૧) બ્રહ્મદેશના રાજાએ બંગાળાની સરહદનો આસામનો મુલક જીતી લીધો (૨) અંગ્રેજ ઉપર હુમલો કરી કેટલાક માણસોને મારી નાખ્યા (૩) અંગ્રેજના મિત્ર કાચાર ના રાજા ઉપર હલ્લો કરવા લશ્કર મોકલ્યુ. આથી અંગ્રેજ સરદાર કેમ્બેલે બ્રહ્મી લશ્કરને હરાવી પાછુ કાઢયુ અને ૧૮૨૪ માં રંગુન કબજે કર્યું એટલે બ્રહ્મી સરદાર બંદુલા અંગ્રેજ લશ્કરને હાકી કાઢવા તથા ગવર્નર જનરલને સોનાની સાકળે બાધી આવા

શહેરમાં લઈ જવા આવ્યો તેને સર એ કે કેમ્પબેલે ૧૮૨૫ મા પ્રોમ તથા ૧૮૨૬ મા પગામ આગળ હંકાવી પાછો કાઢયો અને આસામ તથા આરાકાન પ્રાંતો જીતી લીધા, આખરે ૧૮૨૬ માં યાંદાબો મુકામે સુલાહ થઇ, આથી અંગ્રેજોને આસામ, આરાકાન અને તિનાસરીમ પ્રાંતો મળ્યા

૨ **ભરતપુરનો બીજો ઘેરો—૧૮૨૬** આ ગઢ હિંદમા મજબુત અને અજીત ગણાતો હતો તેને અંગ્રેજોએ બે વાર ઘેરા ઘાલ્યો હતો, પણ લઇ શકયા નહોતા જયારે ત્યાંનો રાજા ૧૮૨૬ માં મરી ગયો ત્યારે બીનહકદાર માણસ દુર્જનસાલ ગાદી દબાવી પડયો, તેથી લોર્ડ કોંબરમીઅરે તેને ઘેરા ઘાલી તોપોના માર અને સુરંગથી તોડયો, અને હકદાર વારસ બળવંતસિંહને ગાદીએ બેસાડયો

લોર્ડ વિલિયમ બેન્ટીક—૧૮૨૮-૧૮૩૫ તે ડાહ્યો ભલો અને દયાળુ હતો તેના વખતમા શાંતિ હોવથી હિંદના લોકોને તે ઘણા લાભ કરી શકયો વેલોરના બંડ સમયે એ મદ્રાસમા ગવર્નર હતો તેના મુખ્ય બનાવ (૧) સુધારા, (૨) ખાલસા કરેલાં રાજ્ય, (૩) મ્હૈસૂરનો કમિશનથી વહિવટ

૧ **સુધારો**—(૧) ઠગ કે ફાંસીઆ લોકોને વશ કરી મુસાફરો વાસ્તે રસ્તા નિર્ભય કર્યા આ લોકોની ટોળીઓ (૧૦ થી ૫૦ માણસ સુધી) સાધારણ વેષમાં ફરતી, અને ઘણા માણસોને લુટતી તથા પૈસા માટે ફાંસો દેતી હતી, તેમની ભાષા અને નિશાનીઓ ઇલાયદી હોવાથી બીજું કોઇ સમજી શકતું નહિ બેન્ટિકે **કપ્તાન સ્લીમેનની** મદદથી ૭-૮ વરસમા (૧૮૨૬ થી ૧૮૩૫ સુધીમા) લગભગ ૧૫૬૨ ફાંસીઆઓને પકડયા

(૨) સતી થવાનો ચાલ બંધ પાડયો, ધણીની પાછળ સ્ત્રીને

જીવતી બળી મુકવામાં આવતી હતી આ પ્રમાણે ૧૮૧૭ બંગાળામાં લગભગ ૭૦૦ વિધવાઓ બળી મરી હતી આ રિવાજ બંધ કરવા અકબરે પ્રયત્ન કર્યો હતો તે બેન્ટીકે ૧૮૩૨ માં બંધ કર્યો

(૩) સરકારી નોકરીમાં ઘણા દેશીઓને દાખલ કર્યા–૧૮૩૩ ની સાલ પહેલાં દેશીઓને મોટી જગા આપવામાં આવતી નહોતી, પણ તેણે એવો ધારો કર્યો કે દેશીઓ લાયક હોય તો તેમને જગા આપવી આ કાયદાથી દેશીઓને મુનસફ અને ડેપ્યુટી કલેક્ટર બનાવવામાં આવ્યા

(૪) દેશીઓને અંગ્રેજી જ્ઞાન આપવા નિશાળો સ્થાપી–અંગ્રેજી પુસ્તકો જ્ઞાનથી ભરેલાં છે તથા દરેક ભાગના માણસોએ ભાષા મારફત વાતચીત કરી શકે છે માટે એ જ્ઞાન મેળવવાને અંગ્રેજી ભણવાની જરૂર છે

(૫) અદાલતમાં ફારસી ભાષામાં કામ ચાલતું હતું તે બંધ કરી અંગ્રેજી ભાષામાં રાખ્યું

(૬) રાજા કે નવાબ ગુન્હો કરે તો તેને શિક્ષા કરવાનો ધારો કર્યો

(૭) સ્ટીમરો શરૂ થઈ અને યુરોપ જવાનો ટુંકો રસ્તો નીકળ્યો.

(૮) ઈસ્ટ ઇંડિઆ કંપનીને નવી સનદ આપી તેમાં એવી સરત હતી કે કંપનીએ હિંદમાંથી વેપાર બંધ કરવો, પણ રાજ્ય સત્તા ચલાવવી આ વખતથી કોઈપણ અંગ્રેજ હિંદમાં રજા સિવાય ગમે ત્યાં રહી શકે છે વળી ચીનમાં વેપાર કરવાની સર્વ પ્રજાને છુટ આપી

(૯) ખર્ચમાં ઘટાડો કર્યો, પહેલાંના ગવર્નર જનરલોના

બખતમાં મોટી લડાઇઓને લીધે દેવું થઇ ગયું હતુ, તેને માટે તેણે વસુલાતને લશ્કરી ખાતામાં સુધારો કરી દોઢ કરોડ રૂપીઆ બચાવ્યા તથા મળવાના અરીણ ઉપર જકાત નાખી ઉપજ વધારી

૨ **ખાલસા કરેલાં રાજ્યો**—(૧) કાચરનો રાજા અપુત્ર મરવાથી ૧૮૩૨ મા ખાલસા કર્યું (૨) કુર્ગનો રાજા પોતાના સગાં વહાલાને મારી રૈયતને પીડતો હતો માટે બેન્ટિકે લશ્કર મોકલી તેને હરાવ્યો અને રૈયતની માગણીથી ૧૮૩૪ મા ખાલસા કર્યું ત્યારથી કુર્ગ લોકોને પરવાના સિવાય હથિઆર રાખવાની છૂટ મળેલી છે

મ્હૈસુરનો કમિશનથી રાજ્ય વહિવટ (જપ્તી) ૧૮૩૧ મ્હૈસુરના કૃષ્ણ રાજાએ ૧૬ વર્ષની ઉમરે રાજ્યની લગામ હાથમા લઇ જુલમી કારભાર કરવા માંડ્યો, અને સઘળો ખજાનો મોજ મઝામાં ઉડાવ્યો તથા લશ્કરનો પગાર આપી શક્યો નહિ અને નાલાયક માણસોને લાંચ લઇ જગાઓ આપવા માંડી આથી ત્યાંના લોકોએ ૧૮૩૦ માં બળવો કર્યો બેન્ટિકે લશ્કર મોકલી બળવો સમાવ્યો તથા રાજાને પદભ્રષ્ટ કરી વર્ષાસન બાંધી આપ્યું. અને કમિશનથી ૫૦ વર્ષ વહિવટ ચલાવ્યો છેવટે તેના દત્તક પુત્રને મોટો થતાં ગાદી આપી એટલે કમિશનનો વહીવટ અંત પડ્યો

વિશેષ હકીકત—(૧) અયોધ્યાના નવાબે ૧૮૦૧ મા આપેલો તથા સિંધીઆ પાસેથી મળેલો મુલક એ બેનો ૧૮૩૩મા વાયવ્ય પ્રાંતો નામે નવો ઇલાકો બનાવી સર ચાર્લ્સ મેટકાફ લેફ્ટેનન્ટ ગવર્નરને સોંપ્યો જે હાલમાં આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો કહેવાય છે

૨ તેના વખતમાં ગ્વાલીયરમાં દોલતરાવ સિંધીઆ અપુત્ર મરણ પામવાથી દરબારમાં ઝગડો ઉઠયો માટે બેન્ટીંગે તેની રાણી પાસે જનકોજીને દત્તક લેવરાવી ગાદીએ બેસાડયો વળી મલ્હારરાવ અપુત્ર મરવાથી માજી રાજાના એક સગાને ગાદી આપી

સર ચાર્લ્સ મેટકાફ—૧૮૩૫-૧૮૩૬—વાયવ્ય પ્રાંતોના ગવર્નર મેટકાફે ૧ વર્ષ ગવર્નર જનરલનુ કામ કર્યુ

વર્તમાન પત્રોની છુટ—તેણે વર્તમાન પત્રોની છુટ આપી ૧૮૩૫ પહેલાં ફક્ત ૬ ની વર્તમાન પત્રો નીકળતા હતા, પણ હાલમાં લગભગ ૬૦૦ થી વધાર નીકળે છે

લોર્ડ ઓકલેંડ—૧૮૩૬-૧૮૪૨—એના વખતમાં મુખ્ય બનાવ (૧) અફઘાન પહેલો વિગ્રહ (૨) ચીન વિગ્રહ

અફઘાનિસ્તાનના રાજ્ય વિષે—અહમદશાહ અબદલી પાછળ કાબુલની ગાદીએ ઝમાનશાહ થયો તેની પછી કાબુલની ગાદી માટે બે દાવાદાર હતા તેમાનો એક શાહસુજા અહમદશાહના વંશનો હતો અને બીજો દોસ્તમહમદ મુખ્ય પ્રધાનના વંશનો હતો તેમાં દોસ્તમહમદનુ જોર વધારે હોવાથી તેણે શાહસુજાને કાબુલમાંથી કાઢી મુક્યો, તેથી શાહસુજા હિંદમાં અંગ્રેજને શરણે આવી રહ્યો તે હકદાર વારસ અને અંગ્રેજનો મીત્ર હતો તથા રશિયનો હિંદપર ચઢી આવે તો તે અંગ્રેજોને મદદ કરશે એમ ધારી તેને ગાદી અપાવવા ઓકલેંડે નિશ્ચય કર્યો

૧ **અફઘાન પહેલો વિગ્રહ ૧૮૩૯-૧૮૪૨**—ઉપરનાં કારણોથી અંગ્રેજ લશ્કરે ૧૮૩૯ માં કંદહાર તથા ગીજની લીધાં અને શાહસુજાને ગાદીએ બેસાડી તેના રક્ષણ માટે સર ડબલ્યુ મેકનોટનને

મૂક્યો. હવે દોસ્તમહમદ બોખારામાંથી નાસી ગયો અને બીજે વરસે શરણે આવ્યો તેથી તેને માનસહિત કલકત્તામાં રાખવામાં આવ્યો.

ફરીથી તોફાન અને (કાબુલમાં બળવો,—શાહસુજા રાજ્ય કરવાને નાલાયક હતો, લોકો તેને ધિક્કારતા અને દોસ્તમહમદના બહાદુર છોકરા અકબરખાનની આગેવાની નીચે તેની સામે થયા. મેકનાટન સુલેહ કરવા અકબરખાન સાથે વાત કરતો હતો તેવામાં તેને બંદુકથી મારી નાખ્યો. પછી અફઘાનોએ કાબુલ પર હુમલો કર્યો. અહીં અંગ્રેજ સરદાર એલ્ફિન્સ્ટન થોડા માણસથી ટકી નહિ શકાય એમ ધારી *અમુક શરતો કબુલ કરી પાછો જતો હતો. તેના ઉપર અફઘાનો નુકશાન નહિ કરવાનું વચન આપી સાહસ જુદ કાબુલ ઘાટમાં (ખઇબરઘાટ આગળ) તુટી પડ્યા અને બંદુકના માર કરી ૧૮૪૨ મા બધાને કતલ કર્યા. એમાં ફક્ત ડાકટર બ્રાઈડન બચ્યો.

૨ ચિન વિગ્રહ—૧૮૪૦–૧૮૪૨ અંગ્રેજ વેપારીઓ ચીનમાં અફીણનો વેપાર કરતા હતા. આ અફીણથી ચીનના લોકો આળસુ થવા લાગ્યા માટે ચીનના રાજાએ ગુસ્સે થઇ અંગ્રેજોની અફીણની પેટીઓ બાળી નાખી તેથી લડાઇ થઇ. તેમા અંગ્રેજ સરદાર ગોફે ૧૮૪૨મા ચીનના શહેરોને ઠરાવી વેપાર કરવાની મંજુરી મેળવી.

---

* અંગ્રેજોએ કાબુલ, ગીઝની, કંદાર ને જલાલાબાદ છોડી ચાલ્યા જવું (૨) દોસ્તમહમદને છુટો કરી કાબુલમાં આવવા દેવો (૩) શાહસુજાને લાખ રૂપીઆનું વર્ષાસન આપી તેની મરજીમાં આવે ત્યાં રહેવા દેવો (૪) અકબરખાને ખોરાકી તથા ગાડાં આપી અંગ્રેજ લશ્કરને વગર હરકતે હિંદમાં જવા દેવું.

લોર્ડ એલનબરો—૧૮૪૨-૧૮૪૪ એના વખતમા મુખ્ય બનાવ (૧) વેર વાળનાર લશ્કર (૨) સિંધ વિગ્રહ (૩) સિંધીઆ વિગ્રહ

૧ વેર વાળનાર લશ્કર—અફઘાનિસ્તાનમા બે નાની લશ્કરી ટુકડીઓ એક કંદહારમા જનરલ નોટની સરદારી નીચે તથા બીજી જલાલાબાદમા જનરલ સેલની પાસે હતી તેમને મદદ કરવા જનરલ પોલોકની સરદારી નીચે લશ્કર મોકલવામા આવ્યુ તણે જલાલાબાદમાંથી સેલને છુટો કરી અકબરખાનને હરાવ્યો ત્યાર પછી પોલોકે કાબુલ લીધુ અને ત્યાના કિલ્લાનો નાશ કરી કલકત્તે પાછો આવ્યો તથા દોસ્તમહમદને છુટો કરી કાબુલની ગાદીએ બેસાડયો વળી ગીજનીમા કેટલાંક સુખડનાં કમાડ અંગ્રેજોના જોવામા આવ્યાં મહમદ ગીજની સોમનાથના દરવાજાનાં જે કમાડ લઇ ગયો હતો તે એજ છે એમ ધાર્યું અંગ્રેજોએ તેને હિંદમાં આણી તેને સોમનાથ મોકલવાનો વિચાર કર્યો પણ તે અસલનાં ખરેખરાં ન હોવાથી આગ્રે રાખ્યા

૨ સિંધ વિગ્રહ—૧૮૪૨-૧૮૪૩—અફઘાનોએ અંગ્રેજ સૈનાના કડેકડકા કરી નાખ્યાની ખબર સાંભળી સિંધના અમીરો-એ લડાઇ માટે તૈયારી કરી અને અંગ્રેજ રેસીડેન્ટ મી. ઔટ્રામ ઉપર હુમલો કર્યો આથી સર ચાર્લ્સ નેપીઅરે ૭૦૦૦ માણસના લશ્કર વડે અમીરોના ૩૦૦૦૦ માણસની લડવૈયાને હૈદ્રાબાદ ને મિયાની આગળ ૧૮૪૩ મા હરાવ્યા અને સિંધ પ્રાંત ખાલસા કર્યો

૩. સિંધીઆ વિગ્રહ—૧૮૪૩—ગ્વાલીઅરનો જનકોજી સિંધીઆ ૧૮૪૩ માં અપુત્ર મરણ પામ્યો. તે ગાદીએ તરીકે નબળો નીવડયો હતો ખાસ કરીને તેની વિધવા સ્ત્રી તારાબાઇને

દત્તક લેવાની રજા આપી હતી આથી તેણે આઠ વરસના જીઆજી રાવને દત્તક લઈ જ કોજીના મામાને કારભારી બનાવ્યો પણ પાછળથી તેને રજા આપવાથી સર હ્યુ ગોફ ૧૮૪૩ મા મહારાજપુર અને પનિઆર અગળ તેના લશ્કરને હરાવ્યું આથી ગ્વાલીઅર મુકામે સંધી થઇ

તેમા એલનબરોએ ૭ મરાઠા અમીરોની કૌન્સિલ નીમી જીઆ-જીરાવ મોટો થતાં સુધી રાજ્ય વહીવટ કર્યો, અને ૪૦૦૦૦ ની ઘટ કરી ૯૦૦૦ લશ્કર રાખ્યુ તથા ગ્વાલીઅરની સહીસલામતી માટે એક અંગ્રેજ લશ્કર રાખી રાણીને ત્રણ લાખનું વર્ષાસન બાંધી આપ્યુ.

લોર્ડ હાર્ડીંજ —૧૮૪૪-૧૮૪૮—એના વખતમા મુખ્ય બનાવ (૧) રણજીતસિંહ તથા (૨) શીખ પહેલો વિગ્રહ છે

૧ રણજીતસિંહ—તેના પિતાનું નામ મહાસિંગ હતું તેનો જન્મ ૧૭૮૦ મા થયો પછી ૧૭ વર્ષે એટલે ૧૭૯૭ માં તેને કાબુલના ઝમાનશાહે રાજાનો ખિતાબ આપ્યો તે પંજાબનો સિંહ કહેવાતો હતો તેણે પંજાબનું રાજ્ય ઘણું મજબુત બનાવ્યું પોતે વાંચી લખી જાણતો નહિ પણ લાકડી ઉપર આંકા કરી હિસાબ રાખતો તે ઠીંગણો તથા બળીયાથી તેની એક આંખ ગઈ હતી, અને તેના આખા ચહેરા ઉપર ચાઠાં પડ્યાં હતાં તેણે કાબુલના શાહસુજાને આશ્રય આપી કોહિનુર પડાવી લીધો હતો જે હાલ મહારાજા પંચમ જ્યોર્જના તાજમાં શોભે છે તે અંગ્રેજનો દઢ મિત્ર હતો, વળી ડાહ્યો ને બહાદુર હોવાથી બધા સરદારો તેના અંકુશમાં રહેતા હતા લોકોની તેના ઉપર પ્રીતિ સારી હતી, તેની પાસે જબરૂં લશ્કર તથા ઘણી તોપો હતી, તે માટે તેણે કાશ્મીરનો મુલક જીત્યો હતો ૧૮૦૯ મા મિન્ટો

સાથે અને ૧૮૩૯ માં ઓકલેડ સાથે સલાહ કરી હતી તે ૪૦ વર્ષ રાજ્ય કર્યા પછી ૧૮૩૯ મા મરણ પામ્યો, તે વખતે એની પાચ રાણીઓ મય સાથે બળી મરી

પછી તેના પાટવી કુવરને ગાદી મળી પણ તેને પદભ્રષ્ટ કર્યો પછી બે ત્રણ વરસમા ઉપરા ઉપરી કાવતરાં ચાલી ઘણા રાજકુમારો માર્યા ગયા આખરે તેજસિગ નામના એક સ દારના હાથમાં બધી સત્તા આવી

૨ શીખ પહેલો વિગ્રહ.—૧૮૪૪-૧૮૪૬—શીખ લડવૈયાનુ બળ વધી પડવાથી તેઓ દિલ્હી લુટવાને ટમટમી રહ્યા હતા માટે લડાઇ થઇ તેમા ગોફ તથા હાર્ડિજે ૧૮૪૫ માં મુડકી ને ફિરોજપુર (ફીરોજ શહેર) આગળ તથા ૧૮૪૬ મા સ્મિથે અલીવાલ આગળ અને ગોફે સોબ્રાયન આગળ શીખ લશ્કરને હરાવ્યુ. તેથી ૧૮૪૬ માં લાહોર આગળ સલાહ થઇ

આ સલાહથી શીખ લશ્કરમા ઘટાડો કરી ૨૦૦૦૦ માણસો રાખ્યાં તથા અગ્રેજોએ સતલજ અને રાવીનો પ્રદેશ લઈ ગુલાબસગને તે મુલકનો રાજા બનાવ્યો અને તેની પાસેથી શીખ વિગ્રહનું ખર્ચ લીધુ. વળી રણજીતસિગના દુલીપસિહ નામના બાળકુવરને પંજાબનો રાજા બનાવી તેની માને રાજ્ય વહીવટ સોપ્યો

લોર્ડ ડેલહાઉસી —૧૮૪૮–૧૮૫૬ તે ગવર્નર જનરલોમાં શ્રેષ્ટ ગણાય છે આ દેશમાં બ્રિટિશ રાજ્યની ઇમારત ચણનાર પહેલો ક્લાઇવ પછી લોર્ડવેલેસ્લી, લોર્ડ હેસ્ટિંગ્સ અને એ ચોથો મહાન પુરૂષ હતો. એણે બ્રિટિશ હિદમાં ઘણો વધારો કર્યો તેના વખતમાં

મુખ્ય પાચ બનાવો બન્યા છે, (૧) શીખ બીજો વિગ્રહ. (૨) બીજો બ્રહ્મી વિગ્રહ (૩) દેશી રાજ્યો ખાલસા કર્યાં (૪) સુધારો (૫) કંપનીના પટામાં ફેરફાર

૧ શીખ બીજો વિગ્રહ—૧૮૩૮–૧૮૪૯ મુલતાનના સુબા લાલામુળરાજે બે અગ્રેજ સરદારોને મારી નાખ્યા અને શીખ લશ્કર ભેગુ કરી શેરસિંગ તથા મુળરાજે ૧૮૪૮ માં અગ્રેજ સરદાર ગોફ ઉપર હુમલો કર્યો રામનગર આગળ લડાઇ થઇ તેમાં અગ્રેજોને મુશ્કેલીવાળ વિજય મળ્યો તથા ૧૮૪૯ મા ચીલીયનવાલા આગળ અગ્રેજ જીત્યા તો ખરા, પણ તેમનાં ઘણાં માણસો માર્યાં ગયાં અને અગ્રેજોને ભારે ચિન્તા થઇ તથા તેમની ૪ તોપો અને કેટલાક વાવટા શીખોના હાથમા ગયા એવામા ગોફે ફરીથી તેજ સાલમા ગુજરાત આગળ શીખ લોકોને હરાવ્યા, અને ૧૮૪૯ મા પંજાબ પ્રાંત ખાલસા કર્યો તથા દુલીપસિંગને વર્ષાસન બાંધી આપી ઇગ્લાંડ મોકલ્યો

પાછળથી જોન લોરેન્સ પંજાબમાં ચીફ કમિશનરના હોદા ઉપર આવ્યો તેણે શીખ લોકોને અગ્રેજ લશ્કરમાં દાખલ કર્યા તેમની જમીનની માપણી કરી વિઘોટી અડધી કરી નાખી, બધા કર કાઢી નાખી લુટારાનો નાશ કર્યો તથા રસ્તા, નહેરો, નિશાળ વગેરે સ્થાપી શીખ લોકોને સુખી કર્યા હાલમાં શીખ તથા ગુરખા પલટણો હિંદના દેશી લશ્કરમાં શ્રેષ્ઠ ગણાય છે

૨. બ્રહ્મી બીજો વિગ્રહ—૧૮૫૨ મા બ્રહ્મદેશના રાજાએ યાંદુબુના કરાર તોડી અંગ્રેજ કપ્તાનોને કેદ કર્યા જ્યારે એક અમલદારે આનુ કારણ પૂછ્યુ ત્યારે તેને મારી નાખ્યો, માટે અંગ્રેજોએ ૧૮૫૨ મા રંગુન જીતી લીધુ. તથા પેગુ પ્રાંત ખાલસા કર્યો.

ત્યાર પછી ડલહાઉસીએ ૧૮૫૩ મા આરાકાન ને તિનાસરીમ સાથે પેગુ પ્રાંત ઉમેરી બ્રિટિશ બ્રહ્મ દેશ બનાવ્યો તેમાં વ્યવસ્થિત રાજ્ય થઈ બધે સલાહશાંતિ પ્રસરી છે અને વસ્તી ૨૦ ગણી વધી છે

૩ ખાલસા રાજ્યો (મેળવેલો મુલક)

સતારા	... ૧૮૪૯ .	અહીંનો રાજા ૧૮૪૮ મા અપુત્ર મરવાથી
પંજાબ	૧૮૪૯	શીખ બીજા વિગ્રહને અંતે
રંગુન	૧૮૫૨	બ્રહ્મી બીજા વિગ્રહમાં
ઝાંસી	૧૮૫૩ .	અહીંનો રાજા અપુત્ર મરવાથી
નાગપુર	. ૧૮૫૩ ..	અહીંનો રાજા અપુત્ર મરવાથી ખાલસા કરી મધ્ય પ્રાંતો નામ આપ્યું અને ચીફ કમિશનર નીમ્યો
વરાડ	. ૧૮૫૩ ..	સહાયકારી લશ્કરના ખર્ચ બદલ.
અયોધ્યા .	૧૮૫૬ ..	અંધેરને લીધે ૧૨ લાખ પેન્શન આપી

૪ સુધારા—(૧) એણે તાર, ટપાલ ને રેલ્વે પહેલ વહેલી દાખલ કરી વેપારમાં વૃદ્ધિ કરી (૨) નહેરો ખોદવા તથા રસ્તા ને પૂલ બાંધવા ઇજનેર ખાતું કાઢ્યું, (૩) દેશી ભાષાઓ શીખવવા કેળવણી ખાતુ ઉભું કરી શાળાઓની સંખ્યામાં વધારો કર્યો. (૪) સિવિલ સર્વિસની પરીક્ષા હિંદી પ્રજા માટે ખુલ્લી મુકી આવાં સુધારાના કામોથી તેના વખતમાં દેશ પહેલાં કરતા વધારે દ્રવ્યવાન અને સુખી થયો. માટે તે સૌથી સારો ગવર્નર જનરલ કહેવાયો.

૫ કંપનીનો પટો અને લેફટેનન્ટ ગવર્નર—૧૮૫૩ માં કંપનીના પટાની મુદત પુરી થવાથી નવો પટો કરી આપ્યો તથા

હિંદની સિવિલ સર્વિસની પરીક્ષા કંપનીના હાથમાંથી લઈ જાહેર રીતે લેવાની ઠરાવી અને હિંદના ઉમેદવારોને બેસવાની છુટ આપી તથા પંજાબમાં કામ વધી પડવાથી ત્યાં લેફટેનેન્ટ ગવર્નરની નીમણુંક કરી અને ગવર્નર જનરલને હિંદપર અમલ કરવા છુટો રાખ્યો તેજ વખતથી ગવર્નર જનરલ આઠ માસ સિમલામાં રહે છે

---

૧૬ લોર્ડ કેનિંગ—૧૮૫૬-૧૮૬૨—તે ૧૮૫૮ સુધી ગવર્નર જનરલ અને ત્યાર પછી વાઈસરોય કહેવાયો તેના વખતના મુખ્ય બનાવો (૧) બળવો (૨) બળવા પછીનું હિંદ (૩) ઢંઢેરો (૪) સુધારા

૧ બળવો – પ્લાસીના વિજય પછી ૧૦૦ વર્ષે એટલે ૧૮૫૭ માં બળવો થયો તે વખતે રાજ્યની સ્થિરતા નીતિ અને ડહાપણ ખરી કસોટીએ ચઢ્યાં તેમાં હોલ્કર અને સિંધીઆ જાતે તથા શીખ અને ગુરખા લશ્કર અંગ્રેજોને નિમકહલાલ રહ્યાં અને બહાદુરીથી તેમના પક્ષમાં લડ્યા

બળવાના કારણ—(૧) ડલહાઉસીએ ઘણાં દેશી રાજ્યો ખાલસા કર્યાં (૨) દત્તપુત્ર લેવાના હક લઈ લીધા (૩) તાર રેલ્વે નિશાળો દવાખાનાં વગેરે નીકળવાથી અભણ લોકો એવું સમજવા લાગ્યા કે આપણને ખ્રિસ્તિ કરી વિલાયત લઈ જશે (૪) વળી સિપાઈઓને નવી બંદુકો આપવામાં આવી તેની ટોટીઓ દાંતવડે કરડી બંદુકમાં મુકવાની હતી તેને ગાય અને ડુક્કરની ચરબી લગાડી છે માટે ધર્મભ્રષ્ટ થવાશે એવી લોકોએ ગપ ચલાવી તેથી સિપાઈઓએ તે લીધી નહી અને અમલદારોના હુકમ માન્યા નહી. (૫)

દેશી સિપાઇઓએ સરકાર મોકલે ત્યાં જઇ નોકરી કરવી (૬) તેમનું કેટલુંક ભથ્થુ બંધ કર્યું હતુ (૭) દિલ્હીના પાદશાહના કુંવરોની ઉશ્કેરણી (૮) કાબુમાં રાખે તથા સમજાવી શકે એવા બુદ્ધિમાન અમલદારોની ખોટ (૯) અયોધ્યાના તાલુકદારોની ઉશ્કેરણી (૧૦) બાજીરાવના પુત્ર નાનાસાહેબનુ વર્ષાસન બંધ થવાથી તેણે કરેલી ઉશ્કેરણી, (૧૧) કેટલાક જોશી લોકો મહ ગણીત ઉપરથી કહેવા લાગ્યા કે અંગ્રેજને રાજ્ય કરતાં ૧૦૦ વર્ષ થઇ ગયા છે, માટે રાજ્ય જશે

બળવાના મુખ્ય સ્થળો

બહેરામપુર—અહિની દેશી પલટણે ૧૯ મી ફેબ્રુઆરી ૧૮૫૭ ના રોજ બળવાની શરૂઆત કરી અંગ્રેજોના બંગલા સળગાવી મુક્યા અને બરાકપુરની છાવણીમાં આ સંદેશે કહાવ્યો

બરાકપુર—આ પલટણને ટોટીઓ આપવા માંડી તે તેણે લેવાની ના પાડી, માટે સરકારે તેમને રજા આપી તેમણે બધે ફરી ઉશ્કેરણી કરવા માંડી

મીરત—ઉપરની ઉશ્કેરણીથી એકદમ મીરતમા બંડ જાગ્યુ તેમણે અંગ્રેજ અમલદારો તથા બૈરા છોકરાને ઠાર કર્યાં બંગલાઓ સળગાવી મુક્યા તથા કેદખાના ઉઘાડી કેદીઓને છોડી મુક્યા પછી તેઓ દિલ્હી તરફ ચાલ્યા

દીલ્હી—અહિં બળવાખોરોએ ઠેર ઠેર અંગ્રેજ અમલદારો તથા તેમના બૈરાં છોકરાને કતલ કર્યાં તેમાં મોગલ પાદશાહ બહાદુરશાહે ફરી રાજ્યપદ ધારણ કર્યું તેણે નિરાધાર ૫૦ અંગ્રેજ સ્ત્રીઓ તથા, છોકરાઓને મારી નંખાવ્યા વળી બળવાખોરોએ તોપો

હાથ કરી દારૂગોળાના ખજાના ઉપર ધસારો કર્યો પણ ત્યાના અમલદારે સમયસૂચકતા વાપરી દારૂગોળો સળગાવી મુકયો.

૪–૫ માસ પછી નિકલ્સન તથા વિલ્સને અગ્રેજ, શીખ અને ગુરખા લશ્કરથી દિલ્હીપર હલ્લો કર્યો ભારે ખુનરેજી ચાલી ખાઇમાં સીડીઓ ગોઠવી નિકલ્સન અને તેનુ લશ્કર કોટ ઉપર ચઢયુ વળી કાશ્મીરી દરવાજો સુરગથી તોડયો આખરે નિકલ્સન ગોળાથી ઘવાયો પણ ૨૦ મી સપટેમ્બરે ૭ દિવસની જબરી રસાકસી પછી દિલ્હી કબજામા આવ્યાની વાત સાંભળી તેણે શાંતિથી પ્રાણ ત્યાગ કર્યો.

કાનપુર—નાનાસાહેબનુ વષાસન બધ થવાથી તે બળવાખોરાનો ઉપરી બન્યો હતો અહીંના અગ્રેજોએ ૧૯ દિવસ સુધી ટક્કર ઝીલી, પણ પોતાના બૈરા છોકરાં મુકીને નાશી ગયા નહિ. તેમને નનાસાહબે અલ્હાબાદ સહીસલામત પહોચાડવાનુ વચન આપી હોડીઓમા બેસાડયા, પછી વિશ્વાસઘાત કરી તેમને ગોળાથી ઠાર કર્યા અને મછવાઓ સળગાવી મુકયા વળી ૧૨૫ માણસોને કેદ કરી કતલ કરાવી અને તેમનાં સબ કુવામા નાખી દીધા આ મોટામા મોટી કતલ હતી એવામા હેવલોક અને જનરલ નીલે આવી નાનાસાહબને હરાવ્યો તે નેપાળના જગલમાં રખડીને મુઓ એમ કહેવાય છે

ગ્વાલીઅર—હોલ્કર અને સિધીઆ અગ્રેજને વફાદાર રહ્યા હતા, પરતુ તેમનુ લશ્કર બળવાખોરો સાથે મળી ગયુ હતુ તેમનો આગેવાન નાનાસાહેબનો સેનાપતિ તાત્યાટોપી હતો તેને જનરલ વ્હિટલોક અને સર હુ રોજે હરાવી ફાસી દીધી

ઝાંસી—અહીંની શૂરવીર રાણી પણ ગ્વાલીઅરના લશ્કરની આગેવાન હતી તે લડાઇમા પુરૂષને વેષે લડતી મરાઇ

લખનૌ—(લખનૌર) અહી હેનરી લોરેન્સે ૫૦ હજાર બળવા-
ખોરો સામે ઘણા મહિનાથી ટક્કર ઝીલી હતી આખર સર કોલિન
કૅમ્બેલ ઔટ્રામ અને હેવલોકે આવી તે બળવો સમાવ્યો

બળવો સમાવનાર— કવિત

વિલ્સન, ઔટ્રામ, લારેન્સ ને, વળી હડસન, હેવલૉક,
સેનાધિપતિ કૅમ્બેલ, નેલ નિકલ્સન, રોઝ, વ્હિટલૉક

રાજ્ય વહીવટમા ફેરફાર ૧૮૫૮—૫૯ માળી લશ્કરના બળવા પછી ઇગ્લાન્ડની પાર્લામેન્ટે કંપના પાસેથી રાજ્ય કારભાર લઇ મહારાણી વિક્ટોરીઆને સોપ્યો (૨) હિંદનો ગવર્નર જનરલ હવેથી વાઇસરૉય કહેવાયો, (૩ વાઇસરૉયના કામકાજ ઉપર દેખરેખ રાખવા ઇગ્લન્ડના પ્રધાન મડળમાથી એકને હિંદ ખાતાનો સેક્રેટરી નીમ્યો (૪) સેક્રેટરી ને મદદ કરવા ૧૫ સભાસદ ઠરાવ્યા, જેમાના આઠ હિન્દમા નોકરી કરી આવેલા અનુભવી હોવા જોઇએ આ ઠરાવથી કેનિગ પહેલો વાઇસરૉય થયો

ઇગ્લાડમા મહારાણીના અમલ નીચે હિંદ (બળવા પછીનુ હિંદ)—મહારાણીએ ગાદ્ય હાથમાં લઇ બળવાખોરોને માફી આપી

દત્તક પુત્ર લેવાના હક આપી દેશી રાજ્યો નિર્ભય કર્યાં મ્હૈસુર તેના હિંદુ રાજાને પાછુ સોપ્યુ, તથા ગ્વાલીઅરનો કિલ્લો સિંધીઆને સ્વાધીન કર્યો

(૨) લોર્ડ રિપનના વખતમા સુધરાઇ ખાતાનો હક આપ્યો.

(૩ હિંદમા વેપાર રોજગાર વધારવા, ખેતીવાડી આબાદ કરવા તથા દુકાળનાં સકટ ટાળવા અગ્રેજ સરકારે ઘણી મહેનત

કરી છે નહેરો, રેલવે, તાર ને ટપાલ ખાતામા સુધારો કર્યો તથા નિશાળો અને નવા નવાં દવાખાના ઉઘાડયા આ ઉપરાંત જળાશયો ને ગટરો બંધાવ્યા તથા રસ્તાઓ સુધારી ઘણા બગીચાઓ બંધાવ્યા અને શહેરની સુખાકારી વધારી આપી, વળી મોટી મોટી પાઠશાળાઓ સ્થાપી દેશી લોકોને મોટા હોદા આપવા માંડયા તથા વર્તમાન પત્રોની છુટ આપી લોકોને જણીતા કર્યા

૩ ઢંઢેરો—મહારાણીએ ૧૮૫૮ ના નવેમ્બરની ૧ લી તારીખે બધે જાહેર કર્યુ કે હિંદનુ રાજ્ય કંપની પાસેથી પોતાને હસ્તક લીધુ છે (૨) હિંદવાસી કે અંગ્રેજ, હિંદુ કે મુસલમાન એ બધાને સરખા ગણવામાં આવશે (૩) જાતિ કે ધર્મની બાબતમા સરકાર હાથ ઘાલશે નહિ (૪) કાળા ગોરાનો તફાવત નહિ રાખતા બધાને સરખા ગણવામાં આવશે (૫) એકસરખા કાયદાથી બધાનો ન્યાય થશે (૬) દત્તક પુત્ર લેવાની છુટ છે ભારતવાસીઓ આ લેખને મેગ્નાચાર્ટા ગણે છે

૩ સુધારા—લોર્ડ ડલહાસીનુ કામ જારી રાખ્યુ તેણે ઠેકાણે ઠેકાણે સડકો, રેલવે તથા નહેરો બંધાવી અને તાર, નિશાળો તથા દવાખાનાં કાઢયા

વિશેષ હકીકત—બળવામા ૪૦ કરોડ ખર્ચ થવાથી તેની ખોટ પુરી પાડવાને પ્રજા ઉપર ઇન્કમટેક્સ નાખ્યો તથા કાગળની નોટો ચલાવી વળી દેશનિકાલ કેદીને આંદામાન બેટમા મોકલવા માંડયા અને નવો ફોજદારી કાયદો ચલાવ્યો.

લોર્ડ એલ્જીન—૧૮૬૨-૧૮૬૩—તેના વખતમા અફ્ઘાનિસ્તાનનો અમીર દોસ્તમહમદ મરણ પામવાથી અફઝલખાનને કેદ કરી શેરઅલ્લી ગાદીએ બેઠો. વળી ઉત્તર અને દક્ષિણ અમેરીકા-

માં સંસ્થાનો વચ્ચે લડાઇ થવાથી ત્યાંનુ રૂ વિનાયત જતું અટક્યુ. માટે હિન્દુસ્તાનના રૂનો ભાવ એકદમ આઠ ઘણો ચઢી ગયો

સર જોન લોરેન્સ (લોર્ડ લારેન્સ) ૧૮૬૪–૧૮૬૯—એણે બળવા વખતે પંજાબમાં સારી રીતે કામ કર્યું હતું તેના બનાવ (૧) ભુતાનનો વિગ્રહ (૨) દુકાળ (૩) વિષેષ હકીકત

૧ **ભુતાન વિગ્રહ**—ભુતાનના રાજાએ દોઆબ પરગણાના લોકોને પકડી ગુલામ બનાવ્યા માટે તેને ૧૮૬૪ મા હરાવ્યો

૨ **દુકાળ**—એના વખતમા ૧૮૬૬ મા ઓઢીઆમાં અને ૧૮૬૮ મા વાયવ્ય પ્રાંતોમા દુકાળ પડવાથી સરકારે ઘણી મહેનત કરી.

વિશેષ હકીકત—અફઝલખાનને તેના છોકરા અબદુલ રહેમાનને મદદ આપીને શેરઅલીને ગાદીએ બેસાડયો આથી શેરઅલી નાશી ગયો, પણ અફઝલખાનના મરણ પછી ફરી આવીને રાજ્ય કરવા લાગ્યો.

લૉર્ડ મેયો—ઇ સ ૧૮૬૯–૧૮૭૨—એના વખતમાં મુખ્ય બનાવ સુધારા અને તેનુ ખુન છે

સુધારા—(૧) ખેતીવાડી ખાતુ કાઢયુ—આ ખાતાના અમલદારો બીજા દેશના પાક, બી, હળ, ફળ, ઝાડ અને ખાતર વગેરેની માહિતી મેળવી હિંદના ખેડુતોને સારો પાક ઉત્પન્ન કરવાનો રસ્તો બતાવે છે

૨ તેણે રસ્તા, રેલવે અને નહેરોનો વધારો કર્યો

મરણ—તે એક દિવસ આંદામાન બેટમાં કેદીઓની મુલાકાતે ગયો હતો ત્યારે શેરઅલી નામે મુસલમાન કેદીએ તેને ૧૮૭૨માં મારી નાખ્યો.

લૉર્ડ નોર્થ બ્રૂક. ૧૮૭૨–૧૮૭૬—એના વખતમા ત્રણ બનાવ બન્યા છે (૧) દુકાળ (૨) ગાયકવાડ ઉપર તહોમત (૩) પ્રિન્સ ઑફ વેલ્સની પધરામણી

દુકાળ—૧૮૭૨ મા બગાળામા સખત દુકાળ પડયો, પરંતુ ગરીબ લોકોને કામે લગાડી દુકાળનું દુઃખ જણાવા દીધુ નહિ

૨ ગાયકવાડ ઉપર તહોમત—મલ્હારરાવ ગાયકવાડ ઉપર વડોદરાના રેસિડેન્ટ કર્નલ ફેર સાહેબને ઝેર દેવાનુ તહોમત આવ્યુ, તેની તપાસ માટે ત્રણ યુરોપીઅન અને ત્રણ * દેશી અધિકારીઓનું કમિશન નીમ્યુ તેમા દેશીઓએ તહોમત ના સાબિત ગણ્યુ છતાં યુરોપીઅનોએ સાબીત ગણી મલ્હારરાવને પદભ્રષ્ટ કરી મદ્રાસમા કેદ કર્યો તથા તેની વિધવા શ્રી જમનાબાઇ પાસે હાલના શિયાજીરાવને દત્તક લેવરાવી ગાદી સોપી

૩ આ વખતે મહારાણીના મોટા કુવર પ્રિન્સ ઑફ વેલ્સ (સાતમા એડવર્ડ) ૧૮૭૫ માં હિંદુસ્તાનની મુલાકાતે પધાર્યા, તેથી હિંદમા બધે આનદ આનદ થઈ રહ્યો

હિંદમા એમ્પ્રેસ વિકટોરીઆનો અમલ

લૉર્ડ લીટન ૧૮૭૬–૧૮૮૦ એના વખતમાં ત્રણ બનાવ બન્યા છે (૧) દિલ્હીનો દરબાર. (૨) દક્ષિણ હિંદમા દુકાળ (૩) અફઘાન બીજો વિગ્રહ

દિલ્હીનો દરબાર—આ વાઇસરોયે ૧૮૭૭ મા દિલ્હીમાં દરબાર ભરી મહારાણી વિકટોરીઆને હિંદમાં એમ્પ્રેસ (કૈસરેહિંદ

---

* દેશી મેમ્બરો—મહારાજા જયાજીરાવ, સિંધીઆ, જેપુરના મહારાજા રામસિંગ અને રાજા સર દિનકરાવ હતા.

કે શહેનશાહ) જાહેર કર્યા આ પ્રસંગે ઘણા રાજારાણાઓ હાજર થયા હતા

૨ દુકાળ—દક્ષિણ હિંદમાં ૧૮૭૭ માં ભારે દુકાળ પડ્યો. બે વરસ લાગતાગટ વરસાદ નહિ આવવાથી ૫૦ લાખ મનુષ્ય મરી ગયા આ વખતે ગરીબ લોકોને અનાજ આપવા સરકારે ૧૦-૧૧ કરોડ રૂપીઆ ખર્ચ કરી લાખો જીવ બચાવ્યા આ ખર્ચની ખોટ પૂરી પાડવા લાઇસેન્સ ટેક્સ એટલે ધંધા રોજગાર ઉપર વેરો નાખ્યો

૩ અફઘાન બીજો વિગ્રહ.—૧૭૭૯—૧૮૮૧—શેરઅલી રૂશિઆ સાથે મદદની સલાહ કરતો હોય એવું જણાયાથી લીટને એક ઈંગ્રેજી અમલદાર મોકલ્યો તેનો અંગીકાર નહિ કરતા તેણે રૂશિઅન અમલદારને માન આપ્યું આથી લડાઈ થઈ તેમાં શેરઅલી નાશી ગયો અને તેના દીકરા યાકુબખાનને અમીર બનાવ્યો.

આ નવા અમીરે અંગ્રેજ સાથે ગંદામક મુકામે સલાહ કરી, પણ પાછળથી સર એલ. કાવગ્નારી નામના રેસીડેન્ટ અને તેના રક્ષકોને દુશ્મનોએ મારી નાખ્યા માટે અંગ્રેજ લશ્કરે કાબુલ ઉપર ચઢાઈ કરી કાબુલ ને કંદહાર કબજે કર્યા વળી યાકુબખાન [illegible] તેને કેદ કરી હિંદમાં પેન્શન આપી રાખ્યો.

લોર્ડ રિપન—ઇ સ ૧૮૮૦-૧૮૮૪—એના વખતમાં [illegible]ના અને અફઘાન વિગ્રહનો અંત જાણવા લાયક છે

અફઘાન વિગ્રહનો અંત—યાકુબખાનના નાનાભાઈ અયુબખાને રાજ્ય લેવા પ્રયત્ન કર્યો પણ જનરલ રોબર્ટસે કંદહાર જઈ મેદાન આગળ તેને હરાવ્યો અને હકદાર વારસ [illegible]

રહેમાનને અફગાનિસ્તાનનો અમીર બનાવ્યો તે ૧૯૦૨ મા મરણ પામ્યો તેનો છોકરો અબિબ--ઉલ્લા હાલ રાજ્ય કરે છે

સુધારા--૧) મ્યુનિસિપાલીટી એટલે સ્થાનિક સ્વરાજ (લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ) ની સ્થાપના કરી

(૨) હિંદમા આવતા માલ ઉપરની જકાત બંધ કરી.

(૩ ખાનગી નિશાળોને મદદ કરવાનો ધારો કર્યો આથી નિશાળોની સંખ્યામાં ઘણો વધારો થયો.

(૪) મીઠાના કરમાં ઘટાડો કર્યો

(૫) છાપખાનાની બંધીનો ધારો રદ કરી વર્તમાનપત્રોને છુટ આપી

(૬) દેશીઓના ઇન્સાફ જ્યુરીની મારફતે કરવાની પરવાનગી આપી

(૭) મુંબઇ સરકારનું મહુડા બીલ ગરીબ લોકોના સુખને માટે ન પાસ કર્યું

વિશેષ હકીકત--તેની રાજનીતિ ખટપટમા માથું ન મારતા દેશીઓની સ્થિતિ સુધારી વફાદારી મેળવી, અંગ્રેજી રાજ્ય મજબુત કરવાની હતી એણે મૈસુરનું રાજ્ય પાછું સોંપ્યું તેમજ એના વખતમાં નેશનલ કોન્ગ્રેસ સ્થપાઇ

લોર્ડ ડફરીન. ઇ સ ૧૮૮૪-૧૮૮૮--એના વખતમાં ત્રીજો બર્મી વિગ્રહ શરૂ થયો

૧ ત્રીજો બર્મી વિગ્રહ ૧૮૮૫--બ્રહ્મદેશનો રાજા થીબો પોતાના મુલકમાં જુલમ કરતો હતો. માટે લડાઇ શરૂ થઇ તેમાં થીબો રાજા હારી શરણે આવ્યો તેને વર્ષાસન આપી હિંદમાં

રાખ્યો અને ઉપલો બ્રહ્મદેશ ૧૮૮૬ મા ખાલસા કર્યો એટલે બ્રિટિશ રાજ્ય પૂર્ણ કળાએ પહોચ્યુ

૨ લેડી ડફરીન ફંડ—આ વાઇસરોયના પત્ની લેડી ડફરીનની મદદથી હિંદુ સ્ત્રીઓની સુખાકારી માટે ઈગ્લાડથી સ્ત્રી ડાકટરો બોલાવી તથા ઘણા પૈસા એકઠા કરી એક ફંડ ઉભુ કર્યુ તેને લેડી ડફરીન ફંડ કહે છે.

વિશેષ હકીકત—રાવળપિંડીમા દરબાર ભરી કાબુલના અમીર અબ્દુલ રહેમાનને દર વર્ષે ૧૨ લાખ રૂપીઆનુ સાલીયાણુ બાંધી આપ્યુ ૮થ મહારાણીને રાજ્ય કરતા ૫૦ વર્ષ થવાથી ૧૮૮૭ માં જ્યુબીલી મહોત્સવ ગામેગામ કર્યો

લોર્ડ લેન્સડાઉન ૧૮૮૮–૧૮૯૩–તેણે મણિપુરના રાજ્યમા ચાલતી ગરબડ તથા લુટફાટ બધ કરી તે મુલક જીતી લીધો. તેના વખતમા ૧૮૯૧ માં વસ્તીપત્રક કરવામા આવ્યુ તેમાં હિંદવાસી દાદાભાઈ નવરોજજી ઈગ્લાડની પાર્લામેન્ટમા મેબર નિમાયા વળી વાયવ્ય કાબુની પહાડી જાતો લુટ ચલાવી રૈયતને હેરાન કરતી હતી, માટે તેમને નરમ પાડી તથા રાહુવટ બીલ પાસ કરી સસાર માડવામાં સ્ત્રીની ઉમર ૧૨ વર્ષની ઠરાવી

લોર્ડ એલ્ગીન ૧૮૯૪–૧૮૯૯–એના વખતમાં દુષ્કાળ, શિતળા અને પ્લેગ વગેરે કુદરતી આફતો પડી આથી ઘણાં માણસ મરી જતાં, માટે સરકારે બળીઆ ટકાવવાનુ તથા તાવ માટે કિવનાઈન આપવાનુ શરૂ કર્યુ વળી સ્વચ્છ પાણી પુરૂ પાડી લોકોની તન્દુરસ્તી સુધારવા ઘણા પૈસા ખરચ્યા

મહારાણીને રાજ્ય કરતાં ૬૦ વર્ષ થવાથી ૧૮૯૭ માં ડાયમંડ જ્યુબીલી મહોત્વ કર્યો

લોર્ડ કર્ઝન—૧૮૯૯-૧૯૦૫—તેના બનાવ (૧) દુકાળ તથા પ્લેગ (૨) દરબાર. (૩) ટીબેટનો મામલો (૪) બંગાળાના ભંગ (૫) ટ્રાન્સવાલની લડાઇ (૬) વિશેષ હકીકત

૧ દુકાળ તથા પ્લેગ—એના વખતમાં હિંદમાં ૧૯૦૦માં ભારે દુકાળ (છપ્પનીઓ) પડયો તેથી ઘણાં માણસ મરવા લાગ્યા આ વખતે સરકારે બાંધકામ ઉઘાડી લોકોને કામ લગાડયા. વળી ૧૯ગથી પણ ઘણા માણસ મરવા લાગ્યા માટે તેના દરદીઓને દવા આપવા તથા તેમને નાબુદ કરવા ઘણા ડાક્ટરો અને તેની સારવાર કરવા બાઇઓ ઇંગ્લાંડથી બોલાવવામાં આવી

૨ દિલ્હી દરબાર—આ વખતે ૧૯૦૧ ના જાન્યુઆરીની ૨૩ મી તારીખે મહારાણી વિકટોરીઆનો સ્વર્ગવાસ થવાથી તેમના જ્યેષ્ટ પુત્ર સાતમા એડવર્ડ હિંદના શહેનશાહ થયા તેમનો ૯ ઑગસ્ટ ૧૯૦૨ ના રોજ ઇંગ્લાંડમાં રાજ્યાભિષેક થયો તેમજ ૧૯૦૩ તા ૧ લી જાન્યુઆરીએ દિલ્હીમાં દરબાર ભરી રાજ્યાભિષેકનું જાહેરનામું વાંચી સંભળાવ્યું આ ખુશાલી વખતે મીઠાના કરનો ઘટાડો કર્યો તથા પાંચસો રૂપીઆની આવક ઉપર જે કર લેવાતો હતો તે બદલી ૧૦૦૦ રૂ. ની આવક ઉપર રાખ્યો

૩ ટીબેટનો મામલો—ટીબેટના લોકોએ જુના કરાર ન પાળતાં અંગ્રેજી રૈયતને પીડવા તથા વેપારને નુકસાન કરવા માંડયું તેના બંદોબસ્ત માટે કમીશન મોકલ્યું છતાં એ લોકો સામે થયા આથી લડાઇ કરી તેમને વશ કર્યા

૪ બંગાળાના ભાગલા—આ વાઇસરોયે બંગાળી પ્રજામતથી વિરૂદ્ધ થઇ બંગાળામાંથી પૂર્વ બંગાળા અને આસામનો

નવો પ્રાંત જુદો પાડ્યો, તેથી બંગાળી પ્રજાની લાગણી દુખાઇ. આ ભાગ જ્યારે નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ હિંદમાં પધાર્યા ત્યારે દરબારની ખુશાલીમાં રદ કર્યો

૫ ટ્રાન્સવાલની લડાઇ—ત્યાંના બોર લોકોએ સ્વતંત્ર થવા અંગ્રેજ સામે ૧૮૯૯ થી ૧૯૦૨ સુધી લડાઈ ચલાવી, પણ તેમાં તેઓ હાર્યા અને તેમના ક્રોંજી નામના બહાદુર સરદારને રોબર્ટસે પકડી સેંટહેલીનામાં કેદ કર્યો

૬ વિશેષ હકીકત—૧૯૦૧ માં વસ્તીની ગણત્રી કરવામાં આવી કાબુલનો અમીર અબ્દુલ રહેમાન ૧૯૦૨ માં મરણ પામ-વાથી તેનો પુત્ર હબીબ-ઉલ્લાખાન ગાદીએ બેઠો વાઇસરોયની પાંચ વર્ષની મુદતને બદલે આ વાઇસરોયને ૨ વર્ષ વધારી આપ્યાં, કારણકે કેટલાંક રાજ્યકામ અધુરાં હતાં

લોર્ડ મીન્ટો--૧૯૦૫-૧૯૧૦—એમના વખતમાં શહેનશાહના પાટવી કુંવર પ્રિન્સ ઓફ વેલ્સ હિંદમા મુસાફરીએ પધાર્યા અને ચાર માસ સુધી ફરી ઘણું માન પામ્યા, તથા કાબુલના અમીર હબિબ-ઉલ્લાખાન પણ હિંદની મુસાફરીએ આવ્યા તે પણ ઘણું માન પામ્યા

સાતમા એડવર્ડ—જર્મનીના શહેનશાહ તેમના ભાણેજ અને રશિઆનાં રાણી તેમનાં ભાણેજી થાય એમણે ૯ વરસની કારકીર્દીમાં ઘણી ખ્યાતી મેળવી તેઓ શાણા, જોરાવર દયાળુ અને પરોપકારી હતા તેમને સઘળી પ્રજા બહુ ચાહતી હતી યુરોપમાં શાન્તિ જાળવવા તેમણે ઘણો પ્રયત્ન કર્યો છે તેથી તેમને સલાહ-શાન્તિ ફેલાવનાર એડવર્ડ કહે છે તેમનો સ્વર્ગવાસ ૧૯૧૦ થયો તે વખતે તેમની દફન ક્રિયામાં યુરોપના સાત રાજાએ

હાજરી આપી પોતાની લાગણી દર્શાવી હતી, તેમની પાછળ તેમના પુત્ર જ્યોર્જ પાચમાના નામથી ગાદીએ બેઠા તેમનુ ગજ્ય અચળ રહો

લોર્ડ હાર્ડિંજ—એ તા ૧૮ મી ડીસેમ્બર ૧૯૧૦ ના રોજ મુબઇને કિનારે ઉતર્યા, પહેલાં આવી ગએલા હાર્ડિંજ તેમના દાદા થાય એના વખતમાં ૧૯૧૨ માં ગુજરાતમાં દુકાળ પડયો

પાંચમા જ્યોર્જ—તે મહારાજા ૧૯૦૫ માં મહારાણી મેરી સાથે આપણા દેશમાં પધાર્યા હતા તેમના પિતાનો સ્વર્ગવાસ થવાથી ૧૯૧૧ ની ૨૨ મી જુને લડનમા વેસ્ટ મિન્સ્ટર એબીમાં તેમને રાજ્યાભિષેકની ક્રિયા કરવામાં આવી હતી

દિલ્હી દરબાર—દિલ્હીમાં ૧૯૧૧ ની ૧૨ મી ડિસેમ્બરે ભારે દબદબાથી દરબાર ભરવામાં આવ્યો તેમાં ઘણા રાજારજવાડાઓએ ભાગ લીવો હતો આ પ્રસગે જાહેરનામુ વાચી સભાપતિ શહેનશાહે પોતાના પિતાના પગલે ચાલવાનુ વચન આપ્યું હતું તથા બ ગાળાના ભાગ રદ કરી કેળવણી ખાતામાં રૂ ૫૦ લ ખની ગ્રાટ આપી અને રાજધાની કલકત્તા ફેરવી દિલ્હી ગખવાનુ ઠગવ્યું કેમકે કલકત્તા એક બાજુએ હોવાથી જે અગવડો પડતી તે દિલ્હી મધ્યમાં હોવાથી દુર થશે તથા સીમલા પાસે હોવાથી ખર્ચ નો બચાવ થશે આજ સુધી રાજ્યાભિષેકની ક્રિયા શહેનશાહના પ્રતિનિધિ તરફથી થતી હતી પરતુ આ પ્રસગે પરમેશ્વરના અનુ જ્યોર્જ મહારાજા હિદના તખ્ત ઉપર બિરાજવા પધાર્યા હતા, અને હિદના ચક્રવર્તી મહારાજા થયા

ઇ સ ૧૯૧૪ ના જુલાઈ–ઓગષ્ટમા યુરોપમા મોટા ... શરૂઆત થઇ તેનુ કારણ ઓસ્ટ્રિઆના પાટવી કુવરનુ ...

આર્ચ ડ્યુકના ખુનમા સર્વિઆ ઉપર તોહમત મુક્યુ અને તેની સાથે લડાઇ શરૂ કરી જર્મની ઓસ્ટ્રિઆનુ મિત્ર હોવાથી તેણે બેલ્જીયમને રસ્તે ફ્રેન્સ ઉપર ચઢાઈ કરી આ વખતે ઇંગ્લાંડ ને રૂશીઆ ન્યાયની ખાતર ફ્રાન્સ ને સર્વિઆની મદદે ગયા પાછળથી તુર્કસ્તાન અને બલ્ગેરીયા જર્મની સાથ તથા ઇટાલી, પોર્ટુગાલ ને યુનાઇટેડ સ્ટેટ્સ મિત્ર રાજ્યો તરફ જોડાયા તેથી એક તરફ ફ્રાન્સ, રશીઆ, ઇંગ્લાંડ ઇટાલી રૂમાનીઆ ને અમેરીકા થયા, અને બીજી તરફ જર્મની ઓસ્ટ્રિઆ તુર્કસ્તાન અને બલ્ગેરીઆ થયા તેમા આપ[illegible]થી પાછળથી રશીઆમા બળવા વગેરે થવાથી ગયુ અને ત્યા બોલ્શેવીક પક્ષ ઉભો થયો હવે આ લડાઇમા આપણા મહારાજાએ આબરૂ, ફરજ અને કોલકરાર પાળી નાના રાજ્યોની સ્વતંત્રતાની રક્ષા કરવા ભાગ લીધો હતો તે વ્યાજબી છે આ યુદ્ધમા હિંદે બ્રિટિશ શહેનશાહતને વફાદાર રહી લશ્કર અને પૈસાની સહાય કરી છે, આપણા પક્ષમા સત્ય, ન્યાય ને નીતિ હોવાથી આપણો જય થયો છે, પ્રભુ શહેનશાહનુ રક્ષણ કરો અને બ્રિટિશ રાજ્ય અમર રહો

લોર્ડ ચેમ્સફર્ડ—ઇ સ ૧૯૧૬–૧૯૨૧—તેમના વખતમા મુખ્ય બનાવ (૧) યુરોપની મહાભારત લડાઇ (૨) રોલેટ એક્ટ (૩) ત્રીજો અફઘાન વિગ્રહ (વિગ્રહો જુઓ,) (૪) હીંદી રાજકીય સુધારા અને પરચુરણ હકીકત.

૧ લડાઇ—તેની ઘણીખરી હકીકત ઉપર આવી ગઈ છે. છેવટ આપણને જય મળવાથી ફ્રાન્સમા વર્સેલ્સ મુકામે સલાહ થઇ છે તેમા તુર્કસ્તાનના ભાગ પાડવામા આવ્યા છે અને મેસોપોટેમીઆ, સીરીઆ તથા પેલસ્ટાઇન મિત્ર રાજ્યોના રક્ષણ ખર્ચે મુક-

વામાં આવ્યાં છે તથા બીજા કેટલાટ ફેરફારો કરવામાં આવ્યા છે. અને જર્મની વગેરેના સંસ્થાન લઇ લેવામાં આવ્યાં છે

૨ રોલેટ એક્ટ—નામે નવો કાયદો ખાસ કરવામાં આવ્યા છે વળી પંજાબ, વીરમગામ અને અમદાવાદ વગેરે ઠેકાણે તોફાનો થવાથી માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો તેમાં કેટલાક માણસો માર્યા ગયા તેની તપાસ કરવા સરકારે હંટર કમીશન નીમ્યું હતું

૩ હિન્દની રાજકીય સુધારો—હિદને પગથીએ પગથીએ સ્વરાજ્ય આપવાના ઇરાદાથી હિંદી પ્રધાન મી૦ મોન્ટેગ્યુ અને લોર્ડ ચેમ્સફર્ડની યોજનાવાળા નવા સુધારા આપવામાં આવ્યા છે. આમ હિંદના સુધરેલા રાજ્ય બંધારણ પ્રમાણે પાર્લામેન્ટ જેવી મહાન મોટી સંસ્થાઓ સ્થાપવામાં આવી છે, અને ધારા સભાઓ મોટી બનાવી તેમાં રૈયતના સભાસદ વધુ પ્રમાણમાં દાખલ કરવામાં આવ્યા છે આથી શરૂઆતમાં લગભગ ૫૦ લાખ લોકોને મત આપવાનો હક મળશે આ ધારા સભા ૧ લી જાન્યુઆરીથી સને ૧૯૨૧ થી અમલમાં આવશે અને તે ધારાસભા નામદાર શહેનશાહના કાકા ડ્યુક ઓફ કોનોટે હિંદમાં પધારી ખુલ્લી મુકી હતી

૪ પરચુરણ હકીકત—સને ૧૯૧૯ માં હિંદને રાજદ્વારી હક્કો આપવાની શરૂઆત કરી અને કલકત્તા નિવાસી સર સિંહાને લૉર્ડની પદવી આપી. હિંદના નાયબ દિવાન નીમ્યા વળી બિકાનેરના મહારાજા તથા લોર્ડ સિંહાને સુલેહ પરિષદમાં ભાગ લેવા હિંદ તરફથી ફ્રાન્સ મોકલવામાં આવ્યા તથા લૉર્ડ સિંહાને સને ૧૯૨૦ માં બહાર પ્રાન્તના ~~લેફટેનન્ટ~~ ગવર્નર નીમ્યા આવો મોટો હોદ્દો દેશીને પહેલવહેલો આ વખતેજ મળ્યો તથા ખીલાફત અને અમૃતસરના જલીઆનવાળા બાગના બનાવથી અસંતોષ થઇ સને

૧૯૨૦ મા કલકત્તાની ખાસ કોંગ્રેસે તેમજ નાગપુરની કોંગ્રેસે અસહકાર કરવાનો ઠરાવ કર્યો

લડાઇની અસરથી ઘણી મોઘવારીથી સરકારી ખાતાના બધા નોકરોના પગાર વધારવામા આવ્યા છે

લૉર્ડ રીડીંગ—આ વોઇસરોય સને ૧૯૨૧ ના માર્ચ માસમા હિંદમા આવ્યા તેઓ ઇંગ્લાંડમા ન્યાયાધીશનુ કામ કરતા હતા તેમણે હિંદમા આવીને રૈયતને ન્યાય આપવાનુ જાહેર કર્યું છે

તેમના વખતમા અસહકારની ચળવળથી કેટલીક જગાએ રાષ્ટ્રિય શાળાઓ તેમજ લવાદ કોર્ટો સ્થપાઇ વળી મલબાર કાંઠે આપના જાતિની મુસલમાન કોમનુ તોફાન થયુ તેમજ ના શહેનશાહના વડા પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સ નવેમ્બર માસમાં હિંદમા પધારશે એવુ નક્કી થયુ તથા કચ્છના રાવ અને ના૦ શાસ્ત્રીને લીગ ઓફ નેશન્સમાં ભાગ લેવા હિંદ તરફથી મોકલવામા આવ્યા.

પહેલાનો સમય અને હાલનો સમય—પહેલા મુસલમાનોના વખતમા ઠંડા પ્રદેશમાથી જે યોદ્ધાઓ આવતા તે હિંદમાં ઝાઝો વખત રહેવાથી તેમનુ બળ ઘટી જતુ હતુ હવે અંગ્રેજ યોદ્ધાઓનુ બળ ઘટી જવાનો સભવ નથી, કારણ કે તે થોડો વખત રહી પાછા ઇંગ્લાંડ જાય છે અને ત્યાંથી નવા યોદ્ધાઓ આવે છે, આથી દેશનુ સારૂ રક્ષણ થાય છે તથા લાંબા વખત સુધી બધે સલાશાંતિ રહેશે

પહેલા હિંદમાં ઘણી કોમો અને પ્રજાઓ હતી તે દરેકનો રાજા જુદો હતો અને એક બીજા સાથે લડી મરતા હતા હવે તે

બધુ બધ પડી એક બીજાના મિત્ર બન્યા છે હાલમાં શુરવીર ગુરખા ઝનુની શીખ, જબરા પઠાણ, છાતીવાળા મરાઠા અને હિંદુ તથા મુસલમાન બધા અંગ્રેજ યોદ્ધાઓની સાથે પોતાના દેશને માટે જોડાયા છે અને ઇતિહાસમાં હિંદ પહેલીજ વખત એકત્ર બન્યુ છે

---

૧૭ પરચુરણ હકીકત.

હિંદના રાજકર્તાઓની વંશાવળી

ગુલામવંશ ૧૨૦૬-૧૨૯૦—૮૪ વર્ષ

નામ	સાલ	નામ.	સાલ.
કુતબુદીન	૧૨૦૬-૧૨૧૦	મેઝુદીન	૧૨૩૯-૧૨૪૧
આરામ	૧૨૧૦-૧૨૧૧	અલાઉદીન	૧૨૪૧-૧૨૪૬
અલ્તમશ	૧૨૧૧-૧૨૩૬	નાશરૂદીન	૧૨૪૬-૧૨૬૫
રૂકનુદીન	૧૨૩૬-૧૨૩૬	ગ્યાસુદીન	૧૨૬૫-૧૨૮૭
રઝીયાબેગમ	૧૨૩૬-૧૨૩૯	કૈકુબાદ	૧૨૮૭-૧૨૯૦

ખીલજીવંશ ૧૨૯૦-૧૩૨૦—૩૦ વર્ષ.

જલાલુદીન	૧૨૯૦-૧૨૯૫	મુબારક	૧૩૧૬-૧૩૨૦
અલાઉદ્દીન	૧૨૯૫-૧૩૧૫	ખુશરૂ	૧૩૨૦-૧૩૨૦
ઉમર	૧૩૧૫-૧૩૧૬		

તઘલખવંશ ૧૩૨૦-૧૪૧૪—૯૪ વર્ષ.

ગ્યાસુદીન	૧૩૨૦-૧૩૨૫	અબુબકર	૧૩૮૯-૧૩૮૯
મહમદ તઘલખ	૧૩૨૫-૧૩૫૧	નાસરૂદીન	૧૩૯૦-૧૩૯૪

ફિરોજશાહ	૧૩૫૧–૧૩૮૮	મહમદ બીજો	૧૩૯૪–૧૪૧૨
ગ્યાસુદ્દીન બીજો	૧૩૮૮–૧૩૮૯	દોલતખાન	૧૪૧૨–૧૪૧૪

સૈયદ વંશ ૧૪૧૪–૧૪૫૦—૩૬ વર્ષ

ખીજરખાન	૧૪૧૪–૧૪૨૧	મહમદ	૧૪૩૩–૧૪૪૩
મુબારક	૧૪૨૧–૧૪૩૩	અલાઉદ્દીન	૧૪૪૩–૧૪૫૦

લોદીવંશ ૧૪૫૦–૧૫૨૬—૭૬ વર્ષ

બહિલોલખાન	૧૪૫૦–૧૪૮૮	ઇબ્રાહીમ	૧૫૧૭–૧૫૨૬
સીકંદર	૧૪૮૮–૧૫૧૭		

મોગલ વંશ. ૧૫૨૬–૧૮૫૭—૩૩૧ વર્ષ

બાબર	૧૫૨૬–૧૫૩૦	જહાંદારશાહ	૧૭૧૨–૧૭૧૩
હુમાયુ	૧૫૩૦–૧૫૫૬	ફરૂખશીઅર	૧૭૧૩–૧૭૧૯
અકબર	૧૫૫૬–૧૬૦૫	મહમદશાહ	૧૭૧૯–૧૭૪૮
જહાંગીર	૧૬૦૫–૧૬૨૭	અહમદશાહ	૧૭૪૮–૧૭૫૪
શાહજહાન	૧૬૨૮–૧૬૫૮	આલમગીર બીજો	૧૭૫૪–૧૭૫૯
ઔરંગઝેબ	૧૬૫૮–૧૭૦૭	શાહઆલમ	૧૭૫૯–૧૮૦૬
(આલમગીર ૧ લો)		અકબર બીજો	૧૮૦૬–૧૮૩૭
બહાદુરશાહ	૧૭૦૭–૧૭૧૨	મહમદ બહાદુરશાહ	૧૮૩૭–૧૮૫૭

સુર વંશ ૧૫૪૦–૧૫૫૫—૧૫ વર્ષ

શેરશાહ	૧૫૪૦–૧૫૪૫	ફિરોજશાહ	૧૫૫૩–૧૫૫૩
સલીમશાહ	૧૫૪૫–૧૫૫૩	આદિલશાહ	૧૫૫૩–૧૫૫૫

મરેઠા વંશ ૧૬૬૪–૧૮૪૮—૧૮૪ વર્ષ

શિવાજી	૧૬૬ –૧૬૮૦	રામરાજા	૧૭૪૮–૧૭૭૭
સંભાજી	૧૬૮૦–૧૬૮૯	શાહુ બીજો	૧૭૭૭–૧૮૧૮

રાજારામ	૧૬૮૯–૧૭૦૦	બાલાસાહેબ	૧૮૧૮–૧૮૩૭
શીવાજી બીજો	૧૭૦૦–૧૭૦૮	(પ્રતાપસિંહ)	
શાહુ	૧૭૦૮–૧૭૪૮	આપા સાહેબ	૧૮૩૭–૧૮૪૮
		(શાહજી)	

પેશ્વા વંશ ૧૭૧૪–૧૮૧૮––૧૦૪ વર્ષ

બાલાજી વિ	૧૭૧૪–૧૭ ૦	નારણરાવ	૧૭૭૨–૧૭૭૩
બાજીરાવ ૧ લો	૧૭૨૦–૧૭૪૦	સવાઈ માધવરાવ	૧૭૭૩ ૧ ૯૫
બાલાજી બાજીરાવ	૧૭૪૦ ૧૭૬૧	બાજીરાવ બીજો	૧૭૯૫–૧૮૧૮
માધવરાવ	૧૭૬૧–૧૭૭૨		

ગવર્નર

ક્લાઈવ	૧૭૫૮–૧૭૬૦	હેરી વેરેલ્સ્ટ	૧૭૬ –૧૭૬૯
વાન્સીટાર્ટ	૭૬૦–૧૭૬૪	જાન કાર્ટીયર	૧૭ ૯–૧૭૭૨
કનાઇલ મીજવર	૧૭૬૪–૧૭૬૭	વૉર્ન હેસ્ટિંગ્સ	૧૭૭૨–૧૭૭૪

ગવર્નર જનરલ.

વૉર્ન હેસ્ટિંગ્સ	૧૭૭૪–૧૭૮૫	લૉર્ડ આમ્હર્સ્ટ	૧૮૨૩–૧૮૨૮
લૉર્ડ કોર્નવાલિસ	૧૭૮૬–૧૭૯૧	,, વિલિયમ	૧૮૨૮–૧૮૩૫
સર જાન શોર	૧૭૯૩–૧૭૯૮	બેન્ટિક	
માર્કિવસ વેલેસ્લી	૧૭૯૮–૧૮૦૫	,, ઑકલૅંડ	૧૮૩૬–૧૮૪૨
લોર્ડ કાર્નવાલીસ	૧૮૦૫–૧૮૦૫	, એલનબરો	૧૮૪૨–૧૮૪૪
બીજીવાર		લોર્ડ હાર્ડિંજ	૧૮૪૪–૧૮૪૮
સરજ્યોર્જ બાર્લો	૧૮૦૫–૧૮૦૭	,, ડલહાઉસી	૧૮૪૮–૧૮૫૬
લૉર્ડ મિન્ટો	૧૮૦૭–૧૮૧૩	લોર્ડ કેનિંગ	૧૭૫૬–૧૮૫૮
,, હેસ્ટિંગ્સ	૧૮૧૩–૧૮૨૩		

વાયસરૅાય

લૅાર્ડ કેનિંગ	૧૮૫૮–૧૮૬૨	લૅાર્ડ ડફરીન	૧૮૮૪–૧૮૮૮
,, એલ્જીન	૧૮૬૨–૧૮૬૩	,, લેન્સડાઉન	૧૮૮૮–૧૮૯૩
સર જાન લારેન્સ	૧૮૬૪–૧૮૬૯	,, એલ્જીન	૧૮૯ –૧૮૯૮
લૅાર્ડ મેયૅા	૧૮૬૯–૧૮૭૨	,, કર્ઝન	૧૮૯૮–૧૯૦૫
,, નાર્થબ્રુક	૧૮૭૨–૧૮૭૬	,, મિન્ટૅા	૧૯૦૫–૧૯૧૦
,, લીટન	૧૮૭૬–૧૮૮૦	,, હાર્ડિંજ	૧૯૧૦–૧૯૧૫
,, રીપન	૧૮૮૦–૧૮૮૪	,, ચેમ્સફર્ડ	૧૯૧૬–૧૯૨૧
		,, રીડીંગ	૧૯૨૧ થી

પ્રખ્યાત લડાઇઓ.

સ્થળ	સાલ	પરિણામ
પાણીપત ઇ સ પૂ.	૫૦૦૦	પાંડવોએ કૌરવોને હરાવ્યા
ઝેલમ ઇ. સ પૂ	૩૨૭	સિકંદરે પૌરસને હરાવ્યો
સોમનાથ ઇ. સ	૧૦૨૪	મહમદગીજનીએ ભીમદેવને હરાવ્યો
થાનેશ્વર	૧૧૯૧	પૃથુરાજે શાહબુદ્દીનને હરાવ્યો
પાણીપત (૨)	૧૧૯૩	શાહબુદીને પૃથુરાજને હરાવ્યો
પાણીપત (૩)	૧૫૨૬	બાબરે ઇબ્રાહીમ લોદીને હરાવ્યો.
ફતેહપુર સીક્રી	૧૫૨૭	બાબરે સંગરાણાને હરાવ્યો
બકસર	૧૫૩૯	શેરશાહે હુમાયુને હરાવ્યો
કનોજ	૧૫૪૦	,, ,,
પાણીપત (૪)	૧૫૫૬	બહેરામે હેમુને હરાવ્યો
તાલીકોટ	૧૫૬૫	બ્રાહ્મણી રાજ્યોએ વિજયનગરના રાજાને હરાવ્યો
કાશી	૧૬૫૭	દારાએ સુજાને હરાવ્યો
આગ્રા	૧૬૫૭	ઔરંગઝેબે દારાને હરાવ્યો
ઉજ્જન	૧૬૫૭	મુરાદ તથા ઔરંગજેબે જસવંતસિંહ તથા દારાને હરાવ્યા
શાહપુર	૧૭૨૦	નિઝામે સૈયદ અબદલ્લીને હરાવ્યો
કર્નાલ	૧૭૩૮	નાદિરશાહે મોગલોને હરાવ્યા.
અમ્બુર (૧)	૧૭૪૧	મરેઠાએ કરર્ણાટકના નવાબ દોસ્તઅલ્લીને હરાવ્યો.
મદ્રાસ	૧૭૪૬	ફ્રેન્ચોએ કર્ણાટકના નવાબને હરાવ્યો.

સરહિંદ	૧૭૪૬ મોગલોએ અહમદ દુરાનીને હરાવ્યો.
ત્રિચીનાપલ્લી	૧૭૬૦ નાસિરજંગે મુઝફરજંગને હરાવ્યો.
આંબુર (૨)	૧૭૫૦ ડુપ્લેએ અનવરૂદ્દીનને હરાવ્યો
આર્કાટ	૧૭૫૧ ક્લાઇવે રાજાસાહેબને હરાવ્યો
બાહુર	૧૭૫૨ મેજર લોરેન્સે ફ્રેન્ચોને હરાવ્યા.
પ્લાસી	૧૭૫૭ ક્લાઇવે સિરાજુદ્દૌલાને હરાવ્યો
ચીન્સુરા	૧૭૫૯ કર્નલ ફોર્ડે વલંદાને હરાવ્યા
વાંડિવાશ	૧૭૬૦ સર આયર કૂટે લાલી તથા બુસીને હરાવ્યા
પાણીપત (૫)	૧૭૬૧ અહમદદુરાનીએ મરેઠાને હરાવ્યા
પટણા (૧)	૧૭૬૧ મેજર કર્નાકે શાહઆલમને હરાવ્યો
ઘેરીઆ	૧૭૬૩ મેજર એડમ્સે મીરકાસમને હરાવ્યો.
પટણા (૨)	૧૭૬૪ મેજર કર્નાકે મીર કાસમ, સુજાઉદ્દૌલ ને શાહઆલમને હરાવ્યા
બક્સર	૧૭૬૪ મેજર મનરોએ ઉપરના ત્રણ ગજાને હરાવ્યા
ચંગામ	૧૭૬૭ કર્નલ સ્મિથે હૈદરને હરાવ્યો
ત્રિનોમાલી	૧૭૬૭ ,, ,,
આંબુર (૩)	૧૭ ૭ ,, ,,
ચેરકુલી	૧૭૭૨ માધવરાવ પેશ્વાએ હૈદરને હરાવ્યો.
પોલીલોર (૧)	૧૭૮૦ હૈદરે કર્નલ બેલીને હરાવ્યો
ચીલામબ્રામ	૧૭૮૦ હૈદરે બ્રેથવેટને હરાવ્યો
પોર્ટોનોવો	૧૭૮૧ સર આયર કુટે હૈદરને હરાવ્યો
પોલીલોર (૨)	૧૭૮૧ સર આયર કુટે હૈદરને હરાવ્યો

શોલિંગર	૧૭૮૨	" "
આર્ની	૧૭૮૨	" "
શીમોગા	૧૭૯૧	લૉર્ડ કૉર્નવાલિસે ટીપુને હરાવ્યો
આરીકેરા	૧૭૯૧	" "
કુર્દલા (ખર્ડા)	૧૭૯૫	મરેઠાએ નિજામને હરાવ્યા
માલવેલી	૧૭૯૯	જનરલ હેરિસે ટીપુને હરાવ્યો
સદાશીવ	૧૭૯૯	જનરલ સ્ટુઅર્ટે "
શ્રીરંગપટ્ટણ	૧૭૯૯	જનરલ હેરિસે "
પુના	૧૮૦૨	જસવંતરાવ હોલકરે પેશ્વા તથા સિંધીઆને હરાવ્યા
અસાઈ	૧૮૦૩	કર્નલ વેલેસ્લીએ સિંધીઆ તથા ભોંસલાને હરાવ્યા
આરગાંવ	૧૮૦૩	" "
લાસવારી	૧૮૦૩	જનરલ લેકે સિંધીઆને હરાવ્યો
ડીગ	૧૮૦૪	મોન્સને હોલકરને હરાવ્યો
ભરતપુરનો ઘેરો (૧)	૧૮૦૫	લૉર્ડ લેકે શહેર ઘેર્યું પણ જીતાયું નહિ
મલુન	૧૮૧૫	જનરલ આક્ટરલોની એ ગુરખાને હ૦
મકવાનપુર	૧૮૧૬	" "
હરિહરપુર	૧૮૧૬	" "
ખડકી	૧૮૧૭	કર્નલ બરે બાજીરાવને હરાવ્યો.
કોરેગામ	૧૮૧૭	કપ્તાન સ્ટાન્ટને બાજીરાવને હરાવ્યો.
સીતાબલ્દી	૧૮૧૭	મિ. જેન્કીન્સને આપાસાહેબને હ૦
માહિદપુર	૧૮૧૭	સર જોન માલ્કમે હોલકરના લશ્કરને હ૦
આષ્ટી	૧૮૧૮	જનરલ સ્મિથે બાજીરાવના સરદાર બાપુ ગોખલેને હરાવ્યો.

રંગુન	૧૮૨૪	સર એ કેમ્પબેલે બ્રહ્મીઓને હ૦
પ્રોમ	૧૮૨૫	,, ,,
પગામ	૧૮૨૬	,, ,,
ભરતપુરનો ઘેરો (૨)	૧૮૨૬	લોર્ડ કોમ્બરમીઅરે ગઢ જીત્યો
પરવાન	૧૮૪૦	રોબર્ટ સેલે દોસ્તમહમદને હરાવ્યો.
મિયાની	૧૮૪૩	સર ચાર્લ્સ નેપીઅરે સિંધના અમીરોને હરાવ્યા
હૈદ્રાબાદ	૧૮૪૩	,, ,,
મહારાજપુર	૧૮૪૩	સર હ્યુ ગોફે સિંધીઆને રાળ્યો
પનીઆર	૧૮૪૩	,, ,
મુડકી	૧૮૪૫	ગોફ તથા હાર્ડિંજે શીખ લોકોને હ૦
ફિરોજપુર ફિરોજ શહેર	૧૮૪૫	,, ,,
અલિવાલ	૧૮૪૬	સર એચ સ્મિથે ,,
સોબ્રાઅન	૧૮૪૬	ગોફે ,
કીનેરી	૧૮૪૮	એડવર્ડે બાના મૂળરાજને હરાવ્યો.
રામનગર	૧૮૪૮	, ,,
ચીલીયનવાલા	૧૮૪૯	ગોફે શીખ લોકોને હરાવ્યા તો મરા પણ અંગ્રેજના ઘણા માણસ મર્યા ગયા
ગુજરાત	૧૮૪૯	ગોફે શીખ લોકોને સખત હરાવ્યા
રંગુન	૧૮૫૨	જનરલ ગોડવીએ સર કીધું
પેગુ	૧૮૫૨	, ,
મેવ	૧૮૮૦	જનરલ રોબર્ટે અયુબખાનને અફગાનીસ્તાનમાં હરાવ્યો

વિગ્રહો.

કર્ણાટિક (આર્કાટ) નો પહેલો વિગ્રહ ૧૭૪૪-૧૭૪૮—ક્લાઇવ અને ડુપ્લે વચ્ચે કારણ—(૧) ૧૭૪૪ મા ઇંગ્લાંડમા અંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે લડાઈ જાગી તેની અસર હિંદમાં દાખલ થઇ (૨) અંગ્રેજને વેપારમા ઘણો નફો મળતો જોઇને ડુપ્લે તેમને હિંદ આથી કાઢી મુકવા માગતો હતો (૩) દક્ષિણ હિંદમા ડુપ્લેને રાજ્ય કરવાની ઇચ્છા હતી આથી લડાઇ સળગી તેમા ફ્રેન્ચ સરદાર ડુપ્લે તથા લાબોર્ડોન્સે અંગ્રેજ સરદાર ક્લાઇવ પાસેથી મદ્રાસ જીતી લઇ લીધુ, પરંતુ ૧૭૪૮ મા એલાશાપેલની સલાહ થવાથી મદ્રાસ પાછુ મળ્યુ.

કર્ણાટિક બીજો વિગ્રહ ૧૭૫૬-૧૭૬૩—અંગ્રેજને ફ્રેંચ વચ્ચે કારણ—યુરોપમાં કેટલીક પ્રજા વચ્ચે સાત વર્ષની લડાઈ ચાલી તેમાં અંગ્રેજો ફ્રેન્ચેની સામા ઉતર્યા ફ્રેન્ચ સરદાર લાલીએ અંગ્રેજોને હાંકી કાઢવા ડેવિડ કિલ્લાનો નાશ કરી મદ્રાસને ઘેરો ઘાલ્યો માટે અંગ્રેજ સરદાર કુટ તથા ફોર્ડે તેમને વાંડિવોસ આગળ હરાવ્યા અને પાંડિચેરી લઇ લીધુ, પણ પાછળથી પાછુ આપ્યુ.

બંગાળી પહેલો વિગ્રહ—૧૭૫૭-ક્લાઇવ અને સિરાજુદ્દૌલા વચ્ચે કારણ—(૧) અંગ્રેજોએ નવાબની પરવાનગી વગર ફોર્ટ વિલિયમનો કિલ્લો સમરાવ્યો (૨) નવાબના ભત્રીજાના દિવાનનો પુત્ર કિસનદાસ અંગ્રેજને શરણે ગયો હતો તે અંગ્રેજે પાછો આપ્યો નહિ આથી નવાબ થઈ તેમ અંગ્રેજ સરદાર ક્લાઇવે સિરાજુદ્દૌલા ને પ્લાસી આગળ ૧૭૫૭ મા હરાવી મીરજાફરને ગાદી આપી

બંગાળી બીજો વિગ્રહ ૧૭૬૦-૧૭૬૪—અંગ્રેજો ને મીર

સમ ન ચે ક ણુ- ચન્દુ રેહમારી માલનું દણુ સેંકડે ૯ ટકા કરી તેમાં કર્નલના તોફાને ગડબડ કરી પોતે પૈસા કમાવા લાગ્યા. આથી મીરકાસમની ઉપજને હાનો પહોંચ્યો, ત્યારે તેણે નાકા ઉઠાડી મુક્યા એટલે લડાઇ થઇ તેમાં અંગ્રેજ સરદાર એડમ્સ મેજર નરો અને મેજર ક્નાકે ગર્ગ કાસમ, શાહઆલમ તથા સુજાઉદૌલાને પટણા પહેલી, ઘેરીઆ, પટણા બીજી અને બક્સર આગળ હરાવ્યા

મ્હેસુર પહેલો વિગ્રહ ૧૭૬૭-૧૭૬૯—અંગ્રેજને હૈદર વચ્ચે કારણ--(૧) અંગ્રેજના ક્ષણુ ા નચેના કર્ણાટકના નવાબના કેટલાક કિલ્લા તેણે જીતી લીધા (૨) અંગ્રેજના મળતીઆ નિઝામના મુલક ઉપર ચઢાઇ કરી, આથી લડાઇ થઇ તેમા અંગ્રેજ સરદાર કર્નલ સ્મિથ ચંગામ ત્રિનોમાલી ને અસુર આગળ હૈદરને હરાવ્યા, છેવટે ૧૭૬૯ મા મદ્રાસ આગળ સલાહ થઇ

મ્હૈસુર બીજો વિગ્રહ—૧૭૮૦-૧૭૮૪ વોર્ન હેસ્ટિંગ્સ અને હૈદર વચ્ચે કારણ—હૈદરે નિઝામ તથા મરાઠાના મદદ લઇ કર્ણાટકનો ઘણોખરો મુલક ઉજ્જડ કર્યો અને કેટલાક ગામ બાળી મુક્યા તથા પાકનો નાશ કર્યો માટે લડાઇ થઈ તેમા હૈદરે પોલીપોર આગળ કર્નલ બેલી તથા બ્રેથવટને હરાવ્યા પણ સર આયર કુટે ૧૭૮૧ મા પોર્ટોનોવો, પોલીલોર બીજી સોલીંગર અને ૧૭૮૨ મા ત્રાર્ની આગળ હૈદરના લશ્કરને હરાવ્યુ એટલામા તેનુ મરણ થવાથી તેના છોકરા ટીપુએ ૧૭૮૪ મા મેંગલોર આગળ સલાહ કરી

મ્હૈસુર ત્રીજો વિગ્રહ--૧૭૯૦-૧૭૯૨ કોર્નવાલિસ અને ટીપુ વચ્ચે કારણ--ટીપુએ અંગ્રેજના મિત્ર ત્રાવણકોરના રાજા

ઉપર ચઢાઇ કરી માટે કોર્નવાલીસે નિઝામ તથા મરાઠાને લઇ શ્રી રંગપટ્ટણ આગળ તેને હરાવ્યો આથી ટીપુએ ૧૭૯૨ મા શ્રીરંગપટ્ટણની સલાહ કરી

મ્હૈસુર ચોથો વિગ્રહ—૧૭૯૯ વેલેસ્લી અને ટીપુ વચ્ચે કારણ—(૧) ટીપુએ સહાયકારી લશ્કર રાખવાની ના પાડી અને ફ્રેન્ચો સાથે ખટપટ કરી (૨) અંગ્રેજોને હિન્દમાથી કાઢી મુકવા નેપોલીઅનની મદદ માગી, આથી લડાઇ થઇ તેમા અંગ્રેજ સરદાર હેરિસ, કર્નલ વેલેસ્લી અને બેયર્ડે ટીપુને ૧૭૯૯ મા મલાવેલી, માલવેલી ને શ્રીરંગપટ્ટણ આગળ હરાવ્યો છેલ્લી લડાઇમા ટીપુ મરાયો

મરેઠા ૧ લો વિગ્રહ—૧૭૭૫–૧૭૮૨—હેસ્ટિંગ્સ અને સવાઇ માધવરાવ વચ્ચે કારણ—અંગ્રેજોએ રાઘોબાનો પક્ષ પકડયો તેથી માધવરાવે સામા થઇ અંગ્રેજ સરદાર ફીડીંગને હરાવ્યો, તથા વારગામ આગળ મનગમતી શરતો કબુલ કરાવી એવામા કેપ્ટન પોપહાસે આવી ગ્વાલીઅર લીધુ અને સાલબાઇ મકામે સલાહ કરી

મરેઠા બીજો વિગ્રહ ૧૮૦૩–૧૮૦૪—વેલેસ્લી અને સિંધીઆ તથા ભોસલે વચ્ચે કારણ—બાજીરાવે ૧૮૦૨ મા વસાઇ મુકામે સલાહ કરી અને મરેઠા સાથે સબંધ નહિ રાખવા તથા સહાયકારી લશ્કર રાખવા કબુલ કર્યું આથી સિંધીઆ તથા ભોસલા નારાજ થયા (૨) સિન્ધીઆ અને ભોસલાએ સહાયકારી લશ્કર રાખવાની ના પાડી અને અંગ્રેજ સાથે લડવા તૈયારી કરી હોલકરની મદદ માગી આથી આર્થર વેલેસ્લી અને કર્નલ સ્ટીવન્સને સિંધીઆ તથા ભોસલાને ૧૮૦૩ માં અસાઇ ને આરગામ

આગગ્ર તથા જનરલ લેક લાસવારી આગળ હરાવ્યા એટલે સિધીઆએ અર્જેગામ અને ભેસલાએ દેવગામ આગળ સલાહ કરી.

મરાઠા ત્રિજો વિગ્રહ—૧૮૦૪ વેલેસ્લી ને હોલ્કર વચ્ચે કારણ—યશવંતરાવ હોલ્કરને વેલેસ્લીએ ના કહ્યા છતાં તેણે રજપુતોને પજવી લુટ ચલાવી તથા ચોથ ઉઘરાવવા માંડી. આથી કર્નલ મોન્સન તેની સામે ગયો પણ હોલ્કરનું જોર વધારે હોવાથી તે મહામુશીબતે પાછો આગ્રે ગયો. એવામાં જનરલ લેકે આવી ૧૮૦૪ માં ડીગ આગળ તેને હરાવી તે કિલ્લો જીતી લીધો

મરાઠા ચોથો વિગ્રહ—૧૮૧૭-૧૮૧૮ લોર્ડ હેસ્ટિંગ્સ ને બાજીરાવ વચ્ચે કારણ—(૧) બાજીરાવ વસાઇની સલાહથી અકળાઇ જઇ અંગ્રેજની તાબેદારી તળેથી નીકળી જવા સિંધીઆ ને ભોસલા સાથે મસલત કરતો હતો (૨) ગાયકવાડે મહેસુલ સબંધી ટંટાનો નિકાલ કરવા અંગ્રેજની બાંહેધરીથી દિવાન ગંગાધર શાસ્ત્રીને પુને મોકલ્યો ત્યાં બાજીરાવના મસલતીઆ ત્ર્યંબકજી ડેંગળેએ તેનું ખુન કરાવ્યું (૩) અંગ્રેજ રેસીડેન્ટ એલ્ફિન્સ્ટન ઉપર હુમલો કર્યો માટે લડાઇ થઇ તેમાં અંગ્રેજ સરદાર કર્નલ બર, સ્ટટન અને સ્મિથે ખડકી, કોરેગામ અને આસ્ટી આગળ બાજીરાવના લશ્કરને હરાવ્યું

ભોસલા—અંગ્રેજે નાગપુર તેના ભાઇ આપાસાહેબને આપી હતી. તેણે બાજીરાવ સાથે મળી જઇ સીતાબલ્ડીના રેસીડેન્ટ જેન્કીન્સન ઉપર હુમલો કર્યો પણ નાગપુરનું લશ્કર હાર્યું

હોલ્કર—જસવંતરાવ હોલ્કરની સ્ત્રી તુલશીબાઇએ અંગ્રેજ સરદાર સર જોન માલ્કમ સાથે સલાહ કરવાની ખુશી બતાવી

આથી તેના સરદારોએ તેને મારી નાખી અંગ્રેજ સાથે લડાઇ કરી તેમા માલ્કમે ૧૮૧૭ માં માહિદપુર આગળ તેના લશ્કરને હરાવ્યું એટલે મન્દેસર આગળ સલાહ થઇ

ગુરખા (નેપાળ) વિગ્રહ—૧૮૧૪–૧૮૧૬ મોયરો ને ગુરખા વચ્ચે કારણ—ગુરખા રાજાએ અયોધ્યાના કેટલાક ગામોનો કબજો કરી ત્યાના મુખીઓને મારી નાખ્યા તેથી લડાઇ થઇ તેમાં અંગ્રેજ સરદાર જનરલ આકટર્લોનીએ ગુરખાઓને મલુન, મકવાનપુર અને હરિહરપુર આગળ હરાવ્યા, તેથી તેમણે સેગાઉલી (ખટમંડુ) આગળ સલાહ કરી

પિંઢારી વિગ્રહ—૧૮૧૬ મોયરો ને પિંઢારા વચ્ચે કારણ—(૧) આ લોકો પૈસા મેળવવા રૈયતને પગે તપાવેલા લોઢાથી ડામ દેતા (૨) ગળે ફાંસો દેતા (૩) મોઢે મરચાના તોબરા બાંધતા અને (૪) તેલવાળાં કપડા કરી માણસને સળગાવી મુકતા હતા, તેમના મુખ્ય સરદાર અમીરખાન કરીમખાન ચીતુ અને વસીલ મહમદ હતા તેમને હેસ્ટિંગ્સે ૧૮૧૬ માં પકડયા છેવટે તેઓ તાબે થયા માટે અંગ્રેજે કેટલાકને જાગીરો આપી શાંત પાડયા

પહેલો બ્રહ્મી વિગ્રહ—૧૮૨૪–૧૮૨૬ લોર્ડ આમહર્સ્ટ ને બ્રહ્મી રાજા વચ્ચે કારણ—(૧) બ્રહ્મદેશના રાજાએ બંગાળાની સરહદનો આસામનો મુલક જીતી લીધો (૨) અંગ્રેજો પર હુમલો કરી કેટલાંક માણસોને મારી નાખ્યા (૩) અંગ્રેજના મિત્ર કાચારના રાજા ઉપર ચઢાઇ કરી, આથી લડાઇ થઇ તેમા અંગ્રેજ સરદાર સર એ કેમ્પબેલે બ્રહ્મી સરદાર બંદુલાને રંગુન, પ્રોમ ને પગામ આગળ હરાવ્યા છેવટે ૧૮૨૬ મા યાંદાબુ આગળ સલાહ થઇ

બ્રહ્મી બીજો વિગ્રહ—૧૮૫૨ લોર્ડ ડલહાઉસી ને બ્રહ્મી રાજા વચ્ચે કારણ-(૧) બ્રહ્મદેશના રાજાએ પાદાણુત કરાર તોડયા (૨) અંગ્રેજ કપ્તાનોને કેદ કર્યા, આથી લડાઇ થઈ તેમાં અંગ્રેજ કન્ગાગ ગોઠવીને રંગુન ને પેગુ આગળ બ્રહ્મીઓને હરાવી પેગુ પ્રાંત ખાલસા કર્યો

બ્રહ્મી ત્રીજો વિગ્રહ—૧૮૮૫ લોર્ડ ડફરીન ને થીબો વચ્ચે કારણ—બ્રહ્મદેશનો રાજા થીબો પોતાના મુલકમા જુલમ કરતો હતો માટે લડાઈ થઇ તેમા બ્રહ્મી રાજા હારી શરણે આવ્યો, તેથી તેને વર્ષાસન આપી બ્રહ્મદેશ ખાલસા કર્યો. ૧૮૮૬

પહેલો અફઘાન વિગ્રહ—૧૮૩૯-૧૮૪૩ લોર્ડ ઓકલેડને દોસ્તમહમદ વચ્ચે. કારણ—કાબુલના અમીર દોસ્તમહમદે હકદાર વારસ શાહસુજાને કાઢી મુકી ગાદી લીધી (૨) રૂશિયન ધાસ્તીને લીધે દોસ્તમહમદ પાસે સલાહ કરવા અંગ્રેજોએ બર્ન્સ વકીલને મોકલ્યો પણ તેણે તેનુ નહિ માનતા રૂશિઆ સાથે દોસ્તી કરી (૩) શાહસુજા અંગ્રેજોનો મિત્ર હતો અને રૂશિયનો હિંદપર ચઢી આવે તો મદદકારક થઇ પડે એમ ધારી ઓકલેડે તેને મદદ કરી લડાઈ કરી, તેમા અંગ્રેજ લશ્કરે ૧૮૩૯ મા કંદહાર તથા ગીજની લીધા અને શાહસુજાને ગાદીએ બેસાડી તેના રક્ષણ માટે સગ કઅલ્યુ મેકનોટનને મુકયો

બીજો અફઘાન વિગ્રહ—૧૮૭૯-૧૮૮૦ લોર્ડલીટન અને શેરઅલી વચ્ચે. કારણ—શેરઅલી રૂશિઆ સાથે સલાહ કરતો હોય એવુ જણાયાથી લીટને એક અંગ્રેજ વકીલને મોકલ્યો, પણ શેરઅલીએ તેનો અંગિકાર નહિ કરતા રશિયન વકીલને માન આપ્યું.

તેથી લડાઇ થઇ તેમાં શેરઅલ્લી હારીને નાશી જવાથી તેના દીકરા યાકુબખાનને અમીર બનાવ્યો, પણ તેણે સર એલ કાવગ્નારી નામના સરદારને મારી નાખ્યો. આથી રોબર્ટ્સે નૈવદ આગળ અયુબખાનને હરાવી કાબુલની ગાદી અબદુલ રહેમાનને આપી.

ત્રીજો અફઘાન વિગ્રહ—સને ૧૯૧૯ અફઘાનિસ્તાનના અમીર હબીબુલ્લાખાનનુ ખૂન થવાથી તેના દીકરા અમતઉલ્લાખાનને ગાદી મળી તેના વખતમા ચાલતી અશાંતી અને અધેર અટકાવવાને તે અશક્ત નીવડયો, એટલે અફઘાનોએ તારીખ ૩ જી મેએ પેશાવરની પશ્ચિમે લેન્ડી કોટાલની પાસે બ્રિટિશ સરહદ ઓળગી. આવા ત્રીજા વિગ્રહ શરૂ થયો એટલે તારીખ ૯ મી અને ૧૧ મી મેએ લડાઇઓ થઈ તેમાં શત્રુને લેન્ડી કોટાલમાથી હાંકી કાઢયો અને તા ૧૩ મીએ આપણે ડક્કા સર કર્યુ વળી તા ૧૬ અને ના ૧૭ મી મેએ ડક્કાની પાસેની ટેકરીઓ ઉપર લડાઇ થઇ તેમાં પણ આપણી જીત થઇ છેવટે અમીરે લડાઇ બધ ગખવાને વૉઇસરાયને અરજ કરવાથી તા ૮ મી જુલાઇએ યુદ્ધ વિશ્રાંતિ થઇ, અને સલાહ કરવા રાવળપીંડીમા એક પરિષદ મળી

ચીન વિગ્રહ—૧૮૪૦–૧૮૪૨ ઓકલેંડ ને ચીનના રાજા વચ્ચે કારણ—ચીનના રાજાએ પોતાના દેશમાં આવતુ બ્રિટિશ અફીણ અટકાવ્યુ માટે લડાઇ થઇ તેમાં અગ્રેજ સરદાર ગોફે ૧૮૪૨ મા ચીનના શાહને હરાવી વેપાર કરવાની મજુરી મેળવી.

સિંધ વિગ્રહ—૧૮૪૨–૧૮૪૩ એલનબરો અને સિંધના અમીરો વચ્ચે કારણ—અફઘાનોએ અગ્રેજ સેનાના કડેકડકા કરી નાખ્યાની ખબર સાંભળી લડાઇ માટે તૈયારી કરી અને અગ્રેજ

રેસીડેન્ટ મી ઑટ્રાન ઉપર હુમલો કર્યો, આથી સર ચાર્લ્સ નેપીઅરે સિંધના અમીરોને હૈદ્રાબાદ ને મિઆની આગળ ૧૮૪૩ મા હરાવી સિંધ પ્રાંત ખાલસા કર્યો

સિંધીઆ વિગ્રહ—૧૮૪૩ એલનબરો અને સિંધીઆ વચ્ચે કારણ—જકોજી સિંધીઆ અપુત્ર મરવાથી તેની સ્ત્રી તારાબાઈએ જ્યાજીરાવને દત્તક લઈ જકોજીના મામાને કારભારી બનાવ્યો પણ પાછળથી તેને રજા આપી માટે અંગ્રેજે જકોજીના મામાનો પક્ષ પકડી લડાઈ કરી તેમા સર હ્યુ ગોફે ૧૮૪૩ મા મહારાજપુર અને પન્નીઆર આગળ તારાબાઈના લશ્કરને હરાવ્યુ ને તારાબાઈએ સંધી કરી ૧૮૪૪

પહેલો શીખ વિગ્રહ—૧૮૪૪–૧૮૪૬ હાર્ડીંજ અને શીખ વચ્ચે કારણ—શીખ લડવૈયાનુ બળ વધી પડવાથી તેઓ દિલ્હી લુટવા ને ટમટમી રહ્યા હતા તેથી લડાઈ થઈ તેમા ગોફ તથા હાર્ડીંજે ૧૮૪૫ મા મુડકી અને ફિરોજપુર આગળ તથા ૧૮૪૬ મા સ્મિથે અલીવાલ આગળ અને ગોફે સોબ્રાઅન આગળ શીખ લશ્કરને હરાવ્યુ, તેથી ૧૮૪૬ માં લાહોરની સલાહ થઈ

બીજો શીખ વિગ્રહ—૧૮૪૮–૧૮૪૯ ડલહાઉસી ને શીખ વચ્ચે કારણ—મુલતાનના સુબા લાલા મુળરાજે બે અંગ્રેજ અમલદારોને મારી નાખ્યા, આથી અંગ્રેજ સરદાર ગોફે શીખ સરદાર શેરસિંગ ને છત્રસિંગને ૧૮૪૮માં કીનેરી ને રામનગર તથા ૧૮૪૯ માં ચીલીઅનવાળા ને ગુજરાત આગળ હરાવી ૧૮૪૯ મા પંજાબ પ્રાંત ખાલસા કર્યો અને દુલિપસિંહને વર્ષાસન આપી ઇંગ્લાંડ મોકલ્યો.

ભુતાન વિગ્રહ—૧૮૬૪ લોર્ડ લોરેન્સ અને ભૂતાનના રાજા વચ્ચે. કારણુ—ભૂતાનના રાજાએ આસામની તરફના દોઆર નામે

પરગણાના લોકોને પકડીને ગુલામ બનાવવા માંડયા તેથી લડાઇ ફરી તેને ૧૮૧૪ મા હરાવ્યો

—✽—

સલાહો. (તહનામાં)

એલાસાપેલ—૧૭૮૮ અગ્રેજ ને ફ્રેન્ચ વચ્ચે—આ સલાહ યુરોપમા થઇ ૧ મદ્રાસ અગ્રેજોને પાછુ મળ્યુ ૨ સપમપીને રહેવુ ૩ હિન્દમા બન્ને પ્રજાએ લડવુ નહિ

મદ્રાસ—અગ્રેજ ને ફ્રન્ચ—વચ્ચે—૧ એક બીજાનો જીતેલો મુલક પાછો આપવો ૨ દેશી ગજ્યની ખટપટમા પડવુ નહિ. નવાબ તથા નિઝામને એક બીજાએ કબુલ રાખવા

કલકત્તા—૧૭૫૭ સિરાજુદૌલા અને ક્લાઇવ વચ્ચે—(૧) નવાબે અગ્રેજોને થએલા નુકશાનનો બદલો આપવો (૨) અગ્રેજી માલનુ હાસલ માફ કરવુ (૩) બગાળાના થાણા અગ્રેજને આપવા

મદ્રાસ—૧૭૬૮ હૈદર અને અગ્રેજ વચ્ચે—(૧) એક બીજાનો જીતેલો મુલક પાછો આપવો (૨) સકટ વખતે એક બીજાને મદદ આપવી

સુરત— ૧૭૭૫ રાઘોબા અને મુબઇ સરકાર વચ્ચે—રાઘોબાએ વસાઇ ને સાલસેટ બેટ મુબાઇ સરકારને આપવા

પુરધર—૧૭૭૬ પેશ્વા અને હિદ સરકાર વચ્ચે—જો અગ્રેજ રાઘોબાનો પક્ષ ન પકડે તો સવાઇ માધરાવ પેશ્વાએ સાલસેટ બેટ તેમને આપવો

વારગામ—૧૭૭૯ પેશ્વા અને અગ્રેજ વચ્ચે—અગ્રેજોએ પેશ્વાનો લીધેલો મુલક પાછો આપવો (૨) ભરૂચ સિધીઆને આ-

પવુ (૩) બંગાળેથી આવતુ લશ્કર પાછુ વાળવુ (૪) આ સરતો પાળતા સુધી બે અગ્રેજો પેશ્વાને કબજે આપવા

સાલબાઈ—૧૭૮૨ મરેઠા અને અગ્રેજ વચ્ચે—(૧) એક બીજાના દુશ્મનોને મદદ કરવી નહિ. (૨) અગ્રેજોએ સાલસેટ ને બીજા ટાપુ રાખી મરાઠી મુલક પાછો આપવો (૩) રાઘોબાને પેન્શન આપવુ (૪) પેશ્વાએ પોર્ટુગીઝ સિવાયની બીજી યુરોપી પ્રજાના નોકર રાખવી નહિ

મેંગલોર—૧૭૮૪ અગ્રેજ ને ટીપુ વચ્ચે—(૧) અગ્રેજ કેદીઓને છોડી દેવા (૨) એક બીજાનો જીતેલો મુલક પાછો આપવા

શ્રીરંગપટ્ટણ—૧૭૯૨ અગ્રેજ ને ટીપુ વચ્ચે—(૧) ટીપુએ અર્ધુ રાજ્ય તથા લડાઈના ખર્ચ બદલ ૩ કરોડ રૂપીઆ અગ્રેજને આપવા (૨) અર્ધા રાજ્યમાંથ અગ્રેજે મલબાર, સેલમ ને મદુરા, રાખ્યા ૩) બાકીનો મુલક નિઝામ તથા મરાઠાને વહેચી આપ્યો (૪) ૩ કરોડ રૂપીઆમાથી અર્ધા તરત અને અર્ધા પછી આપવાના હતા (૫) આ શરતો પાળતા સુધી તેના બે છોકરા અગ્રેજને કબજે સોપવા

હૈદ્રાબાદ—૧૭૯૮ નિઝામ અને અગ્રેજ વચ્ચે—(૧) નિઝામે પોતાને ખર્ચે સહાયકારી લશ્કર રાખવુ (૨) ફ્રેન્ચ લશ્કરને રજા આપવી

અયોધ્યા—૧૮૦૧ અયોધ્યાના નવાબ અને અગ્રેજ વચ્ચે (૧) નવાબે મહાયકારી લશ્કર રાખવુ (૨) તેના ખચ પેટે અગ્રેજને ગગા અને જમના વચ્ચેનો પ્રદેશ (વાબ્ય પ્રાંત) આપવો

વસાઇ—૧૮૦૩ બાજીરાવ પેશ્વા અને અગ્રેજ વચ્ચે—

(૧) અંગ્રેજો બાજીરાવને ગાદીએ બેસાડે તેના બદલામાં તેણે પુ-
નામાં સહાયકારી લશ્કર રાખવું (૨) તેના ખર્ચ બદલ ૨૬ લાખની ઉપજનો મુલક અંગ્રેજને આપવો (૩) મરાઠા રાજ્યનું ઉપરીપણું છોડી દેવું (૪) અંગ્રેજોની રજા સિવાય મરાઠા સરદારો સાથે સબંધ રાખવો નહિ (૫) સુરતનો દાવો છોડવો (૬ બીજી યુરોપી પ્રજાને નોકર રાખવી નહિ (૭) પરરાજ્ય વચ્ચેના વાંધા અંગ્રેજ મારફત પતવવા.

દેવગામ—૧૮૦૩ ભોંસલા અને અંગ્રેજ વચ્ચે—(૧) કટક બાલાસોર ને વરાડ પ્રાંત અંગ્રેજને આપવા (૨) અંગ્રેજોએ વરાડ પ્રાંત નિઝામને બક્ષિસ કર્યો (૩) પુના ને નાગપુરમાં અંગ્રેજી લ-
શ્કર રાખવું (૪) નિઝામ અને પેશ્વા વચ્ચેના વાંધા અંગ્રેજ માર-
ફત પતવવા (૫ બીજી યુરોપિયન પ્રજાને નોકર રાખવી નહિ

અંજેગામ (સરજીઅંજે)—૧૮૦૩ સિંધીઆ ને અંગ્રેજ વચ્ચે—૧) જમનાની ઉત્તરનો બધો પ્રદેશ તથા ભરૂચ અંગ્રેજને આપવા ૨) અહમદનગર પેશ્વાને આપવું (૩) રજપુતો તથા નિઝામ પાસેથી ચોથ લેવાનો હક છોડી દેવો. (૪) બીજી યુરોપી પ્રજાને નોકરીમાં રાખવી નહિ.

રાયપુર ઘાટ—૧૮૦૫ અંગ્રેજ ને હોલકર વચ્ચે—(૧) અંગ્રેજે હોલકરનો મુલક પાછો આપવો (૨) ચંબલ નદીની ઉત્તરના મુલક ઉપર હોલકરે હક રાખવો નહિ (૩) અંગ્રેજી રાજ્યને ઉપદ્રવ કરવો નહિ.

સેગાઉલીન—૧૮૧૬. ગુરખા અને અંગ્રેજ વચ્ચે—(૧) ગુરખા રાજાએ કમાઉન પ્રાંત (સીમલા, મસુરી ને નૈનિતાલ)

અંગ્રેજોને આપવો ૨ ખટમંડુમાં રેસીડેન્ટ રાખવો ૩ યુરોપી પ્રજાને રાખવી નહી સીકીમના રાજાને ગુરખા લોકે હરકત કરવી નહિ

મંદેસુર—૧૮૧૭ હોલ્કર ને અંગ્રેજ વચ્ચે—૧ હોલ્કરે પોતાના રાજ્યમા અંગ્રેજી સૈન્ય રાખવુ ૨ સાતપુડાની દક્ષિણનો મુલક અંગ્રેજને આપવો (૩) પિંઢારાને મદદ આપવી નહિ (૪) રજપુતાના ઉપરના સઘળા દાવા છોડી દેવા

ઇંદોર—૧૮૧૮ અંગ્રેજને બાજીરાવ વચ્ચે—૧ અંગ્રેજે તેનો બધો મુલક લઇ લીધો ૨ બાજીરાવને ૮ લાખનુ વર્ષાસન આપવુ ૩ તેને બિઠુરમાં રાખવો

યંદાબુ— બ્રહ્મી રાજા અને અંગ્રેજ વચ્ચે—૧ આસામ, આરાકાન ને તિનાસરીમ પ્રાંતો અંગ્રેજને આપવા ૨ લડાઇના ખર્ચ બદલ ૧ કરોડ રૂપીઆ અંગ્રેજને આપવા

ગ્વાલીઅર—૧૮૪૪ સિંધીઆ અને અંગ્રેજ વચ્ચે—૧ સિન્ધીઆએ ૪૦ હજાર લશ્કર ઘટાડી ૯ હજાર રાખવુ ૨ ગ્વાલીઅરમા સહાયકારી લશ્કર રાખવુ ૩ છ મરાઠા અમીરોની એક કાઉન્સિલ નીમી ૪ તેણે દત્તક જયાજી મોટો થતાં સુધી રાજ્ય વહીવટ કરવો ૩ તારાબાઇને ૩ લાખનુ વર્ષાસન બાંધી આપ્યુ.

લાહોર—૧૮૪૬ અંગ્રેજ ને શીખ વચ્ચે ૧—શીખ લશ્કરમા ઘટાડો કરી ૨૦ હજાર માણસ રાખવાં ૨ સતલજ ને બીઆસ વચ્ચેનો પંજાબનો મુલક અંગ્રેજને આપવો ૩ લાહોરમાં અંગ્રેજી સૈન્ય રાખવુ ૪ ગુલાબસીંગ નામના રજપુતને તે મુલકનો રાજા બનાવ્યો ૫ તેના બદલામા તેણે લડાઇનુ ખર્ચ આપ્યુ ૬ દુલીપસિંગને રાજા બનાવી તેની માને રાજ્યવહિવટ સોંપવો

હૈદ્રાબાદ—૧૮૫૩ નિઝામ અને અગ્રેજ વચ્ચે—૧ સહાયકારી લશ્કરના ખર્ચ બદલ નિઝામે વરાડ પ્રાંત આપવો

ગંદામક—૧૮૭૯ અગ્રેજને યાકુબખાન વચ્ચે—૧ કુરમ અને બોલનઘાટની અંદરનો મુલક અગ્રેજને આપવો કાબુલમાં અગ્રેજ રેસિડેન્ટ રાખવો

રાવળપીંડી—સને ૧૯૧૯ (૧) બન્ને દેશોની સરહદમા કોઇ પ્રકારનો ફેરફાર કરવો નહિ (૨) આપણે દરવરસે જે ખંડણી આપતા હતા તે બંધ કરી (૩) ૭ માસ પછી મિત્રચારીની સુલેહ અફઘાનિસ્તાન સાથે કરવી . મિઆન તેમની વર્તણુક સંતોષકારક હોવી જોઇએ

અગ્રેજ સરકારને મળેલો મુલક.

નામ	સાલ	કોની પાસેથી અને શી રીતે મળ્યો
મદ્રાસ	૧૬૩૯	ચંદ્રગીરીના રાજા પાસેથી વેચાણ
મુંબાઇ	૧૬૬૮	ઇંગ્લાડના રાજા બીજા ચાર્લસપાસેથી અનેજમા.
૨૪ પરગણાં	૧૬૪૭	મીરજાફર પાસેથો બક્ષીસ.
ઉત્તર સરકાર	૧૭૬૫	ફ્રેંચો પાસેથી નિઝામની લડાઇમાં
મછલીપટ્ટણ	૧૭૫૯	નિઝામ પાસેથી લડાઈમાં
બર્દવાન ચીતા ગાંગ ને મેદનીપુર	૧૭૬૦	મીર કાસમને ગાદી અપાવ્યા બદલ.
બંગાળા બનોર ને ઓઢીઆ	૧૭૬૫	દિલ્હીના પાદશાહ પાસેથી બક્ષીસ
સાલસેટ	૧૭૮૨	મરાઠા પાસેથી સાલબાઇની સલાહમાં

સેલમ મલબાર ને મદુરા	૧૭૯૨	ટીપુ પાસેથી શ્રીરંગપટ્ટણની સલાહમાં.
કાનડા ને કોઇમબટુર	૧૭૯૯	ટીપુ સાથેના મહૈસુર ચોથા વિગ્રહમાં.
બલારી ને કડપા	૧૭૯૯	નિઝામ પાસેથી સહાયકારી લશ્કર બદલ.
તાંજોર	૧૮૦૦	મરાઠા રાજા પાસેથી અપુત્ર ખાલસા.
સુરત	૧૮૦૦	સુરતના નવાબ પાસેથી
વાયવ્ય પ્રાંતો દોઆબ	૧૮૦૧	અયોધ્યાના નવાબ પાસેથી સહાયકારી લશ્કરના ખર્ચ બદલ
કર્ણાટિક	૧૮૦૧	કર્ણાટિકના નવાબ પાસેથી ખાલસા
દિલ્હી, આગ્રા ભરૂચ ને પાવાગઢ	૧૮૦૩	દોલતરાવ સિંધીઆ પાસેથી લડાઇમાં.
ધોળકા ધંધુકા નડીઆદ માતર ને મહુધા	૧૮૦૪	ગાયકવાડ પાસેથી
કમાઉન, સીમલા, મસુરી ને નૈનિતાલ	૧૮૧૫	ગુરખા પાસેથી સેગાઉલીનની સલાહમાં.
અમદાવાદ	૧૮૧૮	મરેઠા પાસેથી લડાઇમાં
ગુજરાત ને મહારાષ્ટ	૧૮૧૮	બાજીરાવ પેશ્વા પાસેથી લડાઇમાં.
ખાનદેશ	૧૮૧૮	હોલકર પાસેથી મંદેસરની સલાહમાં.
આસામ આરાકાન ને તિનાસરિમ	૧૮૨૬	બ્રહ્મીરાજા પાસેથી યાંદાબુની સલાહમાં.
કાચાર	૧૮૩૨	બીન વારસ ખાલસા
વાયવ્ય પ્રાંતો (આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો)	૧૮૩૩	અયોધ્યાના નવાબ તરફથી મળેલા મુલકમાં સિંધીઆનો મુલક ઉમેરીને.
કુર્ગ	૧૮૩૪	રાજ્ય અધેરથી ખાલસા
સિંધ	૧૮૪૩	સિંધના અમીરો પાસેથી લડાઇમાં.

સતારા	૧૮૪૮	બીન વારસ ખાલસા
પંજાબ	૧૮૪૯	શીખ પાસેથી લડાઇમાં
પેગુ	૧૮૫૨	બ્રહ્મી બીજા વિગ્રહમાં ખાલસા
નાગપુર	૧૮૫૩	બીન વારસ ખાલસા
વરાડ	૧૮૫૩	નિઝામ પાસેથી સહાયકારી લશ્કરના ખર્ચ બદલ
અયોધ્યા	૧૮૫૬	રાજ્યના અંધેરથી ખાલસા
પંચમહાલ	૧૮૬૧	સિંધીઆ પાસેથી ઝાંસીના બદલામાં
બ્રહ્મ (ઉપલો)બ્રહ્મ'રા	૧૮૮૬	બ્રહ્મા ત્રીજા વિગ્રહમાં ખાલસા
મણિપુર	૧૮૯૧	અંધેરથી ખાલસા

કંપનીના પટાનો હેવાલ.

૧ કંપનીએ ૧૬૦૦ માં ઇલીઝાબેથ રાણી પાસેથી હિંદમાં વેપાર કરવાની સનદ લીધી

૨ પાર્લામેન્ટમાં ૧૭૭૩ માં રેગ્યુલેટીંગ આકટનો ધારો મંજુર કરવાથી કંપનીને રાજકીય સત્તા મળી બંગાળાના ગવર્નરને ગવર્નર જનરલનો ઇનામ મળ્યો તથા તેની સત્તા મુંબાઇ ને મદ્રાસના ગવર્નરો પ ઠરાવી (૨) ગવર્નર જનરલને સલાહ આપવા ૪ સભાસદોની કાઉન્સીલ નીમી અને કલકત્તામાં એક સુપ્રીમકોર્ટ સ્થાપી (૩) સરકારી નોકરોએ કોઇ પણ જાતનો ધંધો કરવો નહિ. અને કોઇ પાસેથી બક્ષીસ લેવી નહિ

૩ ૧૭૮૪ માં પીટના બીલથી બોર્ડ ઑવ કન્ટ્રોલ નામે સભાસદોની એક સભા ઠરાવી અને તેને હિંદના રાજ્યવહીવટ

પર દેખરેખ રાખવાનુ સોપ્યુ (૨) મુબઇ ને મદ્રાસના ગવર્નરોને પણ એકેક કાઉન્સિલ ઠરાવી આપી ૩ પાર્લામેન્ટની સમતિ સિવાય લડાઇ કે સલાહ થઇ શકે નહિ

૪ ૧૭૯૩ મા પટા વીસ વરસની મુદત પુરી થવાથી કાર્નવાલિસના વખતમા નવો પટો કરી નાખ્યો

૫ લોર્ડ મિન્ટોના વખતમા ૧૮૧૩ મા પટામાં ફેરફાર કર્યો તેમા કપનીને ફક્ત ચીનના વેપારની છુટ આપી અને હિદમા વેપાર કરવાની તમામ અગ્રેજોને છુટ આપી

૬ બેન્ટિકના વખતમા ૧૮૩૩ મા કપનીને ૨૦ વર્ષની નવી સનદ મળી પણ એવો ઠરાવ થયો કે કપનીએ હિદમાથી વેપારનું કામ છાડી દઇ રાજ્યકારભાર કરવો આ વખતથી કોઇ પણ અગ્રેજ હિદમા રજા સિવાય ગમે ત્યા રહી શકે છે વળી ચીનમાં વેપાર કરવાની સઘળા વેપારીઓને છુટ આપી

૭ લોર્ડ ડલહાઉસીના વખતમા ૧૮૫૩ મા ફેરફાર થયો. તેમા કપનીના ૨૪ ડીરેકટરોને બદલે ૧૮ રાખ્યા તથા બગાળામાં લેફ્ટેનન્ટ ગવર્નર નીમ્યો અને પટાની મુદત મરજી મુજબ રાખી વળી સીવીલ સર્વીસની પરીક્ષા જાહેર રીતે લેવાનુ ઠરાવી તેમા હિન્દના ઉમેદવારોને છુટ આપી

૮ ૧૮૫૭ મા બળવો થવાથી કપની પાસેથી રાજ્ય લઇ ૧૮૫૮ માં મહારાણીને સોપ્યુ એટલે કપનીનો કારભાર બધ થયો.

મુકાબલા. (સરખામણી)

મહુમદ ગીજની અને શાહબુદીન (મહમદ) ઘોરી.

૧ બને પરાક્રમી, ધર્માભિમાની અને નિર્દયતામાં સરખા હતા.
૨ બનેએ ઉત્તર હિંદ ઉપર સ્વારીઓ કરી
૩ ગીજનીની સ્વારી દ્રવ્ય લાભી અને મહમદની રાજ્યલોભી હતી.

અલાઉદ્દીન અને મહમદ ગાડો

૧ માણસોની કતલ કરવામાં બને સરખા હતા
૨ અલાઉદ્દીને રાજ્ય સત્તા વધારી અને ગાડાએ ઘટાડી
૩ અલાઉદ્દીન અભણ ને ગાડો ભણેલો હતો
૪ અલાઉદ્દીન ખુની અને મહમદ ગાડો કહેવાયો

અલાઉદ્દીન અને ઔરંગજેબ

૧ હિંદુઓ ઉપર જુલમ કરવામાં બને સરખા હતા
૨ કુટુંબનું કાસળ કાઢવામાં બને સરખા હતા
૩ લડવામાં ઔરંગજેબ કરતા અલાઉદ્દીન હોશિઆર હતો
૪ રાજ્યની હદ વધારવામાં અલાઉદ્દીન ચાલાક હતો
૫ ઔરંગજેબના કાયદા કરતા અલાઉદ્દીનના ઠીક હતા

ફિરોજશાહ અને શેરશાહ

૧. લોકોપયોગી કામ કરવામાં બને સરખા હતા
૨ ફિરોજશાહ કરતા શેરશાહ શુરો હતો
૩ ફિરોજશાહ કરતા શેરશાહે રાજ્યસત્તા વધારી

અકબર અને ઔરંગજેબ.

૧ રાજકીય શક્તિ દક્ષતા ને ચચળાઇમાં બને સરખા હતા

૨ અકબર પોતાની બુદ્ધિ સારા કામમાં વાપરતો હતો અને ઔરંગજેબ નઠારા કામમાં વાપરતો હતો

૩ અકબરે જજીયાવેરો માફ કર્યો અને ઔરંગજેબે શરૂ કર્યો.

૪ અકબરે હિંદુઓને મોટી જગાઓ આપી ત્યારે ઔરંગજેબે કાઢી મુક્યા

૫ અકબર ઉદાર, ક્ષમાવાન અને પ્રમાણિક હતો પણ ઔરંગજેબ ઘાતકી, સાંકડા મનનો અને પક્ષપાતી હતો

૬ અકબરે હિંદુ ધર્મને ઉત્તેજન આપ્યું ત્યારે ઔરંગજેબે તે ધર્મ ઉપર જુલમ ગુજાર્યા

૭ અકબરે રજપુતો સાથે દોસ્તી વધારી ત્યારે ઔરંગજેબે દુશ્મનાવટ વધારી

બાજીરાવ પહેલો અને બાજીરાવ બીજો

૧ પહેલો બાજીરાવ હોશીયાર અને બીજો બાયલો હતો

૨ પહેલાએ મરાઠા રાજ્યો સાથે સંપ રાખ્યો ત્યારે બીજાએ કુસંપ કર્યો

૩ પહેલાએ મરાઠી સત્તા વધારી અને બીજાએ ખ૭

શિવાજી અને બાજીરાવ

૧ બન્ને બહાદુર અને હોશિયાર હતા

૨ શિવાજીએ મરાઠી રાજ્યનો પાયો નાખ્યો અને બાજીરાવે તે ઉપર ઇમારત ચણી

૩ શિવાજી બાજીરાવ કરતાં બંદોબસ્ત રાખવામાં હોશિયાર હતો.

૪ શિવાજી જેવો બાજીરાવ કપટી નહોતો

૫ શિવાજી નાનપણથી ભણ્યો નહિ અને બાજીરાવ ભણેલો હતો.

ક્લાઇવ અને હૈદર

૧ બને નાનપણથી ભણ્યા નહિ.

૨ ક્લાઇવે હિંદમા અગ્રેજી રાજ્ય સ્થાપ્યુ ત્યારે હૈદરે મ્હેસુરમાં મુસલમાની રાજ્ય સ્થાપ્યુ,

૩ બન્નેમાં લશ્કરી ગુણ સ્વભાવિક હતા

ક્લાઇવ અને શિવાજી

૧ ક્લાઇવે અગ્રેજી રાજ્યનો પાયો નાખ્યો' તેમ શિવાજીએ મરેઠી રાજ્યનો પાયો નાખ્યો.

૨ ક્લાઇવે અમીચંદને દગો દીધો, તેમ શિવાજીએ અફઝલખાનને દગો દીધો

૩ રાજ્ય સાચવી રાખવામ' અને યુક્તિમાં બંને સરખા હતા

૪ બનેમા લશ્કરી ગુણ સ્વભાવિક હતા

૫ શિવાજીને મુસલમાનો સાથે અને ક્લાઇવને ફ્રેન્ચ સાથે વેર બધાયુજ હતુ

૬ બંને પોતાની હોશિઆરીથી ઉંચે દરજ્જે ચઢયા

ક્લાઇવ અને ડુપ્લે.

૧ બને દેશી રાજ્યોની ખટપટમાં પડયા

૨ ક્લાઇવના જેવુ ડુપ્લેનું યુદ્ધ કૌશલ્ય નહોતુ.

૩ ક્લાઇવે દેશી લશ્કરનો પ્યાર મેળવ્યો તેમ ડુપ્લેએ મેળવ્યો નહિ.

૪ ક્લાઇવે અગ્રેજી સત્તા વધારી ત્યારે ડુપ્લેએ ફ્રેન્ચ સત્તા ઓછી કરી.

ડુપ્લે અને લાલી.

૧ અગ્રેજોનું જડમૂળ કાઢવામાં બંને સરખા હતા.

૨ યુદ્ધ કૌશલ્યમાં ડુપ્લે કરતા લાલી ચઢીઆતો હતો

હૈદર અને શિવાજી

૧ બને હોશિઆરીથી રાજ્ય સ્થાપક હતા
૨ બને શુરાતનમાં સરખા હતા
૩ શિવાજીની રાજ્યવ્યવસ્થા હૈદર કરતા ચઢીઆતી હતી.
૪ હૈદર ઘાતકી ને જુલમી હતો તેવો શિવાજી નહતો

શિવાજી અને ઔરંગજેબ

૧ બનેની રહેવાની રીત અત્યંત સાદી હતી
૨ બને બહાદુર અને બુદ્ધિશાળી હતા
૩ બને જણ કપટી હતા તેમાં શિવાજી ઔરંગજેબથી ચઢે એવો હતો
૪ ઔરંગજેબના કરતાં શિવાજીની રાજ્યવ્યવસ્થા ચઢીઆતી હતી
૫ ઔરંગજેબની રાજ્યનિતિથી મોગલાઈ રાજ્ય પડી ભાગ્યું અને શિવાજીની રાજ્યનીતિથી મરાઠી રાજ્યનું મુળ રોપાયું
૬ ઔરંગજેબે હિંદુઓના દેવળો તોડી નપાક કર્યા પણ શિવાજીએ મસીદોને નુકશાન કર્યું નથી
૭ શિવાજીએ ઔરંગજેબની માફક સામે મોઢે બહુ નહિ લડતાં છુપો રહી શત્રુઓને પજવતો હતો

કલાઈવ અને વોર્ન હેસ્ટિંગ્સ,

૧ કલાઈવે અંગ્રેજી રાજ્યનો પાયો નાખ્યો, અને હેસ્ટિંગ્સે તે ઉપર ઇમારત ચણી
૨ કલાઈવને રાજ્ય મેળવવામાં જેવી યુક્તિઓ કરવી પડી તેવી હેસ્ટિંગ્સને સાચવી રાખવામાં કરવી પડી

૩ ડલાઇવ દેશી રાજ્યો સાથે મિત્રાચારીથી વર્ત્યો ત્યારે હેસ્ટિંગ્સે દેશી રાજાઓ પાસેથી પૈસા કઢાવ્યા

૪ ક્લાઇવના કામમાં તેની બુદ્ધિ ને તરવાર બંને હતાં ત્યારે હેસ્ટિંગ્સના કામમાં માત્ર બુદ્ધિ જણાતી હતી

માર્કવિસ વેલેસ્લી અને ડલહાઉસી.

૧ બનેમા ડલહાઉસી સારો ગણાયો

૨ બનેની રાજ્યનિતિથી દેશી રાજ્યો ખાલસા થયા

૩ વેલેસ્લીએ તાન્જોર કર્ણાટક, બલારી કડાપા વગેરે રાજ્યો મેળવી રાજ્ય વધાર્યું ત્યારે ડલહાઉસીએ પંજાબ રંગુન, અયોધ્યા વગેરેથી રાજ્ય વધાર્યું અને હિંદનો નકશો રચ્યો

૪ વેલેસ્લીએ સહાયકારી લશ્કરની યોજનાથી દેશી રાજાઓને નિર્ભય કર્યા, ત્યારે ડલહાઉસીની રાજ્યનિતિથી અસંતોષ થઇ દુષ્ટ લોકોએ બળવો કર્યો

લોર્ડ વિલિયમ બેન્ટિક અને રીપન

૧ બને રઇયતને વહાલા તથા કેળવણી ફેલાવવામા સરખા હતા.

૨ બનેના વખતમાં રઇયત શાંતિમાં હતી.

૩ દેશી લોકોને મોટા હોદ્દા આપવામાં બનેનાં મન સરખાં હતાં.

મુસલમાની અને અંગ્રેજી રાજ્યની સરખામણી

૧ મુસલમાનોના વખતમાં રૈયતપર જુલમ કરવામા આવતો પણ અંગ્રેજી રાજ્યમાં તો વાઘ અને બકરી એક આરે પાણી પીએ છે

૨ મુસલમાનોના વખતમાં રાજાની મરજી તેજ કાયદો હતો પણ હાલના સમયમાં કાયદો એ સર્વોપરી સત્તા છે

૩ મુસલમાનોના વખતમાં બાદશાહની રજા વગર પોતાના મિત્રને ઘેર જમવા તેડી શકાય નહિ. વળી નોકર ચાકર કેટલા રાખવા કેટલી જમીન ખેડવી તથા અનાજ શા ભાવે વેચવુ તે પણ બાદશાહ નક્કી કરતો, હાલ તેવુ નથી

૪ પહેલાંના વખતમા દકાઇ વખતે ઘરબાર છોડી નાશી જવુ પડતુ, પણ હાલ રૈયત ઘરમાજ રહે છે

૫ પહેલાના વખતમા કોઇ અમીર ગુજરી જાય તો તેની મીલકત રાજા જપ્ત કરતો પણ હલ તેના વારસને મળે છે

૬ હાલના કરતા પહેલા કર વધારે લેવાતો હતો છતાં રૈયત દુખી હતી

૭ પહેલાના કરતા હાલમા હિદનો વેપાર ઘણો વધ્યા છે

૮ પહેલાંના રાજાઓ ખજાનો પૈસાથી તર રાખતા અને હાલના વખતમા બધા પૈસા લોકોના સુખને માટે વપરાય છે

૯ પહેલા કરતા હાલના સમયમા તાર, ટપાલ, રેલ્વે, નિશાળો, દવાખાનાં વગેરે નીકળવાથી લોકો ઘણા સુખી થયા છે

૧૦ હાલમા હિદ પહેલીજ વખત એકત્ર બન્યુ છે અને શુ વીર ગુરખા, ઝનુની શીખ, જબરા પઠાણ, છાતીવાળા મરાઠા તથા હિદુ અને મુસલમાન બધા અગ્રેજ યોદ્ધાઓ સાથે પોતાના દેશને માટે જોડાયા છે

મરાઠા અને અગ્રેજી રાજ્યની સરખામણી

૧ મરેઠી રાજ્યમા ઇન્સાફ ' પાસા પડે તેમ દાવ અને રાજા કરે તેમ ન્યાય ' એની માફક હતો, પણ અંગ્રેજી રાજ્ય તો 'રામ રાજ્ય' જેવુ છે

૨ કોઇ ગૃહસ્થ ઉપર મરાઠા રાજાની ઇતરાજી થાય તો તેની મીલકત લુટી લેવામાં આવતી, હાલમાં તેવુ નથી

૩ કોઇ પૈસાદારથી પોતાની દોલત જાહેર રીતે વાપરી શકાતી નહોતી એવો અટકાવ અંગ્રેજી રાજ્યમાં નથી

૪ મરાઠાના વખતમાં લુટારાની ટોળીઓ રાજાને ભાગ આપતી હોવાથી રાજા તેમના ઉપર ખુશી રહેતો અને રૈયતની દરકાર કરતો નહિ હાલમાં તેવુ નથી.

૫ પહેલાના વખતમાં ધાડ, ચોરી, લુટફાટ વગેરે ઘણું હતા તે બધુ હાલ શાંત થઇ ગયુ છે

અંગ્રેજી રાજ્યથી થયેલા ફાયદા (સારી અસરો)

૧ લોકોના જાનમાલનુ સારી રીતે સરક્ષણ થયુ, દાખલા તરીકે વાઘ અને બકરી એક આરે પાણી પીએ છે

૨ વિદ્યાનો ફેલાવો થવાથી સ્વતંત્રતાના વિચાર પેદા થયા અને લોકો પોતાનો હક માગતા થયા

૩ યાંત્રિક કળા તરફ લોકોનુ વલણ થયુ અને નવી નવી શોધો થઇ.

૪ વૈદક વિદ્યાને ઉત્તેજન મળ્યુ

૫ તાર, ટપાલ અને રેલ્વે દાખલ થવાથી વેપારને ઉત્તેજન મળ્યુ.

૬ નહેરો ખોદવા તથા રસ્તા, પુલ બાંધવા ઇજનેર ખાતુ કાઢ્યુ.

૭ દેશી અને બીજી ભાષાઓ શીખવવા કેળવણી ખાતુ ઉભુ કર્યું.

૮ ખેતીવાડી ખાતુ કાઢી હિંદના ખેડુતોની સ્થિતિ સુધારી

૯ કેટલાક ખરાબ ધારા અંગ્રેજ સરકારે બંધ કર્યા છે

૧૦ આરોગ્ય દ્રવ્ય અને વસ્તીમાં વધારો થયો

૧૧ પીંઢારા, ઠગ તથા લુટારાની બીક નીકળી ગઇ છે

૧૨ રૈયતને ગમે તે ધર્મ પાળવાની છુટ મળી અને રામરાજ્ય જેવુ સુખ મળ્યુ, તથા અન્યાયની ફીકર રહેતી નથી.

ચઢતી પડતીનાં કારણ.

હિંદુઓની ચઢતીના કારણ

૧ સંપસંપીને રાજ્ય ચલાવતા હતા
૨ શત્રુ સાથે લડવામા એક બીજાને મદદ આપતા હતા
૩ ધર્મ સબંધી જુલમ કરતા નહિ.
૪ શાસ્ત્રના નિયમ પ્રમાણે કર વેરા લેતા હતા
૫ ખંડિયા રાજ્ય ખાલસા કરવાનો લોભ રાખતા નહિ.
૬ મુલકનો બંદોબસ્ત કરવામાં હોશીઆર હતા
૭ પ્રજાનું રક્ષણ કરવામાં તથા ઇન્સાફ આપવામા ચતુર હતા.

હિંદુઓની પડતીના કારણ

૧ રાજ્યલોભ તથા કન્યાલોભથી કુસંપ કર્યો
૨ પોતાના બચાવ માટે આગળથી તઇયારી રાખતા નહિ
૩ સિંધુ નદી ઓળગવાના વહેમથી મુસલમાની બળ જાણ્યું નહિ.
૪ લડવાની કળામા સુધારો વધારો કર્યો નહિ
૫ લડાઇમા રાજા હાથી ઉપરથી ઉતરે તો મરાયો સમજી નાશ ભાગ કરતા હતા

મોગલ વંશની ચઢતીનાં કારણ

૧ હિંદુ અને મુસલમાનોને સરખા ગણ્યા
૨ રજપુતોનાં મન મેળવી લીધા.
૩ મુસલમાની જુલમ અટકાવ્યો
૪ દેશનો બંદોબસ્ત સારો રાખ્યો.
૫ હિંદુઓને મોટી મોટી જગાઓ આપી
૬ વસુલાત લેવાની રીત સારી હતી

મોગલ વંશની પડતીના કારણ

૧ ઔરંગજેબના જુલમી અમલથી ઘણા દુશ્મનો ઉભા થયા,

૨ મરાઠા શીખ અને રજપુતોએ બંડ કર્યાં તથા પ્રાંતોના સુબા સ્વતંત્ર થયા.

૩ ઔરંગજેબનું ધર્માંધપણું તથા પછીના પાદશાહો નબળા નીકળ્યા અને માહોમાહે લડી મુઆ

૪ ઔરંગજેબે દખ્ખણમાં પઠાણ રાજ્યોને મદદમાં લેવાને બદલે તોડી પાડવાથી મરાઠાને પુરતી મળી

૫ જજીઆ વેરો ચાલુ રાખવાથી લોકો ગુસ્સે થયા

૬ હિંદુઓ ઉપર જુલમ કરી નોકરીમાંથી કાઢી મુક્યા

૭ લશ્કરની ગોઠવણ તુટી ગઇ હતી

૮ કુટુંબ અને ભાઇઓમાં સંપ રાખ્યો નહિ

૯ લશ્કરને પગાર આપી શક્યો નહિ અને છેત્રટના ભાગમાં મહેસુલ વસુલ થયું નહિ

૧૦ સિપાઇઓ, લાચીઆ, એશઆરામી ને દારૂડીઆ નીકળ્યા

૧૧ નાદિરશાહની ચઢાઇ

મરેઠા અને પેશ્વાની ચડતીનાં કારણ

૧ એમનું લશ્કર તથા ઘોડા કસાયલા હતા.

૨ લશ્કરની ગોઠવણ કરવામાં ચાલાક હતા

૩ ઘોડા ઉપર ઝાઝો સામન નાખતા નહિ, તેથી નાસવામાં સુગમતા થતી

૪ પ્રસંગ આવે નાશી જવા ચુકતા નહિ.

૫ પહાડી મુલકના ભોમીઆ હતા તેથી સતાઈ જવાની સુગમતા થતી
૬ દગો કરવામાં બહાદુર અને સ્વદેશાભિમાની હતા.
૭ તેઓ એશઆરામી અને દારૂડીઆ નહોતા
૮ મુલકનો બંદોબસ્ત અને ઇન્સાફ આપવામાં ચતુર હતા.
૯ શિવાજીની રાજ્યનીતિ ચઢતીમાં ઘણી સહાયભુત થતી

મરેઠાની પડતીના કારણો.

૧ શિવાજી પછીના રાજા નબળા નીકળ્યા
૨ રાજ્યનો બંદોબસ્ત પેશ્વાને સોપી રાજ્ય સત્તા ઘટાડી
૩ સરદારોમા સપ નહિ હોવાથી માહોમાહે લડવા લાગ્યા
૪ મરાઠી રાજા અભણ હતા
૫ પાછળના રાજાઓમાં દેશાભિમાન નહોતું
૬ અબદલીની પાચમી સ્વારીથી મરાઠાનો ઘાણ નીકળી ગયો

પેશ્વાની પડતીના કારણો

૧ બાજીરાવ પહેલા અને બાલાજી બીજા (બાલાજી બાજીરાવ) પછીના રાજાઓ હોશિઆર નીકળ્યા નહિ
૨ પાણીપતની પાચમી લડાઇમાં ઘણા મોટા સરદારો માર્યા ગયા
૩ સરદારોએ માહોમાહે કુસપ કર્યો
૪ નાનાફડનવીસ જેવા બુદ્ધિશાળી પુરૂષોની ખોટ
૫ પાછળના રાજાઓમાં દેશાભિમાન નહોતું
૬ છેલ્લો બાજીરાવ બાયલો અને અવિચારી હોવાથી તેણે રાજ્ય સત્તા ખોઇ

હિંદ ઉપર પરદેશી હુમલા.

મુસલમાની રાજ્ય થયા પહેલાંના પરદેશી હુમલા.

૧ આસિરિઆની સેમિરામિસ રાણીએ ઇ સ પૂ. ૧૮૦૦ માં હિંદ ઉપર સ્વારી કરી, તેને પજાબના રાજાએ હરાવી

૨ મિસર દેશનો સેસોસ્ત્રિસ રાજા ઇ સ પૂ ૧૩૦૮ મા ચઢી આવ્યો, તેને સહદેવના વશજોએ હરાવ્યો.

૩ ઇરાનના પારસી રાજા દરવેશ ગુસ્તાસ્પે પજાબ ઉપર ઇ૦ સ૦ પૂ૦ ૫૧૮ માં ચઢાઇ કરી કેટલોક ભાગ જીતી લીધો અને પુષ્કળ સોનુ લઇ પાછો ગયો

૪ ગ્રીસ દેશના મહાન સિકદરે (અલેકઝાન્ડરે) ઇ૦ સ૦ પૂ૦ ૩૨૭ મા પજાબના પૌરસ રાજા ઉપર ચઢાઇ કરી જીત મેળવી.

૫ સિકદરના સરદાર સેલ્યુકસે ઇ૦ સ૦ પૂ૦ ૩૧૨ માં ચદ્રગુપ્ત ઉપર ચઢાઇ કરી, પણ બન્ને વચ્ચે સધિ થઇ

૬ બાકત્રિયાના ગ્રીક લોકે ઇ૦ સ૦ પૂ૦ ૧૮૧ થી ૧૬૧ સુધી ચઢાઇ કરી પજાબનો કેટલોક ભાગ જીતી લીધો હતો

૭ શક કે સિથિયન લોકોએ ઇ૦ સ૦ ૧ થી ૧૦૦ સુધી સિધ ઉપર હુમલા કરી જબરૂ રાજ્ય સ્થાપ્યુ.

૮ ઇ૦ સ૦ ૬૩૬ મા ઉસ્માને ભરૂચ ઉપર સ્વારી કરી પણ તેમા તેની હાર થઇ

૯ ઇ૦ સ૦ ૬૫૪ મા મુસલમાનોએ સિધ ઉપર ચઢાઇ કરી પણ તેમાં તેની હાર થઇ.

૧૦ મહમદ કાસમે ઇ૦ સ૦ ૭૧૨ માં સિધ ઉપર સ્વારી કરી જીત મેળવી

૧૧ સબક્તગીને ૯૭૭ મા પંજાબ ઉપર સ્વારી કરી ત્યાંના રાજા જયપાળને હરાવ્યો

૧૨ મહમદ ગીજનીએ ૧૦૦૧ થી ૧૦૨૪ સુધી ૧૭ સ્વારી ઓ કરી ઘણો મુલક મેળવ્યો.

૧૩ મહમદ ઘોરીએ હિંદ ઉપર ૧૧૭૬ થી ૧૨૦૩ સુધીમાં ૯ સ્વારીઓ કરી ઘણો મુલક મેળવ્યો

મુસલમાની રાજ્ય પછીના પરદેશી હુમલા

૧ ઇ૦ સ૦ ૧૨૧૭ મા ચગીસખાન (જધીનખાન) અલતમશના વખતમાં સિંધુ નદી સુધી આવ્યો પણ તેને ખુશ કરવાથી પાછો ગયો

૨ મોગલોએ ૧૨૯૭ થી ૧૩૦૪ સુધીમા હિંદ ઉપર સાત હુમલા કર્યા

૩ તૈમુર ૧૩૯૮ માં મહમદ તઘલખ બીજા ઉપર સ્વારી કરી તેને હરાવ્યો

૪ બાબરે ૧૫૨૬ માં ઇબ્રાહીમ લોદીને હરાવ્યો

૫ નાદિર શાહે ૧૭૩૯ મા મહમદશાહ ઉપર ચઢાઇ કરી ઘણો પૈસો મેળવ્યો

૬ અહમદશાહ અબદલીએ ૧૭૪૮—૫૨—૫૬—૫૯—૬૧ મા હિંદ પર પાચ સ્વારીઓ કરી કેટલોક મુલક મેળવ્યો

હિંદની રાજ્ય પદ્ધતિ.

હિંદનો ઇગ્લાંડ સાથેનો સબંધ— આપણા ઉપર નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ રાજ્ય કરે છે તે વિલાયતમાં રહે છે. પહેલાં હિંદનો રાજ્ય કારભાર ઇસ્ટ ઇંડીઆ કંપની ચલાવતી હતી,

મણુ બળવા પછી ૧૮૫૮ થી મહારાણીએ કારભાર પોતાને હસ્તક લીધો છે. શહેનશાહ તરફથી હિંદનું રાજ્ય ચલાવવા વાઈસરાયની નીમણુક કરવામાં આવે છે

હિંદ ખાતેનો સેક્રેટરી—તે હિંદ ખાતાના સઘળા હુકમો વાઇસરોય તરફ મોકલે છે શહેનશાહના પ્રધાન મંડળમાંથી એકને આ કામ સોંપેલુ હોય છે એને **હિંદી પ્રધાન** કે **હિંદી વજીર** પણ કહે છે તેની ઓફીસ લંડનમાં છે તેને ઇંડીઆ ઓફીસ કહે છે વાઇસરોય, ગવર્નરો તથા તેમની કારભારી સભાના સભાસદો, હાઇકોર્ટના જડજો વગેરેની નિમણુક કરવામાં શહેનશાહને હિંદી વજીર સલાહ આપે છે વળી લડાઇની રજા આપવી બજેટ રજુ કરવુ, વાઇસરોયના બાંધેલા કાયદાની શહેનશાહ પાસેથી મંજુરી મેળવવી વગેરે કામ પણ હિંદી વજીર કરે છે

નવા સુધારા પ્રમાણે ઇંડિયા ઓફીસમાં ૮ થી ૧૨ સભાસદો ગણવાનુ ઠરાવ્યુ છે તેમાં હાલના કરતા વધુ હિંદીઓને દાખલ કરવામાં આવશે અને એ સભાસદોના પગાર દર વરસે બારસે પૌંડ મળશે હિંદી વજીરનો પગાર ઇંગ્લાંડની ત્રીજોરીમાંથી આપવાનુ ઠરાવ્યુ છે, એ ઇંડિયા ઓફીસના કામકાજના બે ભાગ પાડવામાં આવ્યા છે (૧) રાજદ્વારી અને (૨) વેપારી તથા નાણાંનો

હિંદના અંગ્રેજી મહારાજ્યના મુખ્ય બે ભાગ છે (૧) બ્રિટિશ હિંદુસ્તાન (૨) દેશી રાજ્યો બ્રિટિશ હિંદુસ્તાનના ૧૪ પ્રાંત કે ઇલાકા પાડવામાં આવ્યા છે

નામ	મુખ્ય અધિકારી	નામ	મુખ્ય અધિકારી.
૧ મુબઇ ઇલાકો	ગવર્નર	૮ મધ્ય પ્રાંત ...	ચીફ કમીશનર.
૨ મદ્રાસ ઇલાકો	,,	૯ વરાડ ..	,,
૩ બંગાળા પ્રાંત	લેફ્ટેનન્ટ ગ૦	૧૦ બ્રિટિશ બલુચીસ્તાન	,,
૪ પુર્વ બંગાળા ને આસામ	,,	૧૧ આંદામાન બેટ	,,
૫ આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો	,,	૧૨ કુર્ગ	,,
૬ પંજાબ ઇલાકો	,,	૧૩ અજમેર—મ્હેરવાડા	,,
૭ બ્રહ્મદેશ ..	,,	૧૪ વાયવ્ય સરહદનો પ્રાંત	એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ.

દેશી રાજ્યો—હિંદમાં નાનાં મોટાં મળીને ૬૮૦ દેશી રાજ્યો છે તેમાંના ૪૮૦ રાજ્યો તો ઘણાંજ નાનાં છે બાકીનાં રાજ્યોમાંના મોટા જે પ્રાંતોની અંદર આવેલાં છે તે પ્રાંતોના ઉપરી અધિકારીની દેખરેખ નીચે છે પહેલા વર્ગનાં રાજ્યો નિઝામ, મ્હેસુર, વડોદરા અને કાશ્મીર છે તે વાઇસરોયની દેખરેખ નીચે છે, તેમાં સલાહ આપવા તથા અંધાધુંધી ન ચાલે તેટલા માટે રેસીડેન્ટ રહે છે, આ ચાર રાજ્યો ઉપરાંત રજપુતાના અને મધ્ય હિંદ એજન્સી એ બે રાજ્યોના સમુહની એજન્સીઓ છે તે પણ વાઇસરોયની દેખરેખ નીચે છે તેમાં એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ રહે છે

હિંદની વડીસરકાર—હિંદમા સૌથી મોટી સરકાર ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલ છે. તેના મુખ્ય અધિકારીને વાઇસરોય અને ગવર્નર જનરલ કહે છે તેના હોદ્દાની મુદત પ

કરીને ૫ વર્ષની હોય છે તે વર્ષનો ઘણો ભાગ સીમલામા રહે છે તેને એકઝિક્યુટિવ (કારોબારી) તથા લેજીસ્લેટિવ (ધારાસભામા) એ બે કાઉન્સિલો મદદ કરે છે કારોબારી સભામા ૩ હિંદીઓ, ૩ સીવીલીયનો અને એક બેરીસ્ટર મળી કુલ સાત કે તેથી વધારે સભાસદો નીમાશે હવે હિંદી ધારા મડળના બે ભાગ પડયા છે (૧) ધારાસભા (૨) રાજસભા (કાઉન્સિલ ઓફ સ્ટેટ) ધારાસભા (કાયદા બાંધનારી સભા) ૧૪૦ સભાસદોની બનશે તેમાથી ૧૦૦ સભાસદો લોકો તરફથી ચુટાશે અને બાકીના ૪૦ પૈકી ઓછામાં ઓછા ૧૪ બીન અમલદાર સભાસદો અને વધારેમાં વધારે ૨૬ અધિકારી વર્ગના રહેશે. બાજી રાજસભા એ ધારાસભામાં પસાર થએલા કાયદાને ફરીથી તપાસવા અને વિચારવા સારૂ રાખવામાં આવી છે તેમાં ૬૦ સભાસદો રહેશે તે પૈકી ૨૦ અધિકારી વર્ગના નીમાશે, અને બાકીના બીન અમલદાર સભ્યોમાથી થોડાક નીમાશે અને ઘણાક લોકો તરફથી ચુટાશે હિંદી ધારાસભાનો પ્રમુખ પહેલાં ૪ વર્ષ માટે વાઇસરોય સભાસદોમાંથી કોઇને નીમશે અને તે પછી પ્રમુખને તેમજ ઉપપ્રમુખ તો વાઇસરોય નીમાશે.

હિંદી સરકારનાં કામ—(૧) લશ્કર અને નૌકા સબધી (૨) પરરાજ્યો અને દેશી રાજ્યો સાથે સબધ (૩) પ્રાતના કાયદાથી જે નાની રેલવેઓ બાધવામાં આવે તે અને મ્યુનિસિપાલ હદની અંદરની ટ્રામ્વે સિવાયની બધી રેલવે અને ટ્રામ્વે (૪) વહાણ, દીવાદાંડી વગેરે (૫) મોટા બદરો (૬) તાર ને ટપાલ (૭) જકાત આવક વેરો, મીઠું, સ્ટેપ વગેરે (૮) ચલણી નોટ અને સિક્કા (૯) લોનખાતુ, (૧૦) સેવિંગ બેંક (૧૧) હિસાબનું અને ઓડિટ ખાતુ (૧૨) દિવાની કાયદા (૧૩) વેપારી કંપનીઓ (૧૪) ગ્યાસતેલ અને

દારૂનો સામાન (૧૫) ખાણો (૧૬) નવી સોધ અને કોપીરાઇટ (૧૭) પરદેશ ગમન વગેરે (૧૮) ફોજદારી કાયદો (૧૯) મધ્યસ્થ પોલીસ ખાતુ અને રેલવે પોલીસ (૨૦) હથિયાર (૨૧) વિજ્ઞાનની મધ્યસ્થ સસ્થાઓ (૨૨) આખા હિદના ખાતાના ઉપરી અમલદારો (૨૩) પ્રાંતોને ન સોપ્યા હોય તે બધા ખાતા

ઇલાકેદાર કે પ્રાંતીક સરકાર—વડી સરકારના હાથ નીચે જુદા જુદા પ્રાંતોમા જે અધિકારી મડળ કારભાર ચલાવે છે તેને પ્રાંતિક સરકાર કહે છે.

હાલમા મુબઇ, મદ્રાસ અને બગાળાના ઉપરીનેજ ગવર્નર કહેવામા આવે છે અને બીજા પ્રાંતોના ઉપરીને લેફ્ટેનન્ટ ગવનર કે કમિશનર કહેવામા આવે છે તેને બદલે હવે નવા સુધારા પ્રમાણે બધા પ્રાંતોના ઉપરીને ગવર્નર કહેવામાં આવશે, પરતુ મુબાઇ, મદ્રાસ ને બગાળા ઇલાકા કહેવાશે તેને મદદ કરવા વોઇસરોયની માફક કારોબારી અને ધારાસભા એમ બે કાઉન્સિલો રાખી છે. (૧) કારોબારી સભામાં ગવર્નર અને બે સભાસદો રહેશે અને તે બેમાથી એક સવીલીયન તથા એક હિદીની નીમણુક થશે, અને વધારેની જરૂર પડશે તો બે બે કરવામા આવશે (૨) ધારાસભામાં લગભગ ૧૧૧ સભાસદો રહેશે. તેમાથી ઓછામાં ઓછા ૭૦ ટકા સભાસદો પ્રજાના ચુટાશે અને બાકીના ૩૦ ટકામાથી ૨૦ ટકા જેટલા અધિકારી વર્ગમાથી અને ૧૦ ટકા બીન અધિકારી વર્ગમાંથી નીમાશે

વળી પ્રધાનો પણ એ ચુટી કઢાએલા સભાસદોમાથી નીમાશે. તેમનો પગાર કારોબારી સભાનો સભાસદો જેટલો રહેશે. એમને કેટલાક ખાતા સોપવામાં આવશે તથા બાકીના અનામત રહેશે

ખાતાનું કામકાજ ગવર્નર ઇનકાઉન્સિલ તરફથી થશે, વળી ધીમે ધીમે પ્રજાકીય પ્રધાનોને સોંપાએલા ખાતામાં વધારો કરવામાં આવશે. આ ધારાસભાનો પ્રમુખ પહેલાં ૪ વર્ષ માટે ગવર્નર નીમશે અને ઉપપ્રમુખ તો પહેલેથીજ સભા નીમશે

પ્રધાનોને સોંપવાનાં ખાતા—(૧) સ્થાનિક સ્વરાજ્ય (૨) વૈદક ખાતુ (૩) જાહેર આરોગ્ય (૪) યુરોપીયનો અને રાજાઓની સંસ્થાઓ તથા બનારસ હિંદી યુનીવર્સીટી સિવાયનું આખું કેળવણી ખાતુ (૫) જાહેર બાંધકામ (૬) ખેતીવાડી (૭) સહકારી ખાતુ (૮) જંગલ ખાતુ (મુંબઇ ઇલાકામાંજ) (૯) આબકારી (૧૦) દેવસ્થાનો અને ધર્માદા ફંડ (૧૧) ઉદ્યોગની ખીલવણી (૧૨) સંગ્રહસ્થાન.

સ્વાધીન ખાતાં—(૧) નહેરો (૨) મહેસુલ (૩) દુકાળ નિવારણ (૪) જંગલ ખાતુ (મુંબાઇ સિવાયના પ્રાંતોમાં (૫) ન્યાય ખાતુ (૬) કારખાના વીજળી ગેસ વગેરે (૭) નાના બંદરો (૮) પોલીસ (૯) વર્તમાનપત્રો અને છાપાનો અંકુશ (૧૦) કેદખાનાં (૧૧) મતાધિકાર અને ચુંટણી (૧૨) પ્રાંતનું લોન ખાતુ

જીલ્લા—પ્રાંતોના જીલ્લામાં વિભાગ પાડવામાં આવ્યા છે જે જીલ્લામાં ઠેરવેલા કાયદા કાનુન પ્રમાણે અમલ ચલાવવામાં આવે તે "રેગ્યુલેશન ડિસ્ટ્રીક્ટ" કહેવાય છે એનો ઉપરી અમલદાર મેજીસ્ટ્રેટ અને કલેકટર છે જે જીલ્લામાં લોકો પછાત હોવાથી કાયદાને વળગી ન રહેતાં વિવેક બુદ્ધિથી વર્તવા છુટ હોય છે તેને "નોન રેગ્યુલેશન ડિસ્ટ્રીક્ટ" કહે છે. તેના ઉપરી ડેપ્યુટી કમિશનર કહેવાય છે સલામતી રાખવી, મહેસુલ એકઠું કરવું કેળવણી આપવી તથા બાંધકામ

તીજોરી, પોલીસ અને મ્યુનિસિપાલિટિ વગેરે ખાતાની દેખરેખ કલેકટર રાખે છે આ સિવાય મેજીસ્ટ્રેટ તરીકે ચોરી, મારામારી વગેરેના કેસ પણ ચુકાવે છે તેના હાથ નીચે અસિ૦ કલેક્ટર તથા ડેપ્યુટી કલકટર તાલુકાના દેખરેખ રાખવા નીમેલા હોય છે આ સિવાય જજ, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, વડો ઇજનેર અને સિવિલ-સર્જન પણ મોટા અમલદારો છે,

પ્રાતો—જીલ્લા ભેગા કરીને પ્રાતો બનાવેલા છે તેના ઉપરી અમલદારને કમિશનર કહે છે તે કલેકટરના કામ ઉપર દેખરેખ રાખે છે કમિશનરોને પ્રાંતિક સરકાર સાથે સબધ છે મુબઇ ઇલાકામા સિધ ઉત્તર વિભાગ મધ્ય વિભાગ અને દક્ષિણ વિભાગ એવા ચાર વિભાગ છે તેમા સિધપ્રાત 'નોન રેગ્યુલેશન' નોન રેગ્યુલેશન ડિસ્ટ્રિકટ' હતે

તાલુકા—જીલ્લાના પેટામાં તાલુકા છે તેમા મુખ્ય અમલદાર મામલતદાર હોય છે તે મેજીસ્ટ્રેટ તથા મહેસુલનું કામ કરે છે. આ સિવાય મુન્સફ ફોજદાર, ઓવરશીયર અને દાક્તર વગેરે તાલુકાના બીજા અમલદારો છે

લોકલબોર્ડ—જીલ્લાનાં બાધ કામ, નિશાળો વગેરેનાં કામ કરવા કલેકટરની દેખરેખથી પ્રેસીડેન્ટના પ્રમુખપણા નીચે જે સભા હોય છે તેને લોકલબોર્ડ કહે છે તેને મદદ કરવા દરેક તાલુકામા એકેક તાલુકાબોર્ડ હોય છે લોકલબોર્ડ સભાનો પ્રમુખ ગમે તેને નીમી શકાય છે

મ્યુનિસિપાલીટી—જીલ્લાના મોટા શહેરોમાં બાધકામ, નિશાળો, દવાખનાં, હવા અજવાળુ વગેરેનાં કામકાજ કલેકટરની દેખરેખ

નીચે પ્રેસિડેન્ટના પ્રમુખપણાથી મેમ્બરોની જે સભા કરે છે તેને મ્યુનિસિપાલીટી કહે છે તેને મદદ કરવા માટે બીજી સબકમિટીઓ સ્કુલબોર્ડ મેનેજીંગ બોર્ડ, પબ્લીક વર્કસ બોર્ડ, ફાઈનાન્સ અને સેનેટરી બોર્ડ હોય છે નાની મ્યુનિસિપાલીટીઓમાં સરકાર તરફથી ચીફ ઓફીસર અને મોટીમાં કમિશનર રાખવા પડે છે

લોકલબોર્ડ ને મ્યુનિસિપાલીટીમાં ફેર—લોકલબોર્ડની ઉપજ ખેડુતો પાસેથી મહેસુલમાં રૂપીએ એક આનો લોકલફંડ લેવાય છે તેમાંથી થાય છે અને મ્યુનિસિપાલીટીની ઉપજ શહેરના લોકો પાસેથી ઘરવેરો, જકાતવેરો, પાણીવેરો, નાકાવેરો તથા વ્હીલટેક્સ માંથી થાય છે લોકલબોર્ડ જીલ્લામાં એક હોય છે અને મ્યુનિસિપાલીટી જીલ્લાના બધા મોટા શહેરોમાં હોય છે

ગામડું—ગામડામાં પોલીસ પટેલ (મુખી) અને તલાટી હોય છે તેઓ મહેસુલ ઉઘરાવવા તથા ફોજદારી વગેરે બીજા કામોમાં તાલુકાના અમલદારોને મદદ કરે છે

આ પ્રમાણે અંગ્રેજ સરકારની ઉત્તમ રાજ્યનીતિથી એક નાના ગામડાનો સબંધ ઠેઠ વડી સરકાર સુધી છે, તેથી રૈયત ગતમાં દિવસ નિર્ગમન કરે છે

હિંદુસ્તાનની ઉપજ—બ્રિટિશ હિંદની ઉપજ આશરે ૧૨૭ કરોડ રૂપીઆની છે તેમાં ચોથો ભાગ મહેસુલની ચોથા ભાગ કરતાં વધારે રેલ્વેની અને બાકીની મીઠું, અફીણ, જકાત, આબકારીખાતું, પોસ્ટઓફીસ, ટેલિગ્રાફ વગેરે ખાતામાંથી મળે છે

ખર્ચ—ઉપજનો ચોથો ભાગ લશ્કરી ખાતામાં ચોથો ભાગ રેલ્વે, ચોથો ભાગ કચેરી અમલદારોના પગારમાં અને બાકીનો

ચોથો ભાગ ઇરિગેશન પબ્લીકવર્કસ, પોષ્ટ ઓફીસ, વ્યાજ, વગેરેના સામાન્ય ખર્ચમાં જાય છે

લશ્કર—હિંદમાં અંગ્રેજી તથા દેશી મળી આશરે સવા બે લાખ માણસનું લશ્કર છે આ ઉપરાંત દેશી રાજાઓ પણ ૧૫૦૦૦ માણસનું છે અને ૧૨૦૦૦ માણસ રાજીખુશીથી લશ્કરી કેળવણી લે છે

— ✻ —

સંક્ષિપ્ત જીવન ચરિત્રો.

અહલ્યાબાઈ—એ ખંડેરાવ હોલ્કરની વિધવા સ્ત્રી હતી પોતે બાળ વિધવા છતાં પવિત્ર અને ધાર્મિક હતી તેણે ઠેકઠેકાણે બંધાવેલાં પવિત્ર ધર્મક્ષેત્રો તેની પવિત્રતા દર્શાવે છે તેણે ઇંદોરનું રાજ્ય હિંમત, ન્યાય અને નિતિથી ચલાવી રૈયતને ઘણું સુખ આપ્યું તેથી તેણે રૈયતનો પ્રેમ સંપાદન કર્યો તેણે પ્રજાને પુત્ર તરીકે પાળ્યાથી તેના મરણ પછી તે દેવી તરીકે પુજાય છે એણે પસંદ કરેલો સેનાપતિ તુકાજી પણ અનુભવી ને બહાદુર હતો તે બાઇ ભણેલી, સદ્ગુણી, દયાળુ અને હિંમતવાન હતી હાલનું સોમનાથનું દહેરૂં એણે બંધાવ્યું હતું એ ૧૭૯૫ માં ૬૦ વરસની ઉંમરે દેવલોક પામી

મહાદજી સિંધીઆ—જયાજીના મરણ પામવાથી તેનો ભાઇ મહાદજી ૧૭૬૧ માં ગાદીએ આવ્યો તેણે સઘળા રજપુત રાજાઓ પાસેથી ચોથ લીધી ત્યાર પછી દિલ્હી જઇ શાહઆલમને દિલ્હીની ગાદીએ બેસાડયો અને રાજકેદીની સ્થિતિમાં રાખી તેને નામે જુના દિલ્હીના રાજ્ય ઉપર અમલ કર્યો પણ આ સિંધીઆને

કેટલાક કામ પ્રસગે ગ્વાલિઅર જવુ પડયુ ત્યારે રોહિલખંડનો સરદાર કાદર દિલ્હી પર ચઢી આવ્યો અને મ્હેલ લુંટી તેણે શાહ આલમની આંખો ફોડી નાખી આ ખબર સાંભળી મહાદજીએ આવી કાદરને મારી નાખ્યો સાલબાઇની સલાહ આ સિંધીઆના મદદગારપણાથી થઇ હતી તે ચતુર, શૂરો અને પેશ્વાને ધિક્કારતો હતો, તેનુ ૧૭૯૪ મા મરણ થવાથી પેશ્વાનો ભય શાંત થયો.

નેપોલીઅન બોનાપાર્ટ—એ ફ્રાન્સમાં એક મધ્યમ વર્ગનો પુરૂષ હતો, તેણે પોતાના પરાક્રમથી શહેનશાહની પદવી મેળવી અને આખા યુરોપખંડને ધ્રુજાવી મુક્યો તેની પાસે ઘણુ લશ્કર હતું ટીપુએ મ્હેસુર ચોથા વિગ્રહમા તેની મદદ માગી હતી તેને અંગ્રેજ સરદાર આર્થર વેલેસ્લીએ તથા જર્મનોએ ૧૮૧૫ મા વૉટર્લુ આગળ હરાવી સેંટહેલીનામા કેદ કર્યો. તે ત્યા ૧૮૨૧ મા મરી ગયો અને તેનુ મુડદુ ૧૮૪૦ મા પારીસ લઇ જવામા આવ્યુ હતુ.

નાદિરશાહ—તે ઇરાનનો રાજા હતો તેણે દિલ્હીના મહમદ શાહ ઉપર ચઢાઇ કરી મયુરાસન વગેરે ૩૦-૩૩ કરોડનો માલ લઇ ગયો આ પૈસામાંથી તેણે દરેક સિપાઇને ત્રણ માસનો પગાર બક્ષીસ કર્યો તથા ઇરાનના લોકો પાસેથી ૧ વર્ષ સુધી કર લીધો નહિ આના સપૂર્ણ હકીકત માટે પૃષ્ટ ૧૨૨ મુ વાચો

નાના ફડનવીસ (જનાર્દન ભાનુ)—તેનો જન્મ ૧૭૪૧ માં થયો હતો, તે ૧૭૬૧ મા પાણીપતના મેદાનમાંથી મરતો મરતો મહામુશીબતે બચ્યો હતો તેને માધવરાવ પેશ્વાએ પોતાનો કારભારી બનાવ્યો હતો નારાયણરાવ પેશ્વાને મારનારો તે રાઘોબાની સામે થયો અને તરત જ માધવરાવને ગાદી અપાવી (મરેઠી ૧ લો વિગ્રહ) મા-

ચાહી રાજ્યની પડતી અટકાવવા પ્રયત્ન કરનાર માત્ર આજ ચતુર પુરૂષ હતો. વળી રાજનીતિજ્ઞ તરીકે મરેઠામાં એ છેલ્લો પુરૂષ હતો મરાઠી રાજ્યનું ઐક્ય અને સ્વતંત્રતા જાળવી રાખવા તેણે ઘણી મહેનત કરી તેના દુશ્મન માન આપી મરાઠાઓએ ૧૭૯૫ માં નિઝામ ને કુર્ડલા આગળ હરાવ્યો હતો તેનું ૫૯ વર્ષની ઉમરે ૧૮૦૦ મા મરણ થયુ

અમીચંદ—તે અંગ્રેજોનો દલાલ હતો ક્લાઇવે મીરજાફરને ગાદી અપાવવા કાવતરૂં રચ્યું તે વાત અમીચંદના જાણવામાં આવી હતી તેને મીરજાફર જેટલી રકમ આપે તેના ઉપર ૫ ટકા દલાલીના આપવા એવી શરત કરી આવી રીતે ગણતા તેના ૩૦ લાખ રૂપીઆ થતા હતા તેથી ક્લાઇવે એ રૂપીઆ આપવા ન પડે માટે બે લેખ બનાવ્યા તેમાંનો એક લેખ ખોટો હતો જેમાં અમીચંદને આપવાની રકમ લખી નહોતી આ ખોટા લેખ ઉપર ક્લાઇવે વૉટસન નેવીરેન્ટની જુઠી સહી કરી પછી જ્યારે મીરજાફરે નવાબ થઇ પૈસા વહેંચવા માંડયા ત્યારે અમીચંદે દલાલીના ત્રીસ લાખ રૂપીઆ માગ્યા, પણ ક્લાઇવે ખોટો લેખ બતાવી આપ્યા નહિ માટે તે ગાડો થઇ મરણ પામ્યો

મેધાસ્થિનિસ—એણે મૌર્યવંશ વખતની એટલે ઇ૦ સ૦ પૂ ૩૦ મા હિંદની હાલત લખી છે (જુઓ પૃષ્ટ ૩૪)

ચાંદબીબી—એ આદલશાહી વંશના બિજાપુરના રાજા અલિ આદિલની વિધવા રાણી અને અહમદનગરના નિઝામશાહની કુંવરી હતી જ્યારે તેના પિતાના અહમદનગરના રાજ્યને મુરાદે ઘેરો ઘાલ્યો ત્યારે ત્યાં કોઈ નહિ હોવાથી ચાંદબીબીએ આવી લશ્કરની આગેવાની લીધી તેણે જાતે બખ્તર પહેરીને તરવાર લઈ દુશ્મનોને

પાછા હઠાવ્યા અને કિલ્લામા પડેલુ બાકોરૂં પુરાવ્યુ પછી વિજાપુરનો રાજા મદદે આવે છે એમ સાભળી મુરારે વરાડ પ્રાન્ત લઇ સલાહ કરી થોડા વખત પછી આ બહાદુર રાણીને કેટલાક બળવાખોરે મારી નાખી તેના જેવી બીજી કોઇ મુસલમાન સ્ત્રી બહાદુર થઇ નથી પોતે જુવાનીમાં વિધવા થયા છતાં શીયળ સાચવી બહાદુરીથી પોતાના રાજ્યનું રક્ષણ કર્યું

આર્થર વેલેસ્લી—માર્કવિસ વેલેસ્લીનો ભાઇ આર્થર વેલેસ્લી ૧૭૯૭ માં ૨૮ વર્ષની ઉમ્મરે હિંદના લશ્કરી ખાતામાં આવ્યો હતો તેણે ૮ વર્ષ રહીને સેનાપતિ તથા રાજકર્તા તરીકે અસાધારણ શકિત બતાવી અને અમર નામના મેળવી છે તેણે મરાઠી બીજા વિગ્રહમા અસાઇ આગળ સિંધીઆ તથા ભોસલાને હરાવી તેણે ૯૮ તોપો લઈ લીધી વળી ટીપુના મરણ પછી મૈસુરની ગાદીએ કૃષ્ણ રાજાનો રક્ષક નીમાયો તે વખતે તેણે લુટફાટ બંધ પાડી દેશને આબાદ કર્યો તેનામાં ફરજ બજાવવાની તથા રૈયતને માટે ઘણી લાગણી હતી તે ૧૮૦૫ માં ઇંગ્લાંડ ગયો અને ૧૮૧૫ મા વોટર્લુ આગળ નેપોલીઅનને હરાવી ઘણું માન પામ્યો પછી ડયુક ઓફ વેલિંગ્ટનની પદવી પામી ઇંગ્લાંડનો મુખ્ય પ્રધાન થયો, તે ૧૮૫૪ માં ગુજરી ગયો.

સર આયર કૂટ—એ અંગ્રેજ સરદાર ૧૭૫૯ માં હિંદમાં આવ્યો હતો તેણે ૧૭૬૦ મા વૉંડિવૉસ આગળ ફ્રેન્ચોને ભારે હાર ખવડાવી તથા પાંડિચેરી ૧૭૬૧ મા લીધુ વળી મ્હૈસુર બીજા વિગ્રહમા ૧૭૮૧ મા પોર્ટોનોવો પોલીપોર બીજી અને સોલીંગર આગળ તથા ૧૭૮૨ માં આર્ણી આગળ હૈદરને હરાવ્યો. એનાપર દેશી લશ્કરની બહુ પ્રીતિ હતી

ड्युप्ले—એ ફ્રેન્ચ સરદાર ૧૭૩૧ માં હિંદમાં આવ્યો હતો તે સાહસિક અને ખટપટીઓ હતો તથા ૧૭૪૨ માં પાંડિચેરીનો ગવર્નર બન્યો તે અંગ્રેજોને હિંદમાંથી કાઢી મુકી પોતે રાજ્ય કરવા માગતો હતો તે પ્રથમ અંગ્રેજોનુ ૧૭૪૬ માં મદ્રાસ જીતી લીધુ અને નિઝામ તથા આર્કોટના નવાબ ચંદા સાહેબને ગાદી અપાવી ઉત્તર સરકારનો મુલક મેળવ્યો વળી ત્રણ જણાએ અન્વરૂદીનને મારી નાખ્યો, પણ અંગ્રેજ સરદાર કલાઇવ તેનુ બળ નરમ પાડયુ તેથી ફ્રેન્ચ સરકારે તેને ૧૭૫૪ માં પાછો બોલાવી લીધો દેશી લોકોને કવાયત શીખવવાની શરૂઆત એણે કરી, પણ તેનામાં યુદ્ધ કૌશલ્ય નહોતુ

લાલી—એ ફ્રેન્ચ સરદાર હતો તે ૧૭૫૮ માં હિંદમાં આવેલ હતો તેને અંગ્રેજોને હિંદમાંથી કાઢી મુકવાનો હુકમ મળ્યો હતો માટે આવતાં તરત ફોર્ટસેંટ ડેવિડ લઇ તેણે કિલ્લાનો નાશ કર્યો વળી બુસીને નિઝામ પાસેથી બોલાવી મદ્રાસ પર હુમલો કર્યો પણ ફાઈ વળ્યુ નહિ એવામાં કર્નલ કુટે ૧૭૬૦ માં વૉંડિવૉસ આગળ તેને હરાવ્યો અને ફ્રેન્ચ સત્તા નરમ પાડી ૧૭૬૧ માં તેને ફ્રેન્ચ સરકારે પાછો બોલાવી લીધો તે અવિચારી હતો

બુસી—એ ફ્રેન્ચ સરદાર હતો તેણે નિઝામ મુઝફ્ફરજંગને ગાદી અપાવી અને ઉત્તર સરકાર પ્રાંત મેળવ્યો તથા નિઝામના રાજ્યમાં પોતાની સત્તા બેસાડી એવામાં લાલીએ તેને બોલાવવાથી અંગ્રેજો સામે લડવા ગયો પણ ૧૭૬૦ માં વૉંડિવાસ આગળ હાર્યો અને ફ્રેન્ચ સત્તા નરમ થઈ

બાજીરાવ બલ્લાળ—પહેલો બાજીરાવ

લોર્ડ ગોફ (સર હુ ગોફ)—એ બહાદુર અગ્રેજ સરદાર તેણે ૧૮૦૪ માં ચીન વિગ્રહમાં ચીનના લશ્કરને હરાવ્યુ હતુ તથા ૧૮૪૩ માં સિંધીઆ વિગ્રહમા મહારાજપુર અને પનીઆર આગળ જીત મેળવી હતી, વળી શીખ પહેલા વિગ્રહમાં ૧૮૪૫ મા મુડકી ને ફિરોજ શહેર આગળ ત ૧ ૧૮૪૬ મા સોબ્રા અન આગળ શીખ લશ્કરને હરાવ્યુ હતુ અને શીખ બીજા વિગ્રહમાં ૧૮૪૯ માં ચીતીયનવાલા અને ગુજરાત આગળ ઘણી બહાદુરી બતાવી હતી

લોર્ડ લેક—એ અગ્રેજ સરદાર હતો એણે ૧૮૦૩ માં બીજા મરાઠી વિગ્રહમાં દિલ્હી ને લાસવાડી આગળ સિંધીઆને હરાવ્યો તથા મરાઠી ત્રીજા વિગ્રહમા ૧૮૦૪ મા ડીગ આગળ હોલકરને હરાવ્યો હતો પછી તેણે ૧૮૦૫ મા ભરતપુરને ઘેરો ઘાલ્યો પણ પાછળથી સલાહ કરી હતી

જનરલ હેવલોક—એ બહાદુર અગ્રેજ સરદાર હતો એણે ૧૮૫૭ ના બળવામાં નાનાસાહેબને હરાવી કાનપુર તથા લખનોર લીધાં તેથી મહારાણીએ તેને સર હેનરી હેવલૉકનો ખિતાબ તથા હજાર પૌડના વર્ષાસનનો હુકમ મોકલ્યો, પણ એવામાં તેનુ મરણ થયુ

નિકલસન—એ બહાદુર અગ્રેજ સરદાર હતો તેણે ૧૮૫૭ ના બળવામાં ઘણી બહાદુરી બતાવી છે દિલ્હીના ઘેરા વખતે નિકલસન પજાબમાં લશ્કર લઇને ગયો અને ભારે જગ મચાવ્યો નિકલસને ખાઇમાં સીડીઓ ગોઠવી પોતે પહેલો ચઢયો, એમ અદ્ભુત શૌર્ય બતાવી કાશ્મીરી દરવાજો સુરગથી તોડી તેનુ લશ્કર અદર પેઠુ એવામા તે ગોળીથી ઘવાયો પણ દિલ્હી કબજામા આવ્યાની વાત સાભળી તેણે શાંતિથી પ્રાણ ત્યાગ કર્યો

સૈયદ ભાઇઓ—એક સૈયદહુસેન બહાર પ્રાંતનો સુબો હતો અને બીજો તેનો ભાઇ સૈયદ અબદુલ્લા અલ્લાહબાદનો સુબો હતો તેણે ફરૂખશીઅર વગેરે કેટલાક મોગલ બાદશાહોને ગાદી અપાવી માટે તે 'બાદશાહ બનાવનાર' કહેવાય છે વળી તેમણે ફરૂખશીઅરને પણ મારી નાખી બીજા બે રફીયુદરજાત અને રફીયુદૌલ્લાને ગાદી અપાવી હતી આ બન્ને ભાઇઓનો મહમદશાહે નાશ કર્યો

ટીપુ—એ હૈદરનો પુત્ર હતો તેને મ્હૈસુરનો વાઘ કહેતા હતા હૈદરના મરણ પછી તેણે અંગ્રેજો સાથે ૧૮૦૪ મા મેંગલોર આગળ સલાહ કરી હતી વળી આરંગજેબની માફક લોકોને જતી પર બે મુસલમાન કરતો અને ના પાડનારને મારી નાખતો તે અંગ્રેજોને વિસારતા હતા તેણે અંગ્રેજના મિત્ર ત્રાવણકોરના રાજા ઉપર આક્રમ કરી માટે કાર્નવાલિસ તેને શીમોગા, બાંગ્લોર અને શ્રીરંગપટ્ટણ સુધીને સલાહ કરી હતી વળી અંગ્રેજોને કાઢી મુકવા નેપોલીઅનની મદદ માગતો મ્હૈસુરનો ત્રીજો વિગ્રહ શરૂ થયો તેમા હેરિસ સ્ટુઅર્ટ અને બેઅર્ડ તેને મુદ્દશીર માલવલી તથા શ્રીરંગપટ્ટણ આગળ હરાવ્યો અને છેલ્લી લડાઇમા દરવાજા આગળ લડતાં ટીપુ મરાયો

સર ચાર્લ્સ નેપિઅર—તે અંગ્રેજ સરદાર હતો સિંધના અમીરોએ જ્યારે અંગ્રેજ રેસિડેન્ટ ઔટ્રમ ઉપર હુમલો કર્યો ત્યારે નેપિઅરે ૩૦૦૦ માણસનુ લશ્કર લઇ હૈદ્રાબાદ ને મિયાની આગળ ૧૮૪૩ મા અમીરોને હરાવ્યા હતા

સર જૉન માલ્કમ—એ પ્રખ્યાત અંગ્રેજ અમલદાર હતો. તેણે ૧૭૯૨ માં શ્રીરંગપટ્ટણના ઘેરામાં પ્રથમ બહાદુરી બતાવી હતી અને ૧૮૦૩ મા બીજા મરાઠા વિગ્રહમા મદદ કરી સિંધીઆ તથા

બે સત્તા સાથે સલાહ કરી હતી વળી ૧૮૧૭ માં મહિદપુર આગળ હોલ્કરના લશ્કરને હરાવ્યું તથા બાજીરાવ પેશ્વા ૧૮૧૮ માં એને શરણે ગયો ત્યારે માલ્કમે તેને ૮ લાખનું વર્ષાસન આપી બીઠુરમાં રાખ્યો હતો તે ૧૮૨૭ માં મુંબઈનો ગવર્નર બની વિલાયતથી પાછો આવ્યો હતો. એ વિદ્વાન લેખક પણ હતો.

કેટલીક જાણવા જોગ બીના.

ચોથ—એટલે ઉપજનો ચોથો ભાગ આપવાનો કરાર દિલ્હીના બાદશાહ નબળા થવાથી સૈયદહુસેને (બાદશાહ બનાવનાર) બાલાજી-રાવ પેશ્વાની મદદ માગી એ મદદના બદલામાં સૈયદહુસેને મહમદશાહ પાસેથી પેશ્વાને દક્ષિણની ચોથ ઉઘરાવવાનો હક અપાવ્યો હતો પછીથી બાજીરાવે અહમદશાહ પાસેથી આખા હિંદમાંથી **ચોથ** ઉઘરાવવાની મંજુરી મેળવી હતી.

સરદેશમુખી—એટલે ઉપજનો દશમો ભાગ આપવાનો કરાર આ કરાર પણ સૈયદહુસેને મદદ બદલ બાલાજીરાવ પેશ્વાને અપાવ્યો હતો

મરાઠા ખાઈ—રાઘોબા મરાઠાના હુમલાથી બચવાને અલીવર્દીખાને અંગ્રેજને કલકત્તાની આસપાસ આ ખાઈ ખોદવાની પરવાનગી આપી તે ખાઈ આજે પણ કલકત્તામાં 'મરાઠા ખાઈ' નામે ઓળખાય છે

કલાઇવની જાગીર—અંગ્રેજોએ મીરજાફરને ગાદી અપાવી તે બદલ તેણે કંપનીને ૨૪ પરગણાનો મુલક આપ્યો હતો આ મુલક બે વર્ષ પછી કંપનીએ કલાઇવને બક્ષીસ કર્યો તેથી તે કલા-

જીવની જાગીર કહેવાય તેના જીવતા સુધી આ જાગીરનો હક તેને આપ્યો હતો.

લીબરલ અને કોન્ઝરવેટિવ—ઈંગ્લાંડની પાર્લામેન્ટમાં બે પક્ષ છે તેમાં પ્રજાહિત માટે મથન કરનારને લીબરલ, અને રાજ્યહિત સાચવનાર પક્ષને કોન્ઝરવેટિવ (ટોરી) કહે છે

જજીઆ— આ કર જે લોકો મુસલમાનોને તાબે થઇ મુસલમાની ધર્મ સ્વીકારતા નહિ તેમની પાસેથી પહેલાના આરબોએ લેવાની શરૂઆત કરી હતી પછીના મુસલમાન રાજાઓએ તે લેવાનો જારી રાખ્યો અને ઉપજનું સાધન ગણવા લાગ્યા એને અકબરે બંધ કર્યો હતો વળી ઔરંગજેબના વખતથી ફરી ચાલુ કરવામાં આવ્યો હતો. આ વેરો ફરૂખશીઅર પાદશાહના મરણ પછી બંધ કરવામાં આવ્યો

હિંદના ઇતિહાસની પ્રખ્યાત લડાઇઓ—આર્કોટ, પ્લાસી, વાડિવૉસ અને ચિલિયનવાલા, આ લડાઇઓનું પરિણામ જો વિપરીત આવ્યુ હોત તો તેની અસર દેશના ઇતિહાસ ઉપર થાત

રોહિલા—આ અફઘાન જાતના લોકો રોહિલખંડમાં રહેતા હતા તેઓ ઘાતકી, જંગલી અને હિંદુઓ ઉપર જુલમ કરતા તથા અયોધ્યાના નવાબને બહુ પજવતા હતા, માટે નવાબે હેસ્ટિંગ્સની મદદ માગી, હેસ્ટિંગ્સે તે બદલ ૪૦ લાખ રૂપીઆ લઇ રોહિલાને હરાવી નસાડયા અને માજી રાજકર્ત્તાના છોકરાને તે મુલકનો નવાબ બનાવ્યો. તેના વંશજો આજે રામપોરના નવાબ કહેવાય છે.

હલદીઘાટની લડાઇ—૧૫૭૬ આંબેરના રાજા અને અકબરના સરદાર માનસિંહનો પ્રતાપસિંહે તિરસ્કાર કર્યો અને કહ્યું

કે તુર્કને કન્યા આપનાર સાથે હું જમતો નથી આ અપમાનથી ક્રોધે ભરાઈ અકબરે સલીમ તથા માનસિંહને લશ્કર આપી મેવાડ પર મોકલ્યો બન્ને સૈન્ય વચ્ચે હલદી ઘાટના મેદાનમાં ભારે જંગ મચ્યો પ્રતાપ પાસે ૨૦ હજાર રજપુતો અને ભીલ હતા આ ભીલો પાસે હથિઆરમાં તીરકામઠા ને ગબડાવવાના મોટા પત્થર હતા. લડાઇમાં પ્રતાપે માનસિંહને બહુ ખોળ્યો પણ તે ન મળવાથી પોતાના ઘોડા ચેતકને લઇ સલીમના હાથી પાસે જઇ પહોચ્યો આ વખતે સલીમ પોતાની લોઢાની પેટીમા પેસી ગયો ન હોત તો અકબરનો વારસ નાશ પામ્યો હોત માવત મરાયો અને હાથી સલીમને લઇને નાઠો પ્રતાપે ઘણું પરાક્રમ જણાવ્યું તોપણ રજપુત સેના હારી અને પ્રતાપ ચેતક ઉપર બેસી ડુંગરમાં જતો રહ્યો ચેતકનો તંગ છોડતાં તે જમીન ઉપર પડી મરી ગયો. તેની યાદગીરી માટે પ્રતાપે ચેતકનો ચબુતરો બંધાવ્યો હતો

આઇન અકબરી—અબુલફઝલે 'અકબરનામા' નામે પુસ્તક લખ્યું છે તેનો એક ભાગ આઇન અકબરી અકબરના કાયદા છે તેમા અકબરનો દરબાર, રાજ્ય કારભાર અને પાદશાહનો પૂર્ણ હેવાલ આપ્યો છે

દીવાની—એટલે સઘળા કર (વસુલાત) ઉઘરાવવાનો હક આ બંગાળા, બહાર ને ઓઢીઆની દીવાનીનો હક ૧૭૬૫ માં અલાહબાદના કોલકરારની રૂએ શાહઆલમ પાસેથી ક્લાઇવે કંપનીને અપાવ્યો હતો, તેમાંનો ઓઢીઆ પ્રાંત મરાઠાને કબજે હોવાથી લાંબી મુદત સુધી તે લઇ શક્યા નહિ.

જમીનદારો—કૉર્નવાલિસની વાત જુઓ.

હિંદમા બ્રિટિશ રાજ્યની ઇમારત ચણનાર—લોર્ડ ક્લાઇવ, માર્કવિસ વેલેસ્લી લોર્ડ હેસ્ટિંગ્સ અને છેલ્લો ડલહાઉસી હતો

હિંદનો નવો નકશો રચ્યો—માર્કવિસ વેલેસ્લી, લોર્ડ હેસ્ટિંગ્સ અને ડલહાઉસીએ હિંદનો નવો નકશો રચ્યો એટલે હિંદમા અંગ્રેજ તાબે જે મુલક હતો તેમા નવો મુલક (ખાલસા રાજ્યો) મેળવી વધારો કર્યો, તેથી હિંદના નકશામા અંગ્રેજ તાબાના મુલકમાં વધારો થવાથી દેશનો નકશો સ [illegible] નવો નકશો થયો

ક્લાઇવ પછીનું બ્રિટિશ હિંદ—મદ્રાસ, ફોર્ટસેંટ ડેવિડ, મુંબઇ, કલકત્તા ૨૪ પરગણાનો મુલક (ક્લાઇવની જાગીર) ઉત્તર સરકાર, બરદ્વાન, ચિતાગાંગ, મેદનીપુર, બંગાળા, બહાર અને ઓઢીઆ અંગ્રેજોએ મેળવ્યા

કાર્નવાલિસના વખતનું બ્રિટિશ હિંદ—૧૭૯૨ ક્લાઇવ પછીના બ્રિટિશ હિંદ કરતા સેલમ મદુરા ને મલબાર વધ્યા

માર્કવિસ વેલેસ્લીના વખતનું બ્રિટિશ હિંદ—૧૭૯૯ કોર્નવાલિસના સમયમા બ્રિટિશ હિંદ કરતા વધારામા—કાનડા, કોઇમ્બતુર, બલારી, કડપા, તાંજોર ને કર્ણાટક મળી મદ્રાસ ઇલાકો પૂર્ણ સીમાએ પહોચ્યો અને ગંગા ને જમનાનો દુઆબ મેળવી વાયવ્ય પ્રાંતોની શરૂઆત કરી તથા વસાઇની સલાહથી થોડો મુલક મેળવી મુંબઇ ઇલાકાની શરૂઆત કરી

લાર્ડ હેસ્ટિંગ્સના સમયનું બ્રિટિશ હિંદ—૧૮૨૩ માં માર્કવિસ વેલેસ્લીના સમયમાં બ્રિટિશ હિંદ કરતાં વધારામા—કમાઉન (સીમલા મસુરી ને નૈનિતાલ) તથા ગુજરાત અને મહારાષ્ટ્ર વગેરે મળવાથી મુંબઇ ઇલાકો પૂર્ણ સીમાએ પહોચ્યો.

લૉર્ડ ડલહાઉસીના સમયનુ બ્રિટિશ હિંદ—૧૮૫૬—લૉર્ડ હેસ્ટિંગ્સના સમયના બ્રિટિશ હિંદ કરતાં વધારામાં—આમ્હર્સ્ટ, આસામ, આરાકાન ને તિનાસ્સેરીમ પ્રાંત અને બેન્ટિંકે કુર્ગ ને વાયવ્ય પ્રાંત બનાવ્યા તથા એલનબરોએ સિંધ અને હાર્ડિંજે પંજાબનો સતલજ ને ગંગા વચ્ચેનો પ્રદેશ મેળવ્યો. આ ઉપરાંત ડલહાઉસિએ સતારા, પંજાબ, પેગુ, નાગપુર, ઝાંસી, વરાડ અને અયોધ્યાનો વધારો કર્યો

ડફરીનના સમયનુ બ્રિટિશ હિંદ—ડલહાઉસીના સમયના બ્રિટિશ હિંદ કરતા વધારામાં ઉપલા બ્રહ્મદેશનો વધારો થયો. એ બધું પૂર્વ તરફ પહોંચ્યું એટલે હિંદનો નકશો એ રીતે બન્યો

વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષાના સવાલો.

સ્પષ્ટીકરણ સાથે

૧૯૦૫

૧ હિંદુસ્તાનના પ્રાચીન ઇતિહાસનુ ટુંક વર્ણન આપો તથા કયા કયા પરદેશી વિજયી પુરુષો આ દેશપર જુદે જુદે વખતે ચઢી આવ્યા તે લખો. પૃ–૧૮ થી ૨૫ તથા ૨૩૩

૨ નીચે લખેલા નામો વિષે તમે શું જાણો છો
આઇનઅકબરી, જજીઆ, ચોથ, જમીનદારો, રૈયતવારી, સરદેશમુખી, રેગ્યુલેટીંગ એક્ટ, પિંઢારા પૃ૦–૨૫૧, ૫૪, ૨૪૯ ૧૬૩, ૧૫૯, ૧૭૦

૩ લોર્ડ ડલહાઉસી તથા વિલિયમ બેન્ટિંક એમણે શા શા સંસારિક તેમજ રાજકીય સુધારા કર્યા તે લખો પૃ ૧ ૨, ૧૩૩

૪ ચંદ્રગુપ્ત, વિક્રમ, કુમારિલભટ્ટ, લૉડ ગોફ અને ચાંદબીબીનાં ટુંક વૃત્તાંત લખો પાન ૪૦, ૪૩, ૪૭, ૮૪ ૨૪૭

૫ ઇલાકાની રાજ્યપદ્ધતિનું તંત્ર કયા ધોરણપર ચાલે છે તેની ટુંક હકીકત લખો પૃ-૨૩૮

૬ હિંદ સાથે વપાર કરવાને ઇંગ્લાંડમાં પ્રથમ કંપની કયારે સ્થાપાઇ, કંપનીના મુખ્ય અધીકારીઓ કયા નામથી ઓળખાતા હતા, અને કંપની પાસેથી સત્તા પાર્લામેન્ટ પાસ કયારે અને શા કારણથી ગઇ ? જ ૧૬૦૦ માં સ્થપાઇ પૃ-૧૪૦ થી ૧૫૮ તથા સત્તા ૧૮૫૮ માં ગઇ જુઓ પૃ-૧૮૧

૧૮૭૬

૧ આર્ય લોક તથા તેમના ધર્મ વિષે જે જાણતા હો તે લખો. પૃ-૯

૨ અકબર તથા ઔરંગઝેબ, શિવાજી તથા હૈદર એઓની ચાલચલગત સરખાઓ પૃ૦ ૨૨૩, ૨૨૫

૩ " લોર્ડ વેલેસ્લીએ હિંદુસ્તાનનો નકશો રચ્યો " આ વાક્યનું સ્પષ્ટીકરણ દાખલા સહિત કરો પૃ-૧૬૭

૪ હિંદુસ્તાનમાં પરદેશી રાજાઓ વેપાર અર્થે આવ્યા તેનું ટુંકમાં વર્ણન કરો તેમાંથી કઇ પ્રજામે હિંદમાં રાજ્ય સ્થાપવાને હરિફાઇ કરી અને તેમાંથી કઇ પ્રજા નિષ્ફળ ગઇ તે કારણ સહિત લખો જ-પાન ૧૪૦ થી ૧૪૨ તથા રાજ્ય સ્થાપવાને અંગ્રેજ અને ફ્રેન્ચોએ હરિફાઇ કરી તેમાં ફ્રેન્ચ પ્રજા નિષ્ફળ થઇ તેનું કારણ પૃ-૧૫૦

૫ મોગલ રાજ્ય તથા મરાઠી રાજ્યનાં પડતીના કારણ લખો પૃ૦ ૨૩૦, ૨૩૨

૬ ગુજરાતમાં અણહિલપુર પાટણની ગાદીનો નાશ થયા પછી તે અંગ્રેજના હાથમાં આવ્યું તે વચગાળેના વખતના તેની ઇતિહાસની ટુંક નોંધ આપો

જ૦—ગુજરાતમા મૂળ રજપુત રાજ્ય હતુ તે કરણઘેલા પાસેથી અલાઉદ્દીન ખીલજીએ જીતી લીધુ ત્યાર બાદ દિલ્હીથી સુબા નીમાતા, તે પાટણમા રહીને રાજ્ય વહીવટ ચલાવતા પણ દિલ્હીના રાજાઓ નમળા પડયા ત્યારે સુબાઓએ સ્વતંત્ર સલ્તનત સ્થાપી. અને અહમદશાહે અમદાવાદ વસાવી રાજ્યધાની ઠરાવી કેટલાક વર્ષ આમ ચાલ્યા પછી અકબરે ૧૫૭૩ માં મુજફરશાહ ત્રીજા પાસેથી ગુજરાત જીતી લઇ દિલ્હીના રાજ્યમાં જોડી દીધુ અને ફરીથી દિલ્હીથી સુબાઓ આવી રાજ્ય વહીવટ કરવા લાગ્યા, પણ દિલ્હીના રાજાઓ નમળા પડયા અને મરાઠી સત્તા જોરપર આવી ત્યારે ગાયકવાડે ગુજરાત તાબે કર્યું આખરે અંગ્રેજે ૧૮૧૮ મા પેશ્વા પાસેથી જીતી લઇ કબજે કર્યું

૭ નચેના પુરૂષો તથા બનાવો વિષે ટુંક નોંધ લખો

મરાઠી ચોથો વિગ્રહ, ડુપ્લે, અહલ્યાબાઇ, મહાદજી સિંધીઆ, બીજો શીખ વિગ્રહ પૃ૦ ૨૦ ૨૪૬, ૨૪૨, ૨૧૨

૧૯૦૭

૧ બુદ્ધ ધર્મનો સ્થાપનાર કોણ હતો તથા તેની ચઢતી અને પડતી વિષે જે જાણતા હો તે લખો.

જ—ગૌતમ બુદ્ધ તથા પૃ૦ ૩૦

૨ વિક્રમાદિત્ય, જયચંદ રાઠોડ આર્થર વેલેસ્લી અને સર ચાર્લસ નેપીર એઓનાં ટુંકાં જીવન ચરિત્રો આપો પૃ૦ ૪૩, ૬૦, ૨૪૬, ૬૯૮.

૩ અકબરના વખતની જમાબંધની રીત વિષે જે જાણુતા હો તે લખો અને તેને હાલની જમાબંધની રીત સાથે સરખાવો. પૃ૦ ૧૦૪

૪ લોર્ડ ક્લાઇવના સુધારા વિષે જે જાણતા હો તે લખો લોર્ડ વિલિયમ બેન્ટિકે લોકોપયોગી કયા સુધારા કર્યા પૃ ૧૫૪ ૧૭૨

૫ હિંદમાં અંગ્રેજી રાજ્યપદ્ધતિના સરકારી અધિકારીઓ કહી બતાવો લખો પૃ૦ ૨૨૯

૧૯૦૬

૧ લોર્ડ વેલસ્લીએ હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્ય દૃઢ કીધું તે કઇ રાજ્યનીતિએ જણાવો પૃ૦ ૧૬૪

૨ અશોક, મહાન સિકંદર અને ઇબ્રાહીમ ટુંકા જીવન ચરિત્ર લખો પૃ૦ ૩૮ ૩૩ ૨૫,

૩ અકબરે કેમ કરી તે અને કયા હેતુથી રજપુતોને મિત્ર અને મદદગાર બનાવ્યા પૃ ૧૦૦

૪ હિંદુસ્તાનનો રૂપરેખા નકશો દોરી તેમાં ઇસવીસનના ૧૭ મી સદીમાં અંગ્રેજ લોકો, ફ્રેન્ચ લોકો, તથા વલંદા લોકોએ કયે સ્થાને કોઠીઓ રાખી હતી તે બતાવો પૃ૦ ૧૪૩

૫ લોર્ડ ડલહાઉસીના વખતમાં બનાવોની ટુંક નોંધ આપો પૃ૦ ૧૮૦

૧૯૦૭

૧ મોગલોના વખતમાં હિંદુસ્તાનની સ્થિતિ કેવી હતી તેનું વર્ણન આપો પાન ૧૨૦

૨ પેશ્વાઇની ચડતીનું કારણ તથા તે વંશના છેલ્લા રાજાની જીંદગીનું ટુંક વર્ણન લખો પૃ૦ ૨૩૧, ૧૩૬

૩ વોરન હેસ્ટિંગ્સે અંગ્રેજી રાજ્યનો પાયો કેવી રીતે નાખ્યો અને તે કામમાં તેને શી શી અડચણો નડી તેનો ઇતિહાસ લખો

જ—તેણે આવીને તરતજ દ્વિરાજ્ય રાજ્ય પદ્ધતિ બંધ કરી અને દેશી નવાબોને બદલે અંગ્રેજ કલેક્ટરો રાખી મહેસુલી ને મુલકી ખાતા જુદા પાડયાં તથા ન્યાયને માટે મોટી અદાલતો સ્થાપી. વળી લુટફાટ નિર્મૂળ કરી ચાર્યાઓનો નાશ કર્યો. અને બંગાળી રૈયતને અંધાધુંધીમાંથી ઉગારી તથા મરાઠા અને હૈદરઅલીને (વિગ્રહો લખવા) હરાવી કંપની સરકારને તેણે મોટી મુશીબતોમાંથી પાર ઉતારીને અંગ્રેજી રાજ્યનો પાયો નાખી પછી જમાવટ કરી રાજ્યની અંદરના કારભારમાં મિ. ફ્રાન્સિસના સામા થવાથી તેને ઘણી અડચણો નડી તેણે તેના ઉપર નંદકુમાર પાસે જુઠાં તહોમત મુકાવ્યાં તથા અયોગ્ય કામ કરવા બાબત પાર્લામેન્ટમાં ફ્રાન્સિસે તેના ઉપર ફરિઆદ કરી પણ ૭ વર્ષ કેસ ચાલ્યા પછી તે નિર્દોષ ઠર્યો.

૪ નાદિરશાહ, સિકંદર, અશોક અને નાના ફડનવીસના જીવનચરિત્ર ટુંકામાં લખો. પૃ૦ ૧૨૧, ૩૩, ૩૮, ૨૪૩

૫ સૌથી સારો ગવર્નર જનરલ કોને ગણો છો અને તેણે જે જે કર્યું તેમાંનાં ક્યા ક્યા કામો ઉપરથી તમે એવો અભિપ્રાય આપો છો. જ૦—ડેલહાઉસી પૃ૦ ૧૮૦,

૧૯૧૦

૧ બૌદ્ધ ધર્મની ઉત્પત્તિના કારણ તથા તેના સિદ્ધાંતની હકીકત લખો બ્રાહ્મણ ધર્મ ઉપર તેની શી અસર થઇ તે પણ જણાવો. પૃ૦ ૨૫, ૨૭, ૩૦

૨ શિવાજી, નુરજહાન, નાનક અને ... ના ટુંક જીવન ચરિત્ર લખો પૃ૦ ૧૨૩ ૧૦૮, ૧

૩ મોગલાઇની પડતીનાં કારણ ... પા ૨૩૧

૪ માર્કવિસ વેલેસ્લીના વખતનું બ્રિટિશ ... કારકીર્દીમાં વખત કરતાં કેટલું વધ્યું તેની હકીકત ... લખો પા ૨૫૨

૫ લોર્ડ વિલિયમ બેન્ટિકના વખતમાં ... થયા હોય તેનું ટુંક વર્ણન લખો પા ૧૭૩

૧૯૧૧

૧ ગૌતમ, શીરશાહ હૈદર, અશોક અને ... ના જીવનચરિત્ર આપો પા—૨૫, ૯૬, ૧૫૬, ૩૮

૨ પિંઢારા, ઠગ અને શિખ વિષે જે ... પા—૧૭૦, ૧૯૩, ૧૮૧

૩ મહમદ ગીજની અને મહમદઘોરી અ... કેમનો મુકાબલો કરો પા—૨૨૩

૪ ઇસ્ટઇંડિઆ કંપનીના રાજ્યવહિવટમાં ... તરફથી જે ફેરફાર કરવામાં આવ્યા હોય તે ... વર્ણન લખો પા—૧૮૬

૫ લોર્ડ રીપેન તથા લોર્ડ ડલહાઉસીના ... બનાવોની ટુંક નોંધ કરો—૧૯૦, ૧૮૦

૧૯૧૨

૧ બૌદ્ધ ધર્મ ક્યારે સ્થાપવામાં આવ્યો ... સ્થાપનારનું ટુંક વૃતાંત, તથા તે ધર્મના મુખ્ય સિદ્ધ... પા—૨૫ ૨૭,

૨ અકબરના અમલમાં હિંદુસ્તાનના લોકોની સ્થિતિ કેવી હતી તેનું વર્ણન કરો પા ૧૦૬

૩ વિક્રમાદિત્ય રણજીતસિંહ, નાનાફડનવીસ, ડુપ્લે અને શાહજહાંન વિષે ટુંક વૃત્તાંત આપો પા.—૪૩, ૧૭૯, ૨૪૩ ૨૪૬; ૧૧૦.

૪ લોર્ડ વિલિયમ બેન્ટિક અને લોર્ડ ડલહાઉસીના વખતમાં જે જે સુધારા થયા હોય તે જણાવો પા ૧૭૩ ૧૮૦

૫ ગઇ સાલ દિલ્હીમા કોરોનેશન દરબાર ભર્યો હતો તેનું વર્ણન કરો તથા તે ભરવાનો શો હેતુ હતો તે સમજાવે પા ૧૯૫

૧૯૧૩

૧ મોગલ રાજ્યની જમામબંધીમાં શી ખામી હતી અને કયા વોઇસરોયે શો સુધારો કર્યો પા—૧૦૪ ૧૬૩

૨ ઔરંગઝેબના વખતના મોગલ રાજ્યના તામાનો મુલક અને લોર્ડ કાર્નવાલિસના વખતના બ્રિટિશ હિંદની સરખામણી કરો. પા —૨૫૨

૩ હિંદુસ્તાનની રાજગાદી બ્રિટિશ અમલ પહેલા ક્યા હતી ? બ્રિટિશ અમલમા કયાં ગઇ ? હાલ કયાં છે ? એ સ્થળે ક્યારે ફેરવવામાં આવી અને એ ફેરફારથી દેશને કઇ લાભ થવાનો સંભવ છે કે કેમ ? હો હોય તો શો ?

જ —પહેલા રાજગાદી દિલ્હી હતી બ્રિટિશ અમલમાં કલકત્તા ગઇ. હાલ દિલ્હી છે, બાકીની હકીકત માટે લોર્ડ હાર્ડિજનામા દિલ્હી દરબાર જુઓ

૪ મોગલ અને પેશ્વાઇ વંશનો ઇતિહાસ શીખીને તમે શો સાર ગ્રહણ કર્યો

૫ હિંદુસ્તાન બ્રિટિશ રાજ્ય નીચે જવાથી દેશને શા શા લાભ થયા, તે ટુંકામાં જણાવો પા—૨૨૯

અથવા

દ્રવિડ, બોધિસત્વ, સન્દેશકુબી અને રેગ્યુલેટિંગ આકટ વિષે જાણતા હો તે લખો પા ૧૭, ૨૭, ૨૪૯, ૧૧૯,

૧૯૧૪

૧ બ્રિટિશ હિંદની હાલની રાજ્ય પદ્ધતિનુ ટુંકામા વર્ણન કરો. પા ૨૩૪

૨ લોર્ડ રીપનની કારકિર્દીનુ વર્ણન કરો, અને સ્થાનિક સ્વરાજ્ય એટલે શુ તે યથાસ્થિત સમજાવો પા ૧૯૦, ૨૩૮

૩ છેલ્લા મગદી વિગ્રહની હકીકત લખી તે ઉપરથી ભરતખંડના ઇતિહાસ ઉપર થએલી અસર જણાવો, પા ૧૭૩, ૧૭૭

૪ તાલિકોટ, વાંડિવોસ, પ્લાસી, મીઆની, વસાઇ, અને સીગાઉલી એ સ્થળોના ઐતિહાસિક બનાવો પરિણામ સાથે જણાવો પા. ૨૦૩, ૨૦૬ ૨૧૬, ૨૧૭

૫ શંકરાચાર્ય, મેગાસ્થિનિસ, અશોક, નાનકશાહ અને ટોડરમલ એમની હકીકત લખો પા.—૪૭, ૩૪, ૩૮, ૧૧૫. ૧૦૪,

૧૯૧૫

૧ હાલના નામદાર વાઇસરોયના વખતમાં હિંદમા જે જાણવાજોગ બનાવો બન્યા હોય તેનુ ટુંકામાં વર્ણન કરો. પાન ૧૯૧

૨ નામદાર બ્રિટિશ સરકારની અને મોગલાઈ રાજ્યપદ્ધતિનો મુકાબલો કરી એ વિષે તમામ વિચાર દર્શાવો પ.૨૩૪, ૧૦૪,૧૦૬.

૩ શીવાજી, હૈદર, ક્લાઈવ, રણજીતસિંહ અને નુરજહાં વિષે જે જાણતા હો તે લખો પાન. ૧૨૩, ૧૫૬, ૧૫૩, ૧૭૯, ૧૦૮.

૪ મરાઠી રાજ્ય તુટયા પછી તેના શેષ ભાગ તરીકે હાલમા હિંદમાં ક્યાં કયા દેશી રાજ્યો હસ્તી ધરાવે છે તે અને ત્યાંના હાલના રાજકર્તા વિષે લખો પાન ૧૩૭ થી ૧૪૦

૫ બ્રિટિશ સરકારને પશ્ચિમોત્તર પ્રદેશ પંજાબ, સિંધ, બંગાળા અને વરાડ પ્રાંત એ મુલકો ક્યારે શી રીતે મળ્યા તે ટુંકામા વર્ણવો, પાન ૨૨૦, ૨૨૧

૧૯૧૬

૧ લોર્ડ ક્લાઇવે બ્રિટીશ શેહેનશાહતનો પાયો હિંદમા નાખ્યો તે વાત કેટલે અંશે ખરી છે તે વિષે તમારો અભિપ્રાય દર્શાવો. પાન ૧૪૪

૨ શિવાજીને હિંદુસ્તાનના એક મહાન પુરૂષ તરીકે ગણવામાં આવે તે વિષે તમારો મત આપો પાન ૧૨૩

૩ હાલની જર્મની સાથેની લડાઇમાં કયા કયા રાજાઓએ ભાગ લીધો છે? આપણા નામદાર મહારાજાએ તેમા ભાગ લીધો છે તે વાજબી છે તે સિદ્ધ કરો. આ યુદ્ધમા હિંદુસ્તાને બ્રિટીશ શાહેનશાહતને અને મિત્ર રાજ્યોને શી સહાય કરી છે તે લખો. પાન ૧૯૫, ૧૯૬

૪ પાણિની, કપીલ, વ્યાસ, અબુલફઝલ અને નાના ફડનવીસ વિષે જાણતા હો તે લખો પાન ૨૨, ૨૦, ૧૦૩, ૨૪૩

૫ મુસલમાન ધર્મ સ્થાપનાર કોણ હતા? તે ધર્મના તત્વો લખો. પાન ૫૨

૧૯૧૭

૧ હિંદુસ્તાનનાં લોકોને અંગ્રેજી રાજ્યથી છેલ્લા પચાસ વર્ષમાં જે લાભ થયા હોય તેનું ટુંકું વર્ણન કરો. પાન. ૨૨૯.

૨ મોગલ રાજ્ય થયું તે વખતે ભરતખંડની આર્થિક, સાંસારિક તથા ધાર્મિક સ્થિતિનું વર્ણન કરો. પાન ૬૪, ૧૨૦,

૩ ઈ સ ૧૭૬૧ માં હિંદમાં જુદા જુદા રાજ્યો કયા હતા ? અને તે દરેક રાજ્ય અંગ્રેજ સરકારે ક્યારે ખડીક્રે અથવા ખાલસા કર્યું તે લખો પાન ૧૫૧

૪ હિંદના ઇતિહાસમાં નીચેનાં નામો શા માટે પ્રસિદ્ધ છે તે જણાવો —

શંકરાચાર્ય અહલ્યાબાઈ, અમીચંદ, રણજીતસિંહ, નંદકુમાર પાન ૮૭, ૨૪૨, ૨૪૪, ૧૭૯, ૧૫૯

૫ વસાઈના તહનામાની મુખ્ય કલમો લખો એ તહનામાથી મરેઠી રાજ્યો ઉપર તથા ઈસ્ટ ઈન્ડિઆ કંપનીના રાજ્ય ઉપર શી અસર થઈ ? હિંદના ઇતિહાસમાં એવી કયી કયી લડાઈઓ થઈ છે કે તેનું પરિણામ જે આવ્યું તેથી વિપરીત આવ્યું હોત તો તેની અસર દેશ ઇતિહાસ ઉપર થાત પાન ૨૧૬, ૧૩૬, ૨૫૦

૧૯૧૮

૧ આર્યાવર્તના આર્યોની સ્થિતિ કેવી હતી તથા તે સમયની સ્ત્રીઓની હાલત તથા રાજ્યપદ્ધતિ કેવાં હતાં તે લખો. પાન. ૮.

૨ નીચેના માણસો વિષે જે જાણતા હો તે લખો —
ફિરોઝશાહ તઘલખ, રણજીતસિંહ, નાનાફડનવીસ. પાન. ૭૩

૩ મરાઠાની પડતી કેવી રીતે થઈ તથા પેશ્વા સ્વતંત્ર શી રીતે થયા તે સમજાવો પાન ૧૩૦

૪ હિંદુસ્તાનમાં ઇંગ્રેજી રાજ્ય કેવી રીતે થયું છે તે સંપૂર્ણ હેવાલ આપીને સમજાવો પાન ૧૪૭ થી

૫ લોર્ડ વેલેસ્લીની કારકીર્દિનું વર્ણન કરો તથા તેની શા શા ફેરફારો થયા તે લખો. પાન ૧૬૩

૬ ઔરંગઝેબની ખાસ મુરાદો શી શી હતી તથા તેણે કેવી રીતે પાર પાડી તે જણાવો પાન ૧૧૩

૧૯૧૯

૧ ક્યા સંજોગોને લીધે મુસલમાનોનો હિંદમાં ઉદય અને અસ્ત થયો તે દર્શાવો પાન ૨૫, ૩૦

૨ બાબરે હિંદ ઉપર ચઢાઈ કરી ત્યારે હિંદમાં જે મુખ્ય રાજ્યો હતાં તેનું ટુંકમાં વર્ણન આપો પાન ૯૧

૩ શીવાજીની રાજ્યપદ્ધતિ ટુંકામાં દર્શાવો. પાન ૧૨૦

૪ નીચેના માણસો અને જગ્યાઓ વિષે જે જાણતા હો તે સવિસ્તર લખો —

માધવરાવ પેશ્વા, પાણીપત, મહાદજી સિંધીઆ, વસાઈ, ટીપુ પાન ૧૩૪, ૨૦૩ ૨૪૨, ૨૧૬, ૨૪૮.

૫ લોર્ડ વિલિયમ બેન્ટિકના સુધારાનું ટુંક વર્ણન આપો. પા. ૧૭૩

૬ ૧૯૧૪ ના યુરોપના મહાન યુદ્ધના કારણો લખો, અને એ યુદ્ધમાં આપણી બ્રિટીશ સરકારને ઝંપલાવવાના હેતુ શા હતા. તે જણાવો પાન ૧૯૫

૧૯૨૦

૧ ગ્રીક દેશના અલેક્ઝાન્ડર રાજાએ હિંદુસ્તાન ઉપર શા કારણસર હુમલો કર્યો અને તેની સામે કયો રાજા થયો. અને તે લડાઇનું શુ પરિણામ આવ્યુ ? પાન ૩૩

૨ હિંદુસ્તાનના ઇતિહાસમા નીચેના માણસો વિષે જે જાણતા હો તે લખો —

નાનાફડનવીસ સર આયરકૂટ ઝંકમિસ અને અબુલફજલ, પાન ૨૪૩, ૨૪૫, ૩૨, ૧૦૩

૩ લોર્ડ દલહાઉસીના વખતમા હિંદવાસીઓ શુ શુ કામ કરવામા આવ્યા અને જો તે કામ નહિ થયાં હોત તો આજે હિંદની કેવી સ્થિતિ થાત તે વિસ્તાર વાર સમજાવો. પાન ૧૮૨

૪ અકબર અને શિરશાહની રાજ્યનીતિ વિષે જે જાણતા હો તે લખો અકબરના નવા ધર્મ વિષ તમો શુ જાણો છો ? પાન ૧૦૪, ૧૦૫, ૯૭

૫ ફ્રેન્ચ લોકો હિંદુસ્તાનમાં કાયમ રાજસત્તા શા માટે ભોગવી શક્યા નહિ તે સમજાવો પાન ૧૫૦

૬ હિંદુસ્તાનની રાજગાદી બ્રિટીશ અમલ પહેલા કયા હતી? બ્રિટીશ અમલમાં કયાં ગઇ હાલ કયાં છે, એ સ્થળે ક્યારે ફેરવવામા આવી અને ફેરફારથી દેશને કઇ લાભ થવાનો સભવ છે કેમ કે અને હોય તો શો ? પાન. ૧૯૫,

૧૯૨૧

૧ બૌદ્ધ સમયના હિંદનું વર્ણન કરો. પાન. ૩૦

૨ પૃથ્વીરાજ ચોહાણ, નાનક, રાઘોબા અને રણજીતસિંગ વિષે જે

જાણુતા હે તે લખો પાન. ૧૧, ૧૧૫, ૧૩૫, ૧૭૯
૩ બીજો મરાઠા વિગ્રહ, વેલોરનો બળવો, સાહ્યબાઝની સલાહ અને આર્કોટના ઘેરાનુ વર્ણન કરો પાન. ૨૦૯, ૧૬૮, ૨૧૬, ૧૪૫-
૪ મોગલ, મરેઠા અને પેશ્વા રાજ્યોની ચઢતી પડતીનાં કારણ લખો પાન. ૨૩૦, ૨૩૧, ૨૩૨
૫ હિંદ ઇગ્લાંડના મહારાણીના તાબામાં મુકાયુ ત્યાર પછી હિંદમાં શા શા સુધારા થયા તે લખો પાન. ૨૨૯
૬ હાલના હિંદી સુધારા અને એથી દેશને શો લાભ થવાનો સભવ છે તે ટુકમા સ્પષ્ટ સમજાવો પાન ૧૯૭

પ્રાવેશિક પરીક્ષા.

૧૯૦૫

૧ બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ તથા મુખ્ય ઉપદેશ વિષે શુ જાણો છો? એ ધર્મ હાલ કયાં કયાં ચાલે છે, અને હિદુસ્તાનમાંનુ એનું જોર કેવી રીતે નરમ પડયુ તે લખો પા—૨૫, ૨૭, ૩૦.
૨ દક્ષિણમાં મરાઠી રાજ્ય સ્થાપનાર તથા મ્હૈસુરમાં મુસલમાની રાજ્ય સ્થાપનાર પુરૂષોનાં ટુકામાં જીવનચરિત્રો આપો અને તે બેઉની સરખામણી કરો. પાન ૧૨૩ ૧૫૬
૩ નીચેના સ્થળો જે જે ઐતિહાસિક બનાવો માટે પ્રસિદ્ધ હોય તે સર્વે ટુક હકીકત વર્ષ સાથે લખો —
સુરત, આર્કોટ, વેલોર ભરતપુર, કાનપુર
જ—સુરતમાં ૧૬૧૨ માં અંગ્રેજોએ કોઠી ઘાલી શિવાજીએ

१६१२-१४ અને १६७० મા લુટાયુ અને છેવટે १८०० માં વેલેસ્લીએ ખાલસા કર્યું તથા આર્કાટનો ઘેરો પા—१४६, વેલોરનું બંડ १६८, ભરતપુરનો ઘેરો પા—१७१ તથા १७५ અને કાનપુર १८५ મે પાને જુઓ

४ નીચેના પુરૂષો માટે જાણવા જેવુ હોય તે લખો —

શીરશાહ, મહાદજી સિંધીઆ, સુરજ—ફેર—દાસ બાજીરાવ

પહેલો, રણજીતસિંહ, પા—५६, २४२ १४६ १३१ १८१.

५ આરંગજેબ, વાર્ન હેસ્ટિંગ્સ અને લોર્ડ ડેલહાઉસીની રાજ્યનીતિ વિષે ટુંક વિવેચન કરો જ—११४, १६२ તથા ડેલહાઉસીની રાજ્યનીતિ કોઈ પણ રાજા બીન વારસ મરણ પામે તો ગાદી નો હક દત્તકને નહિ આપતા પ્રજાના કલ્યાણ તરફ વિચાર કરી ખાલસા કરવાની હતી આ રાજ્યનીતિથી તેણે પંજાબ, પેગુ, અયોધ્યા, નાગપુર વગેરે ઘણો મુલક મેળવી બ્રિટિશ રાજ્યની કમાનત પુરી કરી તેની મોટામા મોટી ઇચ્છા લોકોની નીતિ સુધારી દેશનુ દ્રવ્ય વધારવાની હતી, રાજ્ય કારભા નું એક પણ ખાતુ એને હાથે સુધાર્યા વગર રહ્યુ નથી તે ઘણા સુધારા કરી ગવર્નર જનરલોમા શ્રેષ્ટ ગણાયો પણ તેની ખાલસા રાજ્ય નીતિથી લોકોને અસંતોષ પેદા થયો

१९०६

१ મોર્યવંશ નામ શા ઉપરથી પડયુ, અને એ વંશના રાજાઓએ ઇ સ ની કઇ સદીમા કામ કર્યુ? એ રાજાઓના નામ લખો અને તે વખતે હિંદુસ્તાનની સ્થિતિ કેવી હતી તે પણ ટુંકમાં લખો પા. ૩७, ३४

૨ શાહબુદ્દીન ઘોરીના મરણ પછી દિલ્હીમાં કયા કયા પઠાણ વંશ જેએ ઇ સ ૧૫૩૭ સુધી રાજ્ય કર્યું અને તે દરેકના સ્થાપનાર કોણ હતા ? પા. ૬૫ તથા સ્થાપનાર—ગુલામવંશ કુતબુદ્દીને ખલજીવંશ જલાલુદ્દીનને, તઘલખ વંશ ગ્યાસુદ્દીને, સૈયદવંશ ખજરખાને તથા લોદી વંશ બહિલોલખાને સ્થાપ્યો હતો.

૩ શીખ લોકો કયાંના રહેવાસી છે અને તેમને વિષે જે જાણતા હો તે લખો શીખ લોકો અને મુસલમાન વચ્ચે અણબનાવ રહેવાનું કારણ શું ? એ બેના વચ્ચે પહેલી તકરાર કયા રાજાના અમલમાં થઇ પા ૧૧૫, ૧૭૯

૪ લૉર્ડ આકલાંડે કયાંથી કયા સુધી અમલ ચલાવ્યો ? એના વખતમા કઇ મોટી બીના બની અને તે બીના વિષે તમે શું જાણો છો ? પા ૧૭૬ (મોટી બીના અફઘાન પહેલા વિગ્રહ).

૫ अ ગુજરાતનો સુલતાન બહાદુરશાહ જે વખતમા ગુજરાતમાં રાજ્ય કરતો હતો તે વખતે દિલ્હીની ગાદી પર કયો રાજા હતો ? બહાદુરશાહના મરણ વિષે શું જાણો છો

જ—તે વખતે હુમાયુ હતો બહાદુરશાહના મરણ વિષે પુ ૯૩.

ब લોકલબોર્ડ વિષે શું જાણો છો ? એ અને મ્યુનિસિપાલિટી વચ્ચે કઇ ફેર છે અને ફેર છે તો શો ? પા ૨૪૧

क તાજમહેલ કોણે બનાવ્યો અને તે કયારે ! એ બંધાવવાનું કારણ શું ? મસ્જીદ અને રોજા વચ્ચે શો તફાવત છે ? પા ૧૧૧

મસ્જીદ અને રોજા વચ્ચેનો તફાવત—મસ્જીદ એ બંદગી કરવા માટે મુસલમાનોએ બંધાવેલું મકાન છે. તેની નીચે કબર હોતી નથી પણ કોઇ પ્રખ્યાત માણસે કબર ઉપર બંધાવેલા મકાનને રોજો કહે છે તેમાં બંદગી થતી નથી.

૧૯૦૭

૧ શંકરાચાર્ય, બાદરાયણ બામે, ચૈતન્ય તથા કબીર વિષે જે જાણતા હો તે લખો પા ૪૭ ૨૪, ૪૯, ૪૮

૨ અકબરના વખતમા રાજ્યવ્યવસ્થા કેવી રીતે કરવામા આવી હતી અને લોકોની સ્થિતિ કેવી હતી તે સમજાવો પા ૧૦૪, ૧૦૬

૩ વોર્ન હેસ્ટિંગ્સની કારકીર્દીમા ઇસ્ટઇન્ડિયા કપનીના રાજ્ય વહિવટમા કયા મોટા ફેરફારો થયા ને તેની શી અસર થઇ તે લખો

જ—પા ૧૫૯ રેગ્યુલેટિંક એકટ ને ૧૬૧ તથા અસર—જ્યા સુધી હેસ્ટિંગ્સ ગવનર હતો ત્યા સુધી સલાહશાતિથી કામ કરી શકયો પણ રેગ્યુલેટિંગ એકટ થયા પછી કાઉન્સિલ નીમાઇ એમાના ત્રણ સભાસદો મિ ફ્રાન્સિસની સલાહથી દરેક કામમા તેની વિરૂદ્ધ પડયા, વળી ફ્રાન્સિસે હેસ્ટિંગ્સ ઉપર કેટલાક જુઠા તહોમત મુકાવ્યાં અને ઇગ્લાડ ગયા પછી પણ કપનીને ફરિઆદ કરી આથી તે રાજીનામુ આપી ઇગ્લાડ ગયો અને તહોમતમા નિર્દોષ ઠર્યો.

૪ શેરશાહ મીરજાફર, નાના ફડનવીસ, અને સર આયરકુટના ટુંક જીવનચરિત્ર આપો ૯૬, ૧૫૦, ૨૪૩, ૨૪૫

૫ કર્ણાટકમા ફ્રેચ અને અગ્રેજો વચ્ચે લાબા વખત સુધી જે વિગ્રહ ચાલ્યો તેનુ ટુકામા વર્ણન કરો અને ફ્રેચ સત્તા આખરે શા કારણથી પડી ભાગી તે સમજાવો પા ૧૪૪, ૧૫૦,

૧૯૦૮

૧ સર જોનશોર, વાર્કવિસ વેલેરની તથા સર જ્યોર્જ બાર્લોની રાજ્યનીતિ સરખાવો, અને તે દરેકના શા પરિણામ થયા તે જણાવો

જ—સર જોન શોરની રાજ્યનીતિ બધે: સલાહશાંતિ રાખવી દેશી રાજ્યોમાં હાથ ઘાલવાનો નહોતો. આથી મરાઠા અને ટીપુ નિરંકુશ થયા, વળી નિઝામને મરાઠાના સામે સહાય નહિ આપવાથી તેણે ફ્રેન્ચોને રાખવા માંડ્યા તથા ટીપુ લડવાની તૈયારી કરવા લાગ્યો, પણ વેલેસ્લીની રાજ્યનીતિ આથી તદ્દન ઉલટી હતી. તેનો વિચાર દેશી રાજ્યોને અંગ્રેજ સૈન્યના સહાય આપી કંપનીના શરણ નીચે મુકવા તથા હિંદમાં અંગ્રેજી સત્તા સર્વોપરી કરવી આમ કરવા તેણે સહાયકારી લશ્કરની યોજના કરી. આથી રૈયતની પાયમાલી થતા અટકી અને જાનમાલનું રક્ષણ થયું. સર જ્યોર્જ બાર્લોની રાજ્યનીતિ શોરને મળતી અને વેલેસ્લીથી જુદા પ્રકારની હતી તેની ઢીલી રાજ્યનીતિથી સિંધીઆ તથા હોલ્કર રજપુતાનામાં લુટ કરી ત્રાસ વર્તાવવા લાગ્યા.

૨ પૃથુરાજ, રણજીતસિંહ તથા નાના ફડનવીસના જીવનચરિત્ર લખો. પા. ૬૧, ૧૭૯, ૨૪૩

૩ ફ્રેંચલોકો હિંદુસ્તાનમાં કાયમ સત્તા શા માટે કરી શક્યા નહિ તે સમજાવો. પા, ૧૫૦

૪ ઔરંગજેબના ગુણદોષ (લક્ષણ) તથા રાજનીતિ અને તેમના પરિણામનું વર્ણન કરો. પા ૧૧૬, ૧૧૪ તથા પરિણામ—ઔરંગજેબના લક્ષણોથી હિંદુઓનાં મન ઉંચાં થઇ ગયાં તથા તેની જુલમી અને ધર્માંધ રાજ્યનીતિથી ઠેકાણે ઠેકાણે જોરાવર દુશ્મનો ઊભા થયા અને શીખ, રજપૂત તથા મરાઠાઓએ બંડ કર્યાં તથા પ્રાંતોના સુબાઓ સ્વતંત્ર થયા અને રાજ્યની પડતી આવી તેની રાજ્યનીતિમાં મુખ્ય ખામી એ હતી કે દરેક

પહાડા રાજ્યો લેવાને બદલે તેમને મદદમાં લઈ મરાઠા બળ તોડ્યુ હોત તો મોગલાઇ રાજ્યના ટુકડા થઇ જાત નહિ

૫ મરેઠા લોકોની સત્તાનો ઉદય શી રીતે થયો, તે શી રીતે વધતી ગઇ અને તેનો અત શી રીતે આવ્યો તે ટુકમા સમજાવો પા ૨૯ ૧૩૭

૧૯૦૯

૧ વસાઈના તહનામાની મુખ્ય કલમો લખો એ તહનમાથી મરેઠી રાજ્યો ઉપર તથા ઇસ્ટઇડિઆ કપનીના રાજ્ય ઉપર શી અસર થઇ ? હિદના ઇતિહાસમા એવી કઈ કઇ લડાઇઓ થઇ છે કે તેમનુ પરિણામ જે આવ્યુ તેથી વિપરીત આવ્યુ હોત તો તેની અસર દેશના ઇતિહાસ ઉપર શી થાત પા. ૨૧૬ ૧૩૬ ૨૫૫.

૨ નીચેના હિદના ઇતિહાસમાં શા માટે પ્રસિદ્ધ છે તે જણાવો શકરાચાર્ય, ચાંદબીબી, અહલ્યાબાઇ, અમીચદ પા ૪૭ ૨૪૪, ૨૪૨

૩ કલાઇવની દ્વિરાજ્ય પદ્ધતિ, અલાઉદીન ખીલજીએ હિંદુ ધર્મ ઉપર કરેલી અસર, ડુપ્લે અને કલાઇવને મુકાબલો, કાર્નવાલિસની સ્થાયી જમાબધી અકબરની વસુલાત પદ્ધતિ એ વિષે જાણતા હો તે લખો. પા ૧૫૪, ૭૫, ૨૨૫, ૧૦૩ ૧૦૪.

૪ ઇ૦ સ૦ ૧૭૬૧ મા હિંદમાં જુદાં જુદા રાજ્ય કયાં હતાં ? દરેક રાજ્ય અંગ્રેજ સરકારે કયારે ખડીયુ અથવા ખાલસા કર્યું તે લખો જ--પા ૧૫૬ તથા એ રાજ્યમાથી મરાઠાનુ સતારા ૧૮૪૮ માં ખાલસા કર્યું (૨) પેશ્વાનુ ગુજરાત ૧૮૧૮ માં કબજે કર્યું. (૩) મૈસુર ૧૭૯૯ મા ટીપુ પાસેથી જીતી લઇ

પ્રથમના વંશજ કૃષ્ણ રાજાને આપ્યુ (૪) બંગાળા ને બહાર ૧૭૬૫ માં તથા ઓઢીઆ ૧૮૦૩ માં મળ્યુ (૫) અયોધ્યા ૧૮૫૬ મા ખાલસા કર્યું (૬) દિલ્હી ને આગ્રા ૧૮૦૩ મા જીતી લઈ શાહઆલમને પેન્સન બાંધી આપ્યુ (૭) ત્યાંર્બાદ ફક્ત નિઝામે સહાયકારી લશ્કર પ્રથમથી રાખી ૧૮૫૩ મા વરાડ પ્રાંત આપ્યો માટે તે નિર્ભયપણે રાજ્ય કરે છે

૧૯૧૦

૧ અકબરની વસુલાત પદ્ધતિ, લોર્ડ કાર્નવાલિસની જમાબંધી અને સહાયકારી લશ્કરની યોજના વિષે જે જાણતા હો તે લખો. પા ૧૦૮, ૧૬૩, ૧૬૪

૨ પેશ્વાઓ સ્વતંત્ર રાજ્ય કેવી રીતે મેળવી શકયા તેનું સવિસ્તર વર્ણન કરો પા ૧૩૩, ૧૩૮

૩ નીચેના રાજસોની જીંદગીનું ટુંક વર્ણન કરો
નાનાફડનવીસ, મહોબતખાન, મલીકંબર, અહલ્યાબાઈ, રણજીતસિંહ અને લોર્ડ લેક પા ૨૪૩, ૧૦૯, ૮૬, ૨૪૯, ૧૫૯, ૨૪૭.

૧૯૧૧

૧ લોર્ડ વેલેસ્લીએ હિંદમાં અંગ્રેજી રાજ્ય દઢ કર્યું તે કઈ રાજ્યનીતિએ, તે વિસ્તારથી જણાવો. પા. ૧૬૪

૨ મરાઠા લોકોની સત્તા શી રીતે ચઢતી થઈ અને તેનો અંત શી રીતે આવ્યો તે સમજાવો. પા. ૧૨૯, ૧૩૦

૩ મોગલ વંશમા સૌથી પ્રતાપી અને પ્રજાનુ હિત કરનાર રાજા કયો ? કારણ આપો.

જ—પ્રતાપી અને હિત કરનાર રાજા અકબર થયો તે ગાદીએ આવ્યો ત્યારે તેનું રાજ્ય માત્ર નામનુંજ હતું દેશમાં ઠેર ઠેર બંડ જાગ્યાં હતાં અને પઠાણો, રજપુતો તથા મોગલ સરદારોને તેણે વશ કરવાના હતા આ બધું કામ પાર પાડી તેણે પોતાનું રાજ્ય પરાક્રમી અને કીર્તિવંત બનાવ્યું તથા ચારે તરફ ફેલાવી હિંદનો ખરેખરો પાદશાહ થયો. વળી તેણે પ્રજાના હિતને માટે કરેલા સુધારા, જમાબંધી, રાજ્યવહિવટ, યુદ્ધનીતિ (અકબરની વાત જુઓ) તથા રૈયતના સુખને માટે રાખેલી કાળજી ઉત્તમ હતી એમ તેની રાજ્યનીતિથી દેશમાં આબાદી અને વ્યવસ્થા થઈ રાજ્યનું કામ થાળે પડ્યું, માટે તે અનુપમ થઈ ગયો

૪ ઇતિહાસને અને ભૂગોળના જ્ઞાનને કાંઈ સબંધ છે? આ બંને વિષયો શીખવતી વખતે એક બીજાની સહાયતા કેટલે અંશે મળી શકે છે? દાખલા આપો. પા.—૪

૧૯૧૨

૧ લોર્ડ ડલહાઉસીની રાજ્યનીતિ કેવા પ્રકારની હતી? તેનાં પરિણામ શાં આવ્યાં? પા૦—૧૮૨, ૧૮૩

૨ ક્યા વાઇસરોયે હિંદુસ્તાનનું વધારેમાં વધારે ભલું કર્યું? કારણ આપો પા—૧૬૦.

૩ પેશ્વાએ રાજ્ય ખોયું તે શા કારણથી? હિન્દુસ્તાનમાં હાલમાં ક્યાં ક્યાં રાજ્યો મરાઠાના વંશના છે? પા—૧૩૧, ૧૩૭,

૧૯૧૩

૧ મહારાણી વિક્ટોરિઆના ઢંઢેરાની મુખ્ય હકીકત લખો. આ ઢંઢેરાની અસર જણાવો. પાન. ૧૮૭.

૨ મુસલમાનોની સામે કોણે હામ ભીડી હતી ? તે શખ્સનુ ટુક જીવન વૃત્તાંત લખો પા —૧૨૩

૩ ડુપ્લે અને કલાઇવ એ બેમા વધારે કુશળ કોણ ? તેનો સ વિસ્તર જવાબ લખો જ૦—કલાઇવ પાન ૨૩૧

૧૯૧૪

૧ હિંદુસ્તાનના ઇતિહાસમાથી ૫ મહાન પુરૂષોના નામ આપો, અને તેમને મહાન ગણવાનાં કારણો લખો

જ૦ —જીવનચરિત્રો જુઓ

૨ નીચેની લડાઇમાથી કયા પરિણામ થયા હતાં ?
પાણીપત (૧૫૨૬) તેલીકોટા, પ્લાસી, વાંદીવાશ અને પાણીપત (૧૭૬૨)

જ—લડાઇઓ જુઓ

૩ અકબરની રાજ્યનીતિ વર્ણવો અને તે હાલની રાજ્યનીતિ સાથે સરખાવો પા, ૧૦૪

અથવા

પિટનુ હિંદનુ બીલ, રેગ્યુલેટિંગ એકટ, અને સહાયકારી લશ્કરની યોજના વિષે જાણતા હો તે લખો પા —૧૬૧, ૧૫૯, ૧૬૪

૧૯૧૫

૪ બુદ્ધધર્મ હિંદમાં ક્યારે અને કયા સંજોગોમાં પ્રથમ પ્રચલિત થયો ? તે નવીન ધર્મના મુખ્ય સિદ્ધાંતો તે સમયના હિંદ ધર્મના મુખ્ય સિદ્ધાંતો સાથે મુકાબલો કરો હિંદમાં તે નવીન ધર્મની સૌથી વધારે પ્રગતિ ક્યા સમયે થઇ ? તે ધર્મ આ દેશમા

મહમુદગીજ કયારે અને કયા સજોગોમાં થયો? પાન ૨૫, ૨૭, ૩૦

૨ દિલ્હીના તખ્તપર રાજ્ય કરી ગએલા તુર્ક અને પઠાણ પાદશાહોમાં સૌથી વધારે પ્રતાપી તમે કોને કહેશો? તેની કારકીર્દિનો હેવાલ ટુંકામાં લખો તેમના અમલનો અંત આવ્યો તે સમયે દેશની રાજકીય સ્થિતિ અને પ્રજાજીવન કેવા હતા, તેનું ટુંકાણમાં વર્ણન કરો પા—૯૯ ૧૨૦

૩ હિંદમાં કંપની સરકારના અમલમાં સૌથી વધારે યશસ્વી અમલ કયા ગવર્નર જનરલનો તમો ગણો છો? તમારા જવાબના સમર્થનરૂપ દલીલ આપો. પા —૧૮૦, ૧૮૨

૪ ઇ સ ૧૮૮૦ થી ૧૮૯૮ સુધીમાં મુંબાઇ ઇલાકાના કયા કયા ભાગો બ્રિટિશ સત્તા નીચે આવ્યા? અને કયા સંજોગોમાં પા —૨૨૦, ૨૨૧

વર્નાકયુલર ફાઇનલ પરીક્ષાના સવાલ.

૧૯૨૨

૧ શેરશાહ, ટોડરમલ, મહાદજી સિંધિઆ, લોર્ડ કેનિંગ અને ડુપ્લે, એ પૈકી ગમે તે ચારના ટુંકાં જીવનચરિત્ર લખો પા ૯૬–૧૦૪–૨૪૨–૧૮૩, ૨૪૬

૨ રેગ્યુલેટિંગ એક્ટ, ડગ લોકો, સબસિડિઅરિ સિસ્ટમ અને વસઇનું કરારનામું, એ વિષે તમે શું જાણો છો? પા. ૧૫૯, ૧૭૩–૧૬૪–૨૧૬

૩ માર્કિવસ ઓફ વેલેસ્લીએ કયા પ્રાંતો બ્રિટિશ સામ્રાજ્યમાં મેળવી દીધા તે કહો પા ૧૬૭

અથવા

લોર્ડ વિલ્યમ બેન્ટિંકના સુધારાઓનું વર્ણન કરો પા. ૧૭૩

૪ મિયાની લડાઈ અને પ્લાસીનું યુદ્ધ એ કોની કોની વચ્ચે અને ક્યારે થયા આ દરેકથી ઇતિહાસમાં શા શા ફેરફારો થયા? પા ૯૧—૧૪૮

૫ મુંબઈ ઇલાકાની રાજ્યવ્યવસ્થાનું ટુંકું વર્ણન કરો પા ૨૩૮

૧૯૨૩

૧ નીચે લખેલા મહાન પુરૂષોમાંથી ગમે તે ચારનાં વૃતાંત લખો —— વિક્રમાદિત્ય, શેરશાહ, સર ટોમસ રો, નાનક, હૈદરઅલી, મહાદજી સિંધીઆ અને લોર્ડ કૅનિંગ પા ૪૩, ૯૬, ૧૦૯, ૧૧૫, ૧૬૦, ૨૪૨, ૧૮૩

૨ અકબરનું મૂળ નામ શું હતું? તેને મહાન શા માટે કહે છે? તેના વખતમાં થએલા બે મોટા પુરૂષો વિષે ટુંકમાં જે જાણતા હો તે લખો પા ૯૯

૩ પહેલો મરાઠા વિગ્રહ કેવી રીતે શરૂ થયો, અને તેનો અંત શી રીતે આવ્યો તે લખો પા. ૧૩૫

૪ લૉર્ડ ડલહાઉસીના વખતમાં કયા કયા મુખ્ય સુધારાઓ હિંદુસ્તાનમાં થયા તે લખો એનાં કયા કૃત્યો લોકપ્રિય થઇ પડયા નહોતાં? પા ૧૮૨

૫ મુંબઇના ગવર્નરની કાયદા અમલમાં મુકનારી અને કાયદા બાંધનારી સભાનું બંધારણ અને કામ લખો પા ૨૪૮

જાહેર ખબર.

અમારે ત્યાંથી ગુજરાતી, અંગ્રેજી સંસ્કૃત, ઉર્દુ વીગેરે ટેકસ બુકો અને તેના અર્થની નોટો તે ઉપરાંત રસીક નોવેલો અને ધર્મના પુસ્તકો મળશે

તમામ જાતની સ્કુલો તથા ઓફીસોને ઉપયોગી સ્ટેશનરી જેમકે નોટપેપર એન્વલપ, ફેન્સી હોલ્ડર પેનસીલ, પેપર-વેઇટ તમામ જાતના લખવાના તથા છાપવાના કાગળો મળશે

સારા ઉંચા કાગળપર છાપેલા ગણુવતપટા તથા ગણુવતપટાની બુકો ખેતરના માલીકને ઉપયોગી તમામ જાતના ગણુવતપટા અને રેલ્વે રસીદ બુકો અમારે ત્યાંથી મળશે

દરેક માબાપ પોતાના છોકરાને સારી ચાલચલગત અને સદ્‌ગુણી બનાવવા પ્રયત્ન કરે છે, તો અમારે ત્યાં છોકરાને કેળવવા માટે નીતિની શીખામણો, નીતિવાચનમાળા ભાગ ૧-૨-૩-૪ અને મેળાવડા ઉપયોગી નીતિના સંવાદો વિગેરે બુકો અને કીન્ડર ગાર્ટનની બક્ષીસો તેમજ વાચનમાળાના પાઠો શિખવવાને તમામ જાતના સાધનો ઉપરાંત વસ્તુ ઓળખાણુ માટે તમામ ફળફળાદીની આબેહુબ દેખાડવાના સાધનો કિફાયત ભાવે મળશે એજ.

લી૦ સેવક

શા. છોટાલાલ રણછોડદાસ, મેનેજર.

ધી સરસ્વતી બુક ડેપો—નડીઆદ.

આ ઇતિહાસ મળવાનું ઠેકાણું

ધી સરસ્વતી બુક ડેપો—નડીઆદ
ધી ન્યુ ગુજરાત બુકડેપો—નડીઆદ
ચડીઆજી ચુંનીલાલ છોટાલાલ બુકસેર—નડીઆદ.

અમદાવાદ.

ખડાયતા બુક ડેપો—અમદાવાદ
રણછોડલાલ મોતીલાલ „
નારાણલાલ મોતીલાલ „
ધી ન્યુ ગુજરાત ઓરીયન્ટલ બુક ડેપો અમદાવાદ
સુખલાલ નાથાલાલ - અમદાવાદ.
મણીલાલ છોટાલાલ —અમદાવાદ.

ભરૂચ.

દેસાઈ બ્રધર્સની કું૦—ભરૂચ

સુરત.

લલ્લુભાઇ નારણદાસ—સુરત.
કરશનદાસ નારણદાસ „
લલ્લુભાઇ હરીકીશનદાસ—સુરત.
જે ભટની કમ્પની—ઉમરેઠ.
શારદા વિજય બુક ડેપો—ડાકોર.
વકીલ બ્રધર્સની કમ્પની—ગોધરા
અંબાલાલ છગનલાલ જોશી—આબુ.

સોલ એજન્ટ.

ધી સરસ્વતી બુક ડેપો—નડીઆદ.